સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 46
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ માર્ગશીર્ષ સુદ -૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૩ નવેમ્બર ૨૦૨૫, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ડ્રગ્સ-ટેરરની સાઠગાંઠ તોડવા વૈશ્વિક મોરચો રચોઃ મોદી






**મહારથીઓની મીટિંગ:** સાઉથ આફ્રિકાના જોહનિસબર્ગ ખાતે જી-૨૦ શિખર પરિષદ દરમિયાન ઈટલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની સાથેની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

## જી-૨૦ શિખર પરિષદમાં વડા પ્રધાને કરી હાકલ

જોહનિસબર્ગ (સાઉથ આફ્રિકા) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કેફી દ્રવ્યો અને આતંકવાદ વચ્ચેની ધરીનો સામનો કરવા તેમ જ ગ્લોબલ હેલ્થકેર રિસ્પોન્સ ટીમની જી-૨૦ પહેલ કરવાની અને વૈશ્વિક વિકાસના માપદંડોની સઘન સમીક્ષા કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે ખાસ કરીને આતંકવાદ અને ડ્રગ્સ વચ્ચેની સાઠગાંઠને તોડી પાડવા વૈશ્વિક મોરચો રચવાની પણ હાકલ કરી હતી.

જી-૨૦ દેશોના વડાઓની બેઠકને સંબોધન કરતા મોદીએ પર્યાવરણનું જતન કરનારી, સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ અને સામાજિક એકતાવાળી જીવનશૈલીનું રક્ષણ કરવા જી-૨૦ હેઠળ ગલોબલ ટ્રેડિશનલ નોલેજ રિપૉઝિટરિનું સર્જન કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

મોદીએ 'સમાવેશક ટકાઉ વિકાસ જે કોઈને પાછળ ન મૂકે'ના સત્રમાં બોલતા કહ્યું હતું કે વિકાસના માપદંડોની સમીક્ષા (જુઓ પાનું ૨) ▸▸




# હિન્દુ નહીં રહે તો જગત નહીં રહેઃ ભાગવત

નવી દિલ્હીઃ અસ્તિત્વની તાકાત પર પ્રકાશ પાડતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે ભારતીય સંસ્કૃતિ અને સામાજિક વિકાસ અંગે વાત કરી હતી. મણિપુરની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન સંબોધન કરતાં ભાગવતે કહ્યું હતું કે ભારતીય સમાજનાં તાણાવાણા એ રીતે ગૂંથાયેલા છે કે હિન્દુ સંસ્કૃતિનું અસ્તિત્વ કાયમ ટકી રહેશે. હિન્દુ સંસ્કૃતિનું અસ્તિત્વ નહીં રહે તો વિશ્વનું અસ્તિત્વ પણ નહીં રહે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અનેક દેશોની સંસ્કૃતિનું અસ્તિત્વ મટી ગયું છે, પરંતુ ભારતીય સંસ્કૃતિ તમામ વિપરીત સંજોગો છતાં ટકી રહી છે. અમુક દેશની સંસ્કૃતિનો નાશ થાય છે. યુનાન (ગ્રીસ), મિસ્ર (ઈજિપ્ત) અને રોમની સંસ્કૃતિનું અસ્તિત્વ ધરતી પરથી મટી ગયું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# વાઈટ કોલર ટેરર મોડ્યુલઃ વધુ એકની ધરપકડ

શ્રીનગર : જમ્મુ અને કાશ્મીર પોલીસની સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ શનિવારે 'વાઈટ કોલર ટેરર મોડ્યુલ' કેસના સંબંધમાં વધુ એક ઈસમની ધરપરકડ કરી હતી. પકડાયેલા ઈસમની ઓળખાણ તુફૈલ નિયાઝ ભટ તરીકે આપવામાં આવી છે. આ કેસની તપાસમાં આ ઈસમની ધરપકડ કરવામાં આવી છે. બનપોરા અને નૌગામની દીવાલો પર પોલીસ અને સુરક્ષા એજન્સીને ધમકી આપતા પોસ્ટર લગાડવાની બાબતની તપાસમાં શ્રીનગર પોલીસે આખા મોડ્યુલને પકડ્યું હતું.

દિલ્હીમાં બ્લાસ્ટ થયાને આજે કેટલાય દિવસો પસાર થઈ રહ્યાં છે, ભારતની સુરક્ષા એજન્સીઓ હજી પણ સતત કાર્યવાહી કરીને સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. મળતી જાણકારી પ્રમાણે જમ્મુ (જુઓ પાનું ૨) ▸▸



## લૅફ્ટીઓનો તરખાટ...

શનિવારે ટેસ્ટ ક્રિકેટમાં ડાબેરીઓની જ બોલબાલા રહી હતી પછી એ ગુવાહાટી હોય કે પછી હોય પર્થઃ એશિઝની પર્થમાંની પહેલી ટેસ્ટ ગઈકાલે બીજા દિવસે જ પૂરી થઈ ગઈ હતી અને ઇંગ્લેન્ડ સામે ઑસ્ટ્રેલિયાની જીતમાં ડાબોડી ઝડપી બોલર અને પ્લેયર ઑફ ધ મૅચ મિચલ સ્ટાર્કની આખી મૅચમાંની દસ વિકેટ તથા ડાબેરી બૅટ્સમૅન ટ્રેવિસ હેડના બીજા ઈનિંગમાં ૮૩ બોલમાં ૧૨૩ રનના મોટા યોગદાન રહ્યા હતા. ગુવાહાટીમાં ગઈકાલથી શરૂ થયેલી બીજી ટેસ્ટમાં સાઉથ આફ્રિકાના ત્રણ બૅટ્સમેનને આઉટ કરી ભારતના લૅફ્ટી ચાઈનામૅન બૉલર કુલદીપ યાદવે તરખાટ મચાવ્યો હતો. દિવસના અંતે સાઉથ આફ્રિકાનો સ્કોર છ વિકેટે ૨૪૭ રન હતો. વિગતવાર અહેવાલ... ૫




# ઘૂસણખોરોને પકડીને ડિટેન્શાન સેન્ટરમાં રાખોઃ યોગીનો આદેશ

લખનઊઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શનિવારે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને ગેરકાયદે સ્થળાંતરીઓ વિરુદ્ધ તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચના આપી હતી. કાયદો અને વ્યવસ્થા, રાષ્ટ્રીય સુરક્ષા, સામાજિક એકતા સર્વોચ્ચ પ્રાથમિકતા હોવા પર ભાર મૂકતાં તેમણે કહ્યું હતું કે કોઈ પણ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિઓને સહન કરી લેવામાં નહીં આવે.

જિલ્લા વહીવટીતંત્રને તેમના વિસ્તારમાં રહેતા ગેરકાયદે સ્થળાંતરીઓને શોધી કાઢી તેમની વિરુદ્ધ કાયદેસર પગલાં લેવાનો આદેશ આપી દેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

ઘૂસણખોરોને કોઈ રાહત આપવામાં નહીં આવે અને તેમને તેમના દેશમાં પાછા મોકલી આપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

વ્યવસ્થા પર બોજો ન પડે તે માટે (જુઓ પાનું ૨) ▸▸

# ૧.૧૬ અબજ ડૉલર ચૂકવવાનો બાયજુ રવીન્દ્રનને આદેશ

નવી દિલ્હીઃ અમેરિકાની કોર્ટે બાયજુ રવીન્દ્રનને બાકી નીકળતી ૧.૧૬ અબજ ડૉલરની રકમ બાયજુના આલ્ફા અને અમેરિકાસ્થિત ધિરાણકર્તા જીએલએએસ ટ્રસ્ટ કંપની એલએલસીની ચુકવી દેવાનો આદેશ આપ્યો ૦છે. ૨૦ નવેમ્બર ૨૦૨૫ના આદેશ મુજબ રવીન્દ્રન ડિસ્કવરીનો ઑર્ડર પૂરો કરવામાં નિષ્ફળ ગયો હોવા ઉપરાંત અનેક પ્રસંગે ઉડાઉ જવાબ આપતો હોવાનું ડેલવારે બૅન્કરપ્સી કોર્ટને જણાઈ આવ્યું હતું. બાયજુના આલ્ફા અને અમેરિકાસ્થિત ધિરાણકર્તા જીએલએએસ ટ્રસ્ટ કંપની એલએલસીની અરજીને મામલે કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

બાયજુના બ્રાન્ડ નેમ હેઠળ રવીનદ્ર ઍડટેક કંપની થિન્ક ઍન્ડ લર્ન પ્રા. લિ. (ટીએલપીએલ) કંપનીનું મેનેજમેન્ટ સંભાળતો હતો ત્યારે બાયજુ આલ્ફાને ભેળવી દેવામાં આવી હતી.

ટીએલપીએલ એ ધિરાણકર્તાઓ પાસેથી ૧.૧૬ અબજ ડૉલરની ટર્મ લૉન લીધી હતી. કોર્ટે રવીન્દ્રનને આલ્ફાના ભંડોળનો સંપૂર્ણ તેમ જ સાચો હિસાબ અને તેમાંથી થયેલા લાભની વિગતો આપવાનો આદેશ આપ્યો હતો. રવીન્દ્રનના કાયદાકીય સલાહકારે કહ્યું હતું કે કોર્ટના ચુકાદા અને સંબંધિત આદેશાની વિરુદ્ધમાં અમે અપીલ કરીશું. ■






## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૩-૧૧-૨૦૨૫ થી તા. ૨૯-૧૧-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ વૃશ્ચિક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિકમાંથી તુલામાં વક્રી ગતિએ તા. ૨૩મીએ પ્રવેશે છે. વક્રી ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર તુલામાંથી તા. ૨૬મીએ વૃશ્ચિક રાશિમાં પ્રવેશે છે. વક્રી શનિ મીન રાશિમાં તા. ૨૮મીએ માર્ગી થાય છે. રાહુ કુંભ રાશિમાં, ચંદ્ર પ્રારંભે ધનુ રાશિમાં રહે છે. તા. ૨૫મીએ મકર રાશિમાં પ્રવેશે છે. તા. ૨૭મીએ કુંભ રાશિમાં પ્રવેશે છે. તા. ૨૯મીએ મીન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં તા. ૨૫, ૨૬ શુભ જણાય છે. તા. ૨૬મીએ મહત્ત્વના નાણાંના કામકાજનો ઉકેલ આવશે. આ સપ્તાહમાં કારોબારની વાટાઘાટો હળવી થશે. મહિલાઓ નોકરીમાં યશ મેળવશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષણ સંબંધી પ્રવૃત્તિઓમાં સફળતાનો અનુભવ થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય જણાય છે. શૅરબજારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ થશે. નોકરીમાં તા. ૨૭, ૨૯ શુભ જણાય છે. નોકરી વિશેના સફળ નિર્ણયો લઈ શકશો. કારોબારમાં નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. કુટુંબીજનોમાં મહિલાઓને માનપાનનો અનુભવ થશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણમાં સફળતા અનુભવશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજમાં સંપન્ન થશે. તા. ૨૪, ૨૫ના નિર્ણયો કાર્યક્ષેત્રે નિર્ણયાત્મક બની રહેશે. પ્રવાસ દ્વારા કામકાજના વિકાસના પ્રગતિના કામકાજ સંપન્ન થશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબમાં પ્રાસંગિક જવાબદારી પૂર્ણ થતી જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં એકાગ્રતા જાળવવામાં સફળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. તા. ૨૫, ૨૬, ૨૯મીએ નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. નોકરીના મિત્રોમાં યશ મેળવશો. પ્રવાસમાં મહિલાઓને સુખદ અનુભવ થાય. મહિલાઓના સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો થાય. વિદ્યાર્થીઓને કુટુંબના સભ્યોનો સહકાર પ્રાપ્ત થશે. શૈક્ષણિક પ્રવાસ શક્ય જણાય છે. નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશો.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે-વેંચના વેપારમાં સફળતા મેળવશો. વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં તા. ૨૫, ૨૭, ૨૮ શુભ જણાય છે. કારોબારના મિત્રોમાં યશસ્વી અનુભવ કરશો. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી થાય. વ્યક્તિગત પ્રભાવ તથા વર્ચસ્વ જાહેર જીવનમાં મેળવશો. મિલકતના નિર્ણયો લઈ શકશો. અધિકારીનો સહયોગ મળવાથી નોકરીમાં પ્રગતિનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને કુટુંબના સભ્યોનો સાથ-સહકાર પ્રાપ્ત થતો જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ તથા નવા નાણાંરોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૭ શુભ જણાય છે. નોકરીના અધિકારીઓ ઉપયોગી થશે. કારોબારમાં છુપા હરીફો સામે વિજયી નીવડશો. મુસાફરીઓ આ સપ્તાહમાં સફળ રહેશે. અર્થવ્યવસ્થા સુખદ પુરવાર થશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને કુટુંબના સભ્યોનું પ્રોત્સાહન પ્રાપ્ત થતું જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૩, ૨૪, ૨૮ શુભ જણાય છે. નોકરીમાં યશ મેળવશો. નવા કામકાજનો પ્રારંભ થાય. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં સંકલ્પો, સિદ્ધ થયેલા પુરવાર થશે. નાણાંવ્યવસ્થા સફળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં કારોબારમાં સફળતાની પ્રાપ્તિ થયેલ જણાશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટેના સ્વતંત્રણપણે નિર્ણયો લઈ શકશો.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજને અપનાવશો. કુટુંબના સભ્યો નોકરીના ક્ષેત્રે પણ માર્ગદર્શક બની રહેશે. તા. ૨૫, ૨૬, ૨૮ સફળતા સૂચક છે. આર્થિક વ્યવહારો સંપન્ન થશે. જૂનાં નાણાં ઉઘરાણીના પ્રયત્નો સફળ બની રહેશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓનો અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં તા. ૨૩, ૨૮, ૨૯, 30 શુભ જણાય છે. નોકરીમાં પરિવર્તનો પણ અપનાવી શકશો. સાહસિકતાથી નવા કામકાજના પ્રારંભના નિર્ણયો લઈ શકશો. તા. ૨૩, ૨૮, ૨૯ કાર્યક્ષેત્રે શુભ જણાય છે. મુસાફરીઓ દ્વારા મહિલાઓ પરિવારના કામકાજની જવાબદારી પૂર્ણ કરી શકશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓમાં માન-પાનનો અનુભવ થશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજ નિયમિતપણે પ્રગતિસૂચક લાભદાયી પુરવાર થશે. તા. ૨૫, ૨૬, 30 નોકરીમાં સફળતા દર્શાવે છે. ભાગીદાર સાથેના મતભેદનો ઉકેલ આવશે. કારોબારના મિત્રોમાં નિર્ણયાત્મક અનુભવ થાય. સ્વાસ્થ્ય જળવાશે. પ્રવાસ દ્વારા મહિલાઓ પરિવારના જવાબદારીના કામકાજ પૂર્ણ કરી શકશે. કિંમતી ચીજવસ્તુઓની ખરીદી સફળતાથી પૂર્ણ કરી શકશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય જણાય છે. દૈનિક સાપ્તાહિક વેપાર પણ સફળ બની રહેશે. નોકરીમાં અધિકારી ઉપયોગી થશે. નોકરીમાં દઢતાથી નિર્ણયો લઈ શકશો. નવા કામકાજનો પ્રારંભ થાય. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં સફળતા જણાય છે. નાણાંની પ્રવાહિતા જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબના સભ્ય માટે કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને અધ્યયનમાં નિયમિતતાનો અનુભવ થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જરૂરી જ્ઞાન મેળવશો તથા લે-વેંચના વેપારમાં સાપ્તાહિક, દૈનિક પ્રવૃત્તિઓ સફળ બની રહેશે. નોકરી માટે તા. ૨૩, ૨૪, ૨૬ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં યશસ્વીપણું અનુભવશો. વેપારમાં માનપાન જળવાશે. નાણાં વ્યવસ્થા વધુ સફળ બનશે. મહિલાઓ કુટુંબમાં યશસ્વીપણું અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની સફળ તક પ્રાપ્ત થતી જણાશે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર હેમંતઋતુ,

### રવિવાર, તા. ૨૩-૧૧-૨૦૨૫, બુધ વક્રી

ભારતીય દિનાંક ૨, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭,
માર્ગશીર્ષ સુદ-૩
જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ,
તિથિ સુદ-૩
પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ,
માહે ૪થો તીર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ,
માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૯મો આદર,
માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧લો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર,
સને ૧૪૪૭
મીસરી રોજ ૩જો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર,
સને ૧૪૪૭
નક્ષત્ર મૂળ સાંજે ક. ૧૯-૨૭ સુધી, પછી પૂર્વાષાઢા
ચંદ્ર ધનુમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૯, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.

- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ -ઙ
બપોરે ક. ૧૩-૦૧, ભરતીઃ મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૫ (તા. ૨૪)
ઓટઃ સવારે ક. ૦૭-૨૭, રાત્રે ક. ૧૯-૦૩
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - તૃતીયા. બુધ વક્રી તુલામાં રાત્રે ક. ૨૦-૨૯.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સૂર્ય-કેતુ પૂજા, નિરુતિ દેવતાનું પૂજન, ગાયત્રી પૂજા, હવન, જાપ, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, મિલકત લેવડદેવડ, વિદ્યારંભ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું.
આચમનઃ ચંદ્ર-શુક્ર અર્ધચતુષ્કોણ અણગમતા થઈ પડો. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર અર્ધચતુષ્કોણ, ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૧ કળાના અંતરે રહે છે.
ગ્રહગોચરઃ સૂર્ય-વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક/તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૩-૧૧-૨૦૨૫ થી તા. ૨૯-૧૧-૨૦૨૫

રવિવાર, માર્ગશીર્ષ શુક્લ-૩, વિ. સં. ૨૦૮૨, તા. ૨૩મી નવેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર મૂળ રાત્રે ક. ૧૯-૨૭ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. બુધ વક્રી તુલામાં રાત્રે ક. ૨૦-૨૯. શુભ દિવસ. લગ્ન.

સોમવાર, માર્ગશીર્ષ શુક્લ-૪, તા. ૨૪મી, નક્ષત્ર પૂર્વાષાઢા રાત્રે ક. ૨૧-૫૩ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૬ સુધી (તા. ૨૫), પછી મકર રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, ગુરુ તેગબહાદુર શહીદ દિન, ભદ્રા ક. ૦૮-૨૪થી ૨૧-૨૨. લગ્ન.

મંગળવાર, માર્ગશીર્ષ શુક્લ-૫, તા. ૨૫મી, નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૩-૫૭ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. નાગપંચમી, બુધ પૂર્વમાં ઉદય થાય છે. શુભ દિવસ, લગ્ન.

બુધવાર, માર્ગશીર્ષ શુક્લ-૬, તા. ૨૬મી, નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૨ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. સ્કંદ ષષ્ઠી, ચંપાષષ્ઠી, માર્તંડ ભૈરવોત્થાપન, અન્નપૂર્ણા વ્રતારંભ, સુબ્રમણ્યમ ષષ્ઠી (દક્ષિણ ભારત), શુક્ર વૃશ્ચિકમાં સવારે ક. ૧૧-૨૩ સવારે ક. ૧૧-૧૨ પછી શુભ. લગ્ન,ખાત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ.

ગુરુવાર, માર્ગશીર્ષ શુક્લ-૭, તા. ૨૭મી, નક્ષત્ર ઘનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૧ સુધી (તા. ૨૮), પછી શતભિષા. ચંદ્ર મકરમાં બપોરે ક. ૧૪-૦૬ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. મિત્ર સપ્તમી, પંચક પ્રારંભ ક. ૧૪-૦૬, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪-૨૯. લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ.

શુક્રવાર, માર્ગશીર્ષ શુક્લ-૮, તા. ૨૮મી, નક્ષત્ર શતભિષા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૮ સુધી (તા. ૨૯) પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, પંચક, શનિ માર્ગી સવારે. ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૨-૨૭, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ.

શનિવાર, માર્ગશીર્ષ શુક્લ-૯, તા. ૨૯મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૨ સુધી (તા. 30), પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં રાત્રે ક. ૨૦-૩૩ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. માર્ગશીર્ષ શુક્લ - નવમી. શ્રી હરિ જયંતી, કલ્પાદિ, પંચક, બુધ માર્ગી, શુભ કાર્યો વર્જ્ય છે. ■

# મમદાની સાથેની મીટિંગમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની લડાઇ અટકાવ્યાનો ફરી ટ્રમ્પે કર્યો દાવો

ન્યૂ યોર્ક/વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષનો ઉકેલ લાવવાનો દાવો કર્યો છે, ઓવલ ઓફિસમાં ન્યૂ યોર્ક શહેરના ચૂંટાયેલા મેયર ઝોહરાન મમદાનીને સાથેની મુલાકાત દરમિયાન તેમણે પોતાના દાવાનું પુનરાવર્તન કર્યું હતું.

વાઇટ હાઉસમાં શુક્રવારે ટ્રમ્પ સાથેની તેમની પહેલી મુલાકાત માટે મમદાની વોશિંગ્ટન ડીસી ગયા ત્યારે ટ્રમ્પે કહ્યું કે તેમણે આ મુલાકાતને આનંદપૂર્ણ ગણાવી હતી.

ઓવલ ઓફિસમાં ટિપ્પણી દરમિયાન, મમદાનીને તેમની બાજુમાં ઉભા રાખીને, ટ્રમ્પે તેમના દાવાનું પુનરાવર્તન કર્યું કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં થયેલા સંઘર્ષનો ઉકેલ લાવ્યો છે. મેં ભારત અને પાકિસ્તાન સહિત આઠ દેશ સાથે શાંતિ કરાર કર્યા, એમ તેમણે કહ્યું હતું. ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે જો તેઓ તેમનો સંઘર્ષ સમાપ્ત નહીં કરે તો ભારત અને પાકિસ્તાન પર ૩૫૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપી હતી. તેમણે તેમના દાવાનું પુનરાવર્તન કર્યું હતું કે તેમણે પરમાણુ સશસ્ત્ર પડોશીઓ વચ્ચેની લડાઈનો ઉકેલ લાવ્યો છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ફોન કરીને કહ્યું હતું કે ''અમે યુદ્ધમાં જવાના નથી. ૧૦ મેના રોજ, જ્યારે ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર જાહેરાત કરી હતી કે વોશિંગ્ટનની મધ્યસ્થી હેઠળ લાંબી રાત વાટાઘાટો પછી ભારત અને પાકિસ્તાન સંપૂર્ણ અને તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થયા હતા. તેમણે ૬૦થી વધુ વખત પોતાનો દાવો પુનરાવર્તિત કર્યો છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને સમાધાન કરવામાં મદદ કરી છે. ભારતે કોઈપણ ત્રીજા પક્ષના હસ્તક્ષેપનો સતત ઇનકાર કર્યો છે. બાવીસ એપ્રિલના પહલગામ હુમલાના બદલામાં ભારતે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યા. ચાર દિવસના તીવ્ર ક્રોસ બોર્ડર ડ્રોન અને મિસાઇલ હુમલાઓ પછી ભારત અને પાકિસ્તાન ૧૦ મેના રોજ સંઘર્ષનો અંત લાવવા માટે સમજૂતી પર પહોંચ્યા હતા. ■

### દુશ્મન દોસ્ત બન્યાઃ મમદાની-ટ્રમ્પ મળ્યા

વોશિંગ્ટનઃ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તેમના સૌથી મોટા વિરોધી ગણાતા ઝોહરાન મમદાની સાથે વાઇટ હાઉસમાં મુલાકાત કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને વચ્ચેની આ બેઠક ખૂબ જ સકારાત્મક રહી હતી. તાજેતરમાં અમેરિકાના સૌથી મોટા શહેર ન્યૂયોર્કના મેયર તરીકે ચૂંટાયેલા ઝોહરાન મમદાની અને ટ્રમ્પ વચ્ચેની પ્રથમ મુલાકાત દરમિયાન ઘણા મુદ્દાઓ પર સહમતિ સધાઈ હતી, જેને લઈને ટ્રમ્પે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

અમેરિકી પ્રમુખ અને ન્યુયોર્કના નવા ચૂંટાયેલા મેયર બંનેના સંબંધોથી કોઈ અજાણ નથી. આ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પ જાહેર મંચ પર મમદાનીને 'વામપંથી પાગલ' જેવા ઉપનામો આપી ચૂક્યા છે. તો વળી મમદાનીએ ટ્રમ્પ વહીવટને 'સરમુખત્યારશાહી' ગણાવ્યો હતો અને પોતાને ટ્રમ્પનું સૌથી ખરાબ સ્વપન ગણાવ્યું હતું. ત્યારે હવે બંને વચ્ચે વાઇટ હાઉસમાં બેઠક યોજાઇ હતી.

જોકે, તેમની પ્રથમ મુલાકાતમાં તેમણે આવાસની પરવડે તેવી કિંમત અને કરિયાણાના સામાન તથા ઉપયોગિતાઓની કિંમત પર ચર્ચા કરી હતી. મમદાનીએ મોંઘવારીને બરાબર તે જ રીતે મુખ્ય મુદ્દો બનાવ્યો હતો, જેમ ટ્રમ્પે ૨૦૨૪ની ચૂંટણીમાં કર્યો હતો. મુલાકાત પછી ટ્રમ્પે કહ્યું, આપણે બધા બદલાઈએ છીએ. જ્યારે હું પહેલીવાર સત્તામાં આવ્યો હતો, ત્યારથી હું ઘણો બદલાઈ ગયો છું... અમે કેટલીક બાબતો પર ચર્ચા કરી... પણ મને પૂરો વિશ્વાસ છે કે તેઓ ખૂબ સારું કામ કરી શકે છે. મને લાગે છે કે તેઓ કેટલાક રૂઢિચુસ્ત લોકોને આશ્ચર્યચકિત કરશે. ■

### દુબઈ તેજસ દુર્ઘટના

# હીરો પાઈલટ નમાંશ સયાલનું હિમાચલ પ્રદેશમાંનું વતન સ્તબ્ધ

ધર્મશાળા/હમિરપુર : શનિવારે દુબઈ ઍર શૉમાં હવાઈ કરતબ દાખવતા તેજસ વિમાન તૂટી પડવાને લીધે મરણ પામનાર ભારતીય હવાઈ દળના વિંગ કમાન્ડર થાનિક નાયક નમાંશ સયાલના મૃત્યુંના સમાચાર મળતા હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લાના તેના નિઃસ્તબ્ધ ગામ પટિયાલકરમાં શોકનું મોજું ફેલાઈ ગયું હતું.

મોટા ભાગના ગ્રામવાસીઓ માટે ૩૭ વર્ષનો નમાંશ દેશને સમર્પિત એક તેજસ્વી ઍથ્લેટ હતો. ગ્રામવાસીઓ કહે છે કે વિમાનને બીજે વાળીને નમાંશે મોટા ઍર શૉમાં હાજર હજારો લોકોના જાન બચાવ્યા હતા.

શનિવારના પરોઢિયેથી સ્યાલનું ઘર જ્યાં છે એ નાગરોટા બાગવાન એરિયામાં હૃદય દ્રવી જાય એવા દશ્યો જોવા મળે છે. ગ્રામવાસીઓ અતિશય વહેલો અનંતની યાત્રાએ જનાર સયાલના મરણ પર વિલાપ કરી રહેલા તેના સગાંવહાલાઓને સાંત્વના આપી રહ્યા છે. નમાંશના કાકા જોગિન્દરનાથ સયાલે એજન્સીને કહ્યું હતું કે વિંગ કમાન્ડરનો મૃતદેહ તમિળનાડુના કોઈમ્બતુર નજીકના સુલુર ઍરફોર્સ સ્ટેશને શનિવારે પહોંચી ગયો હતો અને રવિવારે તેને કાંગડાના ગગલ હવાઈમથકે લાવવામાં આવ્યો હતો. તેના કાકાએ માહિતી આપી હતી કે અમે અંતિમક્રિયાની બધી વ્યવસ્થા કરી છે.

નમાંશના પરિવારમાં તેમના પિતા, માતા અને પત્ની અને છ વર્ષની પુત્રીનો સમાવેશ થાય છે. નમાંશની પત્ની પણ એર ફોર્સમાં છે. (એજન્સી) ■

# બેંગલૂરુમાં સાત કરોડની લૂંટઃ કોન્સ્ટેબલ સહિત ત્રણ પકડાયા

બેંગલુરુઃ બેંગલુરુમાં ૭.૧૧ કરોડ રૂપિયાની લૂંટના સંદર્ભમાં એક પોલીસ કોન્સ્ટેબલ સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ લૂંટનો ભેદ ઉકેલવા માટે ૨૦૦થી વધુ પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા. આ જાણકારી શહેરના પોલીસ કમિશ્નર સીમંત કુમાર સિંહે શનિવારે આપી હતી.

આરબીઆઇ અધિકારીઓના સ્વાંગમાં એક ગેંગ દ્વારા કરવામાં આવેલી સનસનાટીભરી લૂંટ વિશે પત્રકારોને માહિતી આપતા સીમંત કુમારે સિંહે જણાવ્યું કે અત્યાર સુધીમાં ૫.૭૬ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે અને બાકીની રકમની ભાળ મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સીમંતકુમારે સિંહે જણાવ્યું કે અમે ૧૧ ટીમો બનાવી હતી અને આ કામ માટે ૨૦૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા. ૩૦થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. તેમજ ત્રણની ધરપકડ કરવામાં આવી છે. જેમાં વાહન ઇન્ચાર્જ, સીએમએસ ઇન્ફોસિસ્ટમના એક ભૂતપૂર્વ કર્મચારી અને ગોવિંદપુરા પોલીસ સ્ટેશનમાં તહેનાત એક પોલીસ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા લોકોમાં કોન્સ્ટેબલ અન્નપ્પા નાયક, સીએમએસ ઇન્ફો સિસ્ટમના ભૂતપૂર્વ કર્મચારી ઝેવિયર અને વાહન ઇન્ચાર્જ ગોપીનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ લૂંટમાં સંડોવાયેલા ગુનેગારોને શોધવા માટે દક્ષિણનાં તમામ રાજ્યો અને ગોવામાં છ ટીમ મોકલવામાં આવી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર આ ગેંગ ત્રણ મહિનાથી લૂંટની યોજના બનાવી રહી હતી. ■

# ઝૅલૅન્સ્કીએ શાંતિ યોજનાને ફક્ત મંજૂરી જ આપવાની છેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ રશિયા-યુક્રેન યુદ્ધનો અંત આણવા ૨૮ મુદ્દાની નવી યોજના અંગે જણાવતાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે દલીલ કરી હતી કે યુક્રેનના પ્રમુખ વૉલૉડિમૅર ઝૅલૅન્સ્કી પાસે યુદ્ધ ચાલુ રાખવાનું કોઈ સક્ષમ કારણ નથી અને રશિયાની તરફેણમાં મોટા પ્રમાણમાં નમી ગયેલાં આ યુદ્ધને મામલે તેમણે સમાધાન માટે વાટાઘાટના ટેબલ પર આવી જવું જોઈએ.

પ્રમુખ તરીકેની પ્રથમ મુદતની સરખામણીએ હાલ ઝૅલૅન્સ્કી માટે ઓછો આદર ધરાવતા ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે રશિયા સાથેના યુદ્ધનો અંત આણવા અમેરિકાએ તૈયાર કરેલી નવી યોજનાને મામલે ઝૅલૅન્સ્કી આવતા ગુરુવાર સુધીમાં પ્રતિક્રિયા આપે.

પત્રકારોને આપેલી મુલાકાતમાં ટ્રમ્પે કહ્યું હતું કે અમને લાગી રહ્યું છે કે અમારી પાસે શાંતિ સ્થાપવાનો માર્ગ છે. ઝૅલૅન્સ્કીએ માત્ર તેને મંજૂરી આપવાની છે.

### પુતિનનું શું કહેવું છે ?

આ શાંતિ યોજનાને લઈને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પોતાની પ્રતિક્રિયા આપી છે. વ્લાદિમીર પુતિને એક ટીવી પ્રોગ્રામ દરમિયાન અમેરિકાની શાંતિ યોજના અંગે પોતાના અધિકારીઓને સંબોધતા જણાવ્યું કે, મારું માનવું છે કે શાંતિ યોજનાનો અંતિમ કરારના આધાર તરીકે ઉપયોગ થઈ શકે છે. જોકે, આ યોજના અંગે રશિયાના અધિકારીઓ સાથે કોઈ વિસ્તૃત વાતચીત થઈ નથી. (એજન્સી) ■

### રશિયા-તરફી ટ્રમ્પની શાંતિ યોજના : યુરોપના દેશો ગભરાયા, બેઠકની તૈયારીમાં

કીવઃ યુરોપિયન નેતાઓ શનિવારે દક્ષિણ આફ્રિકામાં મળવાના હતા જેથી યુક્રેનમાં રશિયાના યુદ્ધને રોકવાની અમેરિકાની યોજનાના વિકલ્પો શોધી શકાય, જે મોસ્કોની તરફેણમાં જોવામાં આવે છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ શુક્રવારે કહ્યું કે તેમના દેશને તેના સાર્વભૌમ અધિકારો માટે ઊભા રહેવા અને તેને જરૂરી અમેરિકન સમર્થન જાળવવા વચ્ચે એક સ્પષ્ટ પસંદગીનો સામનો કરવો પડી શકે છે એમ કહ્યા બાદ ક્રેમલિનના આક્રમણનો અંત લાવવા માટે ૨૮ મુદ્દાની બ્લુપ્રિન્ટે કીવ અને યુરોપિયન રાજધાનીઓમાં ભય ફેલાવ્યો.

અમેરિકાની યોજનામાં યુક્રેન રશિયાને પ્રદેશ સોંપવાની આગાહી કરવામાં આવી છે, જેને કીવ વારંવાર નકારી રહ્યું છે, જ્યારે તેની સેનાનું કદ ઘટાડ્યું છે અને નાટો સભ્યપદ મેળવવાનો તેનો ઇચ્છિત માર્ગ અવરોધિત કર્યો છે.

યુરોપિયન દેશો રશિયાને હરાવવા માટે યુક્રેનની લડાઈમાં પોતાનું ભવિષ્ય દાવ પર લગાવે છે, અને શાંતિ પ્રયાસોમાં સલાહ લેવાનો આગ્રહ રાખ્યો છે. ■

પહેલા પાનાનું ચાલુ

### ડ્રગ્સ-ટેરરની

કરવાનો અને સમાવેશક ટકાઉ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો આ યોગ્ય સમય છે.

મોદીએ કહ્યું હતું કે કેફી દ્રવ્યોની દાણચોરી અને ખાસ કરીને ઝડપથી ફેલાતા ફેન્ટાનીલના દૂષણના પડકારને પહોંચી વળવા ભારત ડ્રગ્સ અને આતંકવાદની ધરી તોડવા જી-૨૦ની પહેલની દરખાસ્ત મૂકે છે. આપણે ડ્રગ-ટેરર ઈકોનોમીને નબળી પાડવી જોઈએ.

મોદીએ એક્સ પરની પોસ્ટમાં લખ્યું હતું કે હું એકંદર વિકાસના સ્વપ્નને સાકાર કરવા થોડા પગલાં સૂચવું છું. પ્રથમ તો જી-૨૦ ગ્લોબલ ટ્રેડિશનલ રિપૉઝિટરિની રચના કરો. ભારત આ અંગે સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે. આને લીધે સારા આરોગ્ય અને સુખાકારી માટે આપણા સામૂહિક ડહાપણનો ઉપયોગ કરી શકીશું.

મોદીએ કહ્યું હતું કે વિશ્વની પ્રગતિ માટે આફ્રિકાની પ્રગતિ અતિ જરૂરી છે. તેમણે જી-૨૦ આફ્રિકા સ્કિલ્સ મલ્ટિપ્લાયર પહેલની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ભારતે હંમેશાં આફ્રિકાને ટેકો આપ્યો છે. મને એ વાત કહેતા ગર્વ થાય છે કે ભારત જી-૨૦નું પ્રમુખ હતું ત્યારે આફ્રિકન યુનિયન આનું કાયમી સભ્ય બન્યું હતું. આપણા સામૂહિક પ્રયાસોથી આપણે એક દાયકામાં દસ લાખ પ્રમાણિક ટ્રેનર તૈયાર થશે. મોદીએ જી-૨૦ ગ્લોબલ હેલ્થકેર રિસ્પોન્સ ટીમની રચના કરવાની દરખાસ્ત મૂકી હતી. (એજન્સી) ■

### ભારતની ઑસ્ટ્રેલિયા અને કૅનેડા સાથે ટેક્નોલોજીમાં ભાગીદારી

જોહનિસબર્ગ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઑસ્ટ્રેલિયા અને કૅનેડાના તેમના સમકક્ષોને મળીને ટેક્નોલોજી અને ઈનોવેશનમાં નવી ત્રિસ્તરીય ભાગીદારીની જાહેરાત કરી હતી. મોદીએ ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બાનેસ અને કૅનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેને મળ્યા બાદ સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકીને ઑસ્ટ્રેલિયા-કૅનેડા-ઈન્ડિયા ટેક્નોલોજી એન્ડ ઈનોવેશન (એસીઆઈટીઆઈ)ની રચનાની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે આ પહેલથી ત્રણ ખંડ અને ત્રણ સાગરના લોકતાંત્રિક ભાગીદારો વચ્ચે ઊંડો સહકાર થશે, આ આકાર લેતા તંત્રજ્ઞાન, પુરવઠાની ચેનમાં વિવિધતા, ચોખ્ખી ઊર્જા અને એઆઈના સામૂહિક સ્વીકારમાં ઊંડો સહકાર કરશે. મોદી બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મરને પણ મળ્યા હતા. (એજન્સી) ■

### વાઈટ કોલર ટેરર

અને કાશ્મીરમાં સક્રિય આતંકવાદીઓની સંખ્યા ૧૩૧ થઈ ગઈ છે. જાણવા એવું પણ મળ્યું છે કે, તેમાં પાકિસ્તાની નાગરિકોની સંખ્યા પણ વધારે છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ૧૩૧ એક્ટિવ આતંકવાદીઓમાંથી ૧૨૨ પાકિસ્તાની નાગરિકો છે, આમાંથી ૯ આતંકી એવા છે જેમણે તાલીમ લીધેલી છે. આની સામે સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ અને કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

પાકિસ્તાની આતંકવાદીઓની સંખ્યા માર્ચ ૨૦૨૫માં ૫૯ હતી. આતંકવાદ ભારત માટે મોટો ખતરો બની રહ્યો છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા આવા લોકોને ઝડપી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્થાનિક પોલીસ, સેના અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ૨૦૨૫માં અત્યારે સુધીમાં અલગ અલગ જગ્યાએ ૪૫ આતંકવાદીઓને ઠાર કર્યા છે. જેથી એવું પણ સાબિત થાય છેકે, આપણી સુરક્ષા એજન્સી સતર્કતાથી કામ કરી રહી છે.

આ ઘૂસણખોરી જમ્મુ અને કાશ્મીરની સુરક્ષા માટે ચિંતાનો વિષય બની ગયો છે, કારણ કે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠનો ઘૂસણખોરી કરવા માટે અનેક તરકીબો અપનાવતા હોય છે. જો કે, ભારતીય સેના સતર્ક રહે છે અને એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘૂસણખોરીના અનેક પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હોવાના અહેવાલો પણ મળતા રહે છે. દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ એવું પણ જાણવા મળ્યું કે, આતંકવાદી પ્રવૃત્તિઓમાં લોકલ પણ હોઈ શકે છે. દરે વખતે દુશ્મન બહારથી નથી આવતો અને દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલો કાર બ્લાસ્ટ તેનું પ્રમાણ છે.

દિલ્હી બ્લાસ્ટ બાદ એવું પણ જાણવા મળ્યું કે, આતંકવાદી સંગઠનો એક નવો અભિગમ અપનાવી રહ્યા છે. કેમ્પમાં ભરતી કરવાને બદલે તેઓ ગુપ્ત રીતે શિક્ષિત યુવાનોને કટ્ટરપંથી બનાવી રહ્યા છે. જેમાં ડોક્ટરો, એન્જિનિયરો, સરકારી અધિકારીઓનો સમાવેશ થાય છે. ચોંકાવનારી વાત એ છે કે, આ લોકો આમ તો સામાન્ય લાગતા હોય છે પરંતુ તેઓ વાસ્તવમાં આતંકવાદીઓ હોય છે. જેથી તેમને 'વાઇટ-કોલર આતંકવાદીઓ' નામ આપવામાં આવ્યું છે. (એજન્સી) ■

### ઘૂસણખોરોને

ઘૂસણખોરોની ઓળખ પ્રક્રિયા ઝડપથી પૂરી કરવાનો અને ત્યાર બાદ તેમની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવાનો પણ તેમણે આદેશ આપ્યો હતો.

પ્રત્યેક જિલ્લાના કામચલાઉ ડિટેન્શન સેન્ટરને ઓળખી કઢાયેલા ઘૂસણખોરોને પોતાને ત્યાં રાખવાની સૂચના પણ આદિત્યનાથે આપી દીધી છે. વેરિફિકેશનની પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી દેશમાં ગેરકાયદે રહેતા વિદેશી નાગરિકોને આ ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવશે.

પ્રક્રિયા પૂરી થયા બાદ દેશમાં ગેરકાયદે વસતા સ્થળાંતરીઓને તેમનાં દેશમાં મોકલી આપવામાં આવશે. બાંગ્લાદેશી ઘૂસણખોરોને રાજ્યમાં અરાજકતા ફેલાવવાની પરવાનગી આપવાનો યોગી આદિત્યનાથે અગાઉની સરકાર પર આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે એક સમયે કોમ અને જાતિના આધારે ભારતીય સમાજને વિભાજિત કરનાર અને હિન્દુ વિરુદ્ધ હિન્દુને લડાવનાર પરિબળો ઈન્ડિયા બ્લૉક હેઠળ ફરી એક થઈ રહ્યા છે. (એજન્સી) ■

# જંગલમાં ૧૧ વર્ષના છોકરાએ દીપડા સાથે બાથ ભીડવાનું સાહસ કર્યું: સ્કૂલ બેગે જીવ બચાવ્યો

પાલઘર: પાલઘર જિલ્લાના જંગલમાં દીપડા સાથે બાથ ભીડવાનં સાહસ ૧૧ વર્ષના છોકરાએ કર્યું હતું. તેણે મિત્રો સાથે મળીને દીપડાને પથ્થર માર્યા હતા અને બાદમાં બૂમાબૂમ કરી મૂકી હતી, જેને કારણે દીપડો ઊભી પૂંછડીએ નાસી છૂટ્યો હતો.

માલા પાડવીપાડા વિસ્તાર નજીક શુક્રવારે સાંજે દીપડાએ મયંક કુવારા નામના સ્કૂલના વિદ્યાર્થી પર હુમલો કર્યો ત્યારે તેની સ્કૂલ બેગ તેનું રક્ષાકવચ બની હતી.

પાંચમા ધોરણમાં ભણતો મયંક સ્કૂલમાંથી પાછો ફરી રહ્યો હતો ત્યારે દીપડાએ તેના પર હુમલો કર્યો હતો. મયંક અને તેના મિત્રએ હિંમત કરીને બૂમાબૂમ કરી મૂકી હતી અને બાદમાં દીપડા તરફ પથ્થરો ફેંક્યા હતા.

દરમિયાન બાળકોની બૂમાબૂમ અને સમયસૂચકતાને કારણે આસપાસના રહેવાસીઓ સતર્ક બન્યા હતા અને મદદ માટે દોડી આવ્યા હતા, જેને પગલે દીપડો જંગલમાં ભાગી ગયો હતો. દીપડાએ પંજાથી કરેલા હુમલામાં મયંકના હાથમાં ઇજા થઇ હતી. મયંકને વિક્રમગડ ગ્રામીણ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. તેના હાથમાં ટાંકા આવ્યા હતા.

વન અધિકારી કાંચડ, સ્વપ્નીલ મોહિતેએ જણાવ્યું હતું કે બનાવની જાણ થતાં વન અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મયંકને હોસ્પિટલમાં લઇ ગયા હતા.

વનવિભાગે આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે અને અનેક પ્રતિબંધાત્મક પગલાં લેવાનું શરૂ કર્યું છે. વનવિભાગે સ્કૂલને પણ દીપડાની અવરજવર હોય તે વિસ્તારમાં સ્કૂલ સાંજે ચાર વાગ્યા સુધી બંધ કરી દેવાની વિનંતી કરી છે.

મોહિતેએ જણાવ્યું હતું કે દીપડાની અવરજવરનું પગેરુ મેળવવા માટે એઆઇ-અનેબલ્ડ કેમેરા ગોઠવવામાં આવ્યા છે, જ્યારે ગામવાસીઓને પારંપરિક દવંડી (જાહેર ઘોષણાઓ)થકી સતર્ક કરવામાં આવી રહ્યા છે. (પીટીઆઇ)■

# સીએસએમટી મેટ્રો સ્ટેશન પર પોસ્ટલ સર્વિસની સુવિધા




(અમય ખરાડે)

મુંબઈ : ઈન્ડિયા પોસ્ટ અને મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા સ્થાપિત નવા ઉદ્‌ઘાટન કરવામાં આવેલા સર્વિસ ડેસ્ક એક્વા મેટ્રો લાઇનના સીએસએમટી સ્ટેશન પર આર્ટ ઇન્સ્ટોલેશન સાથે મુસાફરોની સેવાઓમાં વધારો કરી પોસ્ટલ સુવિધાને પ્રોત્સાહન આપશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. શુક્રવારે થયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં મહારાષ્ટ્ર અને ગોવા સર્કલના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ અમિતાભ સિંહ, મુંબઈ રિજન પોસ્ટલ સર્વિસીસ ડાયરેક્ટર કૈયા અરોરા અને ઈન્ડિયા પોસ્ટ અને એમએમઆરસીએલના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ઈન્ડિયા પોસ્ટે ખાસ લોકોની સુવિધા માટે સર્વિસ ડેસ્ક શરૂ કર્યું છે. અહીં ઓગમેન્ટેડ રિયાલિટી પોસ્ટકાર્ડ્સ, થીમ આધારિત કોસ્ટર, પાણીની બોટલ અને ટોટ બેગ જેવા સંગ્રહ કરી શકાય એવી પ્રોડક્ટ મળે છે. આ ઉપરાંત મુસાફરોને વિવિધ ટપાલ સેવાઓ વિશે પણ માહિતી આપશે. સ્ટેશન પર બેસાડવામાં આવેલા આર્ટવર્ક ઈન્ડિયા પોસ્ટની સેવાઓ અને ઉત્પાદનોની શ્રેણી દર્શાવે છે. એના દ્વારા પોસ્ટ વિભાગના વારસા અને આધુનિક બાબતો વિશેની માહિતી તસવીરો સાથે મળે છે.

સ્ટેશન પર એક વિશેષ 'માય સ્ટેમ્પ' સુવિધા શરૂ કરવામાં આવી છે, જે મુલાકાતીઓને તેમના ફોટોગ્રાફ્સ દર્શાવતી વ્યક્તિગત સ્ટેમ્પ્સ બનાવી આપે છે. ઈન્ડિયા પોસ્ટ મેટ્રો ઓપરેશન બોડીના સહયોગથી, નાગરિક-કેન્દ્રિત સેવાઓને મોટી સંખ્યામાં આવન જાવન થતી હોય એવા સ્થળોને એકીકૃત કરીને લોકોને એ આસાનીથી મળી શકે એ દિશામાં પ્રયાસ થઈ રહ્યા છે. હવે પછી બીકેસી, સિપ્ઝ અને કફ પરેડ ખાતે વધુ ત્રણ મેટ્રો સ્ટેશનો પર સમાન સર્વિસ ડેસ્ક અને ઇન્સ્ટોલેશન કરવાનું આયોજન છે. (પીટીઆઈ)■

# પાલિકા ચૂંટણીમાં મનસે સાથે ગઠબંધન: કૉંગ્રેસમાં વિરોધાભાસ

મુંબઈ: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજ ઠાકરેની આગેવાની હેઠળની મનસે સાથે જોડાણ કરવા બાબત મહારાષ્ટ્રમાં કૉંગ્રેસમાં તરફેણ અને વિરોધ જોવા મળી રહ્યા છે. વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારએ કરેલી સંયુક્ત ચૂંટણીની તરફેણ રાજ્ય અને મુંબઈ કૉંગ્રેસના નેતાઓના વલણથી વિરુદ્ધ છે. જોકે, વડેટ્ટીવારે સૂચવ્યું હતું કે કૉંગ્રેસ ગઠબંધન કરવા માટે પોતાની વિચારધારા સાથે સમાધાન નહીં કરે.

ભાજપને હરાવવા વિપક્ષની એકતાના મહત્વ પર ભાર મૂકતા રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી) પ્રમુખ શરદ પવારના નિવેદનનો ઉલ્લેખ કરી વડેટ્ટીવારે શનિવારે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે અંતે વિચારધારા મહત્વની છે. અમે મનસે સહિતની સંયુક્ત લડાઈ માટે ઉત્સુક છીએ. ભાજપને હરાવવા માટે બધાએ ભેગા થવું જોઈએ.

મતદાર યાદીમાં કથિત વિસંગતતા સામે આ મહિનાની શરૂઆતમાં મુંબઈમાં વિપક્ષી એમવીએ દ્વારા આયોજિત 'સત્યાચા મોરચા'માં મનસેની ભાગીદારીનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. જોકે, પાલિકા ચૂંટણીમાં એકલપંડે ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરનાર મુંબઇ કૉંગ્રેસ એકમ માટે વડેટ્ટીવારનું મનસેના સમર્થનનું નિવેદન મૂંઝવણ ઊભી કરનારું છે.

પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે પુનરોચ્ચાર કર્યો છે કે પાર્ટી ક્યારેય હિંસામાં સામેલ લોકો સાથે ક્યારેય હાથ નહીં મિલાવે. મહાવિકાસ આઘાડીના સભ્ય ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની આગેવાની હેઠળની મનસે વચ્ચેની વધતી નિકટતાએ કૉંગ્રેસના સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાના નિર્ણયને આકાર આપ્યો હતો.

મુંબઈ કૉંગ્રેસ પ્રમુખ વર્ષા ગાયકવાડે મનસેનું નામ લીધા વિના કટાક્ષ કરતા કહ્યું હતું કે કાયદાનો ભંગ કરનારા અને બીજાને ડરાવનારા લોકો સાથે કૉંગ્રેસ ક્યારેય ગઠબંધન નહીં કરે. (પીટીઆઈ)■

# 'તમારી પાસે મત છે, મારી પાસે ભંડોળ છે'

## અજિત પવાર મતદારો સાથે સોદાબાજી કરવાના મૂડમાં

પુણે: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પુણે જિલ્લાના માલેગાંવમાં મતદારોને સાફ સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે જો તેઓ તેમના પક્ષના ઉમેદવારોને ચૂંટણીમાં વિજયી બનાવશે તો શહેર માટે ભંડોળની કોઈ અછત ન રહે એની તકેદારી રાખવામાં આવશે,પરંતુ જો મતદારો તેમના ઉમેદવારોને વોટ નહીં આપે તો તેઓ પણ મોઢું ફેરવી લેશે.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી) અધ્યક્ષ અજિત પવાર શુક્રવારે બારામતી તાલુકાના માલેગાંવ નગર પંચાયતની ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યા હતા. ભાજપ-એનસીપી-શિવસેના સરકારમાં પવાર નાણાં પ્રધાન છે.

તેમણે જણાવ્યું હતું કે 'જો તમે એનસીપીના તમામ ૧૮ ઉમેદવારોને ચૂંટી કાઢશો તો ભંડોળની અછત ન રહે એની તકેદારી હું રાખીશ, મેં જે પણ વચન આપ્યા છે એ બધા પાળવામાં આવશે, પણ જો તમે મને નકારી કાઢશો તો હું પણ મોઢું ફેરવી લઈશ. તમારી પાસે મત છે, મારી પાસે ભંડોળ છે.

પવારના આ નિવેદન પછી વિરોધ પક્ષોએ તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. શિવસેના (યુબીટી) નેતા અંબાદાસ દાનવેએ મતદારોને ધમકી આપવાનો આરોપ અજિત પવાર પર મૂકી કહ્યું હતું કે ભંડોળ અજિત પવારના ઘરમાંથી નહીં પણ સામાન્ય લોકો દ્વારા ચૂકવવામાં આવતા ટેક્સમાંથી આપવામાં આવે છે. જો પવાર જેવા નેતા મતદારોને ધમકી આપી રહ્યા છે તો ચૂંટણી પંચ શું કરી રહ્યું છે?

નગર પંચાયતની ચૂંટણી બીજી ડિસેમ્બરે યોજાવાની છે. પવારની આગેવાની હેઠળની એનસીપી અને ભાજપ સમર્થિત સમિતિએ માલેગાંવમાં ગઠબંધન બનાવ્યું છે. (પીટીઆઈ) ■

# મધ્ય પ્રદેશના ગામમાં શસ્ત્રો બનાવતા યુનિટ્સનો પુણે પોલીસે કર્યો પર્દાફાશ: ૪૭ જણની અટકાયત

પુણે: પુણે પોલીસે શનિવારે મધ્ય પ્રદેશના બરવાની જિલ્લામાં ઉમર્તી ગામમાં શસ્ત્રો બનાવવાનાં ગેરકાયદે યુનિટ્સમાં વ્યાપર દરોડા પાડ્યા હતા, જેમાં અનધિકૃત શસ્ત્રો અને સામગ્રી જપ્ત કરીને ૪૭ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ચાર ફેક્ટરીને તોડી પાડવામાં આવી હતી અને બે પિસ્તોલ, પાંચ મેગેઝિન તથા શસ્ત્રોનું ઉત્પાદન કરવા માટે ઉપયોગમાં લેવાતી વિવિધ સામગ્રીઓ જપ્ત કરવામાં આવી હતી.

પુણે પોલીસની ક્રાઇમ બ્રાન્ચના અધિકારી-કર્મચારીઓની ૧૦૫ સભ્યની ટીમ અને વાયરલેસ, ડ્રોન, સર્વેલન્સ તથા સાયબર વિભાગના અધિકારીઓ દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા હતા, એમ અધિકારીએ કહ્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર સોમય મુંડેની આગેવાની હેઠળની ટીમે પુણેથી આશરે ૫૦૦ કિ.મી. દૂર મધ્ય પ્રદેશના ઉમર્તી ગામમાં દરોડા પાડ્યા હતા અને ૪૭ લોકોની અટકાયત કરાઇ હતી, જ્યારે ચાર ફેક્ટરીને તોડી પાડવામાં આવી હતી. અમે બે પિસ્તોલ, ચાર ખાલી કારતૂસ, પાંચ મેગેઝિન, બે જીવંત કારતૂસ, ૧૦૦ રૉ બેરલ અને ૧૪ ગ્રાઇન્ડિંગ મશીન જપ્ત કર્યાં હતાં. (પીટીઆઇ)■

# પંજાબમાં ડ્રગ્સના કેસમાં ત્રણ વર્ષથી ફરાર નાઈજીરિયનની નાલાસોપારાથી ધરપકડ

## ભારતમાં ૨૦૧૪થી ગેરકાયદે વસવાટ કરતો હતો: પોલીસ

પાલઘર: પંજાબમાં ડ્રગ્સના કેસમાં ત્રણ વર્ષથી ફરાર નાઇજીરિયનની નાલાસોપારાથી ધરપકડ કરવામાં આવી હતી. આરોપી ભારતમાં ૨૦૧૪થી ગેરકાયદે વસવાટ કરતો હતો, એવું પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું.

મીરા-ભાયંદર વસઇ-વિરા પોલીસના એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) ગુરુવારે નાઇજીરિયન ઉબાનાતુ લિવિનસ ઉચેન્ના ઉર્ફે ઉચિએના ઉબલાતુ ઉર્ફે એરિક (૩૬)ને પકડી પાડ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

નાયગાંવ પોલીસ સ્ટેશનની હદમાં એએનસીના અધિકારીઓ પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે પ્રગતિ નગર વિસ્તારમાં તેમની નજર નાઇજીરિયન પર પડી હતી. નાઇજીરિયનની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસ ટીમે તેને તાબામાં લીધો હતો. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તે ૨૦૧૪થી ભારતમાં ગેરકાયદે વસવાટ કરી રહ્યો હતો.

નાઇજીરિયન વિરુદ્ધ તુલિંજ પોલીસ સ્ટેશનમાં ઇમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે નાઇજીરિયન વિરુદ્ધ પંજાબમાં નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ હતો અને આ કેસમાં તે ફરાર હતો. એએનસીના અધિકારીઓએ પંજાબ પોલીસનો સંપર્ક સાધ્યો હોઇ આરોપીને બાદમાં તેમને હવાલે કરવામાં આવશે. (પીટીઆઇ)■

# દહિસરમાં મંદિરની ત્રણ દાનપેટીમાંથી રોકડ ચોરનારો યુવક પકડાયો

મુંબઈ: દહિસર વિસ્તારમાં આવેલા મંદિરમાં પ્રવેશીને ત્રણ દાનપેટીમાંની રોકડ ચોરનારા ૨૦ વર્ષના યુવકને પોલીસે પકડી પાડ્યો હતો. યુવકની ઓળખ બાદલકુમાર રામતાર દાસ તરીકે થઇ હોઇ તેની પાસેથી ચોરેલી રોકડ તથા ટ્રક-રિક્ષાની ચાર બેટરી જપ્ત કરાઇ હતી. આરોપી વિરુદ્ધ દહિસર પોલીસ સ્ટેશનમાં બે ગુના દાખલ છે.

દહિસર પૂર્વમાં મરાઠા કોલોની ખાતેના પિંપળેશ્વર મહાદેવ મંદિરમાં ૨૦ નવેમ્બરે રાતે નવ વાગ્યાથી ૨૧ નવેમ્બર સવારે ૬.૪૦ વાગ્યા દરમિયાન આ ઘટના બની હતી. દક્ષિણ તરફના પ્રવેશદ્વારમાંથી ઘૂસેલો ચોર ત્રણ દાનપેટીમાંથી આઠ હજાર રૂપિયા ચોરી ગયો હતો. ચોરીની આ ઘટના પ્રકાશમાં આવતાં મંદિરના ટ્રસ્ટીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

દહિસર પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. પોલીસે ઘટનાસ્થળે તેમ જ આસપાસના વિસ્તારમાંના પચીસથી ત્રીસ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને બાદમાં મળેલી માહિતીને આધારે ગુનામાં સંડોવાયેલા બાદલકુમાર દાસને તાબામાં લીધો હતો. પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરી તી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# નવસંસ્કરણ પામેલા શ્રી કીર્તન કેન્દ્રના ઓડિટોરિયમનું ઉદ્‌ઘાટન પ્રતીક ગાંધીના હસ્તે




મુંબઈ: જુહુમાં આવેલા શ્રી કીર્તન કેન્દ્રના નવસંસ્કરણ પામેલા ઓડિટોરિયમનું ઉદ્‌ઘાટન ગત ૧૫મી નવેમ્બરે સાંજે પ્રતિષ્ઠિતોની હાજરીમાં કરવામાં આવ્યું. સુપ્રસિદ્ધ અભિનેતા પ્રતીક ગાંધીએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી સભાગૃહનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી કીર્તન કેન્દ્ર ગાંધીયુગના કવિ, લેખક, નિબંધકાર શ્રી કરસનદાસ માણેક દ્વારા સ્થપાયેલું અને સંસ્કૃતિની વિવિધ પરંપરાઓને વેગ મળે તેના પ્રયાસ રૂપે આ ઓડિટોરિયમ બનાવાયું છે.

મનોજ શાહ શ્રી કીર્તન કેન્દ્ર ખાતે રિહર્સલ કરતાં અને પ્રતીક ગાંધીએ નાટ્ય સફરની શરૂઆત એમાંથી જ કરી હતી. એમણે ઘણાં નાટકો ભજવ્યાં અને ગજવ્યાં હતાં. આમ, મૂળ સાથે જોડાયેલા રહેવાનો તેમનો ઉમદા સ્વભાવ અને ગુજરાતી સંસ્કૃતિ સાથેના તેમના તાદાત્મ્યને લીધે ઉક્ત કાર્યક્રમમાં હાજર રહી અહીંથી શરૂ થયેલી એમની સર્જનયાત્રાની રસપ્રદ વાતો કરી તથા આ સભાગૃહમાં અવનવા કાર્યક્રમો થતા રહે એવી શુભેચ્છાઓ આપી હતી. આ સમારોહમાં કરસનદાસ માણેક ઉપરાંત આદ્યકવિ નરસિંહ મહેતા, મીરાં અને કબીરની સંગીતમય કૃતિઓ રેખા ત્રિવેદી, ઉપજ્ઞા પંડ્યા, સુરેશ જોશી, તથા ઉદય મઝુમદારે રજૂ કરી હતી. માણેકની સામાજિક નિસબત ધરાવતી કવિતાઓનું પઠન નાટ્ય કલાકારો મીનળ પટેલ તથા ચિરાગ વ્હોરાએ કર્યું. ચેરમેન ગૌરાંગ મહેતાએ આ કેન્દ્રના ઈતિહાસ તથા ભાવિ આયોજનો વિશે વક્તવ્ય રજૂ કર્યું તેમજ મુંબઈગરાને સાહિત્યિક-સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટે એક નવું સરનામું મળ્યું એનો આનંદ વ્યક્ત કર્યો હતો. ■

# ટ્રક સાથે એસયુવી ટકરાતાં બેનાં મોત: પાંચ ઘાયલ

થાણે: રાયગડ જિલ્લાના જેએનપીટી-પનવેલ રોડ પર ટ્રક સાથે એસયુવી (સ્પોર્ટસ યુટિલિટી વેહિકલ) ટકરાતાં બે યુવકનાં મોત થયાં હતા, જ્યારે અન્ય પાંચ જણ ઘવાયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર શનિવારે સવારે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા બંને યુવકની ઓળખ હિતેન્દ્ર સંજય પાટીલ (૨૨) અને શ્રીનાથ ચંદ્રલેખર (૨૨) તરીકે થઇ હતી. બંને નવી મુંબઈના રહેવાસી હતા.


એસયુવી પૂરપાટ વેગે જઇ રહી હતી ત્યારે તે આગળ જઇ રહેલી ટ્રક સાથે અથડાઇ હતી, જેમાં બે જણનાં મોત થયાં હતાં. અકસ્માતમાં ઘવાયેલા અન્ય પાંચ જણને સારવારાર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં ડ્રાઇવર પૂરપાટ વેગે અને બેદરકારીથી એસયુવી હંકારી રહ્યો હતો, એવું જાણવા મળ્યું હતું. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ પનવેલ પોલીસના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## સદ્‌ભાવના વૃદ્ધાશ્રમનો ૧૫૧ કરોડ વૃક્ષારોપણ સંકલ્પ અને વંદે માતરમ્‌ની ૧૫૦ વર્ષની ઉજવણી સાથે

# માનસ વંદે માતરમ્ - પૂજ્ય મોરારિબાપુની ૯૬૭ મી રામકથાનો મંગળમય પ્રારંભ







ઘાટકોપર (પૂર્વ)ના ચિત્રકૂટ ધામ, આચાર્ય અત્રે મેદાનમાં શનિવારની સાંજ એ રીતે રંગાઈ કે જાણે ભક્તિ, સેવા અને રાષ્ટ્રપ્રેમનો મહોત્સવ જ ઊતરી આવ્યો હોય. સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ, રાજકોટને સહાયતા અને ૧૫૧ કરોડ વૃક્ષો વાવવાના મહાસંકલ્પને સ્મરણમાં રાખીને તથા ભારતના રાષ્ટ્રગાન વંદેમાતરમ્‌ની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે પૂજ્ય મોરારિબાપુની ૯૬૭મી રામકથા ''માનસ વંદે માતરમ્''ની મંગળમય શરૂઆત થઈ.

### દીપ પ્રાગટ્ય કરી સેવાયજ્ઞની શરૂઆત

આ રામકથાની શરૂઆતમાં દીપ પ્રાગટ્યની ક્ષણ ખૂબ જ ભાવસભર રહી. આ પવિત્ર કાર્ય ભાજપા નેતા પૂર્વ સાંસદ કિરીટ સોમૈયા, પૂર્વ સાંસદ મનોજ કોટક, ધારાસભ્ય પરાગ શાહ, ધારાસભ્ય મિહિર કોટેચા, પૂર્વ ધારાસભ્ય અતુલ શાહ, પૂર્વ નગરસેવક પ્રવીણ છેડા, ભાજપા પ્રવક્તા ભાલચંદ્ર સિરસાટ, વિનુભાઈ નાગ્રેચા પરિવાર, પૂર્વ નગરસેવિકા બિંદુ ત્રિવેદીના હસ્તે થયું. દીપનો આ પ્રકાશ વૃદ્ધો માટે સેવા, પ્રકૃતિ માટે સંકલ્પ અને રાષ્ટ્ર માટે પ્રેમના ત્રણ સંદેશા લઈને આવ્યો હોય તેવું દેખાઈ રહ્યું હતું.

### પૂજ્ય બાપુની વાણી સાથે જ ભક્તિમય ગંગા વહેવા લાગી

આ રામકથાના નિમિત્ત મનોરથી ધારાસભ્ય પરાગ શાહે મનોરથી તરીકે સુંદર પ્રસ્તાવના આપી અને કથાના ઉદ્દેશોને સૌ સુધી પહોંચાડ્યા હતા અને ત્યારબાદ પૂજ્ય બાપુના શ્રીમુખેથી મંગલમયી વાણીની ગંગા વહેવા લાગી હતી, જેના આચમનનો લાભ હજારો ભાવિકોએ લીધો હતો. તેમણે સૌને રામધૂનમાં જોડ્યા હતા અને ભાવપૂર્વક રામદૂત હનુમાનજીનું સ્મરણ કર્યું હતું. વ્યાસપીઠ પરથી બાપુએ સૌને આશીર્વાદ રૂપે કહ્યું કે આ કથા By the people, of the people and for the people એટલે કે લોકોની, લોકો માટે અને લોકો દ્વારા ચાલતી હોવી જોઈએ.

**આવતીકાલે સાંજે ૦૬ વાગ્યાથી કીર્તિદાન ગઢવી અને માયાભાઈ આહિરના ભવ્ય લોકડાયરાનું આયોજન**

### અયોધ્યા રામમંદિરની થીમનું સોનેરી સૌંદર્ય

ઘાટકોપર (પૂર્વ) ના ચિત્રકૂટ ધામ, આચાર્ય અત્રે મેદાન ખાતે આયોજિત આ રામકથાનું સમગ્ર ડેકોરેશન અયોધ્યા રામમંદિરની થીમ પર બનાવાયું છે. મેદાનમાં પ્રવેશતાં જ લોકોએ રામમંદિરનો પ્રકાશ અને તેની ઊર્જા અનુભવી હતી.

### વંદે માતરમ્ - રચનાના ૧૫૦ વર્ષનો પ્રસંગોચિત વિશેષ ઉલ્લેખ

પૂજ્ય બાપુએ કહ્યું કે આ વખતે કથાનો વિષય ''માનસ વંદે માતરમ્'' રાખવાનો વિશેષ ભાવ છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત ''વંદે માતરમ્''ને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા છે અને જ્યારે સમગ્ર રાષ્ટ્ર તેની ઉજવણી કરી રહ્યું હોય ત્યારે આ કથા પણ વંદે માતરમ્‌ને સમર્પિત હોવી જોઈએ.

### ૧૫૧ કરોડ વૃક્ષારોપણ - રાષ્ટ્ર માટે હરિયાળો સંકલ્પ

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સમગ્ર દેશમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવવાનો મનોરથ રાખવામાં આવ્યો છે.

આ વિષય પર બાપુએ અત્યંત સરળ અને હૃદયસ્પર્શી શબ્દોમાં કહ્યું કે, ''કોઈપણ ધાર્મિક કે સામાજિક આયોજનો વૃક્ષો કાપીને ન થવા જોઈએ, ધાર્મિક કે સામાજિક આયોજનો તો વૃક્ષો વાવવા માટે થવા જોઈએ.'' આ અવસરે બાપુએ વૃક્ષ, વૃદ્ધ અને દર્દીની સેવા માટે જે યજ્ઞ પ્રજ્વલિત કરવામાં આવ્યો છે તેમાં શક્તિ અનુસાર આહુતિ આપવાનો સૌને અનુરોધ કર્યો હતો અને આ સેવાકાર્ય માટે વ્યાસપીઠ તરફથી રૂ. ૫ લાખનું અનુદાન પણ જાહેર કરવામાં આવ્યું હતું.

### પૂજ્ય મોરારિબાપુના વચનો જે હૃદયને સ્પર્શી ગયા

બાપુએ એકદમ સરળતાથી ખૂબ ઊંડા અર્થવાળી વાતો કહી હતી.

''મનમાં કલ્યાણની ભાવના હોય તો સેવા કરવાના રસ્તા આપોઆપ મળી જાય છે.''

''વ્યક્તિના વિનય અને વિવેક જ તેને વિઘ્નોમાંથી બચાવે છે.''

''આસ્તિકને ભરોસો છે કે ઈશ્વર છે અને નાસ્તિકને ભરોસો છે કે ઈશ્વર નથી. પરંતુ બંનેમાં એક વાત સામાન્ય છે અને તે છે ભરોસો.''

''ઊંચા અવાજે બોલાયેલું અસત્ય કદી સત્ય નથી થઈ જવાનું''

''આપણે ભારતીયો માતૃપંચક એટલે કે પાંચ માતાઓને પૂર્ણ સમર્પિત છીએ. (૧) જગદંબા (૨) પૃથ્વી માતા (૩) ભારતમાતા (૪) જ્યાં જન્મ લીધો તે જન્મભૂમિ અને (૫) જેની કોખે જન્મ લીધો તે માતા''

### ''માનસ વંદે માતરમ્''ના પ્રથમ જ દિવસે ઊમટી પડેલી શ્રદ્ધા

રામકથાના આરંભના દિવસમાં જ ૧૦,૦૦૦થી વધુ ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા અને દરેકના ચહેરા પર આનંદ, શાંતિ અને રામભક્તિનો તેજ સ્પષ્ટ દેખાતો હતો. પ્રથમ દિવસની રામકથાને હનુમાનજીની વંદના કરીને વિરામ આપવામાં આવ્યો હતો.

જે કોઈ ભાવિક કથાસ્થળે આવી શકે તેમ ના હોય તેઓ આ રામકથા આસ્થા ચેનલ અને ચિત્રકૂટ ધામ તલગાજરડાની યુટ્યુબ ચેનલ પર લાઈવ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) તારા દેવી | ૪,૦૦,૦૦૦ |
| ૨) અનુરાધા પાઠક | ૫૦,૦૦૦ |
| ૩) પ્રમોદ કુમાર રોય | ૮૦,૦૦૦ |
| ૪) રોજીના બીબી | ૫૦,૦૦૦ |
| ૫) બિસ્વજીત બિસ્વાસ | ૭૫,૦૦૦ |
| ૬) રોહન ઝા | ૨,૮૪,૦૦૦ |
| ૭) રાધાદેવી | ૪૦,૦૦૦ |
| ૮) ડારિયાર રહમાન | ૧,૫૦,૦૦૦ |
| ૯) ગોપાલ ખાતરી | ૨,૦૦,૦૦૦ |
| ૧૦) દશરથ ગોંડ | ૧,૦૦,૦૦૦ |
| ૧૧) હરિશંકર ધારા | ૧,૦૦,૦૦૦ |
| ૧૨) શુભદ્રા આખલી | ૪૦,૦૦૦ |
| ૧૩) અનવર અલી | ૩૭,૦૦૦ |
| ૧૪) રામ ઈશ્વર સિંગ | ૧,૫૦,૦૦૦ |
| ૧૫) શ્યામલ બિસ્વાસ | ૮૦,૦૦૦ |
| ૧૬) અનુસાયા મારુતિ નિકમ | ૧,૨૦,૦૦૦ |
| ૧૭) કંચન દેવી | ૬૦,૦૦૦ |
| ૧૮) અશોક કુમાર મહતો | ૧,૫૦,૦૦૦ |
| ૧૯) મિથુન રુઈદાસ | ૮૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

### થાણે ક્રાઇમ બ્રાન્ચની કાર્યવાહી

# ૫.૫૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ સાથે યુવકની ધરપકડ

થાણે: થાણે ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ ૫.૫૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને ૩૮ વર્ષના યુવકની ધરપકડ કરી હતી.

યુવકની ઓળખ શનવર અનવર અલી તરીકે થઇ હોઇ તે પશ્ચિમ બંગાળનો વતની છે. શનવર અલી સામે કાપુરબાવડી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. થાણે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-પાંચના અધિકારીઓને માહિતી મળી હતી કે ચરસ વેચવા માટે થાણેના સાકેત રોડથી બાળકુમ પાડા નંબર-૩ વચ્ચે આવવાનો છે. આથી પોલીસ ટીમે શુક્રવારે બપોરના છટકું ગોઠવ્યું હતું અને શનવર અલીને તાબામાં લીધો હતો. અલી પાસેની બેગની તલાશી લેવામાં આવતાં તેમાંથી દસ પેકેટ્સ અને કપડાં મળી આવ્યા હતા. ઉપરોક્ત પેકેટ્સમાં ચરસ મળી આવ્યું હતું, જેની કિંમત ૫.૫૦ કરોડ રૂપિયા થાય છે. એ સિવાય અલી પાસેથી અમુક રોકડ પણ જપ્ત કરવામાં આવી હતી.

# ભાજપ પર આરોપ: વિરોધ પક્ષના ઉમેદવારોને ખસી જવા મજબૂર કરી સગા - સંબંધીઓના બિનહરીફ વિજયની ખાતરી

મુંબઈ: વિરોધ પક્ષના ઉમેદવારોને ચૂંટણી જંગમાંથી ખસી જવા મજબૂર કરી પોતાના નેતાઓના સંબંધીઓની બિનહરીફ જીત સુનિશ્ચિત કરી ભારતીય જનતા પક્ષ મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ''ફેમિલી ફર્સ્ટ અફેર'' માં ફેરવી દીધી હોવાનો આરોપ કૉંગ્રેસ અને એનસીપીએ શનિવારે ભાજપ પર કર્યો છે.

કૉંગ્રેસ વિધાયક દળના નેતા વિજય વડેટ્ટીવારે આરોપ કર્યો હતો કે શાસક મહાયુતિ ગઠબંધન દ્વારા દબાણની વ્યૂહરચના અને સરકારી યંત્રણાના દુરુપયોગ દ્વારા લોકશાહીને કચડી નાખવામાં આવી રહી છે. જોકે, કૉંગ્રેસ અને શરદ પવારની આગેવાની હેઠળના એનસીપી (એસપી) પર વળતો પ્રહાર કરી ભાજપે તેમને વંશવાદની પાર્ટી ગણાવી આરોપો નકારી કાઢ્યા હતા.

વડેટ્ટીવારે આરોપ લગાવ્યો હતો કે પત્ની, ભાભી, પિતરાઈ ભાઈ, બનેવી અને પુત્રો સહિત ભાજપના નેતાઓના સંબંધીઓ મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતમાં બિનહરીફ ચૂંટાયા છે. અહીં બીજી ડિસેમ્બરે ચૂંટણી થવાની હતી. વિપક્ષના ઉમેદવારોને પૈસાની તાકાત, પોલીસના દબાણ અને ધાકધમકીથી પાછા ખેંચવાની ફરજ પાડવામાં આવે છે એવો આરોપ કરી કૉંગ્રેસ નેતા વડેટ્ટીવારે જણાવ્યું હતું કે 'ગુંડાગીરી અને ધાકધમકી સત્તામાં રહેલા લોકોના સંબંધીઓની બિનહરીફ જીત સુનિશ્ચિત કરવા માટેનું સાધન બની ગયું છે.' તેમણે દાવો કર્યો હતો કે ભાજપની મહિલા ઉમેદવારોએ મતદારોને કથિત ધમકી આપી હતી કે જો તેઓ તેમને મત નહીં આપે તો વિકાસ ભંડોળ અટકાવી દેવામાં આવશે.

ભાજપે કૉંગ્રેસ અને એનસીપી (એસપી) દ્વારા ઉઠાવવામાં આવેલા આરોપોને ફગાવી દીધા છે.

# ઇતિહાસના પુસ્તકોમાં નોંધપાત્ર ફેરફાર: આરએસએસ અકબર કે ટીપુ સુલતાન માટે મહાન વિશેષણ કાઢી નાખ્યું

નાગપુર: ઇતિહાસના પાઠ્યપુસ્તકોમાં ઘણા સકારાત્મક ફેરફારો કરવામાં આવ્યા હોવાની જાણકારી આપી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના નેતા સુનીલ આંબેકરે કહ્યું છે કે હવેથી મુઘલ સમ્રાટ અકબર અથવા મૈસૂરના શાસક ટીપુ સુલતાનનું વર્ણન કરવા માટે મહાન - 'ધ ગ્રેટ' વિશેષણનો ઉપયોગ નથી કરવામાં આવતો.

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઇઆરટી)એ આ ફેરફારો કર્યા છે. અલબત્ત આ પાઠ્યપુસ્તકોમાંથી કોઈને દૂર માંથી કરવામાં આવ્યા કારણ કે તેમના ક્રૂર કૃત્યોની જાણ નવી પેઢીને થવી જોઈએ.

શુક્રવારે નાગપુરમાં એસજીઆર નોલેજ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ઓરેન્જ સિટી લિટરેચર ફેસ્ટિવલમાં સભાને સંબોધિત કરતા આરએસએસના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ આંબેકરે એમ પણ જણાવ્યું હતું કે 'ભારત પાસે પ્રાચીન જ્ઞાનના વિશાળ અને સમૃદ્ધ સંસાધનો છે. એ જો આપણે શીખીએ અને સમજીએ તો જીવનમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. આ સમૃદ્ધ જ્ઞાન વિશ્વને પણ આપી શકાય છે, પરંતુ તેના માટે આપણે એ જ્ઞાન પર પણ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

# વસઇમાં માતા-પુત્રને શસ્ત્રની ધાક દાખવી લાખોના દાગીના લૂંટનારી ત્રિપુટી ઝડપાઇ

મુંબઈ: વસઇમાં ભરબપોરે ઇમારતના ત્રીજા માળે ફ્લેટમાં ઘૂસ્યા બાદ માતા-પુત્રને શસ્ત્રની ધાક દાખવી ૧૦ લાખ રૂપિયાના દાગીના લૂંટીને ફરાર થયેલા ત્રણ લૂંટારાને ક્રાઇમ બ્રાન્ચે કર્ણાટકથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી અમુક દાગીના, રોકડ તથા મોબાઇલ જપ્ત કરાયાં હોઇ પોલીસ હવે તેમના ફરાર ત્રણ સાથીદારની શોધ ચલાવી રહી છે.

વસઇ ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ અશોક ઉર્ફે બાબુ રાજુ શિંદે, અબ્દુલ રઉફ હશમી અને રિતિક રવિ બેલંગો તરીકે થઇ હતી.

વસઇ પશ્ચિમના સાતીવલી ખાતે દામુપાડામાં આવેલી ઇમારતના ત્રીજા માળે રહેતી ગીતા ચિત્રસેન રાઉત (૩૫) અને તેનો પુત્ર સંતોષ ૧૮ નવેમ્બરે બપોરે ઘરમાં હાજર હતા ત્યારે ત્રણ અજાણ્યા શખસ અંદર ઘૂસી આવ્યા હતા. તેમણે માતા-પુત્રને ચાકુની ધાક દાખવી ધમકાવ્યાં હતાં અને સોનું ક્યાં રાખ્યું છે? એવું પૂછ્યું હતું. બાદમાં એક જણે ગીતા પર ચાકુથી હુમલો કરતાં તેના હાથમાં ઇજા થઇ હતી. આરોપીઓ ઘરના કબાટમાંથી ૧૦ લાખના દાગીના અને મોબાઇલ લૂંટી ફરાર થઇ ગયા હતા, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૨ની ટીમે બનાવ બાદ ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોમાં તપાસ કરી હતી.

## જૈન મરણ

પટોસણ ગઢ પાલનપુર શૈલેષ ફોજાલાલ શાહ (ઉં.વ. ૬૯) ૨૧-૧૧-૨૦૨૫ અવસાન પામેલ છે. તે નયનાબેનના પતિ. રિકીનભાઈના પિતા. જિનાલીના સસરા, રિકિતાબેનના પિતા. મિત્તલકુમારના સસરા. વિવાન હિયાના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે

**સાંડેસરા જ્ઞાતિ જૈન**

પાટણ નિવાસી કેસુસેઢનો પાડો હાલ દાદર સ્વ. વર્ધમાનભાઇ નગીનદાસ સાંડેસરાના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૮૭) તા. ૨૧-૧૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે અમીતભાઇ, અલ્પાબેનના માતુશ્રી. દર્શનાબેન, રાજેશભાઇના સાસુ. આકાશ, દર્શિની, હર્ષીના દાદી. સંજના, નીતિકાના નાની. કોકિલાબેનના ભાભી. સ્વ. ઇશ્વરભાઇ, સ્વ. નટવરભાઇના બેન. અંજનાબેન, સ્વ. શોભનાબેન, ભારતીબેન, નીનાબેનના કાકી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા સ્થાનકવાસી જૈન**

ચૂડા નિવાસી હાલ મલાડ, સ્વ. ચંપાબેન કેશવલાલ વોરાના પુત્રવધૂ કુમુદબેન રમેશભાઈ વોરા તા. ૨૨/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અમિત રમેશ વોરાના મમ્મી. જેશિકા અમિત વોરાના સાસુ. સ્વ. મનહરભાઈ, સ્વ. રમણભાઈ, સ્વ. પ્રવિણભાઈ, જયંતિભાઈ, અશોકભાઈના ભાભી. પિયરપક્ષ સવિતાબેન મણીલાલ શાહના દિકરી. સ્વ. પ્રફુલભાઈ મણીલાલ શાહના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ગુર્જર જૈન**

કચ્છ માંડવીના હાલે મુંબઈ વડાલા, મંજુલાબેન મણીકાંતભાઈ શાહ (ઉં.વ.૮૨) તે સ્વ. મણિકાંત પ્રેમચંદ શાહ (દોશી)ના ધર્મપત્ની. તે સ્વ. કેતન તથા મુકેશના માતૃશ્રી સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. મણીબેન પ્રેમચંદ સાકરચંદ દોશીના પુત્રવધૂ. બાબુભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. રમણીકભાઈ, નરેન્દ્રભાઇ, શશીકાંતભાઈ, વિપીનભાઇ, સ્વ. કમલેશભાઈ તથા સ્વ. ગુણવંતીબેન (આરતી અનિલ શાહ)ના ભાભી. સ્વ. સુરજબેન શાંતિલાલ દોશી ગામ કચ્છ અંજારના પુત્રી. સ્વ. ઉર્મિલાબેન, સ્વ. ચંદ્રકાંતભાઈ, મહેન્દ્રભાઈ, રોહિતભાઈ, મિનેશભાઈ તથા ચંદ્રિકાબેન વિનોદભાઈ, શોભનાબેન રોહિતભાઈના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**દીશા ઓશવાળ જૈન**

આશિષ પ્રવીણચંદ્ર શાહ પાદરા નિવાસી હાલ મીરારોડ પૂર્વના ધર્મપત્ની અ. સૌ. ત્રિગુણા (ઉં. વ. ૫૪) તા. ૨૧-૧૧-૨૫ શુક્રવારના સ્વર્ગવાસ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. આશિષકુમાર પ્રવીણચંદ્ર શાહ, સી-૨/૦૦૮, ખોડિયાર કુંજ કો. ઓપ. સો. લી. પ્લીસન્ટ પાર્ક, મીરા રોડ (પૂર્વ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના ભાનુમતીબેન રાઘવજી દેઢિયા (ઉં. વ. ૮૦) તા. ૧૯-૧૧-૨૫ના સંથારો સીઝેલ છે. લીલબાઇ કુંવરજી દેવજીના પુત્રવધૂ. રાઘવજીના ધર્મપત્ની. બા. બ્ર. પૂર્વી, રાજેશના માતા. વડાલાના નાનબાઇ સુરજી વેલજી ગાલાના સુપુત્રી. શાંતિલાલ, જેઠાલાલના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. રાજેશ રાઘવજી શાહ, પદ્મસાગર, ઇ-૧૦૨, ભટ્ટીપાડા રોડ, ભાંડુપ (વે).

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

**વાગડ લુહાર સુથાર**

ગામ આધોઇ હાલ મુંબઈ, સ્વ. વાલજી જખુ લુહારના ધર્મપત્ની પાર્વતીબેન (ઉં. વ. ૭૫) તા. ૧૯/૧૧/૨૫ના બુધવાર રામશરણ પામેલ છે. શિવલખા નિવાસી સ્વ. મોતીભાઈ પઢારીયાના દીકરી. પઢારીયા હરીભાઈ મોતીભાઈ, સ્વ. પઢારીયા ખીમજીભાઈ મોતીભાઈના બેન. પરમાર વિનોદ કલ્પેશ મહેશ નર્મદા જશોદાના માતુશ્રી. દામજી છગનલાલરાઠોડના સાસુ. ભારતી નુતન દિપક રાઠોડના નાનીમા. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨/૧૧/૨૫ ના ૪ થી ૬. સંત કૃપા બિલ્ડિંગ, બી વિંગ ઇરાની વાડી, હેમુ કલાની રોડ નંબર ૩. કાંદીવલી વેસ્ટ.

**લુહાર**

પાલીતાણા, હાલ વસઈ, સ્વ. નિર્મળાબેન હસમુખભાઈ રાઠોડ (ઉં. વ. ૭૬) તા. ૨૧ નવેમ્બર ૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. તે હસમુખભાઈ ગોપાલજીભાઈ રાઠોડના ધર્મપત્ની. દીપ્તિબેન, રવિન્દ્રભાઈ અને ગૌરવભાઈના મમ્મી. અતુલકુમાર, રીમાબેન અને હર્નિશાબેનના સાસુ. ધાની, હૈયાન અને હરશિવના દાદી, બિપિનભાઈ નારણભાઈ રાઠોડના ભાભી. સ્વ. કાનજીભાઈ દેવસીભાઈ સિદ્ધપુરા ગામ લુણસાપૂર વાળાના દિકરી. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૪/૧૧/૨૫ના ૪ થી ૬. સ્થળ: શ્રી બાલાજી બેન્ક્વેટ, ફાયર બ્રિગેડના પાછળ, વસઈ નાલાસોપારા લિંક રોડ, પીએનબી બેંકની પાસે, નાલાસોપારા ઈસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

જૂનાગઢ નિવાસી હાલ ભાયંદર, સ્વ. નંદનબેન તથા સ્વ. કાંતિલાલ હરજીવનદાસ સાંગાણીના પુત્ર જનકભાઈ (ઉં. વ. ૭૧) તા. ૨૨.૧૧.૨૫ શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. અ. સૌ. રંજનબેનના પતિ. તે જીલ અનિકેત રાંકા અને જીગરના પિતા. અશોકભાઈ, સુધાબેન ચંદ્રકાંતભાઈ ભુપતાણીના નાનાભાઈ. કૌશલ, વિશાલના કાકા, સ્વ. લાભુબેન તથા સ્વ. જમનાદાસ અમૃતલાલ વકેરીયાના જમાઈ. પ્રાર્થનાસભા તેમ જ લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

રાણપુર નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. પુષ્પાબેન જીતેન્દ્ર મહેતા (ઉં. વ. ૭૪) શનિવાર તા. ૨૨-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે વિરલ, નીતા, રશ્મિ, ફોરમના માતુશ્રી. તે સેજલ, સમીરકુમાર, સુજીતકુમાર, કૃણાલકુમારના સાસુ. તે ધોળકા નિવાસી નારણદાસ પ્રેમચંદ ગાંધીના દીકરી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ ધોલેરા હાલ કાંદિવસી મુંબઇ નિવાસી પ્રવીણભાઇ ચીમનલાલ વજાણી (ઉં.વ. ૮૨) તા. ૨૦-૧૧-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે ઉષાબેનનાં પતિ. સ્વ. લલિતાબેન અને ચીમનલાલ હરજીવનદાસ વજાણીના સુપુત્ર. સ્વ. અમરશી પોપટલાલ લાલના જમાઇ. રૂપલ આશિત કાપડીયા અને બીજલ શરદ વસંતના પિતા. તે સુશીલ, હર્ષિલ, રીશીતના નાના. તેમ જ સ્વ. રમેશચંદ્ર, સ્વ. સુરેશચંદ્ર, મહેશચંદ્રના ભાઇની પ્રાર્થનાસભા તા. ૨૪-૧૧-૨૫ના સોમવાર સાંજે ૪.૩૦થી ૬. ઠે. હાલાઇ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (વેસ્ટ).

**દશાશ્રી પોરવાડ વણિક ખંભાત**

ગં. સ્વ. વર્ષાબેન મયંક શાહ (ઉં. વ. ૫૯) હાલ મીરારોડ નિવાસી ચિ. ઉન્નતી અને પૂર્વીના મમ્મી. ખંભાતનાં સ્વ. પ્રવીણસાગર મણીલાલ શાહના પુત્રવધૂ. જયેશ શાહના ભાભી. તે મોનાક્ષીબેનના જેઠાણી. રાહુલ અને મેઘનાના કાકી. તે ગં. સ્વ. તારાબેન ભીખાલાલ નથવાણીના પુત્રી. તા. ૨૧-૧૧-૨૫ શુક્રવારનાં શ્રીજીચરણ પામેલ છે.

**કચ્છ કડવા પાટીદાર**

સ્વ. મયુર ખરાશંકર જબુવાણી (ઉં. વ. ૪૯) કચ્છ ગામ દોલતપર હાલે થાણા ગોદાવરીબેન ખરાશંકર ધનજી જબુવાણીના પુત્ર. અમિત ખરાશંકર જબુવાણી, નીલમ યોગેશ સાંખલાના મોટાભાઇ. કલ્પનાબેનના પતિ. દર્શન અને ખુશના પિતાશ્રી. સોનાલી અમિત જબુવાણીના જેઠ. નર્મદાબેન શિવજીભાઇ પોકાર, નાગવીરી હાલ ઘાટકોપરના જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૪-૧૧-૨૫ના ૪થી ૫.૩૦. ઠે. પાટીદાર બેન્કવેટ, જીંજર હોટેલની પાછળ, લેવીનો કપૂર કમ્પાઉન્ડ, કેશલ મીલ, એલબીએસ માર્ગ, થાણે (પશ્ચિમ).

**નવગામ ભાટિયા**

રાજકોટ નિવાસી હાલ ડોમ્બિવલી ગો. વા. સવિતાબેન જયંતીલાલ આશરના પુત્રવધૂ શોભનાબેન (ઉં.વ. ૬૬) તે ગો. વા. અશ્વિનભાઇના ધર્મપત્ની. જોડિયાવાળા ગો. વા. વનરાજ લક્ષ્મીદાસ વેદના દીકરી. પરાગ અને મિહિરના માતુશ્રી. સ્વ. અરુણાબેન હેમંત છેડા અને પ્રકાશભાઇના ભાભી. મેઘા અને નિકીના સાસુમા. તા. ૨૧-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૧૧-૨૫ સોમવારના સાંજે ૪થી ૬. ઠે. પીપી ચેમ્બર, ડોમ્બિવલી સ્ટેશન સામે, ડોમ્બિવલી (ઇસ્ટ), લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે.

છેલ્લા પાનાનું ચાલુ

### શરદ પવાર

ચૂંટણી સાથે લડવા માટે ગઠબંધનનો પ્રસ્તાવ મૂક્યો હતો. શરદ પવારે કોંગ્રેસના પ્રતિનિધિમંડળને કહ્યું હતું કે તેઓ બે દિવસમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સાથે આ અંગે ચર્ચા કરશે. આ બધા ઘટનાક્રમ પછી, શરદ પવારની ભૂમિકા હવે સૂત્રો પાસેથી બહાર આવી રહી છે.

શરદ પવાર બંને ભાઈઓ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે રાજકીય રીતે સાથે આવે તેના પક્ષમાં હોવાનું કહેવાય છે. પવારનું વલણ એવું છે કે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ મહાવિકાસ આઘાડી તરીકે સાથે લડવી જોઈએ. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ શરદ પવારે એવો સવાલ કર્યો હતો જ્યારે તેઓ મતદાર યાદીમાં થયેલી ગૂંચવણ અંગે 'સત્યા ચા મોરચા' માટે ભેગા થઈ રહ્યા છે, તો પછી તેઓ અલગ અલગ ચૂંટણી કેમ લડી રહ્યા છે? સૂત્રો પાસેથી એવી પણ માહિતી મળી છે કે શરદ પવાર મહાવિકાસ આઘાડીમાં મનસેનો સમાવેશ કરવા માટે સકારાત્મક છે.

શરદ પવાર આ પહેલાં ૨૦૧૯માં ભાજપની બાજી બગાડી ચૂક્યા છે અને આ વખતે ફરી એકવખત શરદ પવાર જીદ પર આવીને મેદાનમાં ઉતરશે તો બાજી બગાડી શકે છે એવો ડર ભાજપને સતાવી રહ્યો છે. ખાસ કરીને શરદ પવારના બંને ઠાકરે ભાઈઓને સાથે રાખવાના મક્કમ વલણને જોતાં શનિવારે કૉંગ્રેસના કેટલાક નેતાઓએ મનસેનો સમાવેસ એમવીએમાં કરવા માટે સકારાત્મક વલણ દાખવ્યું તે ભાજપને માટે ચિંતાનું કારણ બની રહેવાની શક્યતા છે. ભાજપની રણનીતિ એવી હતી કે મુંબઈમાં બધા જ પક્ષો જો અલગ અલગ ચૂંટણી લડે તો ભાજપને મેયર બેસાડવાની તક મળી શકે છે, પરંતુ હવે વિપક્ષી એકતા સધાય તો ભાજપને પણ મહાયુતિમાં જ મેદાનમાં ઉતરવાની ફરજ પડશે અને આવી સ્થિતિમાં એકલેપંડે મેયર બેસાડવાની તાકાત ભાજપ પાસે રહે તેવી શક્યતાઓ ઓછી છે.

અહીં ઉલ્લેખનીય છે કે ભાજપે થોડા દિવસ પહેલાં જ કરાવેલા એક સર્વેક્ષણમાં એવું જાણવા મળ્યું હતું કે મુંબઈમાં બધા પક્ષો અલગ અલગ ચૂંટણી લડે તો ભાજપને ૧૦૦ બેઠકો મળવાની શક્યતા છે, આના પછી જ મુંબઈમાં એનસીપીને દૂર કરવા માટેના કેટલાક નિવેદનો આવ્યા હતા તે પણ ધ્યાનમાં લેવું જોઈએ. આ બધા જ ઘટનાક્રમમાં હવે ભાજપને ફરી એકવખત નવેસરથી રણનીતિ તૈયાર કરવી પડશે એવું લાગી રહ્યું છે.

બીજી તરફ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, જો બધા સાથે મળીને લડશે, તો બધાને ફાયદો થશે. જો ભાગલા પડશે, તો બંનેને નુકસાન થશે. ઉદ્ધવ ઠાકરેનું વલણ એવું છે કે વિપક્ષની એકતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ઉદ્ધવ ઠાકરે હાલમાં કોંગ્રેસ હાઈકમાન્ડના સંપર્કમાં છે. તેથી, હવે આ મામલે શું થાય છે તે જોવું મહત્વપૂર્ણ છે.

### તાપમાનમાં ફરી વધારો

સવારના મુંબઈનું લઘુતમ તાપમાન વધીને ૧૯.૬ ડિગ્રી થઈ ગયું હતું, જે સામાન્ય કરતા એક ડિગ્રી ઓછું હતું. જ્યારે કોલાબામાં લઘુતમ તાપમાન ૨૩.૨ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન નિષ્ણાતે જણાવ્યું હતું કે મધ્ય મહારાષ્ટ્ર પર એક એન્ટિસાયક્લોન રચાઈ રહ્યું છે, જે ઉત્તરીય પવનોના પ્રવાહમાં અવરોધ લાવી રહ્યા છે. ઉત્તરીય પવનો શહેરને ઠંડુ કરે છે. આ સાથે જ ઉત્તરીય-પૂર્વીય ચોમાસું દક્ષિણ ભારતમાં ફરી શરૂ થયું છે.

આ બંને પરિબળો સાથે કામ કરી રહ્યા હોવાથી ગરમ અને ભેજવાળા દક્ષિણ-પૂર્વીય પવનો લઘુતમ અને મહત્તમ આ બંને તાપમાન વધારી રહ્યા છે. આ પરિબળની અસર ૨૬ નવેમ્બર, બુધવાર સુધી ચાલુ રહેવાની ધારણા છે, જેને કારણે દિવસ વધુ ગરમ થશે અને રાત ભેજવાળી રહેશે અને તેને કારણે આગામી અઠવાડિયાની શરૂઆતમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં છૂટાછવાયો હળવો વરસાદની શક્યતા છે.

નોંધનીય છે કે આ મહિનાની શરૂઆતમાં નવ નવેમ્બરથી શહેરમાં લઘુતમ તાપમાન ઘટવાનું શરૂ થયું હતું અને શરૂઆતમાં તાપમાન ૨૦ ડિગ્રીથી ગગડીને ૧૯.૬ ડિગ્રી સુધી નોંધાયું હતું. મુંબઈમાં સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બરમાં હળવા શિયાળાનો અનુભવ થતો હોય છે.

### ઘટક પક્ષો વિરુદ્ધ

સમસ્યાઓને સમજશે નહીં, ત્યાં સુધી તેઓ આવી જ રીતે હારનો સામનો કરતો રહેશે.'

'સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં મહાયુતિ અંગેનું આખું ચિત્ર પરમ દિવસે સ્પષ્ટ થઈ જશે. આ ચૂંટણીઓમાં, બધા નિર્ણયો સ્થાનિક સ્તરે લેવામાં આવે છે. બેઠકોની ફાળવણી જિલ્લા સ્તરે થાય છે. તે વરિષ્ઠ સ્તરે થતું નથી. જ્યાં શક્ય હોય ત્યાં, ગઠબંધન કરવામાં આવશે, કેટલીક જગ્યાએ બે પક્ષો એકસાથે આવશે,' એમ ફડણવીસે કહ્યું હતું.

જ્યારે પત્રકારોએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા પ્રફુલ્લ પટેલ દ્વારા ચૂંટણીઓ પૈસાના જોરે યોજાતી હોવાના નિવેદન તરફ ફડણવીસનું ધ્યાન દોર્યું, ત્યારે તેમણે કહ્યું, 'કોની પાસે પૈસા છે તે શોધો, અમારી પાસે પૈસા નથી. સરકાર મરાઠવાડાને દુકાળમુક્ત બનાવવાનો પ્રયાસ કરી રહી છે. સિંચાઈની સમસ્યાઓ હલ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મહાયુતિ સરકાર ભારે વરસાદથી પ્રભાવિત ખેડૂતોની પડખે ઉભી છે. રવિ પાક માટે પ્રતિ હેક્ટર રૂ. ૧૦,૦૦૦ની સબસિડી આપવામાં આવી હતી. ત્રણથી ચાર દિવસમાં ખેડૂતોના ખાતામાં ૧૦૦ ટકા પૈસા પહોંચી જશે,' એમ પણ ફડણવીસે જણાવ્યું હતું.

### અંધેરીમાં કેમિકલ

લીકેજ થવાનું શરૂ થયું હતું. સ્થાનિકોના કહેવા મુજબ વિસ્ફોટનો અવાજ સંભાળ્યો હતો. સ્થાનિકો ત્યાં દોડી જતા એક સગીરા સહિત બે પુરુષ ગંભીર રીતે જખમી થયેલા જોવા મળ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ ભંગારની વસ્તુઓ સાફ કરતી વખતે પાણીમાં ભેળવવામાં આવેલા તૈયાર સોડિયમ દ્રાવણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. પોલીસ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે એક વ્યક્તિ દ્વારા વધુ પડતું રસાયણ રેડવામાં આવ્યું હતું અને તેને કારણે વિસ્ફોટ થયો હતો, તેને કારણે ત્રણે લોકો ગૂંગળામણને કારણે બેભાન થઈ ગયા હતા.

તેમને તરત અંધેરી પૂર્વમાં આવેલી હોલી સ્પીરીટ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ સહિત એનડીઆરએફની ટીમ પહોંચી ગઈ હતી. હૉસ્પિલમાં સારવાર મળે એ અગાઉ જ ૨૦ વર્ષના અહમદ હુસેનને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. તો ૨૮ વર્ષના નૌશાદ અંસારી અને ૧૭ વર્ષની સગીરા સબા શેખ પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. બંનેની હાલત ગંભીર હોવાનું હૉસ્પિટલે જણાવ્યું હતું.

### મધ્ય રેલવેમાં

પર ૩૫૦ મેટ્રિક ટન ક્ષમતાની ક્રેન વાપરીને ૩૭.૨ મીટર લંબાઈના સ્ટીલના ગર્ડર બેસાડવામાં આવશે. આ બ્લોક શનિવારથી ચાલુ થઈને ૩ ડિસેમ્બરના રાતના બે વાગ્યાથી ૩.૩૦ વાગ્યા સુધી રહેશે. આ સમય દરમ્યાન વાંગણી અપ રૂટથી અંબરનાથ સુધી અને અંબરનાથથી ડાઉન રૂટ થી વાંગણી દરમ્યાન બ્લોક રહેશે. આ બ્લોકને કારણે લોકલ સહિત લાંબા અંતરની ટ્રેનોને અસર થશે.

બ્લોક દરમ્યાન મધરાતના મુંબઈથી કર્જત માટે છૂટનારી છેલ્લી ૧૨.૧૨ની ટ્રેન કર્જતને બદલે અંબરનાથ સુધી જ દોડાવવામાં આવશે. તો કર્જતથી મધરાતના છૂટનારી સીએસએમટી લોકલ અંબરનાથથી રાતના ૩.૧૦ વાગે સીએસએમટી માટે રવાના થશે. બંને દિશામાં આ લોકલ અંબરનાથથી કર્જત દરમ્યાન રદ રહેશે. તેથી સીએસએમટીથી કર્જતનો પ્રવાસ કરનારા પ્રવાસીઓ માટે ૧૧.૩૦ની કર્જત જતી ટ્રેન જ છેલ્લી લોકલ રહેશે. કર્જતથી સીએસએમટી જનારી પહેલી લોકલ સવારના ૩.૩૫ વાગે છૂટશે.

આ બ્લોક દરમ્યાન ચાર મેલ-એક્સપ્રેસને કર્જત-પનવેલ-દીવા માર્ગે વાળવામાં આવવાની છે. પ્રવાસીઓની સુવિધા માટે પનવેલ અને થાણે સ્ટેશન પર ટ્રેનને હોલ્ટ આપવામાં આવ્યો છે. ભુવનેશ્વર-સીએમએમટી કોર્ણાક એક્સપ્રેસ, વિશાખાપટ્ટણમ-એલટીટી એક્સપ્રેસ કર્જત-પનવેલ-દિવા માર્ગે વાળવામાં આવશે. આ ગાડીઓને પનવેલ, થાણેમાં સ્ટોપ આપવામાં આવશે. તો હૈદરાબાદ-સીએસએમટી હુસૈનસાગર એક્સપ્રેસ નેરલમાં ૨૦ મિનિટ થોભશે. તો હોસ્પેટ સીએમએમટી એક્સપ્રેસ ભિવપુરી રોડમાં ૧૦ મિનિટ થોભશે.

### ધારાવી આગ

આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. એ બાબતે તપાસ ચાલી રહી છે. સિલિન્ડર વિસ્ફોટથી સ્થાનિક રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો અને એ બાદ વિસ્તારને કોર્ડન કરી લેવાયો હતો.

સ્થાનિક રહેવાસીના જણાવ્યા મુજબ ઝૂંપડામાં મોટા પ્રમાણમાં ભંગારનો સામાન હતો અને તેને કારણે આગ ઝડપથી આજુબાજુના ઝૂંપડામાં પણ ફેલાઈ હતી. એ બાદ અહીં સિલિન્ડર સ્ફોટ પણ થયો હતો. સદ્નસીબે ફાયરબ્રિગેડે આગ પર નિયંત્રણ મેળવી લીધું હતું અને તેને કારણે મોટી જાનહાનિ ટળી હતી પણ આગને કારણે ભંગારની દુકાનની આજુબાજુ આવેલા ઝૂંપડાઓમાં પણ આગમાં ખાખ થઈ ગયા હતા.

વેસ્ટર્ન રેલવેના પબ્લિક રિલેશન ઓફિસરે જણાવ્યું હતું કે રેલવે પાટા નજીક આવેલી ઝૂંપડપટ્ટીમાં લાગેલી આગને પગલે બાન્દ્રા અને માહિમ વચ્ચેની હાર્બર લાઈન પર છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તરફની લોકલ ટ્રેન સેવા બપોરના ૧૨.૪૩ વાગ્યાથી સુરક્ષાની દૃષ્ટિએ બંધ કરી દેવામાં આવી હતી.

ફાયરબ્રિગેડના ભારે પ્રયાસ બાદ બપોરના ૩.૩૦ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે અનેક ઝૂંપડાઓ આગમાં ખાખ થઈ ગયા હતા.

સદ્નસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. સેન્ટ્રલ રેલવેના પબ્લિક રિલેશન ઓફિસરે જણાવ્યું હતું કે અપ હાર્બર લાઈનમાં માહિમ અને બાન્દ્રામાં પૂર્વ તરફમાં ઝૂંપડાને આગ લાગી હોવાથી સુરક્ષાની દૃષ્ટિએ ઓવરહેડ ઈક્વિપમેન્ટને મળતી ઈલેક્ટ્રિક સપ્લાય બંધ કરી દેવામાં આવી હતી. તેથી ટ્રેન બંધ થઈ ગઈ હતી.

આગ નિયંત્રણમાં આવ્યા બાદ રેલવે સેવા ૩.૩૪ વાગે પૂર્વવત્ થઈ હતી. આ દરમ્યાન અનેક ટ્રેનની ફેરી રદ થઈ હતી અને રેલવે સેવા પૂર્વવત્ થયા બાદ પણ ટ્રેનો મોડી દોડી રહી હતી.

આ દરમિયાન સાંજના ૫.૩૦ વાગ્યાની આસપાસ બોરીવલી પશ્ચિમમાં આઈસી કોલોનીમાં ગણપત નગરમાં ઝૂંપડા રહેલા ભંગારના ગોડાઉનમાં આગ ફાટી નીકળી હતી.

૫.૩૭ વાગે આગને બે નંબરની જાહેર કરવામાં આવી હતી. મોડેથી આગ પર નિયંત્રણ મેળવવામાં આવ્યું હતું. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

### નાયલોન માંજાનું

રાહદારીઓ અને પોલીસ કર્મચારીઓને ગંભીર ઈજાના બનાવ બન્યા છે. ઉપરાંત પક્ષીઓ અને અન્ય પ્રાણીઓના પણ મોટાપાયે મૃત્યુ થયા છે.

ગોર્હેએ દાવો કર્યો હતો કે ફિશિંગ લાઇન, નાયલોન થ્રેડ અને મજબૂત વાયર જેવા વૈકલ્પિક નામો હેઠળ નાયલોન માંજા ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર આસાનીથી મેળવી શકાય છે.

તેમણે દાવો કર્યો હતો કે ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપ ગ્રૂપમાં ઇકો-ફ્રેન્ડલી અથવા સુતરાઉ દોરા જેવા ભ્રામક લેબલ્સ હેઠળ વેચવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારે ઈ-કોમર્સ કંપનીઓને મહારાષ્ટ્રમાં આવી વસ્તુ મોકલતા અટકાવવા તાત્કાલિક નિર્દેશો જારી કરે એવું સૂચન પણ તેમણે કર્યું હતું.

પર્યાવરણને અનુકૂળ સુતરાઉ - કોટન માંજાને પ્રોત્સાહન આપવા અને સલામત વિકલ્પો બનાવવા માટે ખાદી અને ગ્રામોદ્યોગ અને સ્થાનિક ઉત્પાદકોને નાણાકીય સહાય, તાલીમ અને પ્રોત્સાહન આપવાની અપીલ પણ ગોર્હેએ કરી હતી. (પીટીઆઈ)

### ભાજપ ભાષાના

મંગળવારે સાંજે કલ્યાણ પૂર્વમાં પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે કોઈ પણ ભાષા બીજી ભાષા સાથે અન્યાય ન કરી શકે. 'ભાજપ અને આરએસએસ ઝેર ફેલાવી અમને દોષી ઠેરવી રહ્યા છે' એવો આરોપ પણ તેમણે કર્યો હતો. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કુલદીપે મૅચમાં 'ટર્ન' અપાવ્યો, હવે બૅટ્સમેનોની પરીક્ષા

## ગુવાહાટીની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે સાઉથ આફ્રિકાના છ વિકેટે ૨૪૭ રન

ગુવાહાટી: આસામના પાટનગરમાં ભારત સામેની અંતિમ ટેસ્ટ(સવારે ૯.૦૦ વાગ્યાથી)માં ગઈ કાલે પ્રથમ દિવસે વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાએ બૅટિંગ લીધા બાદ ખૂબ સારી શરૂઆત કરી હતી અને તેમનો સ્કોર દિવસની રમતના અંતે ૩૦૦ રનને પાર જશે એવું લાગતું હતું, પરંતુ ફ્લૅટ વિકેટ પર સ્પિનર કુલદીપ યાદવે (૧૭-૩-૪૮-૩) પ્રવાસી ટીમને ત્રણ આંચકા આપ્યા જેને કારણે તેમના રનમશીનને બ્રેક લાગી હતી અને છેવટે નબળા પ્રકાશને લીધે રમત થોડી વહેલી બંધ કરાઈ ત્યારે તેમનો સ્કોર છ વિકેટના ભોગે ૨૪૭ રન હતો.

સાઉથ આફ્રિકનો ગઈ કાલે કુલ ૮૧.૫ ઓવરમાં અઢીસો રન પણ પૂરા ન કરી શક્યા એ ટેમ્બા બવુમાની ટીમ માટે થોડો ચિંતાનો વિષય જરૂર છે. જોકે રવિવારે તેઓ બાકીની ચાર વિકેટ કેટલા રનમાં ગુમાવશે એ વધુ મહત્ત્વનું છે, કારણકે ભારતને થોડાં વર્ષોથી હરીફ ટીમના પૂંછડિયા બૅટ્સમેનો જ વધુ નડી જતા હોય છે. રિષભ પંતની ટીમ સાઉથ આફ્રિકાને ૩૦૦-૩૨૫ની આસપાસ સીમિત રાખ્યા પછી મોટી સરસાઈ લેશે તો જ આ મૅચ જીતવી શક્ય છે. નહીં તો, ડ્રૉ કે ભારતના પરાજયનું પરિણામ સાઉથ આફ્રિકાને ભારતની ધરતી પર પચીસ વર્ષમાં પહેલી વાર ટેસ્ટ શ્રેણી જીતવામાં સફળતા અપાવશે. કોલકાતાની જેમ ગુવાહાટીમાં પણ બોલર્સે ટીમ ઇન્ડિયાને મૅચમાં થોડી ઘણી પકડ અપાવી છે, પરંતુ હવે આજના બીજા દિવસે ભારતીય બૅટ્સમેનોની માર્કો યેનસેન, કેશવ મહારાજ, સાઇમન હાર્મર, વિઆન મુલ્ડર, એઇડન માર્કરમ સહિતના બોલર્સ સામે આકરી કસોટી થશે.

બન્ને ટીમના સરખા સંતુલનવાળા ગઈ કાલના પ્રથમ દિવસની છેલ્લી પળોમાં નબળા પ્રકાશને કારણે રમત થોડી વહેલી સમેટી લેવામાં આવી હતી. અંત પહેલાંની થોડી પળોમાં મોહમ્મદ સિરાજે ક્રીઝમાં જામી ગયેલા ટૉની ડિ ઝૉર્ઝીની વિકેટ લીધી હતી. તેણે ૫૯ બૉલમાં ૨૮ રન કર્યા હતા. રિષભ પંતે ડાબી તરફ ડાઇવ મારીને તેનો અફલાતૂન કૅચ ઝીલ્યો હતો. એ છઠ્ઠી વિકેટ પહેલાં, કુલદીપ યાદવે ત્રણ તેમ જ જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાએ એક-એક વિકેટ લીધી હતી. ભારતીય બોલર્સે એક પણ પ્રવાસી ખેલાડીને હાફ સેન્ચુરી નહોતી કરવા દીધી. ટ્રિસ્ટેન સ્ટબ્સને તેના ૪૯ રનના સ્કોર પર કુલદીપે પ્રથમ સ્લિપમાં રાહુલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.




કુલદીપને એક વિકેટ વખતે અભિનંદન આપતો જાડેજા (ડાબે). ગુવાહાટીના ઠંડા વાતાવરણમાં બપોરની ગરમીમાં ટેમ્બા બવુમાએ માથે પાણી રેડ્યું હતું.

### ગુવાહાટીમાં પહેલી વાર ટેસ્ટ રમાઈ

ગુવાહાટીમાં બરસાપારા સ્ટેડિયમમાં પહેલી જ વખત ટેસ્ટ મૅચ રમાઈ રહી છે. એ મેદાનની પિચ કઠણ છે, પરંતુ પહેલા દોઢ કલાકમાં પિચમાં રહેલા ભેજને કારણે બોલર્સને મોડી મૂવમેન્ટ (સ્વિંગ) મળતાં ભારતીય બોલર્સે થોડો ફાયદો ઉઠાવ્યો હતો. ખાસ કરીને માર્કરમ (૩૮ રન)ની પ્રથમ વિકેટ લેનાર બુમરાહને જૂના બૉલથી પણ સારી ઇન્વર્ડ મૂવમેન્ટ મળી હતી. મોહમ્મદ સિરાજ રમતી છેલ્લી પળોમાં ત્રાટક્યો હતો અને આ દાવમાં તેણે પહેલી વિકેટ મેળવી હતી જેમાં તેણે સ્ટબ્સ સાથે ૨૧ રનની, મુલ્ડર સાથે ૧૪ રનની અને મુથુસામી સાથે ૪૫ રનની ભાગીદારી કરનાર ટૉની ડિ ઝૉર્ઝીને પૅવિલિયન ભેગો કર્યો હતો.

### રાહુલના હાથે માર્કરમને જીવતદાન

ઓપનર એઇડન માર્કરમ (૩૮ રન, ૮૧ બૉલ, પાંચ ફોર) શનિવારે સવારે છેક ૧૭મા બૉલ પર ખાતું ખોલાવવામાં સફળ થયો હતો અને ૧૮મા બૉલ પર તેને બીજી સ્લિપમાં કે. એલ. રાહુલના હાથે જીવતદાન મળ્યું હતું. જોકે પછીથી રાહુલે કુલદીપ યાદવના બૉલમાં ટ્રિસ્ટેન સ્ટબ્સ (૪૯ રન)નો પ્રથમ સ્લિપમાં કૅચ ઝીલીને તેને હાફ સેન્ચુરીથી વંચિત રાખ્યો હતો અને કુલદીપને દિવસની બીજી વિકેટ અપાવી હતી.

### ભારતીય ટેસ્ટના ૯૩ વર્ષના ઇતિહાસમાં પંતની ધોની જેવી સિદ્ધિ

ગુવાહાટી: ગયા અઠવાડિયે કોલકાતામાં સાઉથ આફ્રિકા સામે સિરીઝની પ્રથમ ટેસ્ટમાં શુભમન ગિલ ગરદનના દુખાવાને કારણે મૅચમાંથી નીકળી જતાં રિષભ પંતે કાર્યવાહક કૅપ્ટન તરીકેની જવાબદારી સંભાળી હતી, પરંતુ શનિવારે તેને (ગિલની ગેરહાજરીમાં) સત્તાવાર રીતે આખી ટેસ્ટ માટે કૅપ્ટન્સી સંભાળવા મળી અને એ સાથે તે ભારતનો ૩૮મો ટેસ્ટ-સુકાની તો બન્યો, તેણે એક રીતે એમએસ ધોનીની બરાબરી પણ કરી.

રિષભ પંત ભારત વતી ટેસ્ટમાં સુકાન સંભાળનાર બીજો વિકેટકીપર બન્યો છે. મહેન્દ્રસિંહ ધોનીએ ૨૦૦૮માં (૧૭ વર્ષ પહેલાં) પ્રથમ વખત સુકાન સંભાળ્યું ત્યારે તે ભારતનો પ્રથમ વિકેટકીપર-કૅપ્ટન બન્યો હતો. પંત હવે ધોનીની હરોળમાં આવી ગયો છે. યોગાનુયોગ, ૨૦૦૮માં ધોનીની ટેસ્ટ કૅપ્ટન તરીકેની પ્રથમ મૅચ સાઉથ આફ્રિકા સામે હતી અને હવે પંતે પણ એ જ દેશ સામે ટેસ્ટમાં નેતૃત્વ સંભાળ્યું છે.




આઇપીએલમાં પંત લખનઊ સુપર જાયન્ટ્સની ટીમનું સુકાન સંભાળે છે. તેને આ ટીમના માલિકોએ ૨૦૨૫માં ૨૭ કરોડ રૂપિયાના સૌથી ઊંચા ભાવે ખરીદ્યો હતો.■

---

**સૉલ ઑફ ટૂર**

# ઝાકઝમાળ ભરેલી ટોક્યોની ગલીઓથી માઉન્ટ ફુજીનાં દૃશ્યો સુધી- ચેરી બ્લૉસમની રંગીન સપનાસમી સફર



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

**ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઈવેટ લિમિટેડના ચૅરમેન ધવલ જાંગલા**

ચેરી બ્લૉસમ સીઝન જેને સાકુરા તરીકે ઓળખવામાં આવે છે એ જપાનના સૌંદર્ય અને સંસ્કૃતિનું એક મર્મસ્પર્શી પાસું છે. ઑરોરા ટૂર્સના ધવલ જાંગલાએ આ અનોખા સમયગાળા દરમ્યાન જપાનની મુલાકાત લીધી અને તેમના અનુભવને અમર યાદો સાથે સજાવી. આ વાતચીતમાં તેમણે સાકુરાની ક્ષણભંગુર સુંદરતા, ટોક્યો અને માઉન્ટ ફુજીની શાંતિમય અનુભૂતિઓ અને જપાનના અન્ય સાંસ્કૃતિક ખજાનાઓ વિશેનો અનુભવ આપણી સાથે શૅર કરી રહ્યા છે.

**પ્રશ્ન: ધવલભાઈ, ચેરી બ્લૉસમ સીઝન દરમ્યાન જપાનની મુલાકાત લેવાની પ્રેરણા તમને કેવી રીતે મળી?**

ધવલ જાંગલા: ચેરી બ્લૉસમ સીઝન જેને સાકુરા તરીકે ઓળખવામાં આવે છે એ જપાનમાં એક મહત્ત્વનો સમય છે. હું હંમેશાં આ સીઝનની સુંદરતા જાતે અનુભવવા માગતો હતો. ફૂલોની આ અસ્થાયી સુંદરતા જીવનનું નવીકરણ અને નાશવંતતા દર્શાવે છે જે મને ખૂબ જ સ્પર્શે છે અને માટે જ આ સીઝન મને જપાનની સંસ્કૃતિ અને કુદરતી સુંદરતા વિશે વધુ જાણવાની યોગ્ય લાગી.

**પ્રશ્ન: ચેરી બ્લૉસમ જોવા માટે શ્રેષ્ઠ સમય કયો છે?**

ધવલ જાંગલા: ચેરી બ્લૉસમ સામાન્ય રીતે માર્ચના અંતથી એપ્રિલની શરૂઆત સુધી ખીલવા લાગે છે. આ વિસ્તાર અને હવામાન પર નિર્ભર કરે છે. મેં ટોક્યોની મુલાકાત એપ્રિલના પહેલા સપ્તાહમાં લીધી જે એકદમ યોગ્ય હતી, કારણ કે એ સમયે ફૂલ સંપૂર્ણ રીતે ખીલી ગયાં હતાં. આ વાર્ષિક ફૂલો ખીલવાના સમયની આગાહી તપાસવી મહત્ત્વપૂર્ણ છે, કારણ કે એ દરેક વર્ષે ગયા વર્ષ કરતાં જુદી હોઈ શકે.

**પ્રશ્ન: ટોક્યોમાં ચેરી બ્લૉસમ સીઝનનો તમારો અનુભવ કેવો રહ્યો?**

ધવલ જાંગલા: ચેરી બ્લૉસમ સીઝન દરમ્યાન ટોક્યોમાં ફરવું એ જાણે કોઈ સપનાના શહેરમાં ચાલવા જેવું છે. શહેરની ગલીઓ ચેરીનાં વૃક્ષોથી ભરેલી હોય છે, જે ગુલાબી અને સફેદ પાંખડીઓથી શણગારેલાં દૃશ્યો આપે છે. મને ઉએનો અને શિંજુકુ ગ્યોએન જેવા બાગની મુલાકાત લેવાનું ખૂબ ગમ્યું. અહીં લોકો ફૅમિલી- પિકનિક માટે આવે છે અને કુદરતની સુંદરતાનો આનંદ માણે છે. અહીંનો માહોલ આનંદ, હાસ્ય અને સમુદાયભાવથી ભરેલો હતો.

**પ્રશ્ન: ધવલભાઈ, ચેરી બ્લૉસમ સીઝન દરમ્યાન માઉન્ટ ફુજીનો નજારો કેવો હતો એ જણાવો.**

ધવલ જાંગલા: ચેરી બ્લૉસમ સીઝન દરમ્યાન માઉન્ટ ફુજીનું દૃશ્ય અદ્ભુત અને અવર્ણનીય હતું. મેં ફુજી ફાઈન લેક્સની મુલાકાત લીધી, જ્યાં ચેરીનાં વૃક્ષો માઉન્ટ ફુજીને ખૂબ સુંદર રીતે ઘેરી લે છે. ખીલી રહેલી ફૂલોની રંગીનતા અને સફેદ બરફથી ઢંકાયેલું માઉન્ટ ફુજી, આ દૃશ્ય અદ્ભુત લાગે છે. જપાનની કુદરતી સુંદરતાની પ્રશંસા કરતાં હું ક્યારેય થાકીશ નહીં. ખાસ કરીને ચુરીતો પેગોડા જેવા સ્થાનેથી



ફોટા પડાવવા દરમ્યાન જ્યાં પેગોડા અને માઉન્ટ ફુજી બન્ને સાથે દેખાય છે એ જોવા જેવું છે.

**પ્રશ્ન: ચેરી બ્લૉસમ સીઝન દરમ્યાન અન્ય કયા લોકેશન્સ જોવા જેવાં હોય છે એ વિશે જણાવો.**

ધવલ જાંગલા: ચોક્કસ, ટોક્યો અને ફુજી વિસ્તાર સિવાય ક્યોટો પણ ફરવા માટે શ્રેષ્ઠ છે. કિયોમિઝુ-ડેરા અને ફિલોસૉફર પાથ જેવા પરંપરાગત મંદિર સાકુરા સીઝન દરમ્યાન સુંદર લાગે છે. મારુયામા પાર્કમાં હનામી પાર્ટીઓ સ્થાનિક સંસ્કૃતિનો શ્રેષ્ઠ અનુભવ આપશે તેમ જ જો તમને વધુ સમય મળે તો હિરોસાકી કાસલની મુલાકાત લો જે એના ચેરી બ્લૉસમ ફેસ્ટિવલ માટે પ્રસિદ્ધ છે. અહીં હજારો ચેરીનાં વૃક્ષો પિચરિસ્ક વાતાવરણ ઊભું કરે છે.

**પ્રશ્ન: ચેરી બ્લૉસમનો આ અનુભવ કઈ રીતે તમારી યાદોમાં સમાયેલા રહેશે?**

ધવલ જાંગલા: ચેરી બ્લૉસમની સુંદરતા ક્ષણભંગુર છે જે આપણને જીવનની પળોની કદર કરવા માટે પ્રેરણા આપે છે. આ એક ઊંડો અનુભવ હતો જેણે મને કુદરત અને જપાનની સંસ્કૃતિનો અનુભવ વધુ નિકટતાથી કરાવ્યો. હું અદ્ભુત યાદો સાથે પાછો ફર્યો છું અને આ જાદુઈ સમયે બનાવેલી ક્ષણો માટે ખૂબ આભારી છું. હું દરેકને ઓછામાં ઓછા એક વખત સાકુરાનો અનુભવ કરવા જપાનની સફર કરવાનું નિખાલસ આહ્વાન કરું છું.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

---












# ભારતીયો કોલકાતામાં જે ન કરી શક્યા એ કામ ટ્રૅવિસ હેડે પર્થમાં બ્રિટિશરો સામે કરી દેખાડ્યું

## ટીમ ઇન્ડિયા ત્રીજા દિવસે ૧૨૪ રનનો લક્ષ્યાંક નહોતી મેળવી શકી, ઑસ્ટ્રેલિયાએ હેડની સદીની મદદથી ૨૦૫ રનનો ટાર્ગેટ મેળવી લીધો

પર્થ: છ દિવસની અંદર બીજી એવી ટેસ્ટ રમાઈ જેનો અંત ખૂબ જ વહેલો આવી ગયો અને એમાં ભારતને ઑસ્ટ્રેલિયાએ ઝાંખું પાડી દીધું છે. વાત એવી છે કે ગયા રવિવારે કોલકાતામાં સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે ભારતીય બૅટ્સમેનો માત્ર ૧૨૪ રનનો લક્ષ્યાંક નહોતા મેળવી શક્યા અને હારી જતાં સાઉથ આફ્રિકા સામે ૦-૧થી પાછળ થઈ ગયા હતા, પરંતુ પર્થમાં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ઍશિઝ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાના બૅટ્સમેનોએ બીજા જ દિવસે ૨૦૫ રનનો ટાર્ગેટ મેળવીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી. આખી મૅચમાં વિક્રમજનક ૧૨૩ બૉલમાં કુલ ૧૦ વિકેટ લેનાર ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. કોલકાતામાં ભારતના બૅટ્સમેનોએ ચોથા દાવમાં વધુ પડતું ડિફેન્સિવ રમીને વિકેટો ગુમાવી હતી. ૧૨૪ રનનો નાનો લક્ષ્યાંક હોય અને બીજા અઢી દિવસ બાકી હોય ત્યારે ટૉપ-ઑર્ડરના બૅટ્સમેનો જો ક્યારેક સમજદારીથી અને ક્યારેક આક્રમક વલણ અપનાવીને રમે તો હરીફ ટીમના બોલર્સ અને ફીલ્ડર્સ દબાણમાં આવી જાય. જોકે ભારતના કિસ્સામાં એવું નહોતું બન્યું અને યેનસેને તેમ જ ત્યાર પછી સ્પિનર્સ હાર્મર, કેશવ મહારાજ અને એઇડન માર્કરમે ભારતીય ટીમને દબાણમાં લાવી દીધી હતી.

### ૧૦૪ વર્ષમાં પહેલી વાર બે દિવસમાં અંત

ઍશિઝ સિરીઝમાં કોઈ ટેસ્ટ બે જ દિવસની અંદર પૂરી રમાઈ ગઈ હોય એવું ૧૦૪ વર્ષ બાદ પહેલી વાર બન્યું છે. આ પહેલાં, ૧૯૨૧માં નૉટિંગહૅમમાં ઍશિઝ ટેસ્ટ બીજા દિવસે પૂરી થઈ ગઈ હતી. ટૂંકમાં, કુલ ૨૬માંથી ૧૧ ટેસ્ટ એકવીસમી સદીમાં બે દિવસમાં પૂરી થઈ છે. ઑસ્ટ્રેલિયાનો ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામે આ ૧૦૦મો ઍશિઝ ટેસ્ટ વિજય છે. કોઈ ટેસ્ટના પહેલા ત્રણ દાવમાં ઓપનિંગ ભાગીદારી એક પણ રન કર્યા વગર (શૂન્યમાં) તૂટી હોય એવું ટેસ્ટના ઇતિહાસમાં પહેલી વાર બન્યું છે.

### બાઝબૉલ સ્ટાઇલની બૅટિંગ

પર્થની લૉ-સ્કોરિંગ ટેસ્ટમાં શનિવારના બીજા દિવસે ઑસ્ટ્રેલિયાને ઇંગ્લૅન્ડે ૨૦૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. પહેલા દિવસે ૧૯ વિકેટ અને શનિવારના બીજા દિવસે ઑસ્ટ્રેલિયાના બીજા દાવ પહેલાં બીજી ૧૧ વિકેટ પડી હોવાથી ઑસ્ટ્રેલિયાનો બૅટિંગ ઑર્ડર પણ બીજી ઇનિંગ્સમાં પડી ભાંગશે એવું લાગતું હતું. જોકે ઓપનર ટ્રૅવિસ હેડે (૧૨૩ રન, ૮૩ બૉલ, ૧૩૬ મિનિટ, ચાર સિક્સર, સોળ ફોર) શરૂઆતથી જ બાઝબૉલ સ્ટાઇલની (આક્રમક અભિગમથી) બૅટિંગ કરી હતી અને બ્રિટિશ બોલર્સને પોતાના પર હાવી નહોતા થવા દીધા. સામાન્ય રીતે એવું મનાય છે કે ટી-૨૦ જેવી માનસિકતાથી ટેસ્ટમાં બૅટિંગ કરવામાં આવે તો ધાર્યું પરિણામ ન આવે.

### ટ્રૅવિસે ૧૨૩ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો


આઇપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ વતી ઘણી ઍગ્રેસિવ ઇનિંગ્સ રમી ચૂકેલા ટ્રૅવિસ હેડે પર્થમાં ૧૨૩ રન કરીને ૧૨૩ વર્ષ જૂનો ઍશિઝનો વિક્રમ તોડી નાખ્યો હતો. તેણે ચોક્કા-છગ્ગાનો વરસાદ વરસાવીને નવા ઓપનર જેક વેધરાલ્ડ (૨૩ રન) સાથે ૭૫ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી અને પછી બીજી વિકેટ માટે લાબુશેન (અણનમ ૫૧) સાથે ૧૧૭ રનની મૅચ-વિનિંગ પાર્ટનરશિપ કરી હતી. ટ્રૅવિસ ૬૯ બૉલમાં સદી પૂરીને ઍશિઝના ઇતિહાસમાં ગિલક્રિસ્ટ (૫૭ બૉલમાં સદી) પછીનો બીજો ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન બન્યો છે. જોકે ટ્રૅવિસે ઍશિઝ ટેસ્ટના ચોથા દાવમાં સૌથી ઓછા બૉલમાં સદી ફટકારનાર ઇંગ્લૅન્ડના ગિલ્બર્ટ જેસૉપ (૭૬ બૉલ)નો ૧૨૩ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો હતો.



ટ્રૅવિસે ૧૦મી ટેસ્ટ સદી ફટકારી

### પેસ બોલર્સે લીધી તમામ ૩૨ વિકેટ

પર્થની ટેસ્ટમાં શનિવારે બીજા દાવમાં ઑસ્ટ્રેલિયાની બન્ને વિકેટ ઇંગ્લૅન્ડના પેસ બોલર બ્રાયડન કાર્સે લીધી હતી. આ મૅચમાં બે દિવસમાં કુલ ૩૨ વિકેટ પડી હતી અને એ તમામ વિકેટ પેસ બોલર્સે મેળવી હતી. બન્ને ટીમના સ્કોર્સ આ મુજબ હતા: ઇંગ્લૅન્ડ ૧૦/૧૭૨, ઑસ્ટ્રેલિયા ૧૦/૧૩૨, ઇંગ્લૅન્ડ ૧૦/૧૬૪ અને ઑસ્ટ્રેલિયા ૨/૨૦૫. કુલ ૩૨ વિકેટમાં જે પેસ બોલર્સનું યોગદાન છે એની વિગત આ મુજબ છે: મિચલ સ્ટાર્ક (૭+૩=૧૦ વિકેટ), બ્રેન્ડન ડૉગિટ (૨+૩=૫ વિકેટ), સ્કૉટ બૉલેન્ડ (૪ વિકેટ), કૅમેરન ગ્રીન (૧ વિકેટ), બેન સ્ટૉક્સ (૫ વિકેટ), બ્રાયડન કાર્સ (૩+૨=૫ વિકેટ), જોફ્રા આર્ચર (૨ વિકેટ). ■



મિચલ સ્ટાર્કે શનિવારે બ્રિટિશ ઓપનર ક્રૉવ્લીનો અદ્ભુત વળતો કૅચ ઝીલ્યો હતો.

# ગિલ કદાચ વન-ડે સિરીઝમાં પણ નહીં રમે, કૅપ્ટન્સી માટે બોલાય છે પંત-રાહુલના નામ

ગુવાહાટી: ટેસ્ટ અને વન-ડેનો કૅપ્ટન શુભમન ગિલ ગરદનના દુખાવાને કારણે સાઉથ આફ્રિકાની બીજી ટેસ્ટમાં નથી રમ્યો અને હવે તે આવતા રવિવારે (૩૦મી નવેમ્બરે) આ જ હરીફ દેશ સામે શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે સિરીઝમાં પણ નહીં રમે એવી પાક્કી સંભાવના છે, કારણકે ગરદનની ઈજા ગંભીર હોવાથી તેણે વધુ આરામ કરવો પડશે. તેની આ ઇન્જરી ગરદન પૂરતી સીમિત નથી એવું લાગતાં ડૉક્ટરે તેને વધુ રેસ્ટ લેવાની સલાહ આપી છે.

ગુવાહાટીની વર્તમાન ટેસ્ટમાં રિષભ પંત સુકાન સંભાળી રહ્યો છે અને તેણે દેશના ૩૮મા ટેસ્ટ-કૅપ્ટન બનવાની સિદ્ધિ પણ મેળવી છે, પરંતુ વન-ડે શ્રેણીમાં ગિલની ગેરહાજરીમાં કાર્યવાહક સુકાની તરીકે પંતની સાથે કે. એલ. રાહુલનું નામ પણ ચર્ચામાં છે. પીઢ ખેલાડી રોહિત શર્મા પણ વન-ડે સિરીઝમાં રમશે એટલે તેને સુકાન સોંપાશે કે કેમ (અને સોંપાશે તો એ સ્વીકારવા તે રાજી થશે કે કેમ) એ જોવું રહ્યું.

ગિલ હાલમાં મુંબઈમાં સારવાર હેઠળ છે. ડૉક્ટરે તેને કેટલાક પ્રકારના ચેક-અપ અને મેડિકલ ટેસ્ટ કરાવવા કહ્યું છે. એમાં એમઆરઆઇ (મૅગ્નેટિક રેઝોનન્સ ઇમેજિંગ)નો પણ સમાવેશ છે. આ તમામ પ્રકારના પરીક્ષણ પરથી બીસીસીઆઇના ડૉક્ટર નક્કી કરશે કે ગિલને ગરદનમાં માત્ર સ્નાયુઓમાં જ દુખાવો છે કે તેને નર્વ ટિસ્યૂની પણ સમસ્યા નડી રહી છે. જો એવું હશે તો તેણે વધુ સમય આરામ કરવો પડશે. સિલેક્ટરોને આશા છે કે ગિલ વન-ડે શ્રેણી પછીની ટી-૨૦ સિરીઝ પહેલાં ફિટ થઈ જશે. ■

# ન્યૂ ઝીલૅન્ડના હાથે ઘરઆંગણે બાવીસ દિવસમાં ઇંગ્લૅન્ડ પછી વેસ્ટ ઇન્ડિઝનો પણ ૩-૦થી વાઇટવૉશ

હૅમિલ્ટન: ન્યૂ ઝીલૅન્ડે માત્ર બાવીસ દિવસની અંદર ઘરઆંગણે સતત બીજી ટીમ સામે વન-ડે શ્રેણીમાં ૩-૦થી ક્લીન સ્વીપ કરી છે. પહેલી નવેમ્બરે કિવીઓ મિચલ સૅન્ટનરના સુકાનમાં બ્રિટિશ ટીમ સામેની સિરીઝ ૩-૦થી જીત્યા હતા અને હવે શનિવાર, ૨૨મી નવેમ્બરે તેમણે સૅન્ટનરના નેતૃત્વમાં વેસ્ટ ઇન્ડિઝનો ૩-૦થી સફાયો કર્યો છે.

સિરીઝની પહેલી બન્ને વન-ડે મૅચ જીતીને કિવીઓએ ટ્રોફી પર કબજો કરી જ લીધો હતો અને શનિવારે અંતિમ મૅચ તેમણે ૧૧૭ બૉલ અને ચાર વિકેટ બાકી રાખીને મેળવી લીધો હતો. ન્યૂ ઝીલૅન્ડને જીતવા ૧૬૨ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. એક તબક્કે તેમણે ૩૨ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ માર્ક ચૅપમૅન (૬૪ રન, ૬૩ બૉલ, બે સિક્સર, આઠ ફોર) અને માઇકલ બ્રેસવેલ (૪૦ અણનમ, ૩૧ બૉલ, છ ફોર) વચ્ચેની પાંચમી વિકેટ માટેની ૭૫ રનની ભાગીદારીએ ટીમની આબરૂ સાચવી હતી.

૭૦ રનના કુલ સ્કોર પર વિકેટકીપર ટૉમ લૅથમની ચોથી વિકેટ પડી ત્યારે ચૅપમૅન સાથે બ્રેસવેલ જોડાયો હતો અને તેમણે ટીમનો સ્કોર ૧૬૨ રનના લક્ષ્યાંકની નજીક (૧૪૫ રન પર) પહોંચાડી દીધો ત્યારે ચૅપમૅનની વિકેટ પડી હતી અને ત્યાર બાદ બ્રેસવેલે બે નાની ભાગીદારીની મદદથી ન્યૂ ઝીલૅન્ડને જિતાડી દીધું હતું. કિવીઓની ટીમે ૧૬૨ રન ૩૦.૩ ઓવરમાં છ વિકેટના ભોગે બનાવ્યા હતા.

એ પહેલાં, પ્રથમ બૅટિંગ પસંદ કરનાર વેસ્ટ ઇન્ડિઝને ૧૬૧ રન સુધી મર્યાદિત રખાવવામાં કિવી ફાસ્ટ બોલર મૅટ હેન્રી (૪૩ રનમાં ચાર વિકેટ)નું સૌથી મોટું યોગદાન હતું. ■

# એસઆઈઆરની કામગીરી કરતા વધુ એક શિક્ષિકાનું મોત, કુલ ચારનાં જીવ ગયા

અમદાવાદ: ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં વિશેષ સઘન મતદારયાદી સુધારણાની એટલે કે સ્પેશિયલ ઇન્ટેન્શિવ રિવિઝનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાં એસઆઈઆરની કામગીરી દરમિયાન વધુ એક બૂથ લેવલ ઓફિસરનું કરુણ મૃત્યુ થયું હોવાનો બનાવ સામે આવ્યો છે. વડોદરામાં બીએલઓ સહાયક તરીકેની કામગીરી કરતાં ઉષાબેન સોલંકી અચાનક ઢળી પડ્યા હતાં.

આ અંગે મળતી વિગતો અનુસાર, વડોદરાની પ્રતાપ સ્કૂલમાં બીએલઓ સહાયક તરીકેની કામગીરી કરતાં ઉષાબેન ઇન્દ્રસિંહ સોલંકી અચાનક ઢળી પડ્યા હતા, તેમને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. વિગતો અનુસાર મૃતક મહિલા આઇટીઆઇ ખાતે નોકરી કરતાં હતાં., જ્યારે આજે તેઓ પ્રતાપ સ્કૂલમાં ફરજ પર હતાં.

ગુજરાતમાં અગાઉ બે બીએલઓ હૃદયરોગના હુમલાથી અને એક બીએલઓએ કામથી થાકી આત્મહત્યા કરતા એસઆઈઆરની કામગીરી વિવાદોમાં આવી ગઈ છે. શુક્રવારે ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામે ફરજ બજાવતા શિક્ષક અને બીએલઓ અરવિંદ મૂળજી વાઢેરે આત્મહત્યા કરી હતી. શિક્ષકે વતન દેવળી ખાતે માનસિક તણાવ અને ઉપલી કચેરીના કામના દબાણના લીધે ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું. મૃતકે આત્મહત્યા કરતા પહેલાં પોતાની પત્નીને સંબોધીને એક સુસાઇડ નોટ લખી હતી. આ નોટમાં તેમણે ઉપલી કચેરીની એસઆઈઆરની કામગીરી અને તેના ભારે દબાણને કારણે થાકી ગયા હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

## બીએલઓની કામગીરી શિક્ષકોની ફરજ છે, એ કામ એમણે કરવું જ પડશેઃ ઇશ્વરસિંહ પટેલ

અમદાવાદઃ નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યકક્ષાના પાણીપુરવઠા અને જળ સંપત્તિ પ્રધાન ઇશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. ઇશ્વરસિંહ પટેલે બીએલઓ (બૂથ લેવલ ઓફિસર)ની કામગીરીની ધીમી ગતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તમામ બીએલઓને સહકાર આપી વહેલીતકે કામગીરી પૂર્ણ કરવા અપીલ કરી હતી. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, બીએલઓની કામગીરી તેમની ફરજ છે અને તે તેમણે કરવું જ પડશે. ૭ ફેબ્રુઆરી સુધીમાં મતદાર યાદી બહાર પાડવાની હોવાથી કામગીરી ઝડપી કરવી પડશે. આ બેઠકમાં ડેડિયાપાડાથી આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ બીએલઓની કામગીરી અને શિક્ષકોને પડતી મુશ્કેલીઓ તેમજ જંગલના રસ્તાઓ, એસઆઈઆર સંબંધિત મુદ્દાઓ વિશે સવાલો ઉઠાવ્યાં હતા. ચૈતર વસાવાએ ખાસ રજૂઆત કરી હતી કે, બીએલઓને કામગીરી બાબતે વધુ પડતું પ્રેશર ન આપવામાં આવે અને તેમની રજૂઆતોને સાંભળવામાં આવે.

પ્રભારી પ્રધાન ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, બીએલઓની કામગીરી ફરજિયાત છે, ત્યારે તેમણે મતદારોને પણ અપીલ કરી હતી કે તેઓ ચૂંટણી પંચની આ કામગીરીમાં સહકાર આપે, જેથી મતદાર યાદી સુધારણાનું કાર્ય સમયસર અને યોગ્ય રીતે પૂર્ણ થઈ શકે.




**ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલઃ** કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે અમદાવાદમાં યોજાયેલા ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫માં હાજરી આપી હતી. (એજન્સી)

# ગુજરાત પોલીસમાં ૧૪,૫૦૭ જગ્યાઓ માટે હર્ષ સંઘવીની મોટી જાહેરાત, ચાલુ માસમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી દ્વારા પોલીસ ભરતી અંગે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાત પોલીસમાં નવી ૧૪૫૦૭ જગ્યાઓ માટે ચાલુ માસમાં ભરતીની જાહેરાત કરવામાં આવશે. જેમાં પીએસઆઈ, લોકરક્ષકમાં ૧૩,૫૯૧ જગ્યાઓ અને ટેકિનકલ કેડરની ૯૧૬ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ સાથે જ ૧૨,૫૦૦ યુવાનોએ જે પરીક્ષા આપી છે અને પાસ થયાં છે, તેમને પણ ટૂંક સમયમાં નિમણુક પત્ર આપી દેવામાં આવશે. આ ભરતી અંગે જાણકારી આપતા રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, જે યુવાનો અત્યારે સરકારી ભરતીની તૈયારી કરી રહ્યાં છે, તેમના માટે આ ઉત્તમ તક છે. ભરતી માટે સારામાં સારી વ્યવસ્થાઓ, ઝડપથી પરીક્ષા યોજાય તેવી વ્યવસ્થાઓ, સારી રીતે પરીક્ષા થઈ શકે, હકદારોની નોકરી મળી શકે તે માટે ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા એક પછી એક મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યાં છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજ્યમાં સફળતાપૂર્વક પરીક્ષાઓ પૂર્ણ થાય છે અને નોકરીના નિમણૂક પત્ર પણ ઝડપથી આપવામાં આવે છે. છેલ્લી ભરતીમાં ૧૨,૫૦૦ યુવાનોએ પરીક્ષા પાસ કરી છે અને તેમને પણ હવે નિમણૂકપત્ર એનાયત કરવામાં આવશે તેવી પણ હર્ષ સંઘવી દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

# ધોરડોનું સફેદ રણ અને ‘રોડ ટુ હેવન’ આસપાસનો પ્રાકૃતિક વિસ્તાર ‘પ્લાસ્ટિક ફ્રી ઝોન’ જાહેર કરાયો

## સિંગલ યુઝ પ્લાસ્ટિકની બોટલ, કોથળીઓ સહિતનો કચરો ફેંકનારા સામે થશે કાર્યવાહી



ભુજ: ટુરિસ્ટ હોટસ્પોટ બની ચૂકેલું કચ્છનું ધોરડોનું સફેદ રણ અને આ રણને પુરાતન શહેર ધોળાવીરા સાથે જોનારા અદ્દ્ભુત ‘રોડ ટુ હેવન’ આસપાસના વિસ્તારોનું પ્રાકૃતિક સૌદર્ય જળવાઇ રહે તે માટે કચ્છ કલેક્ટરે આગામી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી જાહેરનામું બહાર પાડીને આ બંને વિસ્તારોને ‘પ્લાસ્ટિક ફ્રી ઝોન’ તરીકે જાહેર કર્યા છે. ધોરડો ખાતે શરૂ થનારા કચ્છ રણોત્સવમાં મહાલવા માટે દેશ-વિદેશથી મોટી સંખ્યામાં આવનારા પ્રવાસીઓ સફેદ રણની વચ્ચેથી પસાર થનારા ‘રોડ ટુ હેવન’ના નામે ઓળખાતા આ પ્રાકૃતિક સૌંદર્યથી સજજ અદભુત વિસ્તારની પણ અચૂક મુલાકાત લે છે. પર્યાવરણીય દ્રષ્ટિએ સંવેદનશીલ આ બે સ્થળોએ પ્રવાસીઓ દ્વારા બોટલ, કોથળીઓ, નમકીનના પડીકાં સહિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો કચરો ફેંકવામાં ન આવે અને સૌંદર્ય, સ્વચ્છતા અને પર્યાવરણીય પરિસ્થિતિ જાળવવા માટે આ વિસ્તારને કલેક્ટર અમિત અરોરાએ જાહેરનામું બહાર પાડીને ‘પ્લાસ્ટિક ફ્રી ઝોન’ જાહેર કર્યો છે. અરોરાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડીને કચ્છની હદમાં આવેલા ધોરડો રણ ઉત્સવ વિસ્તારના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા અને તેની બંને તરફનો ૨(બે)-૨(બે)કિ.મી.નો વિસ્તાર, વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર અને ‘રોડ ટુ હેવન’ કાઢવાંઢથી ધોળાવીરા ગામના એન્ટ્રી પોઈન્ટ સુધીનો માર્ગ અને તેની બંને બાજુના રણ વિસ્તારમાં તથા તેને સંલગ્ન રણમાં ભરાયેલા કચરો ફેંકવા પર પ્રતિબંધ મુક્યો છે. હુકમનો ભંગ કરનાર નાગરિક ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલાં લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

# રાજ્યના ખેડૂતો પાસેથી આવતાકાલથી ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, રાગીની સીધી ખરીદી શરૂ કરાશે

અમદાવાદઃ રાજ્ય સરકાર ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, મકાઈ તથા રાગીની ખરીદી સીધી ખેડૂતો પાસેથી કરશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ધરતીપુત્રો પ્રત્યે સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવીને રૂ.૧૦ હજાર કરોડનું ઐતિહાસિક રાહત પેકેજ તાજેતરમાં વરસાદથી થયેલા નુકસાનમાંથી ખેડૂતોને બેઠા કરવા આપ્યું છે. ત્યારે હવે તેમણે ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬ અન્વયે બાજરી, જુવાર, મકાઈ અને રાગીની સીધી ખરીદીનો ખેડૂત અને ગરીબ કલ્યાણલક્ષી નિર્ણય કર્યો હતો. કૃષિપ્રધાન જીતુભાઈ વાઘાણીએ રાજકોટમાં આ જાહેરાત કરતા કહ્યું હતું કે, ડાંગર માટે પ્રતિ હેક્ટર ૧૫૦૦ કિલોગ્રામ ડાંગરનો જથ્થો નોંધણી થયેલા ધરતીપુત્રો પાસેથી ખરીદ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, સોમવાર ૨૪ નવેમ્બરથી આગામી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી આ ખરીદી અન્વયે ડાંગર માટે રાજ્યભરમાં ૧૧૩ ખરીદ કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

# સુરતની ફિઝિયોથેરપિસ્ટની મોતની છલાંગ, કારણ અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સામાન્ય દૃષ્ટિએ નોર્મલ અને ખુશ દેખાતા લોકો મનમાં કેટલી નિરાશા અનુભવતા હશે તેનો ઉદાહરણસમો કિસ્સો સુરતમાં બન્યો હતો. મૂળ સૌરાષ્ટ્રના વતની, પણ સુરતમાં રહેતા પરિવારની ૨૮ વર્ષીય ફિઝિયોથેરેપિસ્ટ યુવતી રાધિકા જમનભાઈ કોટડીયાએ અચાનક એક ઈમારતના નવમા માળેથી ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું. યુવતીની છ માસ પહેલા સગાઈ થઈ હતી અને ફેબ્રુઆરી મહિનામાં લગ્ન નક્કી થયા હોવાનું જાણવા મળ્યું હતું. રાધિકા રોજની પોતાની દીનચર્યા મુજબ સવારે પોતાના સરથાણા જકાતનાકા પાસે આવેલા ફિઝિયો સેન્ટરમાં ગઈ હતી. બપોરે ઘરે જમી ફરી સેન્ટર પર ગઈ હતી. અહીંથી શુક્રવારે સાતેક વાગ્યા આસપાસ નીકળી તે ચાય પાર્ટનર નામના સરથાણામાં આવેલા કાફેમાં ગઈ હતી. અહીં તે નોર્મલ લાગતી હતી, પરંતુ અચાનક તે કાફેની બહાર નીકળી પાળી પર ચડી કૂદી પડી હતી. નવમા માળેથી કૂદી હોવાથી તેને ગંભીર ઈજા થઈ હતી અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામી હતી.

રાધિકા મંગેતર સાથે આ કેફેમાં અવારનવાર આવતી હતી. રાધિકાના પરિવારમાં માતા-પિતા અને એક ભાઈ છે. તેનાં પિતા રત્નકલાકાર તરીકે કામ કરે છે. ફેબ્રુઆરી, ૨૦૨૬માં દીકરીનાં લગ્ન લીધા હોવાથી પરિવાર તેની તૈયારીમાં હતો ત્યારે અચાનક આ રીતે દીકરીએ આત્મહત્યા કરી લેતા પરિવાર આંચકો અનુભવી રહ્યો છે. રાધિકાની આત્મહત્યા પાછળનું કારણ હજુ જાણી શકાયું નથી.

# સુરતના ઓલપાડમાં લિફ્ટ તૂટી પડતા બે શ્રમિકનાં મોત

અમદાવાદ: સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાયણમાં એક ઔદ્યોગિક એકમની લિફ્ટ તૂટી પડતાં બે શ્રમિકનાં મોત નિપજ્યા હતા. અહીંના આદર્શ નગર-૨ વિભાગના ઔદ્યોગિક વિસ્તારમાં બની હતી.

ઘટનાની પ્રાથમિક માહિતી અનુસાર શ્રમિકો લિફ્ટમાં સામાનની હેરાફેરી કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક લિફ્ટ તૂટી પડતા બે યુવાન શ્રમિક રિકી મહંતો અને કિશન ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ઓલપાડ પોલીસ સ્ટેશન ઘટના સ્થળે પહોંચી હતી. બન્ને મૃતદેહને પોસ્ટમોર્ટ્મ માટે ખસેડવામાં આવ્યા હતા. બન્ને પરપ્રાંતીય શ્રમિક લૂમ્સના કારખાનામાં કામ કરતા હતા. પોતાના યુવા સંતાનોના મોતના સમાચાર સાંભળી પરિવાર શોકમાં ડૂબી ગયો હતો.

# મુખ્ય પ્રધાને રાજકોટમાં ₹ ૫૪૫ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલએ ૨૨ નવેમ્બર શનિવારના રોજ રાજકોટની મુલાકાતે હતા. તેમણે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં રૂ. ૫૪૫ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય પ્રધાનએ રાજ્યમાં થઈ રહેલાં વિકાસ કાર્યો અને બદલાયેલી રાજનીતિની પેટર્ન પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, બિહાર જેવા બિહારને પણ હવે સમજાઈ ગયું છે કે, વિકાસ અને માત્ર વિકાસની જ રાજનીતિ શક્ય છે. ભૂતકાળમાં ચૂંટણી સમયે વાતો થાય અને ત્યારબાદ કામ થયું એટલું થયું ત્યાં સુધીમાં નવી ચૂંટણી આવી જતી હતી, પરંતુ નરેન્દ્ર મોદીના શાસનમાં આ પેટર્ન બદલાઈ છે, જે વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અમે કરીએ છીએ, તે વિકાસકાર્યોના લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. રાજ્યમાં શહેરી વિકાસ પાછળના ખર્ચની વાત કરતાં મુખ્ય પ્રધાનએ જણાવ્યું હતું કે, શહેરી વિકાસનું બજેટ અગાઉ ૨૪ હજાર કરોડનું હતું, જે વધારીને ૩૦ હજાર કરોડ રૂપિયાનું કરવામાં આવ્યું છે. તેમણે ગુણવત્તાયુક્ત કામગીરી પર ભાર મૂકતા કહ્યું કે, હવે જે કામ આપણે કરીએ છીએ તે ક્વોલિટીવાળું થાય તેના પર ભાર મૂકીએ છીએ. આવાસ યોજનાઓ વિશે તેમણે કહ્યું કે, હવે જે આવાસ યોજના બને છે તે પ્રાઇવેટ બિલ્ડરો બનાવે તેવી સરકાર આવાસના ક્વાર્ટર બનાવતી થઈ છે.

# રાજ્યના ૪૪૭૩ ઉમેદવારોને મુખ્ય પ્રધાનના હસ્તે સરકારી નોકરીના નિમણૂકપત્રો એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે વિકસિત ભારત, વિકસિત ગુજરાત અંતર્ગત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારના વિભાગોમાં વિવિધ કેડરમાં પસંદગી પામેલા કુલ ૪,૪૭૩ ઉમેદવારોમાંથી પ્રતિકાત્મક રૂપે ૨૧ જેટલા ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સરકારી ભરતી પ્રક્રિયાની લાંબી રાહ જોયા બાદ આ મેગા ભરતી અભિયાન ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (જીએસએસએસબી) દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. સૂત્રો તરફથી પ્રાપ્ત માહિતી મુજબ આ ભરતી પ્રક્રિયાને પૂર્ણ થતા એકથી બે વર્ષનો સમયગાળો લાગ્યો છે.

શનિવારે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યના જુદા-જુદા વિભાગોમાં વર્ગ-૩ની વિવિધ સંવર્ગની જગ્યાઓ ભરવામાં આવી છે. નિમણૂક મેળવનાર ઉમેદવારો મહેસૂલ, ગૃહ, શિક્ષણ અને નાણાં વિભાગ સહિતના મહત્ત્વના વિભાગોમાં સરકારી સેવામાં જોડાશે. રાજ્યભરમાંથી પસંદગી પામેલા ઉમેદવારોમાંથી સૌથી વધુ જુનિયર ક્લાર્ક વર્ગ-૩માં ૨,૮૨૮ ઉપરાંત સબ રજિસ્ટ્રાર ગ્રેડ ૧-૨ ની મળીને કુલ ૯૨, સ્ટેમ્પ નિરીક્ષક વર્ગ-૩ની કુલ ૨૨, સિનિયર ક્લાર્ક વર્ગ-૩ની ૩૩૯, હેડ ક્લાર્ક વર્ગ-૩ની ૧૩૮, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ની કુલ ૨૦, સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ની ૧૪૪ તેમજ ગૃહપતિ,ઓફિસ આસિસ્ટન્સ, ડેપો મેનેજર, આસિસ્ટન્ટ ડેપો મેનેજર, મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વર્ગ-૩,હિસાબનીશ વર્ગ -૩, પેટા હિસાબનીશ વર્ગ-૩ અને સર્વેયરની કુલ ૮,૮૨ આમ, કુલ-૪,૪૭૩ જગ્યાઓનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં વર્ગ-૩માં નવી નિમણૂક મેળવી રહેલાં ૪,૪૭૩ યુવાઓને આહ્‌વાન કર્યુ હતું કે, રાજ્ય સરકારની સેવામાં તેમને મળેલી તકને માત્ર નિમણૂક નહી પરંતુ સામાન્ય માનવીની સેવાથી રાષ્ટ્રનિર્માણમાં યોગદાનની તક તરીકે સ્વીકારે.

મુખ્ય પ્રધાનએ યુવાઓને પ્રેરણા આપતાં કહ્યુ હતું કે, ફરજો અને કામગીરીમાં શિથિલતા નહી પરંતુ નવિનતાના અભિગમ સાથે રાષ્ટ્રહિત પ્રથમ અને રાજ્યના વિકાસથી રાષ્ટ્રના વિકાસના ભાવને સમગ્ર કેરિયરમાં પ્રાથમિકતા આપીને ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણના તેઓ સંવાહક બને.

# સુરતમાં સદ્દામ ગોડીલ ગેંગ સામે ગુજસીટોક બાદ ઈડીએ સકંજો કસ્યો, આર્થિક વ્યવહારોની તપાસ કરશે

અમદાવાદઃ સુરતની કુખ્યાત સદ્દામ ગોડીલ અને તેની ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી થયા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ પણ ગેંગ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરીને સત્તાવાર તપાસ શરૂ કરી છે. સદ્દામ ગોડીલ ગેંગે અત્યાર સુધીમાં કેટલી મિલકત વસાવી છે. ગેંગ દ્વારા કરવામાં આવેલા તમામ શંકાસ્પદ ટ્રાન્જેક્શન, ગુનાહિત પ્રવૃત્તિઓથી મેળવેલા નાણાનું ક્યાં અને કેવી રીતે રોકાણ કરાયું છે તે સહિતના આર્થિક વ્યવહારોની ઈડી દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે. સદ્દામ ગોડીલ ગેંગના લોકો તેમના આર્થિક વ્યવહારોમાં યુએસડીટી ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરતા હતા. ગુનાહિત પ્રવૃત્તિઓમાંથી મેળવેલા નાણાં આ પદ્ધતિથી લેવામાં આવતા હતા. હવે ઈડી આ તમામ યુએસડીટી ટ્રાન્જેક્શનની વિગતો મેળવી આર્થિક ગેરરીતિની તપાસ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સદ્દામ ગોડીલ ગેંગ દ્વારા સુરત શહેરમાં ગરીબ અને વેપારી વર્ગના લોકોમાં આતંક ફેલાવવામાં આવ્યો હતો. સ્પેશિયલ ઑપરેશન ગ્રુપ (દ્વારા આ ગેંગ વિરુદ્ધ કાર્યવાહી કરીને ગુજસીટોક હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

# વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં સિરામિક હબ મોરબી ઝળહળશે

અમદાવાદઃ ગુજરાતના સૌરાષ્ટ્ર ક્ષેત્રનું મોરબી આજે સિરામિક ઉદ્યોગના વૈશ્વિક પાવરહાઉસ તરીકે ઊભરી રહ્યું છે. મોરબી વિશ્વનું બીજું સૌથી મોટું સિરામિક ઉત્પાદન હબ છે, જ્યાં ૮૦૦થી વધુ સિરામિક યુનિટ વૈશ્વિક બજારોમાં નિકાસ કરે છે. ક્ષેત્રના વિકાસમાં મોરબીના સિરામિક ઉદ્યોગનો ફાળો નોંધનીય છે અને આ રીતે તે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનમાં પણ યોગદાન આપી રહ્યું છે તેમજ વધતી વૈશ્વિક માગને પણ પૂર્ણ કરી રહ્યું છે. ભારત સિરામિક ઉત્પાદનોનો છઠ્ઠો સૌથી મોટો નિકાસકાર દેશ છે, જેમાં મોરબીનો ફાળો મુખ્ય છે. ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ ભારત-યુકે વ્યાપક આર્થિક અને વ્યાપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ગુજરાતના ઉદ્યોગો, ખાસ કરીને મોરબી સિરામિક ક્લસ્ટર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે. આ કરાર મુખ્ય ભારતીય નિકાસ માટે શૂન્ય-ડ્યૂટી અને ટૅરિફ-મુક્ત ઍક્સેસ સુનિશ્ચિત કરે છે. છેલ્લાં ૩-૪ વર્ષમાં ભારતમાંથી યુકેમાં સિરામિક નિકાસ ત્રણ ગણી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૧૦ મિલિયન ડૉલર સુધી પહોંચી ગઈ છે.

# સુરત ડાયમંડ બુર્સમાં બોટ્સ્વાનાના રફ હીરાની હરાજી થશે, શહેરમાં રફ હીરાની ખરીદી શક્ય બનશે

અમદાવાદઃ સુરત ડાયમંડ બુર્સને વૈશ્વિક સ્તરે હીરાનું ટ્રેડિંગ હબ બનાવવા માટે સરકાર અને સુરત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ કવાયતના ભાગરૂપે, હીરાની રફના વેપારનું મુખ્ય કેન્દ્ર દુબઈને બદલે સીધું સુરત બને તે માટે બોટ્સ્વાનાના સાથે મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ચર્ચાઓના નક્કર પરિણામ સ્વરૂપે, હવે બોટ્સ્વાનાના માઇનિંગમાંથી નીકળતા રફ હીરાની હરાજી આગામી દિવસોમાં સુરત ડાયમંડ બુર્સ ખાતે જ કરવામાં આવે તેવી ચર્ચા કરવામાં આવી હતી.

સુરત ચેમ્બરનું એક પ્રતિનિધિ મંડળ તાજેતરમાં બોટ્સ્વાનાના મુલાકાતે ગયું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ બોટ્સ્વાનાના માઇનિંગમાંથી નીકળતાં રફ હીરાને સીધી સુરતમાં હરાજી માટે લાવવાનો હતો. બોટ્સ્વાનાના રફ હીરામાં ૭૦ ટકા હિસ્સો ખાનગી કંપનીઓ પાસે હોય છે, જેની હરાજી મોટાભાગે દુબઈમાં થતી હતી, પરંતુ હવે સુરત ચેમ્બર સાથેની ચર્ચામાં ખાનગી કંપનીના જવાબદારોએ સ્પષ્ટપણે સુરતમાં હરાજી કરવા માટેની તૈયારી બતાવતા સુરત ડાયમન્ડ બુર્સને નવી ઓળખ મળશે.

આ નિર્ણય સુરતના હીરા ઉદ્યોગકારો માટે એક ખૂબ મોટી રાહત સમાન છે. હવે ઉદ્યોગકારોને રફ હીરાની ખરીદી માટે વિદેશ જવાની જરૂર નહીં પડે, પરંતુ ઘરઆંગણે જ વિશ્વભરની ગુણવત્તાયુક્ત રફ હીરાની ખરીદી કરવાની વ્યવસ્થા ઊભી થઈ છે. આનાથી હીરા ઉદ્યોગને સીધો અને મોટો ફાયદો થશે. સુરત ચેમ્બર દ્વારા શરૂ કરાયેલી આ પહેલથી સુરત માત્ર વિશ્વના હીરા કટિંગ અને પોલિશિંગનું જ નહીં, પણ રફ હીરાની હરાજીનું પણ એક વૈશ્વિક કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# આતંકનો એક નવો ચહેરો...

**તાજેતરમાં દિલ્હીની જીવલેણ આતંકી ઘટનામાં ડૉક્ટર-પ્રોફેસર- ઈજનેર જેવાં ભણેલાગણેલા સંડોવાયા છે... સવાલ એ છે કે શિક્ષિત-બુદ્ધિજીવીઓ આવી ના-પાક હરકતો કેમ કરે છે? આનો જવાબ શોધવા માટે જગતભરમાં કુખ્યાત આતંકવાદીઓની કરમ કુંડળી ચકાસીએ તો એમાંના મોટાભાગના શિક્ષિત છે, છતાં એ બધા આતંકવાદના આડે રવાડે ચડ્યાં છે, કારણ જાણવાં વિચારવાં જેવાં છે...**



તાજેતરમાં પાટનગરમાં જે જબરજસ્ત કાર બ્લાસ્ટ થયા એનાથી દેશ આખો ચોંકી ઊઠ્યો છે, કારણ કે એ ઘટનાથી આતંકવાદનો એક અલગ જ ચહેરો બહાર આવ્યો છે.

જોકે આ ઘટના મૂળ સમજવા માટે આપણે થોડા ફ્લેશબેકમાં -ભૂતકાળમાં જવું પડશે, કારણ કે દિલ્હીનાં ૨૦૨૦નાં રમખાણોના કેસમાં દિલ્હી પોલીસની રજૂઆતના કારણે 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ'નો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (CAA)ના વિરોધમાં ભડકેલાં તોફાનો દરમિયાન ભડકાવનારાં ભાષણો આપવા બદલ એ વખતે શરજીલ ઈમામની ધરપકડ થઈ હતી. શરજીલ ઈમામને ભડકાવનારાં ભાષણોના કેસમાં ૨૦૨૪માં જામીન મળી ગયા , પણ રમખાણો ભડકાવવા માટે અનલોફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ (UAPA) હેઠળ થયેલા કેસમાં જામીન મળ્યા નથી તેથી શરજીલ જેલની હવા ખાય છે.

શરજીલે જામીન માટે કરેલી અરજીનો વિરોધ કરતાં દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટમાં શરજીલ ઇમામના ભડકાવનારાં ભાષણોના વીડિયો રજૂ કરીને રજૂઆત કરી કે, શિક્ષિત વ્યક્તિઓ આતંકવાદી બને ત્યારે અત્યંત ખતરનાક બની જાય છે. દિલ્હી પોલીસે એવી રજૂઆત પણ કરી કે, ડોક્ટરો અને એન્જિનિયરોમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જોડાવાની ફેશન થઈ ગઈ છે. ભારતમાં આ લોકો સરકારી ખર્ચે ભણે છે અને પછી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જોડાઈ જાય છે.

થોડા સમય પહેલાં દિલ્હી પાસેના ફરિદાબાદમાંથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો સાથે ૪ ડોક્ટર ઝડપાયા હતા અને દિલ્હીમાં સુસાઈડ એટેક કરીને ૧૩ લોકોનો જીવ લેનારો ડો. ઉમર મોહમ્મદ પણ ડોક્ટર હતો જ્યારે ઈમામ ઈજનેર છે. આવા ભણેલાં ગણેલાં અને વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો કેમ આતંકવાદી બને છે એ મુદ્દો ચર્ચામાં આવી ગયો છે.

દિલ્હી પોલીસે પોતાની રજૂઆતમાં 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ' શબ્દ વાપરેલો તેથી મીડિયા અને સોશ્યલ મીડિયાએ આ શબ્દને પકડી લીધો છે તેના કારણે આ શબ્દ સૌની જીભે ચડી ગયા છે. આ અગાઉ ગૃહમંત્રી અમિત શાહે પણ આવી ના-પાક પ્રવૃતિ કરનારા માટે 'અર્બન ટેરરિસ્ટ' શબ્દ વાપર્યો હતો ... સોશ્યલ મીડિયા પર તો આજે 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ' ટ્રેન્ડ કરી રહ્યા છે.

દિલ્હી પોલીસે તો શરજીલ ઈમામ અને ફરિદાબાદના ડોક્ટરોના સંદર્ભમાં રજૂઆત કરી પણ વાસ્તવમાં વિશ્વમાં 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ' જેવાં શબ્દો બહુ વરસોથી અસ્તિત્વમાં છે. તેનું કારણ એ કે, વિશ્વમાં આતંકવાદ અને ખાસ તો ઈસ્લામના નામે ચલાવાતો આતંકવાદ ફેલાવવામાં આ કહેવાતા 'ઈન્ટેલેક્ચ્યુઅલ' એટલે કે બુદ્ધિજીવી લોકો મોટો અને મહત્ત્વનો ભાગ ભજવે છે.

દુનિયામાં સૌથી વધારે વગોવાયેલા અને કુખ્યાત આતંકવાદી સંગઠનો ઊભાં કરનારા જિહાદી આતંકવાદીઓ ભણેલાગણેલા જ છે. યાસર અરાફતથી માંડીને ઓસામા બિન લાદેન સુધીના આતંકવાદી સરદારો 'ઈન્ટેલેક્ચ્યુઅલ ટેરરિસ્ટ' જ હતા. દુનિયાના કુખ્યાત આતંકીઓ પર નજર નાખશો તો આ વાત સ્પષ્ટ સમજાઈ જશે.

નાઈન ઈલેવનના હુમલા દ્વારા અમેરિકા જ નહીં, પણ આખી દુનિયાને હચમચાવી દેનારો ઓસામા બિન લાદેન મિકેનિકલ એન્જિનિયર હતો તો તેનો ખાસ સાથી અયમાન ડો. અલ ઝવાહીરી સર્જન હતો. નાઈન ઈલેવનના હુમલામાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં પ્લેન ઘુસાડીને તબાહી સર્જનારો મોહમ્મદ અટ્ટા આર્કિટેક્ટ હતો!

પેલેસ્ટાઈનની રચના માટે હથિયારો ઉઠાવનારા 'ફતહ'ના સ્થાપક યાસિર અરાફત કેરો યુનિવર્સિટીમાં ભણ્યા હતા. ભારતને પરેશાન કરી દેનારો હફીઝ સઈદ પ્રોફેસર છે તો સંસદ પર હુમલાના કેસનો દોષિત અફઝલ ગુરુ ડોક્ટર હતો. 'સિમી'નો સ્થાપક યાસિન ભટકલ એન્જિનિયર હતો.

મુંબઈમાં ૧૯૯૩ના બ્લાસ્ટની ઘટનામાં સંકળાયેલો યાકુબ મેમણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતો તો ઈન્ડિયન મુઝાહિદ્દીનનો મંસૂર પીરભોય સોફ્ટવેર એન્જિનિયર હતો અને યાહૂમાં કામ કરતો હતો. 'વૉશિંગ્ટન સ્ટ્રીટ જર્નલ' ના પત્રકાર ડેનિયલ પર્લનું અપહરણ કરીને હત્યા કરનારો ઓમર શેખ 'લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ'માં ભણ્યો હતો...

આ તો થોડાંક નામ ગણાવ્યાં પણ આવાં તો બીજાં કેટલાંય નામ ગણાવી શકાય. કાશ્મીર અને ત્રિપૂરા આસામના ત્રાસવાદમાં પણ ઘણા વકીલ-શિક્ષક અને પ્રોફેસરો સંડોવાયેલા હોવાના પૂરાવા મળ્યા છે,

સામાન્ય માન્યતા એવી છે કે અભણ લોકો આતંકવાદના રસ્તે ચડે છે, પણ વિશ્વના કુખ્યાત આતંકવાદીઓની કરમકૂંડળી તપાસો તો ખબર પડશે કે મોટા ભાગના આતંકવાદી ભણેલાગણેલા છે.

સવાલ એ છે કે, ભણેલાગણેલા લોકો આતંકવાદના રસ્તે કેમ ચડે છે?

આતંકવાદ સભ્ય સમાજની નિશાની નથી એ ઉમેરવાની જરૂર નથી. પોતાની વિચારધારા પ્રમાણે દુનિયાના બીજાં લોકોને જીવવાની ફરજ પાડવી ને એ રીતે વર્તવા તૈયાર ના હોય તેમને મારી નાખવા એ જંગાલિયત કહેવાય તેથી આતંકવાદ જંગાલિયતનો રસ્તો છે તેમાં બેમત નથી. જે કોઈ આતંકવાદના રસ્તે ચડે એ સભ્ય ના કહેવાય ન જાનવર જ કહેવાય. એ જોતાં આ બધા ભણેલાગણેલા જાનવર જ છે અને તેનું એક અને મુખ્ય કારણ આતંકવાદનું મુસ્લિમોમાં થયેલું ગ્લોરિફિકેશન છે.બીજા શબ્દોમાં આતંકવાદને વધુ પડતી મહત્તા આપવામાં આવે છે,

સૌ એવું માને છે કે, મદરેસાઓમાં અપાતું ધાર્મિક શિક્ષણ આતંકવાદને પોષવામાં મોટી ભૂમિકા ભજવે છે. મદરેસાઓમાં ભણાવનારા કટ્ટરવાદી હોય છે તેથી છોકરાંના મનમાં કોમવાદનું ઝેર રેડે છે. તેના કારણે એ લોકો બીજાં ધર્મનાં લોકોને પોતાના દુશ્મન જ સમજે છે ને આખી દુનિયા પર ઈસ્લામના ઝંડા ફરકાવવાનાં સપનાં જોતાં થઈ જાય છે એવું આપણે માનીએ છીએ પણ આ માન્યતા સંપૂર્ણ સત્ય નથી. સત્યનો બીજો હિસ્સો એ પણ છે કે, સુશિક્ષિત મુસ્લિમોના માનસમાં પણ આ ઝેર ભરાય જ છે. આ ઝેર ભરવા માટે એક સુવ્યવસ્થિત ઝુંબેશ પણ ચાલે છે કેમ કે ભણેલાગણેલા લોકો આતંકવાદના રસ્તે વળે તો અભણ લોકોને આતંકવાદ તરફ વાળવા બહુ સરળ થઈ જાય.

મુસ્લિમોને નામે જિહાદ ચલાવતાં 'અલ કાયદા' તથા 'ઈસ્લામિક સ્ટેટ'(આઈએસ) જેવાં સંગઠનો પોતાની પ્રવૃત્તિઓને ગ્લેમરાઈઝ કરે છે- રૂપકડી ચીતરે છે, જેમાં ભણેલા મુસ્લિમો એનાથી અંજાઈને પણ આતંકવાદ તરફ વળે છે. આવાં આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલાં લોકોને ભરપૂર પ્રસિદ્ધિ અપાય છે. ઈસ્લામિક દેશોમાં તેમની વાહવાહી કરવામાં આવે છે તેના કારણે સુશિક્ષિત મુસ્લિમોને પણ હીરો બનવાની ચળ ઊપડી આવે છે.

આ ચળના કારણે એ યુવકોની મતિ ભ્રષ્ટ થઈ જાય છે ને આતંકવાદી સંગઠનો તરફ આકર્ષાય છે. એક વાર માણસ ઈસ્લામિક આતંકવાદી સંગઠન ભણી વળે પછી કશું કામ કર્યા વિના અય્યાશીની જિંદગી જીવવા મળે છે તેથી પાછા વળવું શક્ય નથી રહેતું. મોટા ભાગના સુશિક્ષિત મુસ્લિમો ડિગ્રી મેળવે છે પણ તેમનું ધર્મનું જ્ઞાન શૂન્ય જ હોય છે કેમ કે ઈસ્લામનું ધર્મનું બધું જ્ઞાન અરબી ભાષામાં છે તેથી જિહાદી આકાઓ તેમને ધર્મના નામે પઢાવે એ પટ્ટી એ લોકો પઢે છે. આ રીતે આતંકી આકાઓ તેમનું બ્રેન વોશ કરી નાખતા હોય છે. એ લોકો એવી ભૂરકી છાંટે છે કે માણસને તેમની વાત સાચી લાગે. મઝહબ માટે શહીદ થવાથી જન્નત મળશે અને ત્યાં હૂર-અક્ષત કુંવારી પરી જેવી કન્યા પણ મળશે !

સોશ્યલ મીડિયા પર ને આતંકીઓના સર્કલમાં આવા લોકોને રીતસરના માથે જ ચડાવી દેવાય છે ને તેના કારણે જોશમાં આવી ગયેલા યુવાનો આગળપાછળનું વિચાર્યા વિના કોઈ કલ્પી પણ ના શકે તેવાં કાંડ કરી નાખે છે.

આ સ્થિતિ ખરેખર ગંભીર છે. ભણેલાંગણેલાં લોકોમાં આતંકવાદી સંગઠનો સાથે જોડાવાનું જે ગ્લેમર છે તેનો ઉપાય કરવો જરૂરી છે. આતંકવાદી સંગઠનો ઈસ્લામના નામે વિકૃતિ ફેલાવે છે અને યુવકોને આતંકવાદને રવાડે ચડાવે છે. ઈસ્લામ કોઈ નિર્દોષની હત્યા કરવાની વાત કરતો નથી ને આ જ વાત મુસ્લિમ સમાજના મોભીઓએ મુસ્લિમ છોકરાંને શીખવવી પડે. બહુમતી મુસ્લિમો પણ પોતાનાં સંતાનોને આ બધી વાતોથી દૂર રહે એના પ્રયાસ કરે છે, પણ બધા મુસ્લિમોને તેનાથી દૂર નથી રાખી શકાતા ને એ નહીં થાય ત્યાં સુધી આવા આતંકવાદનો કોઈ અંત નથી એ ચાલ્યા કરશે. ■



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# જયાં સમય જીવે છે

## હોરોલોજી ક્લાસ દ્વારા પ્રેરિત પ્રવાસ

ગયા મહિને મારી પત્ની હેતા અને હું નાજુક, ચિકિત્સકીય જેવાં સાધનો રખાયેલાં ટેબલ પાસે બેઠાં હતાં. અમારી સામે યાંત્રિક ઘડિયાળ હલનચલન કરતું હતું - શાંતિથી, નાજુકતાથી અને વિચિત્ર રીતે આમંત્રિત કરતું હતું. અમે કશુંક ઉચ્ચ ટેક્નિકલ, કશું ડરાવનારું હોઈ શકે એવી અપેક્ષાથી ઉત્સુકતાવશ હોરોલોજી ક્લાસમાં જોડાયાં હતાં. જોકે મેં એ ધાર્યું નહોતું કે એક શ્વાસ પણ જેમને ખસેડી શકે તેટલા ઝીણા કમ્પોનન્ટ્સ સાથે કામ કરવાનું કેટલું પડકારજનક હતું. મેં મારી આંખોમાં લુપ પકડીને એલાઈનમેન્ટમાં દરેક ગિયર પર નજર ફેરવી ત્યારે મારી આસપાસની દુનિયા જાણે ઝાંખી પડી ગઈ. અને તે પછી એક ચમત્કારી અવસરમાં જાણે તેમાં જીવ ફૂંકાયો. તેનું નરમ, લયાત્મક ટિક શરૂ થતાં જ અજાયબીનાતે શાંત ભાનથી હું મંત્રમુગ્ધ બની ગયો.

આ અહેસાસને મેં ઓળખી લીધો. ક્યોટો ગાર્ડનમાં મંદિરમાં ઘંટના પડઘા, સ્વીસ વેલી થકી ઘડિયાળના ટાવરનો ચાઈમ સાંભળીનેઅથવા પ્રાગના ઓલ્ડ ટાઉન સ્ક્વેરમાં એસ્ટ્રોનોમિકલ ક્લોક તેની સદી જૂની વિધિ પાર પાડતું હતું તે જોતો ઊભો રહ્યો ત્યારેતે જ સ્થિરતાનું ભાન મને થયું. અમુક સ્થળોનું માપન ફક્ત સમયથી થતું નથી, તે તેને નવી ઊંચાઈએ લઈ જાય છે.તે તેને કશુંક જીવંત હોય તે રીતે, ઘસારો કરવાને બદલે કશુંક આદર કરવાનું તરીકે ગણતરી કરે છે.

તે વર્કશોપમાંથી બહાર આવ્યો ત્યારે સહેજ કંપતા હાથે મેં એસેમ્બલ કરેલું ઝીણું ઘડિયાળ હજુ મારા હાથોમાં હતું તેની સાથે વિચાર શરૂ થયો.જો અનુભવ એવો લેન્સ બની જાય જેના થકી દુનિયા જોઈ શકાતી હોય તો? જો હું સમય ઘડાય, ઈજનેરી, ઉજવણી અને જીવંત કરાયતે સ્થળે પ્રવાસ કરીને ખુદ સમયના ઉદ્દભવનું પગેરું મેળવી શકું તો કેવું રહેશે? તે ઝીણું ઘડિયાળ, મારી હથેળીમાં નમ્રતાથી ટિકટિક કરતું હતું,જે આ પ્રવાસ માટે ચમકારો બની ગયો. કારણ કે દુનિયાના ઘણા બધા ખૂણાઓમાં સમય ફક્ત પસાર થતો નથી, પરંતુ તે જીવે છે.

**ટાઈમકીપિંગની કળા**

આપણે મોટા ભાગના લોકો ઘડિયાળ ઘડવા પાછળ જે અસાધારણ મહેનત કામે લાગી છે તેનો વિચાર કર્યા વિના રોજ ઉપયોગ કરીએ છીએ.તે ક્લાસે શબ્દ હોરોલોજીને અચાનક મૂર્ત મહેસૂસ કરાવ્યું. હોરોલોજી એ સમયનું અધ્યયન અને માપન છે,જે આપણે સ્પર્શ કે પકડી નહીં શકીએ તેવા કશાકને સમજવાના સદીઓના માનવી પ્રયાસને આલેખિત કરે છે.

કાંડાઘડિયાળોના બહુ અગાઉ પ્રાચીન માનવી સંસ્કૃતિ સનડાયલ, વોટર ક્લોક અને હાવર ગ્લાસીસ પર તેમના દિવસનું નિયોજન કરવા માટેઆધાર રાખતા હતા. મધ્યયુગીન યુરોપે યાંત્રિક ટાવર ક્લોક રજૂ કર્યા, જે વ્યક્તિગતો માટે નહીં પરંતુ સંપૂર્ણ સમુદાયોનું નિયમન કરવા માટેઘડાયા હતા. 17મી સદી સુધી પેન્ડ્યુલમ ક્લોકની શોધે કલાકો અને મિનિટોનું અચૂકતામાં વિભાજન કરીને અચૂકતામાં ક્રાંતિ લાવી દીધી.તે છલાંગથી નેવિગેશન, એસ્ટ્રોનોમી, વૈશ્વિક વેપાર અને વૈજ્ઞાનિક ખોજમાં પ્રગતિ આવી.

પોકેટ વોચીસ 18મી અને 19મી સદીમાં ઊભરી આવ્યા તે રિફાઈનમેન્ટના પ્રતીક હતા, જ્યારે 20મી સદીમાં કાંડાઘડિયાળો લશ્કરી જરૂરતોમાંથી રોજબરોજની જરૂરતમાં ફેરવાયા. સમયાંતરે ઘડિયાળ બનાવવાનું સાદી યુટિલિટીમાંથી કળામાં ફેરવાયું, જે ઈજનેરી, ડિઝાઈન, સંસ્કૃતિ અને ફિલોસોફીનું આંતરગૂંથણ હતું. અલગ અલગ પ્રદેશોએ પોતાનો અભિગમ વિકસાવ્યો,જેને લઈ દુનિયાની સૌથી પ્રતીકાત્મક ટાઈમકીપિંગ પરંપરાને આકાર મળ્યો.

હું આ બાબતે અચરજ પામ્યો: આજે આપણે સમયનું માપન અને અનુભવ કરીએ તે રીત પર દરેક સંસ્કૃતિએ કઈ રીતે પ્રભાવ પાડ્યો?

**વારસો તરીકે સમય - સ્વિત્ઝર્લેન્ડ**

સ્વિત્ઝર્લેન્ડમાં સમય હસ્તકારીગરી કરાયો હોય તેવું મહેસૂસ થાય છે. કળાકારીગીરીનો પાંચ સદીનો ઈતિહાસ ધરાવતા જીનિવામાંપાટેક ફિલિપી મ્યુઝિયમથી ઓડેમાર્સપિકેટ અને જેગર-લી-કાઉલ્ચર તરફથી ઉચ્ચ ગૂંચના જન્મસ્થળ શાંત વેલી દ જોક્સ સુધી,ઘડિયાળ બનાવવાનું વારસો તરીકે ગણવામાં આવે છે. લા ચોક્સ-દ-ફોન્ડ્સમાં શહેરની ગ્રિડ પણ ઘડિયાળ બનાવનારની બેન્ચો પરમહત્તમ સૂર્યપ્રકાશ પડે તે રીતે તૈયાર કરાઈ હતી.

અહીં હોરોલોજી એ ફક્ત ઉદ્યોગ નથી, પરંતુ તે વારસો છે. કૌશલ્ય વારસો કાળજીપૂર્વક પસાર થતો આવ્યો છે, અચૂકતાનો આદર કરાય છેઅને દરેક હલનચલન સમયને ધીમેથી અને હેતુપૂર્વક લેવાય તો અસલી કળાકારીગરી ફૂલેફાલે છે તે વિચાર પ્રદર્શિત કરે છે.





**ઝેન તરીકે સમય - જાપાન**

જાપાન સમયને વિચારપૂર્વકનો પ્રવાહ તરીકે અનુભવે છે. ટોકિયોનો ક્રમવાર લય, ક્યોટોનાં મંદિરો અને કેન્ટ્રીસાઈડ બેલના નમ્ર અવાજમાંતમને તે મહેસૂસ થાય છે. સિકો મ્યુઝિયમમાં પ્રાચીન લેન્ટર્ન ક્લોક્સથી ક્વાર્ટઝ ક્રાંતિથી ભાઈચારાનું પ્રતીક સ્પ્રિંગ ડ્રાઈવના પ્રસિદ્ધ મુલાયમ સેકંડ્સ હેન્ડ સુધી જાપાનનો પ્રવાસ ઉજાગર થાય છે.

વૈશ્વિક બ્રાન્ડ્સની પાર ગ્રામીણ વર્કશોપ્સમાં સ્વતંત્ર કળાકારીગરો વાબી-સાબીની સાદગી પ્રદર્શિત કરતાં ઘડિયાળો ઘડે છે. સિટીઝન અને કેસિયો માનવી કૌશલ્ય સાથે ટેકનોલોજીને સંમિશ્રિત કરીને એવા ઘડિયાળ બનાવે છે, જે શાંત,સંતુલિત અને સાંસ્કૃતિક ફિલોસોફીમાં ઊંડાં મૂળિયાં ધરાવતા હોય તેવું મહેસૂસ કરાવે છે. જાપાની ટાઈમકીપિંગ અચૂકતાને દબાણ તરીકે નહીં પણ હાજરી તરીકે અભિવ્યક્ત કરે છે.

**ઈજનેરી તરીકે સમય - જર્મની**

જર્મની સમય તરફ અચૂકતા, શિસ્તબદ્ધતા, કાર્યક્ષમતાના સમીકરણ તરીકે જુએ છે. એ. લેન્જ એન્ડ સોહન, નોમોસ અને ગ્લાશુટ ઓરિજિનલ માટે ઘર ગ્લાશુટમાં ઘડિયાળ બનાવવાનું લગભગ વૈજ્ઞાનિક જેવું મહેસૂસ કરાવે છે. વર્કશોપ લેબોરેટરીઓ જેવા છે અને કમ્પોનન્ટ્સ ગણિતિક સ્પષ્ટતા સાથે ઈજનેરી કરાય છે. આમ છતાં જર્મન હોરોલોજી હૃદય પણ ધરાવે છે. બ્લેક ફોરેસ્ટના પ્રતીકાત્મક કક્કૂ ક્લોક્સથી હસ્ત ઘડાયેલી યંત્રણા અચૂકતા સાથે વાર્તાકથનને સંમિશ્રિત કરે છે.

ઉચ્ચ કક્ષાના મુવમેન્ટ અથવા પારંપરિક ફોક ક્લોક હોય, જર્મન ટાઈમકીપિંગ તે જ ખૂબી પ્રદર્શિત કરે છે: ઈજનેરી થકી માળખું, જોશ અને સૌંદર્ય.

**નેવિગેશન તરીકે સમય: યુનાઈટેડ કિંગડમ**

યુનાઈટેડ કિંગડમે સમયનું માપન કરવા સાથે દુનિયા માટે તેને સ્ટાન્ડર્ડાઈઝ્ડ પણ કર્યું. ગ્રીનવિચમાં પ્રાઈમ મેરિડિયને લોન્ગિડ્યુડ00 સ્થાપિત કર્યું અને જીએમટીનો ઉદય થયો, જેણે સંદર્ભ પ્રણાલી વૈશ્વિક વેપાર અને રેલ પ્રવાસનો સમન્વય સાધ્યો.બ્રિટને પણ ઈતિહાસનું સૌથી ઉત્તમ નેવિગેશનલ કોયડું ઉકેલ્યું: જોન હેરિસનના મરીન ક્રોનોમીટર્સથી નાવિકો અચૂકતાથી લોન્ગિટ્યુડની ગણતરી કરી શક્યા, જેને કારણે ખોજમાં પરિવર્તન આવી ગયું.

રોયલ ઓબ્ઝર્વેટરીથી ચાઈમ ઓફ બિગ બેન સુધી બ્રિટનનો વારસો સમયને આપણે આદાનપ્રદાન કરીએતે સાર્વત્રિક ભાષામાં ફેરવી દેવામાં રહેલો છે.

**ઈનોવેશન તરીકે સમય: યુનાઈટેડ સ્ટેટ્સ**

યુનાઈટેડ સ્ટેટ્સે પહોંચક્ષમ, વ્યવહારુ અને ભવિષ્યલક્ષી બનાવીને ટાઈમકીપિંગને નવો આકાર આપ્યો. ટાઈમેક્સનું ઘર વોટરબરી, કનેક્ટિકટ સમુહો માટે ટકાઉ, રોજબરોજનાં ઘડિયાળ લાવ્યાં, જ્યારે ડેટ્રોઈટના શિનોલાએ કળાકારીગરીને શહેરી નવજીવનમાં ફેરવી દીધું. કન્ઝ્યુમર વોચીસની પાર અમેરિકન ઈનોવેશને ટાઈમકીપિંગને ઉડ્ડયન, ડિજિટલ ટેકનોલોજી, અણુ અચૂકતા અને અવકાશખોજમાં પણ પ્રવેશ કરાવ્યો. નાસા મિશન ટાઈમર્સથી સમૂહ બજારના કાંડાઘડિયાળો સુધી યુએસની વાર્તા અજમાયશ,પુન:શોધ અને નક્કર વિચારોની વાર્તા છે.


દુનિયાભરમાં પ્રતીકાત્મક ક્લોક્સ - પ્રાગના એસ્ટ્રોનોમિકલ ક્લોકથી લંડનના બિગ બેન સુધી આપણને સમય માપન કરતાં વધુ છેતે યાદ અપાવે છે. તે યાદગીરી, લય અને સાંસ્કૃતિક ઓળખ છે. આ ક્લોક્સ લોકોને એકત્ર લાવે છે, માઈલસ્ટોન સ્થાપિત કરે છેઅને શહેરોને તેમના હૃદયના ધબકાર આપે છે.

મારા વોચમેકિંગ ક્લાસ દરમિયાન હું ઝીણા કમ્પોનન્ટ એકબીજા સાથે જોડતો હતો ત્યારે આ વૈશ્વિક પરંપરા કેટલી કનેક્ટેડ છેતેનું મને ઊંડાણથી ભાન થયું. હોરોલોજી ફક્ત યંત્રણા નિર્માણ કરવા પૂરતી સીમિત નથી. તે માનવતાએ સમયને કઈ રીતેઆકાર આપ્યો અને સમયે તેની સામે આપણને કઈ રીતે આકાર આપ્યો તે સમજવાની વાત છે.

તે ક્લાસ પછી મને સમય વિવિધ સંસ્કૃતિઓમાં જે રીતે અનુભવાય છે તેમાં નવી વિસ્મયતા મળી. જાપાનમાં વિચાર થકી, સ્વિત્ઝર્લેન્ડમાં વારસા થકી, જર્મનીમાં શિસ્ત કી, યુકેમાં સાર્વત્રિક ધોરણો થકી અને યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈનોવેશન થકી.

પ્રવાસ તે જ રીતે કામ કરે છે. તે અવસરોને લંબાવે છે, જાગૃતિ તીક્ષ્ણ બનાવે છે અને સેકંડોને યાદગીરીઓમાં ફેરવી દે છે.દેખીતી રીતે જ આ બધાં ક્લોક અને ઘડિયાળો પાછળનો આ શાંત બોધ છે: સમય એ પીછો કરવા માટે નથી, પરંતુ આદર કરવા માટે છે.

તમે સદીઓ જૂના ક્લોક ટાવર નીચે ઊભા હોય કે પ્રવાસની વચ્ચે થોભી ગયા હોય, જો આપણે ધ્યાન આપીએ તો સમય સમૃદ્ધ બને છે.ખાસ કરીને આપણે તેની ફક્ત ગણતરી કરવાને બદલે ઉજવણી કરવાનું અપનાવીએ ત્યારે.





# રાહુ - કેતુ તો બંને માફિયા ગ્રહ છે...!

હાસ્ય વિનોદ

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ

feedback@bombaysamachar.com

સૂર્ય- ચન્દ્ર- મંગળ અને શુક્ર જેવા ગ્રહોને તો આપણે નરી આંખે નીરખી શકીએ છીએ, જ્યારે રાહુ અને કેતુ એ ભૂત-પલિત જેવા ગ્રહ છે, જેને કોઈ ચોક્કસ આકાર નથી. તેને નથી પ્રકાશ કે નથી પડછાયો, છતાં તેના એક અશુભ દૃષ્ટિપાતથી માણસનું ધનોતપનોત નીકળી જાય છે. સૂર્ય અને ચન્દ્રની ભ્રમણકક્ષાએ એકબીજાને ક્રોસ કરતું કે છેદતું હોય એવું તે એક કાલ્પનિક બિંદુ છે. એ અર્થમાં આ બંને ગ્રહ એક કલ્પના છે, પણ તેમની ધાક અને છાપ ગલીના કોઈ ટપોરી કરતાં ય વધુ તો ખોફનાક ગુંડા જેવી છે.

જોકે બૃહદ્ જાતકમાં રાહુ-કેતુનો ઉલ્લેખ સુધ્ધાં નથી. તેને ગ્રહ તરીકે માન્યતા નથી આપી. શકય છે કે ગ્રંથકારને આ ગ્રંથ રચાયા પછી રાહુ-કેતુ વિશેની માહિતી મળી હોય, પરંતુ ભૃગુસંહિતા લખનારને આ ગ્રહે ચોક્કસ પરચો બતાવ્યો હોવો જોઈએ, કેમ કે તેણે નવ ગ્રહોમાં રાહુ-કેતુને એક ગ્રહ તરીકેનું સ્ટેટસ આપ્યું છે અને આ રાહુ-કેતુને મહાભારતકાર વેદવ્યાસનો પરિચય હતો કે નહીં એનો ઉલ્લેખ જ્યોતિષશાસ્ત્રના કોઈ ગ્રંથમાં મળી આવતો નથી કિંતુ તેનો એકપક્ષી પરિચય મહાભારત રચનારનો હતો એટલે તો તેણે ભીષ્મપર્વમાં એની નોંધ લીધી છે. ધૃતરાષ્ટ્ર સમક્ષ સંજય યુદ્ધસમયના વિનાશકારી ગ્રહોનું ટીવી પર (સંજય દૃષ્ટિ દૂરદર્શન!) વર્ણન કરતાં જણાવે છે કે ચિત્રા અને સ્વાતિ નક્ષત્રની વચ્ચે રાહુ આવી ગયો છે. સૂર્ય અને ચન્દ્ર પણ રાહુના ગ્રહણયોગમાં આવી રહ્યા છે વગેરે વગેરે વગેરે.

કેટલાક માફિયા દુબઈમાં બેઠાં બેઠાં મુંબઈ અને દિલ્હીમાં આતંક મચાવે છે એ રીતે, આ રાહુ એટલો બળવાન છે કે ગ્રહણટાણે તે સૂર્ય અને ચન્દ્રને ગ્રસી લે છે- નિર્માલ્ય કરી નાખે છે. આડી લાઈનના માણસની પેઠે રાહુ વક્રગતિએ ચાલે છે એ બધાં જાણે છે. સૂર્ય તેમજ ચન્દ્ર સાથે તેને દુશ્મની કેમ થઈ એ માટેની એક દંતકથા એવી છે કે વિવિધ પક્ષો સરકાર ચલાવવા યુતિ રચે છે એ રીતે અમૃત મેળવવા સમુદ્રમંથન કરવા માટે દેવ-દાનવોએ યુતિ રચી હતી. (જોકે આ તુલનામાં ફરક એટલો છે કે સરકાર બનાવવા કાજે યુતિ કરનાર દરેક પક્ષ પોતાને દેવ અને બીજાઓને દાનવ માનતો હોય છે.) કોઈ મોટો લગ્ન-સત્કાર સમારંભ ચાલતો હોય ત્યારે કેટલાક લોકો સુંદર-સુઘડ કપડાં પહેરીને વગર આમંત્રણે ઘૂસી જાય છે એ રીતે રાહુ પણ અમૃતની લાલચે છદ્મવેશે અમૃત પીનારાઓની પંગતમાં ગોઠવાઈ ગયો. તે સ્ટ્રો વડે અમૃતની સીપ લેતો હતો એ જ ઘડીએ સૂર્ય-ચન્દ્રની નજરની અડફેટે તે ચડી ગયો. ધાર્યું હોત તો આ બંને ભેગા થઈને રાહુને બોચીએથી પકડીને આ અમૃતપાર્ટીમાંથી બહાર હાંકી શકત, પણ આ પાર્ટીના તે યજમાન નહોતા અને કદાચ ત્યાંય આપણા સરકારી તંત્રની પેઠે બધુંય થ્રુ પ્રોપર ચેનલ ચાલતું હશે એટલે તેમણે ભગવાન વિષ્ણુ પાસે જઈ તેમના કાનમાં કહી દીધું કે એક તો અમૃત ઓછું છે ને ગળતું જામ છે... અમૃત પીનારાઓમાં આ ખુદાબક્ષ રાહુ ઘૂસી ગયો છે. અમારી ફરજ તો તમારું ધ્યાન દોરવા પૂરતી જ છે, અને ભગવાન વિષ્ણુએ પોતાના ખિસ્સાવગા એવા સુદર્શનચક્રથી રાહુનું માથું વાઢી નાખ્યું. પણ ત્યાં સુધી તો રાહુના ગળા સુધી અમૃત પહોંચી ગયું હતું. તેનાં ધડ અને મસ્તક છૂટાં પડી ગયાં, પણ તે અમર થઈ ગયો ! મસ્તકનો ભાગ રાહુ રહ્યો ને નીચેનો ભાગ કેતુ તરીકે ઓળખાયો. એટલે આમ તો એક જ શરીરના રાહુ અને કેતુ એમ બે કટકા છે. રાહુ મસ્તકમાં રહે છે ને તેની છાપ માથાભારેની છે. વિષ્ણુને ખબર આપનાર સૂર્ય-ચન્દ્ર જેવા ખબરી યા બાતમીદારો પર ત્યારનો રાહુ ગુસ્સે છે. આ બંને તેના કટ્ટર વેરી છે.

કોઈને ત્યાં શુભ પ્રસંગે પધારવાનું વ્યવસ્થિત વિધિવત આમંત્રણ ન મળે તો આપણે તેને ત્યાં જતા નથી. પોસ્ટમાં (ને આજે તો 'વોટસઅપ' પર !) કોઈ કંકોતરી કે ફોન પર આગ્રહભર્યું નિમંત્રણ ન આપે તો તે મોટો ચમરબંધી હોય તો પણ સ્વમાની માણસ તેના આંગણામાં પગ નથી મૂકતો. જ્યારે આ રાહુ તો અમૃતપાન જેવા માંગલિક પ્રસંગે ગેરકાયદે ઘૂસી ગયો, કારણ કે તેની પ્રકૃતિ જ સજજનની નથી. અસામાજિક તત્ત્વો જેવી છે. આમ પણ તે એક તોફાની ગ્રહ છે. કોઈને ગાંઠતો નથી. આથી કોઈ જાતક પર પ્રસન્ન થઈને રાહુ તેને મિલકત અપાવે તો મોટા ભાગે ઝઘડાવાળી જ હોય, મકાન હોય તો તેનું બાંધકામ પ્લાન મુજબ ન હોય એટલે કે તે જાતકના પ્લાન પ્રમાણે હોય પણ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મંજૂર કરાવેલા પ્લાન પ્રમાણે ન હોય. આ બધું ધારો કે હોય તો તેનાં ટાઈટલ ક્લિયર ન હોય. ટૂંકમાં બધું સીધેસીધું ન હોય. ક્યાંક કશોક લોચો રહેવાનો જ.

અને આ રાહુ જેના પર રીઝે તેના ભવની ભાવઠ ભાંગે છે. રાહુ ચોથા સ્થાને હોય તો તે જાતકને બબ્બે મકાનોનો યોગ કરી આપે છે. એમાંય જોકે એક નંબર અને બે નંબરનાં નાણાં જેવું રહે. એક મકાન સત્તાવાર માલિકીનું હોય, જેમાં જાહેરમાં હાથ પકડીને લાવવામાં આવેલી એક નંબરની સ્ત્રી ઠાઠથી રહે અને બે નંબરના મકાનમાં બે નંબરની સ્ત્રીને બેવડા ઠાઠથી રહેવા મળે. બહારથી જોનારને લાગે કે આને કેવી લીલાલહેર છે, પણ એ બિચારાનું મન જાણતું હોય કે લહેર કેવી છે અને વિધિની પણ વક્રતા એવી છે કે રાહુની મહેરબાનીથી લોકો ઘરવાળા બની શકે છે, પણ આ ગ્રહ અત્યંત શક્તિશાળી હોવા છતાં અન્ય કોઈ ગ્રહ સાથે મારપીટ યા છેતરપિંડી કરીને પણ તે કોઈનું ઘર આંચકી લઈ તેમાં રહી શકતો નથી. આમ તો તે ઘર વગરનો, બેઘર, ખાનાબદોશ છે. કદાચ આ કારણે જ તે જે કોઈ સ્ત્રી-પુરુષ પર ખિજાય છે એનું ઘર ભાંગે છે.

રાહુની પરમ કૃપા હોય એવી વ્યક્તિઓને પણ તેના પ્રભાવની અસરથી, સીધી આંગળીએ ઘી કાઢવું ગમતું નથી. સીધા રસ્તે ધન મેળવવાનું પસંદ પડતું નથી. આથી લગ્ને રાહુ હોય એવી વ્યક્તિ લગભગ તો દાણચોરી, જુગાર, શેરસટ્ટો, એકના ડબલ કરી આપવાના ધંધા, બિલ્ડિંગ કોન્ટ્રાકટરના તેમ રાજકારણના ધંધામાં ઝંપલાવે છે. આખાય ગ્રહમંડળમાં રાહુની છાપ ડોનની છે અને એનું કનેકશન પણ અન્ડર વર્લ્ડ સાથે નિકટનું હોય છે. આ કારણે તેની અસરવાળો જાતક પણ બનાવટ, બદમાશી, છેતરપિંડી, કૌભાંડો, વિશ્વાસભંગ, નશીલા પદાર્થોની હેરાફેરી, દારૂ ગાળવાનો કુટિરઉદ્યોગ, કુકર્મો, છળકપટ, લૂંટફાટ, ચોરીચપાટી, ઘરમાં કરન્સી નોટો છાપી સરકાર સાથે હરીફાઈ કરવી, ફાઈનાન્સ કંપનીઓ સ્થાપવી અને ડિપોઝિટરો ઊંઘતા હોય ત્યારે અધરાતે - મધરાતે અંતર્ધાન થઈ જવું - વગેરે ધંધાનો ઉત્કૃષ્ટ કલાકાર બની શકે છે.

આ ગ્રહથી ઘેરાયેલો જાતક અભિમાની હોય છે. જોકે અભિમાનથી પ્રેરાઈને તે રાવણ જેવું અટ્ટહાસ્ય નથી કરતો. તે વધારે પડતો અવિશ્વાસુ બને છે. લોકો પર તે વિશ્વાસ નથી મૂકતો, પણ છેતરાવા માગતા માણસો તેના પર અખૂટ વિશ્વાસ મૂકે છે... છેતરાઈ ગયાની ખબર ન પડે એટલી હદ સુધી. આવો માણસ બેવડું વ્યક્તિત્વ ધરાવે છે. તેને પોતાના જ ઘરના અંધારામાં ખુદનો ડર લાગે છે અને તેની સાથે વિજાતીય પાત્ર હોય ત્યારે તેને સિનેમા થિયેટરમાં થતા અજવાળાની પણ એટલી જ બીક લાગે છે. રાત્રે પોતાના જ કોઈ કુકર્મનાં સ્વપ્ન આવવાથી ભયથી તે ચીસ પાડીને બેઠો થઈ જાય છે. આ પ્રકારના જાતકો આત્મકેન્દ્રી (આઈ સ્પેશિયાલિસ્ટ... કે પોતાના હુંને મોટો ચીતરનાર), સ્વાર્થી, નગુણા અને કદમાં ઠીંગણા હોય છે છતાં અન્યને વામન અને ક્ષુદ્ર જંતુ જેવા માનતા હોય છે ને એ રીતે જ વર્તતાય હોય છે.

તેની દરેક વાતનો મધ્યવર્તી વિષય પૈસા હોય છે. આદર્શ, નીતિમત્તા, પ્રામાણિકતા, સદાચાર અને સત્યવચન જેવા શબ્દોને તે ફાલતુ ગણે છે. આવા જાતકને એક પત્નીથી ચાલતું નથી.

રાહુની મહેરબાનીથી અમુક રોગ જાતકને અનાયાસ મળે છે. ઉદાહરણ તરીકે કોઢ, રક્તપિત્ત, સનેપાત, ગાંડપણ, પેરેલિસિસ, કેન્સર અને એઈડ્સ પણ. હા, આ એઈડ્સ પણ રાહુની દેણગી છે. આ શોધ જ્યોતિષીઓની છે. એમ તો ખુદ રાહુને પણ તેમણે જ શોધ્યો છે.

એક જ્યોતિષી મિત્રના કહેવા પ્રમાણે કેન્સર સ્પેશિયાલિસ્ટ ડોકટરમાંના એંસી ટકા ડોક્ટરોને લગ્નસ્થાનમાં રાહુ હોય છે કે પછી ચન્દ્ર સાથે રાહુ હોય છે. આમાં કેન્સર જન્માવે છે રાહુ તેને મટાડે પણ રાહુની અસરવાળો ડોકટર. એ બંને રાહુના હાથમાં છે. આનો અર્થ એ થયો કે કેન્સરના કેસમાં રાહુ વર્સિસ રાહુ છે.

આ ગ્રહમાં શું શું આપવાની શક્તિ છે એ પણ જાણી લઈએઃ વૈધવ્ય કે વિધુરત્વ, દેશનિકાલ, આજીવન કારાવાસ, ફાંસી અથવા આત્મહત્યા. આગળ રાહુપ્રેરિત જે કાર્યો દર્શાવાયાં છે તેના ફળસ્વરૂપ આ સિદ્ધિઓ મળી શકે છે.

રાહુ લગ્ને કે મેષમાં હોય એવા કિસ્સામાં જાતક ધનવાન, તાકાતવાન (આમ તો ધનમાં જ મોટી તાકાત હોય છે.) વિદૂષક (ના, હાસ્યલેખક નહીં, એન્ટરટેનર), બદસૂરત... હોરર ઑફ ડ્રેક્યુલાની પેઠે દાંત બહાર નીકળી ગયેલા હોય યા દંતશૂળ હોય. આ હિસાબે દંતશૂળ ધરાવનાર દરેક હાથીને રાહુ લગ્ને કે પછી મેષનો હોવો જોઈએ. આવો જાતક રંગે કાળો હોય, તેને નીચું જોઈ ચાલવાની અગાઉની ટેવ ખપમાં આવે. ચારિત્ર્યમાં તે શિથિલ હોય અને બોલવામાં ઉદ્ધત હોય. જોકે આ બંને દુર્ગુણ વચ્ચે વિરોધાભાસ જેવું દેખાય છે. કેમકે જાતક જો પોતાનું ચારિત્ર્ય ઢીલું રાખવા માગતો હોય, વિજાતીય પાત્રોને વશ કરવા ઈચ્છતો હોય તો સ્વાભાવિક છે કે તેણે મીઠાબોલા - મિતભાષી થવું પડે. ઉદ્ધત થવાનું તેને ન પોસાય.. રેલવે સ્ટેશન પરના હમાલને બિલ્લા નંબર અપાય છે એ રીતે રાહુનો અંક ચાર અને કેતુનો અંક છ છે.

રાહુ અને મંગળ સાથે હોય તો જાતકનું મન સ્ત્રીઓ પાછળ ભટકયા કરે... જોકે આ માટે રાહુને મંગળ સાથે હોવાની ખાસ જરૂર નથી. રાહુ શુક્રની સાથે હોય તો એ જાતકનું બળ વધે. બળ વધે એટલે પત્ની સુંદર મળે એટલું જ અથવા તો એના વિકલ્પે સુંદર લલનાઓ સાથે નૈકટય કેળવાય. જો રાહુ-કેતુ ભેગા થાય તો પતિ-પત્ની છૂટાં પડે. ડિવોર્સ થઈ જાય. જો રાહુ આ સ્થાન પરથી ખસી જાય ને તેના સ્થાને કેતુ ગોઠાવાઈ જાય તો આ જાતકને નિંદા, અપકીર્તિ અર્થાત બદનામી મળે છે.

કેતુ બીજે કે વૃષભમાં હોય તો જાતક ગણિતમાં કાચો હોય છતાં તે જ્યોતિષશાસ્ત્ર તરફ વળે અને લોકો વિષેની ખોટી આગાહીઓ તે સાચી જ પડવાની છે એવા આત્મવિશ્વાસથી અખબારોની કોલમો દ્વારા ભાખ્યા કરે અને એ ભવિષ્યવાણી ખોટી પડી છે એ જાણ્યા બાદ પોતાના બચાવમાં રાહુ-કેતુનો વાંક કાઢીને કહે કે આ બંને ગ્રહો અન-પ્રિડિકટેબલ છે, જે ભલભલા જ્યોતિષીઓને ખોટા પાડે છે. આ બંને ગ્રહ માત્ર સૂર્ય-ચન્દ્રના જ નહીં, અમારા જેવા જ્યોતિષિઓનાય પરમ શત્રુ છે.

આ રાહુ અને કેતુમાં કોણ વધારે નખ્ખોદિયો છે યા કોણ ઓછો ઉપદ્રવી છે એ અંગે બધા જ્યોતિષીઓ એકમત નથી, પણ કેટલાક જ્યોતિષીઓ એવું માને છે કે રાહુ પ્રમાણમાં સારો અને શુભ છે. તે પોઝિટિવ છે, સારું ફળ આપે છે અને કેતુ નેગેટિવ છે, તોડફોડિયો છે, વિનાશક છે. તો અમુક જ્યોતિષીઓ કે જેમના ધંધાને કેતુએ ખાસ કોઈ નુકસાન નથી પહોંચાડ્યું તેમનો મત એવો છે કે રાહુ કરતાં કેતુ ઓછો બદમાશ, વધુ ભલો ને શુભ છે, તે મોક્ષદાતા છે.

સાતમે રાહુ યા કેતુ હોય તો એ જાતકને દ્વિભાર્યાયોગ સમજવો (લફરાં અલગ). સાતમે માત્ર રાહુ હોય એ જાતકની પત્ની ખરેખર દુઃખી હોય અથવા તો દરેક પરણેલી સ્ત્રીની જેમ તે માનતી હોય કે આ બેવકૂફને પરણી એ કરતાં બીજા કોઈ લબાડને પરણી હોત તો પણ હું આટલી બધી દુઃખી તો ન જ હોત...! જેને રાહુ સાતમા સ્થાને હોય તેને સોક્રેટિસની પત્ની ઝેન્થીપી જેવી કર્કશા ભાર્યા મળે. અલબત્ત, તેથી ફિલસૂફ બનવાના યોગ વધી જાય ખરા. એમાં પણ રાહુ ને કેતુની યોગ્ય મદદ સમયસર મળી રહે તો ફિલસૂફ થવાની તક ઉજજવળ બને છે.

કેતુને કરાવવા ગમે એવા ધંધામાં ભૂતવિદ્યા, સદગત સુંદર અભિનેત્રીઓના આત્મા સાથે વાતો કરાવવી, ભૂવા-જતિ, મદારી, તાંત્રિક તેમ જ કલાકારીગીરીનો સમાવેશ થાય છે . બીજી બાજુ જેને રાહુ પજવતો હોય તેણે તેને રાજી કરવા, તેની મહેરબાની મેળવવા કાળાં વસ્ત્રોનો ઉપયોગ કરવો. શનિવારે કાળા અડદ, કાળા તલ, કાળી દ્રાક્ષ, કાળાં વસ્ત્રો ને આવું કશું ન મળે તો કાળા ધનમાંથી થોડી નાની કરન્સી નોટોનું સુપાત્રને દાન કરવું. અત્રે એ યાદ રાખવું કે સુપાત્ર શબ્દ સાપેક્ષ છે એટલે શકય હોય તો રાહુને ખુદને જ પૂછી લેવું કે ભાઈ, તું સુપાત્ર કોને માને છે? તું કહે એને દાન આપી દઉં. જેથી સુપાત્ર બાબતનો કકળાટ તો તું ન જ કરે..! .

રાહુને રાશિમંડળની પ્રદક્ષિણા કરતાં પૂરાં ૧૮ વર્ષ લાગે છે. છતાં તેની હરકતો કાયમ કિશોરાવસ્થાના છોકરડા જેવી જ બેજવાબદાર હોય છે.

હાસ્ય, કરુણ અને વીર વગેરે રસને અંદર અંદર મૈત્રી અને દુશ્મનાવટનો સંબંધ છે એ રીતે રાહુને સૂર્ય અને ચન્દ્ર સાથે શત્રુતા છે તો બુધ સાથે પાકી ભાઈબંધી છે.

મારા એક જ્યોતિષી મિત્રે મને જણાવ્યું કે તેને તાજેતરમાં રાહુ અને કેતુ બંને એકસાથે સપનામાં આવ્યા હતા. આ બંને ભરાડી ગ્રહોએ તેને કહ્યું કે તારા પેલા ટૂચકાબાજ મિત્ર વિનોદ ભટ્ટને ચેતવી દે જે કે અમારી મજાક - મશ્કરી તેને ભારે પડી જશે... તેને એ પણ જણાવજે કે હે કહેવાતા હાસ્યલેખક... તારો આ લેખ વાંચીને એક પણ જાતક હસવાનો નથી અને જો ભૂલેચૂકે હસશે તો પછી કાયમ માટે તે હસવાનું ભૂલી જશે...! ■

# પીડા પતી? એ તો પગે વળગી છે

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

feedback@bombaysamachar.com



કહેવત વિશ્વ એવું ગજબનું છે કે ક્યારે ક્યાંથી અને કેવી રીતે એનો જન્મ થાય એનું કોઈ ધોરણ નક્કી ન કરી શકાય. કોઈ ઘટના કે પ્રસંગ પણ કહેવતને જન્મ આપે છે. આ કથા પરથી વાત સ્પષ્ટ થઈ જશે. એક દિવસ એક કંજૂસ શેઠને ત્યાં મહેમાન આવ્યા. મહેમાન માટે સૂગ ધરાવતા શેઠને એને જોઈ ટાઢ ચડી. શેઠ બહાર નીકળવાનું પડતું મૂકી તરત પથારીમાં પડ્યા અને બે ચાર ગોદડાં ઓઢી લીધા. મહેમાન તો જોઈને મુંઝાઈ ગયો. હાથમાં રહેલા ઝોળા સાથે ઘરના ખૂણે ઊભો રહી ગયો. શેઠ તરફથી ન કોઈ આવકાર કે ન કોઈ આદર સત્કાર, કારણ કે એ તો ઇચ્છતા હતા કે મહેમાન દરવાજેથી જ પાછો ફરે. જોકે, આ મહેમાન ચતુર હતો, જમાનાનો ખાધેલ હતો. એને શેઠ પર શંકા પડી. એટલે ચૂપચાપ ઘરના ખૂણામાં ઊભો રહી તાલ જોવા લાગ્યો. શેઠે સૂતા સૂતા જ બૂમ પાડી શેઠાણીને કહ્યું કે 'જરા પગ તો દબાવ. આખા શરીરે કળતર થાય છે. તાવ આવ્યો હોય એવું લાગે છે.' શેઠાણી આવીને ચંપી કરવા લાગ્યા. થોડી વાર પછી કશું કામ યાદ આવ્યું એટલે બહાર ગયાં. લાગ જોઈને પેલો મહેમાન શેઠના પગ દાબવા બેસી ગયો. શેઠને બદલાવનો અણસાર પણ ન આવ્યો. જોકે, પગને અડતા જ એ ઠંડા હોવાનો ખ્યાલ આવતા મહેમાન સમજી ગયો કે શેઠને તાવ બાવ જેવું કશું છે નહીં, નર્યો ઢોંગ કરી રહ્યા છે. થોડીવાર પછી શેઠાણી જ સેવા કરી રહ્યાં છે એમ ધારી શેઠે હળવેકથી પૂછ્યું કે 'પેલી પીડા ગઈ કે નહીં?' સવાલ સાંભળી મહેમાન ચહેરા પર સ્મિત સાથે બોલ્યા કે 'એમ કંઈ પીડા જતી હશે? એ તો પગે વળગી છે.' શેઠાણીને બદલે બીજો અવાજ સાંભળી શેઠ ભોંઠા પડ્યા. તેમને ખ્યાલ આવી ગયો કે આ તો પેલા મહેમાન જ છે. આ પ્રસંગ પરથી કહેવતનો જન્મ થયો.

ગુજરાતી - મરાઠી કહેવતોના સામ્યના બીજા કેટલાક ઉદાહરણ જાણીએ - સમજીએ અને ભાષા ઐક્યનો આનંદ લઈએ. **देव तारी, त्यास कोण मारी** મરાઠી કહેવત ખૂબ જાણીતી છે. **ज्याचें परमेश्वराच्या मनांत रक्षण करावयाचें आहे, त्याचा नाश कोणाच्याहि हातून हात नाहीं.** પરમેશ્વર જેનું રક્ષણ કરવા ધારે છે એનો નાશ કોઈ નથી કરી શકતું એ એનો ભાવાર્થ છે. આટલું વાંચ્યા પછી તમને રામ રાખે એને કોણ ચાખે - રામ રક્ષે તેને કોણ ભક્ષે? કહેવત જરૂર યાદ આવી હશે. મરાઠીમાં દેવ છે અને ગુજરાતીમાં રામ હાજર છે. પંચતંત્રમાં પણ એ જ ભાવાર્થ સાથે કહ્યું છે કે **अरक्षित तिष्ठति दैवरक्षितम** બે ભાષાનું સામ્ય દર્શાવતી અન્ય એક કહેવત જાણીએઃ **इच्छा असेल तर मार्ग दिसेल - एखादा काम किती ही अवघड असलं तरी मनापासून प्रयत्न केले तर यश मिळतो.** ઈચ્છા હોય તો માર્ગ જડી જાય. મતલબ કે દિલ દઈને કામ કરવામાં આવે તો ગમે એવા મુશ્કેલ કામમાં પણ સફળતા મળે છે. અસ્સલ આવો જ ભાવાર્થ ધરાવતી ગુજરાતી કહેવત છે મન હોય તો માળવે જવાય. એનો પણ અર્થ ઈચ્છા હોય તો બધું પાર પડે એવો જ થાય છે. **अहेर नारळाचा गजर वाजंत्र्याचा - काम अगदी लहान सारखे करायचं, पण त्याचा बोभाटा मोठा करायचा. क्षुल्लक गोष्टीकरितां फार गाजावाजा केला असतां म्हणतात.** આ કહેવતમાં નાની અમથી વાત માટે ખૂબ ગાજતું એવો ભાવાર્થ છે. ગુજરાતીમાં પણ કામ થોડું ને ગરબડ ઘણી કહેવત પણ આવો જ ભાવાર્થ ધરાવે છે ને.

## हिंग्लिश VINGLISH
## Dog से कुछ कम नहीं है इन का bite nowadays



હિન્દી ભાષાના સાહિત્યકાર અને ખડી બોલીના હિમાયતી અયોધ્યાપ્રસાદ ખત્રીનો જન્મ ઉત્તર પ્રદેશમાં થયો હતો, પણ કલેકટર તરીકે તેમની નિયુક્તિ બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં થઈ હોવાથી તેઓ બિહારમાં સ્થાયી થયા હતા. ૧૮૭૭માં તેમણે ખડી બોલીનું વ્યાકરણનું પહેલું પુસ્તક લખ્યું હતું જેના પ્રકાશક હતા બિહાર બંધુ પ્રેસ. ત્યારબાદ ખડી બોલીના પ્રસાર અને પ્રચાર માટે તેઓ સતત સક્રિય રહ્યા હતા. ૧૯૬૦માં પટના સ્થિત બિહાર રાષ્ટ્રભાષા પરિષદ દ્વારા **अयोध्याप्रसाद खत्री - स्मारक ग्रन्थ** પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ પુસ્તકમાં **उर्दू अंग्रेजी की खिचडी** શીર્ષક હેઠળ પ્રગટ થયેલી રચના ભાષાની ભેળસેળનું ઉદાહરણ છે. આ રચના ૧૨ ફેબ્રુઆરી, ૧૮૮૬માં લખાઈ હોવાનો ઉલ્લેખ છે. આ શીર્ષક હેઠળ જે કેટલીક રચના પ્રગટ થઈ છે એમાંની એક રચનાની કેટલીક પંક્તિઓ જોઈએ. **Dog से कुछ कम नहीं है इनका bite nowadays तसकियां (समझौता) सरहद के बारे हो गया अब चीन से, शोर वो शर करते नहीं mask aite nowadays ये जो मस्ल है World के अब है semi barbarian और वो Sevage पहिले थे वह है polite nowadays, एक सिरे से काम की बातें इन्हें आती नहीं, सिर्फ आता है इन्हें to fly kite nowadays, Darkness छाया हुआ है हिन्द में चारों तरफ, नाम की भी कहीं बाकी न light nowadays.** કવિતામાં એ સમયની પરિસ્થિતિ અંગે તીવ્ર સંતાપ વ્યક્ત થયો છે. અંગ્રેજી શબ્દોનો ઉપયોગ સંબંધ ધરાવતા શબ્દોમાં થયો છે. જેમ કે **Dog - bite** (શ્વાન - બચકું ભરવું) **sevage - polite** (ક્રૂર - નમ્ર), **Darkness-light** (અંધારું - અજવાળું) વગેરે. ૧૪૦ વર્ષ પહેલા હિંગ્લિશનો ઉપયોગ કવિતામાં થયો છે.

હિન્દી ફિલ્મોના સંવાદમાં હિંગ્લિશના ઉપયોગનું એક વધુ સશક્ત ઉદાહરણ જોઈએ. એકવીસમી સદીના પાત્રો આવી ભાષા બળે છે જેને કારણે યંગ જનરેશનને તેમના કહેવાનો ભાવાર્થ બહુ જલદી સમજાઈ જાય છે, ગળે ઊતરી જાય છે એ સ્વીકારવું રહ્યું. હિન્દી ફિલ્મનું નામ જ અંગ્રેજીમાં છે - **A Wednesday.** ફિલ્મમાં આતંકવાદીઓને છોડાવવા માગતી અજાણી વ્યક્તિ કયા સ્થળેથી કામ કરી રહી છે એ જાણવા એક કિશોરને પોલીસ કમિશનર અનુપમ ખેર પાસે લાવવામાં આવે છે એ દ્રશ્યના સંવાદો હિંગ્લિશમાં છે. એની ઓળખ આપતા પોલીસ ઈન્સ્પેક્ટર કહે છે કે **इसका नाम अनुज है, सायबर क्राईम case crack करने में हमे अक्सर मदद करता है.** અનુપમ ખેર જ્યારે એને કમ્પ્યુટર વિશે પૂછે છે ત્યારે એ કિશોર એના અંદાજમાં જવાબ આપે છે કે **ये सारे equipment outdated है.** દરમિયાન એની ગર્લફ્રેન્ડનો ફોન આવે છે ત્યારે એ બંને વચ્ચેનો સંવાદ પૂર્ણપણે અંગ્રેજીમાં છે. એ વાતચીત પૂરી થયા પછી અનુપમ ખેર એને સવાલ કરે છે કે **ये होगा तुमसे?** જવાબમાં કિશોર કહે છે **Definitely, I am Drop - out by choice.** વિચાર કરો કે આ સંવાદ શુદ્ધ હિન્દીમાં **मैंने अपनी मर्जी से पढाई छोडी है** રાખ્યો હોત તો અંગ્રેજી જેવી અસર ન જ પેદા કરી શક્યો હોત. અર્થપૂર્ણ બદલાવ આવકાર્ય છે. એક મિનિટથી પણ ઓછા સમયની આ સિક્વન્સમાં હિંગ્લિશનો ઉપયોગ અલગ ઉઠાવ આપે છે. ■

# શું કહ્યું... ચૂંટણીમાં હારી ગયા? ચાલો, સારું થયું...!

ઊડતી વાત

ભરત વૈષ્ણવ

feedback@bombaysamachar.com

**વિધાનસભાની** ચૂંટણીનાં પરિણામ પછી ચૂંટણી પરિણામની સમીક્ષા કરવા શુદ્ધ ખાબોચિયા પક્ષ એટલે કે 'એસકેપી' પાર્ટીના પ્રમુખ કાદવકુમાર યાદવે આપાતકાલીન બેઠક બોલાવેલી. તમામ પક્ષ આવી કવાયત કરીને પાણી વલોવતા હોય છે. હું અને રાજુ રદી 'બખડજંતર' ચેનલ તરફથી બેઠકનું કવરેજ કરવા હાજર રહ્યા હતા.

પ્રસ્તુત છે ચૂંટણી પરિણામનું મનોમંથન એટલે કે બ્રેન સ્ટ્રોમીંગ મીટિંગનો એક્સક્લુઝિવ રિપોર્ટ ઓન્લી ફ્રોમ 'બખડજંતર' ચેનલ....

કાદવકુમાર સમીક્ષા બેઠક સ્થળે પહોંચ્યા. બેઠકમાં દસ-બાર ખુડસ જેવા ખાટસવાદિયા હશે તેવું કાદવકુમારનું અનુમાન હતું. બેઠકના સ્થળે તો હકડેઠઠ ભીડ હતી. કાદવકુમાર તો તાજુબ થઇ ગયો..

'અણીનો ચૂક્યો સો વરસ જીવે. જીવતો નર ભદ્રા પામે. આપણી પાર્ટીની હાર એ પહેલી નથી અને આખરી નથી.' કાદવકુમારના ખાસમખાસ ચમચા ચંદુએ ડહાપણ ડહોળ્યું.

'મને લાગે છે કે ચૂંટણી જીતવા માટે ચૂંટણી પંચ સાથે એમઓયુ એટલે કે મેમોરેન્ડમ ઓફ અંડરટેઇકિંગ કરવાની તાતી જરૂરિયાત છે. ચૂંટણી પંચ મહેરબાન તો સુશાસનબાબુ પહેલવાન.' પાર્ટીના ઉપ પ્રમુખે કોમેન્ટ કરી.

'રાજ્યની જનતાએ આપણા ખાબોચિયા પક્ષને પ્રચંડ જનસમર્થ આપેલ છે. એના માટે જનતા જનાર્દનનો આભાર માનતો પ્રસ્તાવ પસાર કરીએ.' ચૂંટણીમાં ભૂંડા મોંએ હારીને ડિપોઝિટ ગુમાવેલા ઉમેદવાર પપ્પુ યાદવે પ્રસ્તાવ મુકયો.

પ્રસ્તાવ સર્વાનુમતે પસાર થયો.

'અગાઉની ચૂંટણી કરતાં આપણો નિરાધાર જનાધારમાં વધારો થયો છે. આપણને કુલ મતદાનના એકવીસ ટકા મતો મળ્યા છે, જે હરીફ પણ કરતાં એક, બે નહીં પરંતુ, સાડા ત્રણ ટકા વધારે છે. છતાં, આપણી પાર્ટીને માત્ર પચીસ સીટ મળી છે, જે આપણી અપેક્ષા કરતાં સો સીટ ઓછી છે.' ચૂંટણીમાં ટિકિટ ફાળવણીમાં ગોટાળા કરનાર સમિતિના ચેરમેન ગોટાળા ચોધરીએ તારણ કાઢ્યું.

'ચૂંટણીમાં વધુ મત મળવા છતાં આપણી સીટો કેમ ઘટી એનું તો કાંઇક કહો.' છેલ્લી પાટલીએ બેસેલા કાર્યકરે મમરો મુકયો.

'ભાઇઓ, શાંતિ રાખો. ચૂંટણીમાં એકમેક સામે ઘણો કાદવ ઉછાળ્યો છે. હવે, કોઠી ધોઇને કાદવ કાઢવાનો છે.' શિસ્ત સમિતિના ચેરમેન શિસ્તના લીરા ન ઉડાડવા અનુરોધ કર્યો.

'ચૂંટણી પ્રચાર દરમિયાન આપણા લોકલાડીલા નેતા કાદવકુમારના હેલિકોપ્ટરને ઊતરવાની ચૂંટણી તંત્રે મંજૂરી ન આપી એટલે આપણને પરાજય મળ્યો છે.' કાદવકુમારના ખાસમખાસ સંજયે હારનું ઠીકરું ચૂંટણી તંત્ર પર ફોડ્યું .

'સાથીઓ, આપણે પરાજિત થયા નથી, પરંતુ, સામેના પક્ષ એટલે સરકારે ષડયંત્ર રચી હરાવવામાં આવેલ છે.' કાદવકુમારના પિતાજી ફારસકુમારે અધવચ્ચે દરમિયાનગીરી કરી.

'આપણે ચૂંટણી જીતવા આપણી ભાષા સુધારવી પડશે. આપણા ભાષણમાં મંગળસૂત્ર ચોરી, મુજરા, ભેંસચોરી, કટ્ટા , ઘૂસપેઠિયા છર્રા શબ્દોનો ભરચક ઉપયોગ કરવાની જરૂર છે. કોઇને ગાલી ગલોચ કે હિન્દુ - મુસ્લિમ કર્યા વગર ચૂંટણી જીતવી મુશ્કિલ હી નહીં નામુમકિન હૈ.' એક કાર્યકરે વ્યંગ કર્યો. પાર્ટીના સેક્રેટરી પોતાના લેપટોપમાં બધાના સૂચન લખતા જતા હતા.

તમામ સભ્યોના સૂચનો પછી એનાઉન્સરે પાર્ટીના આજીવન પ્રમુખ, ભારત દેશના તારણહાર, ઉજ્જવળ આવતી કાલના સૂર્ય સમાન માનનીય કાદવકુમાર કાર્યક્રમને સમાપન સંબોધન કરવા પ્રાર્થના કરી.

'નવ કરશો કોઇ શોક રસિકડા નવ કરશો કોઇ શોક.' શુદ્ધ ખાબોચિયા પાર્ટી એટલે કે એસકેપી પાર્ટી પ્રમુખ કાદવકુમારે કોઇ કવિની પંક્તિથી સંબોધનની શરૂઆત કરી. પાર્ટીના પ્રમુખ સ્વસ્થ અને સંયમ જણાતા હતા. હારનું વિષ પચાવીને નીલકંઠવર્ણી થઇ ગયા હશે કે શું?

'કોઇએ દુખી થવાની જરૂર નથી.' શુદ્ધ ખાબોચિયા પક્ષ એટલે કે 'એસકેપી' પાર્ટીના પ્રમુખ કાદવકુમાર યાદવે કહ્યું. કાર્યકરો હકકાબકકા રહી ગયા.



'કાદવકુમાર ઝિંદાબાદ.' કાર્યકરોએ પ્રચંડ બોદો સૂત્રોચ્ચાર કર્યો. કાદવકુમારે હાથ હલાવી કાર્યકરોનું અભિવાદન કર્યું.

'અભૂતપૂર્વ હાર માટે પાર્ટીના કાર્યકરો નેતાઓએ ખભેખભા મિલાવી મહેનત કરી હતી. ચૂંટણી પંચની મહેરબાનીથી આપણી મહેનત એળે ગઇ નથી.' કાદવકુમાર સંબોધન આગળ વધાર્યું. પાર્ટીના ડોકટર સેલના હોદ્દેદારોએ કાદવકુમારનું બીપી માપ્યું. કાદવકુમારનું બ્લડપ્રેશર બરાબર હતું.

'હમારા નેતા કઇસા હો? કાદવકુમાર જેઇસા બા.' આવું બોલી કાદવકુમારને પાનો ચડાવ્યો. પરાજિત નેતા પર આટલો પ્રેમ જોઇ કાદવકુમાર પાણી પાણી થઇ ગયા. ક્યાંય શોક, આઘાત, ટાંટિયાખેંચનું નામોનિશાન નહીં...વાહ !

'આપણી પાર્ટીએ ચૂંટણી જીત્યા બાદ દરેક જન્મ લેનાર બાળકને સોના ચાંદીનો ચમચો આપવાનું વચન આપેલ. એટલે બિચારું બિહાર રાજ્યનું દરેક બાળક સોનાચાંદીના ચમચા સાથે જન્મે છે તેવું ગૌરવપૂર્કવ કહી શકાય. લગ્ન કરનાર યુવતીને સોનાની ચૂંક આપવાની જાહેરાત પણ કરેલ. મરણ પામનારના મુખમાં સોના કણી મુકી સદ્ગતનો મોક્ષ થાય તેવી જાહેરાત કરેલ. સવા ત્રણ કરોડ ઘરના એક સભ્યને સરકારી નોકરી આપવા, દરેક મતદારને સોનાનો સિક્કો આપવા, દરેકને રોજ બે બાટલી વિદેશી શરાબ , કબાબ અને શબાબ આપવા, કુંવારાના લગ્ન કરાવી આપવાના વચનો આપેલાં હતા.કમબખ્ત મતદારો આપણા ચૂંટણી પ્રણથી લોભાયા નહીં. જે થયું તે સારું થયું.ભલું થયું ભાંગી જંજાળ... .જો ભૂલેચૂકે આપણી પાર્ટીને પ્રચંડ બહુમતી મળી હોત તો ચૂંટણી વચન પૂરા કરવા રાજ્યને કોઇ શેઠિયાને ત્યાં ગિરવે મુકવા સિવાય કોઇ આરોઆવોરો ન રહેત. ભલું થજો ભગવાનનું કે આપણને ચૂંટણીમાં કારમો પરાજય મળ્યો. હારી ગયા તો પતી ગયા એવું નથી. જીતીને પતી જવા કરતાં હારીને જીવી જવું બહેતર છે.બહુ બહુ તો રડીને સ્વસ્થ થવાય. જીતી જઇને માથાના વાળ ખેંચવા કરતાં તો.' કાદવકુમારે વાક્ય અધ્યાહાર રાખ્યું.

હારના કારણોની સમીક્ષા બેઠક એ બેસણા જેવી જ કહેવાય. કાદવકુમારે માતમના પ્રસંગને મહેફિલમાં તબદીલ કર્યો. બેઠકમાં હાજર તમામ કાર્યકરો માટે સ્વાદિષ્ટ દાલ પિઠાને,ખાજા, ચણા ઘુઘની,થેકુઆ, ઢુસ્કા છોલે,બાલુશાહી, ચૂડા ભૂજાની સાથે લીટીચોખાની વ્યવસ્થા કરેલ. તમામે પેટ દબાવીને ઝાપટયું.! ■

**સોરી...**

*સ્થળ સંકોચને કારણે... આજની આ 'ઉત્સવ' પૂર્તિમાં મહેશ્વરી બહેન - આશુ પટેલ - અભિમન્યુ મોદી - સમીર જોશી- કૌશિક ઘેલાણી - જુઈ પાર્થ અને ભરત ઘેલાણીની નિયમિત કોલમ્સનો સમાવેશ નથી કરી શક્યા તો વાચકો દરગુજર કરે.*

*તંત્રી

## આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# અફડાતફડી







'એટલે જ તને કહેતા'તા કે હવે આ ઉમ્મરે નવાં પરાક્રમો જેવા કે બિહાર કે કોઈ પણ રાજ્યના ઈલેક્શન રિઝલ્ટ્સ તારી મેળે ઉપરતળે કરવાનું રહેવા દે... પણ માને તો તું શાનો? અરે ભૈ અમનેય પ્રશાંત મહાસાગરમાં તરતી નાવડી પર ભરોસો હતો દરિયાપારનો... પણ એ શરૂઆતમાં... રૂા.૧૦,૦૦૦/- વાળો ત્રાકડો ગોઠવાયો પછી તો આખો પ્રશાંત મહાસાગર જ અલોપ થઈ ગયો પૃથ્વીના ગોળા પરથી. અલા જે સંયુક્ત કુટુંબના ઘરના અડધા સભ્યોએ ૫૦૦ રૂા.ની નોટ નથી જોઈ એ ઘરમાં જો ત્રણ સ્ત્રી હોય તો સીધા રૂા. ૩૦૦૦૦ એટલે શું?'

'હારુ હવે, અમારી ભૂલ થઈ ગઈ બસ?'

'એમ ન ચાલે. આની સજા રૂપે તારે ઈલેકશન જીતવાની કળા ઉપર એક નિબંધ લખીને આપવો પડશે. શું હમજ્યો?'

ઈન્સ્ટાગ્રામ પર આવી એક ક્લીપ જોવા મળી. તો સારું છે ને?! કશેક કોઈક રીતે તો કશુંક વ્યકત થઈ રહ્યું છે!

દરમિયાનમાં દિવાળી-બેસતું વરસ - ભાઈબીજ - લાભપાંચમ જેવા ભવ્યાતિભવ્ય ઉત્સવોય પસાર થઈ ગયા. તે મને આજે દેવદિવાળી ગયા પછી પણ આભમાં જુદી જુદી જગ્યાઓ કોઠી ફોડવાનું મન થયું છે. ફટાકડા વગરના સૂના આભમાં કદાચ એની ઈમપેક્ટ વરતાય...

(૧)

હમણાં હમણાં દેશના અમુક ભાગમાં વીરલાઓએ જનમવાનું શરૂ કર્યું છે. 'ખાન' સરના નામે જાણીતા, અતિજાણીતા ભાઈને પૂછવામાં આવ્યું કે તમારી ગંજાવર હેસિયત પ્રમાણેની શૈક્ષણિક સંકુલો કાર્યક્ષેત્ર પટના કે બિહારમાંથી સ્થળાંતરિત થઈને કેરાલા કે મુંબઈ કે મહારાષ્ટ્રના અન્ય ભાગમાં જઈને કેમ નથી ખોલતા? જવાબમાં ખાનસર કહે છે: બિહારથી જવાનું મન જ નથી થતું. કમાલની આ માટી છે અને એક કરજ છે. એક સાવ સાધારણ છોકરાને એટલે કે અમને બિહારે ખાનસર બનાવી દીધા. એટલે એક હાથમાં અમને કોઈ સ્વર્ગ આપે ને! અરે સ્વર્ગ તો બહુ નાની ચીજ છે, વૈકુંઠધામ પણ મળે ને તો મારે તો બિહાર જ છે વૈકુંઠધામ (એક મુસ્લિમ આમ બોલે છે...) એટલે અમે બિહાર ક્યારેય નહીં છોડી શકીએ. એ જમીન, એ માટી મારે એ ફક્ત માટી નથી મારા માથાનું તિલક છે. એ માટી મારે મન પૂજા સ્થળ છે. સાવ નીચલામાં નીચલી કક્ષામાંથી હું આવું. મેં અનનસ કપાતા જોયું છે. અમે વિચારતા કે એક દિવસ પૈસા આવશે તો અમે આ ફળ ખાઈશું. અમને ત્યાંથી અહીં સુધી પહોંચાડ્યા છે આ માટીએ. આ કરજ આ જનમમાં તો નહીં ઉતારી શકીએ. ચાહે લાખ ઉણપ છે અમારા બિહારમાં. ઘણી બધી તકલીફો છે. ઘણું બધું છે. પણ અજબ ગજબનો લગાવ છે આ માટીમાં.

(૨)

સંપૂર્ણ શ્રેય જાય છે આનું ભાજપાને અને દેવેન્દ્ર ફડણવીસને. હસમુખ ગાંધીનો એક શબ્દ વાપરું તો ભ્રષ્ટાચારની ગંગોત્રી એવા એક 'નેતા'ના સંતાનથી સાવ 'ભૂલ'થી એક રૂા. ૧૮૦૦ કરોડની સરકારી જમીન સાવ 'ભૂલ'થી 'અવનવા' શોર્ટકટ અપનાવીને સાવ 'મફત'માં લેવાઈ તો ગઈ રૂા. ૩૦૦ કરોડમાં અને સ્ટેમ્પ ડ્યૂટી ભરાઈ સરકારની 'ભૂલ'ને લીધે માત્ર રૂા. ૫૦૦/- વાત જાણમાં આવી શાસક પક્ષના અને તરત એમણે ફરમાન છોડ્યું આ 'ભૂલ'ના વેપારને ઊલટાવવાનું અને સાથી પક્ષે એ કરવું જ પડે એમ હતું એટલે કર્યું. માત્ર ડખો એક જ રહી ગયો કે છેવટના તારણ તરીકે સંતાનના નામને બદલે એના પાર્ટનરનું નામ ઉછળ્યું. આપણે પરમ સંતોષ એક જ કે આ તો બચ્યું હમણાં પૂરતું... આગળ જતાં આવું કે જાણમાં આવશે તો પાછા લખીશું. આપણે કાંડા કાપીને આપી દીધેલાં ભારતીયો છીએ. આપણે બીજું તો શું કરી શકવાના? દુષ્યંતકુમારના આ શેરમાંથી જાતને સાંત્વન આપી જ શકીએ...

*તું પરેશાન બહુત હૈ, તું પરેશાન ન હોં*
*ઈન ખુદાઓંકી ખુદાઈ નહીં જાનેવાલી*

*જે પ્રયત્નો થઈ રહ્યા ક્યારેક દેખાશે જરૂર*
*આ જ નહીં તો કાલ પણ આ દેશ બદલાશે જરૂર.*

આજે બસ આટલું જ

---

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

હરેશ રેશમાના પડખામાંથી ઝડપભેર ઊભો થયો. થોડીવાર પહેલા ગુસ્સાની સાથે એના શરીરમાં ધસી આવેલો આવેગ ઠરી ગયો... ભડકેલી આગ રેશમાએ હવા આપ્યા વિના જ ઓલવાઇ ગઇ હતી, પણ એને કોઇ ફરક પડ્યો નહતો. એને તો દર વખતની જેમ ભડાસ કાઢવી હતી અને મોટા ભાગે રેશમા જ એની ઝપટમાં આવતી. 'સલ્લા ફુકટચંદ...' રેશમા મનમાં બબડીને ઊભી થઇ. હરેશ શર્ટ ખભા પર નાખીને બહાર નીકળ્યો ત્યારે બચીબાઇ સામે જ મળી. બચીબાઇ રાખ જરૂર થઇ ગઇ હતી, પણ એણે રાખમાં ઢબૂરી રાખેલો તણખો હજી બાકી હતો. એ તણખો એના તેજ દિમાગનો હતો જેને પુરુષ કદી જોઇ નથી શક્યો.

'અગર તેરા દિમાગ ભી હલકા હો ગયા હો તો મેરી એક બાત સૂન.' એ બોલી.

'બોલ, અબતક તેરી સૂનતા આયા હું....ઝયાદા નહીં સુનેગા મૈં.' ખંધા હરેશે ખભા ઉછાળ્યા.

'અભી કે હાલાત કિસી કી ભી સાઇડ મેં નહીં હૈ...તૂ કૂછ એડાતેડા મત સૌચ.....હમારે ધંધે મેં શાદીબ્યાહ...યે સબ નહીં પરવડતા હૈ રે...તૂ જાનતા હૈ ના. તૂ ઉસકો વાપિસ લા, મેરે કૂ કોઇ તકલીફ નહીં. બસ ઉસકો ધંધા કરના પડેગા.....કમા કે દેના પડેગા.'

હરેશ શર્ટના બટન લગાવતો નીચે ઊતરીને ઓટલા પર બેઠો. થોડીવારે ખિસ્સામાંથી એક ચબરખી કાઢીને વાંચી. બાજુની ગલીમાં જઇને એક દરવાજો ખખડાવ્યો. દરવાજો ખુલ્યો.

'રહીમ ચાચા એક અરજન્ટ ફોન કરને કા હૈ....' એ બોલ્યો.

રહીમ ચાચાએ ફોન તરફ ઇશારો કર્યો. હરેશે ફોન લગાડીને કહ્યુ: 'હેલો, એટુઝેડ ન્યૂઝ ચેનલ...?'

'હાં બોલો' એટુઝેડ ન્યૂઝ ચેનલમાંથી કોઇએ જવાબ આપ્યો.

'મુઝે રિપોર્ટર સંજુ સે બોલને કા હૈ...'

'એક મિનિટ...' સામેથી જવાબ આપ્યો.

'હેલો...મૈં સંજુ બોલ રહા હું આપ કૌન...?' સંજુ લાઇન પર આવ્યો.

'જી. જી. ભોય હોસ્પિટલ મેં ભર્તી વો લડકી કે બારે મેં કૂછ બતાને કા હૈ.'

સંજુ ખુરસી પરથી ઉછળીને ઊભો થઇ ગયો.

'હાં બોલો ક્યા બોલના હૈ....?' એણે પૂછ્યું.

'ફોન પર નહીં...'

***************

કેશુકાકા પર નિર્મલને મળવાનું ભૂત સવાર હતું. એ કોઇપણ ભોગે એને મળવા માગતા હતા. કિસન અને કાશ્મીરાની મદદની કોઇ આશા રહી નહતી. રોષ અને જીદે ભરાયેલા કેશુકાકા સોલંકીને બે-ત્રણવાર કોલ કરવાની કોશિશ કરી જોઇ. સોલંકીએ ઊંચક્યો નહીં. એમના જીદ્દી સ્વભાવે વધુ જીદ પકડી. 'આપ મૂવા વગર સ્વર્ગમાં નો જવાય...આપણે જ મારગ કાઢવો પડે મારા વાલા' બબડતા એ રૂમની બહાર આવ્યા ત્યારે કાશ્મીરા મોટો થેલો લઇને બહાર જઇ રહી હતી.

'ક્યાં હાલી હવારના પહોરમાં?' એમણે પૂછ્યું.

'થોડું કરિયાણું ઘરભેગું કરી લઉં. લોકડાઉનમાં દુકાનની બહાર લાઇનમાં દૂર દૂર ઊભા રાખે....લાંબી લાઇન ને માથે આકરો તડકો. વાર બહુ અઘરું લાગે. વહેલી જઉં તો વહેલી પાછી આવું.'

'તું રે'વા દે....હું જાઉં છું.' કેશુકાકાએ કહ્યું. કાશ્મીરાની ના છતાં એમણે થેલો લઇ લીધો ને માસ્ક પહેરીને નીકળી પડ્યા. રસ્તામાં ડો. ઓઝાનું ક્લિનિક દેખાયું. બહાર લોકો ડો. ઓઝાના આવવાની રાહ જોતાં લાઇન લગાવીને ઊભા હતા. એ સૌથી આગળ ગયા. લોકોના સ્પર્શથી દૂર રહેવા માગતા કમ્પાઉન્ડરને કહ્યું: 'ડો. ઓઝા આવી ગયા.?' કમ્પાઉન્ડરે ના પાડી.

'એમણે કેળા મંગાવ્યા છે...અંદર જઇને મૂકી આવું છું.'

કમ્પાઉન્ડરે મુંડી હલાવી કે તરત જ કેશુકાકા ડોક્ટરની કેબિનમાં ઘૂસી ગયા.

ખુરસી પાછળથી એપ્રન અને ટેબલ પરથી સ્ટેથસ્કોપ લઇને થેલામાં મૂકીને બહાર સરકી ગયા. કરિયાણાની દુકાને લાંબી લાઇન જોઇ. નિઃસાસો નાખીને મેઇન રોડ પર પહોંચ્યા. થેલામાંથી એપ્રન કાઢીને પહેરી લીધું...ગળાની ફરતે સ્ટેથસ્કોપ લટકાવીને ઊભા રહ્યા. થોડી થોડી વારે પસાર થતી એમ્બ્યુલન્સને થોભાવવાની કોશિશ કરતા રહ્યા. ન્યૂઝ ચેનલની એક વેન ઊભી રહી.

'કહાં જાના હૈ ડોક્ટર સાહબ...' અંદરથી અવાજ આવ્યો.

'જી. જી. ભોય હોસ્પિટલ.' માસ્ક પાછળથી ચળાઇને કેશુકાકાનો અવાજ આવ્યો. તરત જ દરવાજો ખુલ્યો.

'આ જાઓ...હમ ઉધર હી જા રહે હૈ.' સંજુ રિપોર્ટરે કહ્યું.

***************

મોબાઇલ પરની વાત પતાવીને સોલંકી ડો. શાહની કેબિનમાં ધસી ગયો.

'સર, મારે અરજન્ટ હેલ્થ એક્ઝિક્યુટીવ બાગ્વેને મલવું પડહે...ઇન્જેક્શનો અને દવાનો જથ્થો લેવા. કેય છે આ વખતે વધુ મલહે.'

'તો તો તરત જ જવું પડે....એના વિના કામ નહીં ચાલે...'

'હું પણ એ જ કે'ઉં છું...હું નીકળું.' સોલંકી ઉતાવળે નીકળ્યો. ગેટ પર જ રિપોર્ટર સંજુ, કેમેરામેન હેગડે અને બાજુમાં કેશુકાકા ઊભા હતા. એને સંજુની સાથે આવેલા ડોક્ટરને જોઇને નવાઇ લાગી.

'સોલંકી સાહેબ...આ વખતે તમે મૂંગી બાઇનો વીડિયો ઉતારવાની ના નહીં પાડી શકો.' સંજુ બોલ્યો.

'સોલંકી...?' કેશુકાકાના કાન ચમક્યા.

'તમે જ સોલંકી સાહેબ છો.?'

'હા હું જ સોલંકી બોલો ડોક્ટર સાહેબ....'

'તમે આમ સાઇડમાં આવો...' એ સોલંકીને ઝાડની નીચે લઇ ગયા.

'હું ડોક્ટર બોક્ટર કાંઇ નથી....કેશુકાકા છું. સાહેબ, તમને ફોન કરી કરીને થાકી ગ્યો. નિર્મલને મળવા હારું મારે આવો વેશ કાઢવો પયડો. ઇ મારી હાર્યે પ્લેનમાં હતો. મને એકવાર ઇને જોવા દ્યો.'

શું કહેવું આ માણસને. માત્ર એકવાર પ્લેનમાં સાથે હતા એમાં આટલી બધી લાગણી કે જીવના જોખમે છેક હોસ્પિટલમાં આવી ગયા. સોલંકીને હસવું આવ્યું ને દયા પણ આવી.

'હું તમને મલવા તો ની દઉં કારણ તમારી ઉંમર થઇ ગઇ છે. તમે એક જોખમ તો લીધું હવે બીજું ન લો. તમને ચેપ લાગહે તો ઉપાધિ....નિર્મલભાઈની હાલત બગડતી ચાલી છે.'

**કેશુકાકા હાથ જોડીને કંઇક બબડ્યા. કદાચ એક અજાણ્યા માનવીએ બીજા અજાણ્યા માનવી માટે પ્રભુ પાસે કરેલી પ્રાર્થના હતી...આજીજી હતી.**

'એટલે જ એકવાર મળી લેવું છે.....' કેશુકાકા બોલ્યા.

બીજી બાજુ બંનેને રકઝક કરતા જોઇને સંજુ ગૂંચવાઇ ગયો. સોલંકીએ સંજુની સામે જોતા બોલ્યો: 'આ ચેનલવાળાને તમે કાંથી પકડી લાયા.?'

'ભગવાને એને મારી પાંહે મોકલ્યો. હું કોઇ એમ્બ્યુલન્સ ગોતતો 'તો...એમાં ચેનલવાળો ભટકાઇ ગ્યો....એ લોકો આંઇ જ આવતા 'તા.'

'એણે રસ્તામાં મૂંગી છોકરીની કાંઇ શું વાત કરી.?' સોલંકીએ પૂછ્યું.

'એની હાર્યે એક માણહ બેઠો છે...ઇ ક્યે કે મૂંગીનો હસબન્ડ છે. ઇને અંદર વાનમાં જ બેહાડી રાયખો છે.'

સોલંકી સાબદો થઇ ગયો. નક્કી આ જ માણસ બુરખાધારી હોવો જોઇએ.

એક તરફ એને ઇન્જેક્શનો લેવા જવાની ઉતાવળ હતી ને બીજી બાજુ નવી ઇમર્જન્સી આવી પડી, પણ એના માટે આ ઓપરેશન વધુ જરૂરી હતું.

એણે કેશુકાકાને કહ્યું 'તમે અહીં ઊભા રહો...હું આયવો.' એ દોડીને સંજુ પાસે ગયો.

'જુઓ આ ડોક્ટરને ઇમર્જન્સીમાં બોલાયવા છે. તમે ઊભા રહો...પેલા મને એક ઓપરેશન પતાવવા દો...પછી તમને બોલાવું....વેઇટ કરો.'

સંજુને થયું કે આટલી રાહ જોઇ તો વધુ એકવાર રાહ જોઇ લઇએ. અને આજે તો વીડિયો ઉતારીને જ જઇશ...સનસનાટી મચાવી દઈશ. સોલંકી કેશુકાકાને અંદર લઇ ગયો. રિપોર્ટર સંજુની ગુપ્ત માહિતી આપવાનો આ શિરપાવ હતો. એણે દૂરથી નિર્મલને બતાવ્યો.

'નિર્મલ હાજો તો થઇ જશેને સાહેબ.?' કેશુકાકા ગળગળા થઇ ગયા.

'હવે શું કે'ઉં....ડોક્ટરો એની રીતે ટ્રાય કરે બાકી તો ભગવાન પર છોડી દેવાનું.'

'હાચું કીધું તમે....ડોક્ટરો ભગવાનથી ઉપર તો નથી.' પછી કેશુકાકા હાથ જોડીને કંઇક બબડ્યા. કદાચ એક સાવ અજાણ્યા માનવી બીજા અજાણ્યા માનવી માટે પ્રભુ પાસે કરેલી પ્રાર્થના હતી...આજીજી હતી. એ ભારે હૈયે પાછા ફર્યા. સોલંકી એને પગલે બહાર આવ્યો. એણે કેશુકાકાને રિસેપ્શનિસ્ટ પાસેના બાકડા પર બેસાડ્યા ને પોતે બહાર આવ્યો...બીજું ઓપરેશન હાથમાં લેવા. સંજુ બહાર આંટા મારી રહ્યો હતો.

'બોલો, હું કે'વાનું થાય છે તમારે....?' એણે પૂછ્યું.

'વીડિયો ઉતારવા દો અમને.' આ રિપોર્ટર સંજુ નહીં, પણ એની પાસેનું હરેશ નામનું હુકમનું પત્તું બોલ્યું.

'એ ની બને....મને ડોક્ટર શાહે ના પાડી....અબી હાલ પૂછીને આયવો.' સોલંકીએ કહ્યું.

'સાહેબ અમે એના હસબન્ડને લઇને આવ્યા છીએ. એને મલવા દો.'

'ક્યાં છે એનો હસબન્ડ?' સોલંકીએ પૂછ્યું.

સંજુએ અંદર બેઠેલા વીડિયોગ્રાફર હેગડેને કોલ કરીને હરેશને લઇ આવવા કહ્યું. સોલંકીએ હરેશને પગથી માથા સુધી જોયો. હરેશના દિદાર પતિ જેવા નહતા. એના ચહેરા પર પત્નીનું કોઇ દુઃખ નહીં, માલિકીભાવ હતો. એટલે સોલંકીના મનમાં એક વાત સ્પષ્ટ થઇ ગઇ કે બુરખો પહેરીને કાળી રાતે આવેલો આ જ શખસ હતો.

'ક્યા નામ હૈ તુમ્હારા..?' એણે પૂછ્યું.

'હરેશ.' જવાબ આવ્યો.

'દેખો ભાઇ હરેશ, એસા હૈ કી વો......' સોલંકી વાક્ય પૂરું કરે તે પહેલાં જ હરેશે પૂછ્યું 'ક્યા વો મર ગઇ?'

'નહીં વો ઠીક હો ગઇ હૈ...' સોલંકીએ કહ્યું.

'મૈં ઉસકો લેને આયા હું.' હરેશે કહ્યું.

'લેકિન વો તો કલ હી ચલી ગઇ...ઉસકો ડિસ્ચાર્જ મિલ ગયા.' સોલંકીનું ઓપરેશન સફળ થઇ ગયું. હરેશનું મોંઢું પડી ગયું. વીડિયો ઉતારીને સનસનાટી મચાવવા માગતા સંજુ રિપોર્ટરની ફિલમ ઉતરી ગઈ.

'ચાલો સાહેબ થેન્ક યુ...' કદાચ એને સોલંકીની ચાલબાજી સમજમાં આવી ગઇ.

'સોલંકી સાહેબ, તમે સીઆઇડી સિરિયલમાં ચાલો એવા છો.' એ ચાલતો થયો એની પાછળ હેગડે કેમેરાને કવર ચડાવતો ચાલવા લાગ્યો.

'એક મિનિટ ઊભા રે'જો....હું આયવો.' કહીને સોલંકી અંદર ગયો. કેશુકાકાને લઇને બહાર આવીને બોલ્યો: 'આ ડોક્ટરનું કામ પતી ગયું છે. એમને ઉતારતા જજો....' પછી હાથમાં પકડી રાખેલો બુરખો હરેશ તરફ ફેંકતા બોલ્યો: 'લો યે તુમ્હારી અમાનત.' હરેશ બુરખો પકડીને ચાલવા લાગ્યો એટલે સોલંકીએ એને પૂછ્યુ: 'તમારી વાઇફનું નામ શું છે?' છેડાયેલો હરેશ ગુસ્સામાં ચાલવા માંડ્યો. (ક્રમશઃ)■

---

## વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# હવા - પાણી ને સ્વભાવની સ્વચ્છતા...





કચ્છના દક્ષિણ કાંઠે, અખાતની હળવી લહેરો દરરોજ જે જમીનને લાડથી ધોઈ જાય છે, તે જ જમીન પર મુન્દ્રા નામનું નાનું વિશ્વ સદીઓથી પોતાનું અસ્તિત્વ ખડું કર્યું છે. કચ્છનું પેરિસ કહેવાતું મુન્દ્રા ઉદ્યોગોના ધબકાર સાથે નવી ઓળખ મેળવવા હવા, પાણી અને સ્વભાવની સ્વચ્છતાનું પ્રતીક બનવા તરફ ઝંખી રહ્યું છે. વિકાસની આ ગતિ વચ્ચે ક્યાંક એક શાંત પ્રશ્ન ઊભો થાય છે કે, વિકાસનો ધુમાડો મારી હવાની શુદ્ધતા લઇ જશે?

તાજેતરમાં કેન્દ્ર સરકારે લોન્ચ કરેલી સ્વચ્છ શહેર જોડી પહેલ હેઠળ મુન્દ્રા-બારોઈને 'મેન્ટી શહેર' તરીકે પસંદ કરવામાં આવ્યું છે. જેમાં ઓછું પ્રદર્શન કરનારાં શહેરોને ટોચના પ્રદર્શન કરનારાં મેન્ટર શહેરો પાસેથી માર્ગદર્શન આપવામાં આવે છે. ગુજરાત માટે મેન્ટર શહેર તરીકે અમદાવાદને પસંદ કરી મુન્દ્રા બારોઇ, સાણંદ, વાંકાનેર, સલાયા, રાણાવાવ નગરપાલિકાનું નામ મેન્ટી શહેર તરીકે જોડવામાં આવ્યું છે. આથી સ્પષ્ટ સંદેશ મળે છે કે મુન્દ્રામાં સ્વચ્છતાના ક્ષેત્રે ઘણી સુધારેલી કામગીરીની જરૂર છે.

કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયના મંત્રી મનોહરલાલ ખટ્ટરે હરિયાણાના સોનીપત ખાતે આયોજિત કાર્યક્રમમાં સ્વચ્છ ભારત મિશન-શહેરી હેઠળ 'સ્વચ્છ શહેર જોડી' પહેલ લોન્ચ કરી હતી. આ પહેલ શહેરી કચરો વ્યવસ્થાપન ક્ષેત્રમાં સૌથી મોટો ટાઇમ-બાઉન્ડ અને માળખાકીય માર્ગદર્શન ફ્રેમવર્ક છે. તે જ્ઞાન વહેંચણી, માર્ગદર્શન અને હેન્ડહોલ્ડિંગ માટે એક ગતિશીલ પ્લેટફોર્મ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક મેન્ટી શહેરો એ મેન્ટર શહેરો પાસેથી શીખીને તેમના સ્વચ્છતા પરિણામમાં સુધારો કરશે. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ મુજબ, જે શહેરો ઓછા મૂલ્યાંકન સ્કોર મેળવે છે અથવા કચરા વ્યવસ્થાપન, જાગૃતિ, ટોઈલેટ સુવિધા, ફરિયાદ નિવારણમાં નબળું પ્રદર્શન કરે છે, તેમને મેન્ટી શહેર તરીકે પસંદ કરવામાં આવે છે.

મુન્દ્રા બારોઇનું મેન્ટી શહેર તરીકેની પસંદગી માટેનાં અમુક કારણો જોઈએ. વસ્તી અને વસાહતોનો ઝડપથી વધારો, ઉદ્યોગોની અસરથી નવા મજૂર વિસ્તારો ઊભા થયા, પરંતુ મૂળભૂત સુવિધા તેના પ્રમાણમાં ખાસ વધી નહી. કચરાની નબળી વિભાજન વ્યવસ્થા; દરરોજ ઊપજતા કચરામાંથી કેટલું રીસાયકલ થાય છે, કેટલું વૈજ્ઞાનિક રીતે નિકાલ થાય છે, તેમાં નીરસતા છે. વપરાયેલ પાણી અને ગટરના મુદ્દા, વધતી વસ્તીને કારણે નિકાસ વ્યવસ્થા પર બોજો, જાગૃતિ અભિયાનની અછત, નાગરિક ભાગીદારી સ્વચ્છતા આયોજનમાં મુખ્ય છે. ફરિયાદ નિવારણનું નબળું માળખું, ટેકનોલોજી આધારિત મોનિટરિંગ અમલમાં નથી. આ જ કારણે SSI પહેલ હેઠળ મુન્દ્રા-બારોઈને અમદાવાદ સાથે જોડીને ૧૦૦ દિવસની પાયલોટ કાર્યયોજના શરૂ કરવામાં આવી છે.

રાવ ભોજરાજજીએ સત્તરમી સદીમાં જે પરિસરમાં એક બંદરિયું શહેર વાવ્યું, તેની મૂળમાં દરિયાનો નિશ્ચિત સાથ હતો. આ ધરતી શાહ મુરાદની દરગાહની છાંયામાંથી ઊઠતી સુગંધ, મોહનરાયજીના મંદિરની ઘંટધ્વનિ અને ભાટિયાખોજા વેપારીઓનું આફ્રિકા સુધી પહોંચતું સાહસ જેવી સમૃદ્ધ વાર્તાઓથી ભરેલી છે. ભદ્રેશ્વરના જૈન દેરાં પ્રાચીન અવશેષોની વચ્ચે વીતેલા શતાબ્દીની ગાથા રજુ કરે છે કે આ વિસ્તાર માત્ર બજાર કે બંદર નહોતો, પરંતુ સંસ્કૃતિ, વેપાર અને આધ્યાત્મિકતાએ એકબીજાના ખભા પર હાથ રાખીને ચાલવાનું શીખ્યું હતું.

ઉદ્યોગો, વેપાર અને રોજગારના મામલે મુન્દ્રા દેશના નકશા પર તેજીથી ઊભરતું કેન્દ્ર છે. પરંતુ વિકાસનું સાચું માપદંડ માત્ર ઈમારતો કે ઉદ્યોગો નથી પરંતુ સ્વચ્છતા, વ્યવસ્થા, અને નાગરિકોની જીવન ગુણવત્તા પણ એટલી જ મહત્ત્વની છે. મુન્દ્રા પાસે ઈતિહાસ, સંસ્કૃતિ, વેપાર અને શિક્ષણનો વિશાળ વારસો છે ત્યારે જરૂર આ વિકાસને સ્વચ્છતાની દિશામાં વધુ જવાબદાર બનાવવાની. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## રાહુલ ગાંધીના નેતૃત્વમાં કૉંગ્રેસનું પતન કેમ...

# ઈબ્ન ખલદૂનનું ઈતિહાસ-ચક્ર શું સૂચવે છે?

ઈબ્ન ખલદૂન નામના મધ્યકાલીન આરબ ઈતિહાસકાર અને વિદ્વાને ૧૪મી સદીમાં ‘મુકદ્દિમા’ નામનો એક નોંધપાત્ર ગ્રંથ લખ્યો હતો. તેમાં તેમણે આરબ વિશ્વના તેમના અભ્યાસ પરથી, શક્તિ અને વંશવાદનાં ચક્રોનું ઊંડું વિશ્લેષણ કર્યું હતું. તેમણે નિરીક્ષણ કર્યું હતું કે વંશની પ્રતિષ્ઠા, શક્તિ અને સામૂહિક એકતા (ખલદૂને તેના માટે ‘અસાબીય્યાહ’ નામનો શબ્દ આપ્યો હતો) ચાર પેઢી સુધી ટકી રહે છે, તે પછી તેનો પ્રભાવ કે વિશ્વસનીયતા ઘટવા લાગે છે.

ખલદૂનનો તર્ક - દલીલ એવી છે કે શરૂઆતમાં જે સમૂહમાં ગહન એકતા, ત્યાગ અને સંઘર્ષની ભાવના હોય છે (પ્રથમ પેઢી), સમય સાથે તેનો વૈભવ અને આરામ વધે છે, પરંતુ અસાબીય્યાહ ઘટે છે. અને લગભગ ચોથી પેઢી સુધી તેમાં એવો ઘટાડો થાય છે કે સત્તાનું માળખું વિખરાવા લાગે છે. પછી નવા શાસક અથવા રાજકીય ચક્રનો ઉદય થાય છે.

આ વાતને પરિવારના સંદર્ભમાં જોઈએ તો, એક પિતા તેના સંઘર્ષ અને સમજદારીથી કીર્તિની સ્થાપના કરે છે. તેના પછીની પેઢી એટલે કે સંતાનો, પિતા સાથે નિજી સંપર્કમાં હોય છે અને તેમને પિતાના સંઘર્ષ અને સફળતામાંથી સીધું શીખવાનું મળે છે, પણ એ પિતા કરતાં એક ડગલું નીચે છે, કારણ કે એ સંઘર્ષ કે સફળતા ઉછીની છે, ખુદની નહીં. જેમ એક પુસ્તકમાંથી ડહાપણ શીખવા તો મળે પણ તે ઉછીનું હોય છે, અનુભવનું નહીં. બીજી પેઢી જો કે સફળતાપૂર્વક એ ઉછીની કીર્તિના જોરે તરી જાય છે, પણ તેનાં સંતાનો, એટલે જે ત્રીજી પેઢી પાસે કેવળ અનુકરણ અને પરંપરા જ હોય છે. પહેલી પેઢી (પિતા) સાથે તેનો પ્રત્યક્ષ સંપર્ક નથી, કેવળ વાતો સાંભળી છે. એટલે તે



માન્યતાઓના આધારે એ કીર્તિને જાણે છે અને જીવે છે. બીજી પેઢીથી તે ઔર એક ડગલું નીચે છે. તે એક અંધશ્રદ્ધાળુ ભક્ત છે અને એ ‘ગુરુ’ની વાતોને અનુસરે છે, જેમણે ‘ભગવાન’ જોયેલા છે. ચોથી પેઢી તો આગલી પેઢીથી બધી રીતે ઊતરતી છે. તેને સન્માન તો મળે છે, પણ એ સન્માન ક્યાંથી જન્મ્યું છે કે ક્યા કારણથી મળે છે તેની તેને ખબર નથી. એને લાગે છે કે એ તો એને વારસામાં મળ્યું છે. તે પોતાને એ પરંપરા અથવા કીર્તિનો હકદાર માને છે અને એવું પણ માને છે કે એ આદર્શોને આગળ લઇ જવાની તેની ‘દૈવી’ ફરજ છે.

ખલદૂનના અસાબીય્યાહની આ કહાની ભારતની કૉંગ્રેસ પાર્ટી અને તેના નેતા રાહુલ ગાંધીની કહાનીમાં ફિટ બેસે છે.

કૉંગ્રેસ પાર્ટીનો વંશ ચોથી પેઢીમાં આવીને ખતમ થવા આવ્યો છે. જનતાએ પણ ચોથા હાથમાંથી આવેલી કીર્તિ માટે સન્માન ગુમાવ્યું છે, અને તેની પાસેથી તે નેતૃત્વને લઈ લઈને બીજા નેતા કે વંશજને સોપ્યું છે ખલદૂનની ભાષામાં.

અહીંથી ભાજપ નામના નવા વંશ ચક્રનો ઉદય થયો છે.

કૉંગ્રેસ પાર્ટી, જે સ્વાતંત્ર્ય સંગ્રામ પહેલાંના વૈચારિક મંથનમાંથી ઊભરી હતી, આજે તેના અસ્તિત્વ સામે એક ગંભીર સંકટનો સામનો કરી રહી છે અને ચોથી પેઢીના રૂપમાં રાહુલ ગાંધી તેના આ પતનમાં કેન્દ્રીય ભૂમિકામાં છે. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં થઈ હતી અને તે સ્વાતંત્ર્ય ચળવળમાં સૌથી આગળ રહી. આઝાદીના પછી પણ નહેરુ-ગાંધી પરિવારનો પાર્ટીમાં ઘણો ઊંડો પ્રભાવ રહ્યો. જવાહરલાલ નહેરુ, ઇંદિરા ગાંધી, રાજીવ ગાંધી અને પછી સોનિયા ગાંધી સુધી બધા તેના ભાગ રહ્યા, પરંતુ ઇબ્ન ખલદૂનની દ્રષ્ટિએ જોઈએ તો આ વંશવાદ પ્રથમ પેઢીથી બીજી પેઢી સુધીની યાત્રા જેવી છેઃ એક નવી શક્તિ, મોટી આશા, સામૂહિક ઊર્જા... પરંતુ સમયની સાથે, વૈભવ, આરામ અને શક્તિનું કેન્દ્રીકરણ વધ્યું- અને અસાબીય્યાહ ધીરે-ધીરે નબળું થતું ગયું.

જવાહરલાલ નહેરુની પહેલી પેઢી પાસે સ્વતંત્રતા યુગ, સંઘર્ષ અને આદર્શવાદની તાકાત હતી. ઇન્દિરાની બીજી પેઢી પાસે ઉચ્ચ સત્તા અને રાજકીય દ્રઢતાની મજબૂતાઈ હતી. રાજીવ-સોનિયાની ત્રીજી પેઢી પાસે વૈશ્વિક ઓળખ, સંસદીય રાજનીતિ અને સત્તાનો વૈભવ હતો. આ બધો અસાબીય્યાહ રાહુલ અને પ્રિયંકાની ચોથી પેઢીમાં આવીને ખતમ થઇ ગયો છે. રાહુલ ગાંધી એ ‘ચોથી પેઢી’ના પ્રતીક બન્યા છે, જેના સમય દરમ્યાન પક્ષનું સામૂહિક બંધુત્વ કમજોર થયું છે અને સત્તા સંતુલન, સંગઠનાત્મક મજબૂતી અને જનસંવાદમાં ઘટાડો થયો છે.

કૉંગ્રેસે વર્ષોનાં વર્ષો સુધી મુશ્કેલીઓનો સામનો કર્યો છે. તે માર ખાઈ-ખાઈને તગડા બનેલા મહોમ્મદ અલી જેવી હતી, પણ આજે પાર્ટીની અંદર કોઈ મજબૂત ‘લડાયક ભાવના’ નથી રહી. ૨૦૧૪થી લગાતાર કૉંગ્રેસની લોકચાહના લોકપ્રિયતાનો ગ્રાફ ઘટી રહ્યો છે.

બિહાર તેનું તાજું ઉદાહરણ છે. તેના એક સમયના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે રાહુલ ગાંધીની સમીક્ષા કરતાં લખ્યું છે કે પાર્ટીમાં હવે નિર્ણયો સુરક્ષા ગાર્ડ અથવા પીએ દ્વારા લેવામાં આવે છે, ન કે લોકશાહી પ્રક્રિયાથી.

રાહુલ ગાંધીના નેતૃત્વને ‘વંશવાદ’ની ટીકાનો પણ સતત સામનો કરવો પડ્યો છે. પાર્ટીમાં અન્ય મુખ્ય અને યુવાન નેતાઓનો વિકાસ ઓછો રહ્યો છે, કારણ કે પાર્ટીમાં દરેક બાબતોમાં ગાંધી પરિવારનું પ્રભુત્વ બરકરાર રહ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો કૉંગ્રેસ પાર્ટી એટલી વજનદાર હતી કે હવે તેને જ તેનો ભાર લાગવા માંડ્યો છે.

રાહુલ ગાંધીની ‘ભારત જોડો યાત્રા’ જેવી પ્રવૃત્તિઓ સાચા અર્થમાં જનસંપર્કની પહેલ હતી, પરંતુ તેની અસર પાર્ટીની સ્થાયી પુનર્રચના પર મર્યાદિત રહી. ઇબ્ન ખલદૂનના અનુસાર, જ્યારે વૈભવ વધે છે અને સંઘર્ષની ભાવના ઘટે છે, ત્યારે શક્તિનો સાચો આધાર ધ્વસ્ત થઇ જાય છે. આવી જ કંઇક સ્થિતિ કૉંગ્રેસ સાથે થઇ રહી છે. એ દ્રષ્ટિએ કૉંગ્રેસની સ્થિતિ જોવામાં આવે તો એવું કહેવું કદાચ અતિશયોક્તિ નથી કે પાર્ટી સંગઠનાત્મક ચક્રના અંત તરફ છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં પાર્ટી જનતા અને મતદાતાઓ પરની પકડ ગુમાવી રહી છે, વરિષ્ઠ નેતાઓમાં નારાજગી અને વિદ્રોહ વધી રહ્યા છે, આર્થિક સંસાધનો સંકુચિત થઇ રહ્યાં છે અને સંગઠનાત્મક પુનરુત્થાનની રણનીતિમાં તે નિષ્ફળ જઈ રહી છે.

ઇબ્ન ખલદૂનનું ચિંતન કહે છે કે સત્તાનો ક્ષય સ્વાભાવિક છે, પરંતુ તેનું પુનરુત્થાન પણ શક્ય છે- તેના માટે નવી પેઢીઓ, નવી વિચારધારાઓ અને નવી અસાબીય્યાહની રચના કરવી પડે. ગાંધી પરિવારે બહારના નવા, યુવા અને સક્ષમ નેતાઓને આગળ કરવા પડે. નેતૃત્વમાં લોકતાંત્રિક પ્રક્રિયાઓ મજબૂત કરવી પડે, પાર્ટીને સ્થાનિક સ્તરે લોકો સાથે જોડવી પડે, ચૂંટણીના અર્થતંત્રને પુનઃસ્થાપિત કરવું પડે અને એક સ્પષ્ટ, આધુનિક તેમજ પ્રગતિશીલ વિચારધારા પ્રસ્તુત કરીને યુવા અને મધ્યમ વર્ગને સાથે જોડવો પડે. કૉંગ્રેસનું હાલનું પતન અનિવાર્ય અંત નથી. જો કૉંગ્રેસ પુનરુત્થાનની નીતિ અપનાવે- નવી અસાબીય્યાહ, નવું નેતૃત્વ અને સંસ્થાકીય સુધારા અપનાવે- તો તે ઇતિહાસના આ ચક્રને નવી રીતે ફેરવી શકે છે. નહીં તો, ઇબ્ન ખલદૂનની આગાહી અનુસાર, કૉંગ્રેસ તેની ચાર પેઢીઓનાં વારસામાં પતનનો સામનો કરી શકે છે. ■

ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડ

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# પ્રાઈમરી માર્કેટ પાયો છે તો સેકન્ડરી માર્કેટ છે મકાન...

આપણે ગયા સપ્તાહમાં રોકાણનાં સાધનો વિશે ચર્ચા કરી, જેમાં શૅરબજારની વાત થઈ. આ વખતે આ જ વિષયમાં આગળ વધીએ.

સ્ટોક માર્કેટને ઇક્વિટી માર્કેટ પણ કહેવાય છે, જેમાં જોખમ જરૂર હોય છે. જોકે રોકાણકારોને તેમની આવક વધારવા માટે એ સક્ષમ પણ બનાવે છે. સ્ટોક માર્કેટમાં જાહેર માલિકીના કંપનીઓના શેર્સ સ્ટોક એક્સચેન્જ પર ખરીદી કે વેચી શકાય.

બીજા શબ્દોમાં કહીએ તો શૅરબજાર જાહેર જનતાને ઈક્વિટી શેર્સ મારફત કંપનીના માલિક (તેના શેર્સના પ્રમાણમાં) બનવાની તક ઓફર કરે છે.

મૂડી એકત્ર કરવાની ઈચ્છા ધરાવતી કંપનીઓ માટે સ્ટોક માર્કેટમાં સારી અને સરળ તક મળે છે. કંપનીઓ બૅંકો અથવા નાણાં સંસ્થાઓ પાસેથી ધિરાણ લે તે કરતાં શૅરબજારમાં આઈપીઓ લાવી નાણાં ઊભા કરે એ તેને માટે વ્યાજ વિનાની મૂડી મેળવવા જેવું થાય છે. અલબત્ત, કંપની ડિવિડંડ રૂપે શેરધારકોને વળતર આપે છે. જોકે આ માટે તેને બંધન હોતું નથી. તે વ્યાજના બોજ જેવું ભારે હોતું નથી. કંપની નફો કરે તો ડિવિડંડ આપે યા ન આપે, પણ બૅંકોનું વ્યાજ તો તેણે નફો કે ખોટ હોય, ફરજિયાત ભરવું પડે છે.

શૅર્સની ઓફરથી લઈ લે-વેચના સોદા પ્રાઈમરી માર્કેટ એ છે, જ્યાં સિક્યોરિટીઝ જાહેર જનતાને ઓફર કરી સૌપ્રથમ મૂડી સર્જન કરવામાં આવે છે. આ એક ઓપન સ્ટોક માર્કેટ છે, જ્યાં કંપનીના શેર્સને પહેલીવાર ઓફર કરવાની સાથે વેચવામાં આવે છે, જેથી તેને ‘આઈપીઓ’ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) કહે છે. હાલ આપણે આ સમય અને ઓફરોના પ્રવાહને સતત જોઈ રહ્યા છીએ. આઈપીઓ બાદ શૅર બજારમાં લિસ્ટેડ થાય છે, જ્યાં તેમાં લે-વેચ થાય છે, જેથી તેને સેકન્ડરી માર્કેટ કહેવાય છે. સેકન્ડરી માર્કેટમાં રોકાણકારો શેરદલાલ કે પેટાદલાલ મારફત સ્ટોક્સમાં લે-વેચના સોદા કરી શકે રોકાણ કરી શકે છે,.

### રોકાણકાર શેરધારક બને છે

કંપનીઓ પોતાના ભાવિ પ્રોજેક્ટો માટે નાણાં એકત્ર કરવાના ઈરાદાથી શેર્સ ઈશ્યૂ કરે છે. આ ઉપરાંત કંપનીના માલિક કંપનીમાંથી પોતાનો હિસ્સો છૂટો કરે એ પ્રક્રિયા દરમિયાન પણ કંપની શેર્સ ઈશ્યુ કરી શકે છે. ભવિષ્યમાં કંપનીને થનારા લાભને



પ્રાપ્ત કરવાની ગણતરી સાથે આ શેર્સને રોકાણકારો દ્વારા ખરીદવામાં આવે છે. ડિવિડંડના રૂપે નફો થઈ શકે છે તેમ જ જ્યારે શેર્સનો ભાવ વધે ત્યારે રોકાણકારો શેર્સનું વેચાણ કરી કેપિટલ ગેઈન રૂપે પણ નફો પ્રાપ્ત કરી શકે છે. આ શેર્સના રોકાણની પ્રક્રિયા કઈ રીતે કામ કરે છે એ સમજવા માટે ઉદાહરણનો ઉપયોગ કરીએ , જેમકે કોઈ કંપનીને પોતાના વેપારના વિકાસ માટે દસ કરોડ રૂપિયાની મૂડીની જરૂર છે. કંપની પાસે ભંડોળ એકત્ર કરવાના બે વિકલ્પ છે.

એક તો તે બૅંક પાસેથી વ્યાજે નાણાં ઉછીનાં લે અથવા તો તે તેના મિત્ર અને પરિવાર પાસેથી નાણાં એકત્ર કરે. આમાં જે નાણાં આપવા-રોકવા તૈયાર થયા એમને કંપનીમાં શેરધારકો બનાવાયા. આ લોકો શેરધારકો બનતા કંપનીને વ્યાજની ચુકવણીની જવાબદારીમાંથી મુકિત રહે છે. જયારે આમાંથી કોઈને પોતાના નાણાંની જરૂર પડે

તો તેણે બીજા શેરધારક અથવા નવા રોકાણકારોને એ શેરો વેચી શકે છે, જેમાં તેને ખરીદી કરતા ઊંચો ભાવ મળે છે, કારણ કે હવે કંપની વિસ્તરણને લીધે બહેતર સંજોગોમાં આવી હતી. આ મિત્રોની વાત જાહેર જનતાને સમાન રીતે લાગુ પડે.

કંપનીના શૅર જયારે લિસ્ટેડ થાય ત્યારે આ જ રીતે શેરધારકો શેર વેચીને છુટા થઈ શકે, જેમાં નફો કે નુકસાન એ સમયના ભાવ મુજબ થઈ શકે. ડિવિડંડ નહીં તો વૃદ્ધિ અહીં કંપનીના શૅર પર ડિવિડંડ ન મળે તો પણ બજારમાં ભાવ વૃધ્ધિનો લાભ મળવાની શકયતા હોય છે, જે કંપનીની કામગીરી પર આધાર રાખે છે. જો સ્ટોક માર્કેટમાં રોકાણ આટલું સરળ અને લાભદાયી હોય તો શા માટે આપણે બધા સ્ટોકમાં રોકાણ કરતા નથી? કારણ કે સ્ટોક માર્કેટમાં વળતરની ગેરેન્ટી હોતી નથી. અમુક લિસ્ટેડ કંપનીઓ ડિવિડંડની જાહેરાત કરે છે, જ્યારે અમુક કંપનીઓ જાહેરાત કરતી નથી. કંપનીઓ પર ડિવિડંડની ચુકવણી કરવાનું બંધન હોતું નથી. સ્ટોકના ભાવ વધે ત્યારે તમને તે મારફતે પ્રોફિટ થઈ શકે છે પણ જો કંપની દેવાળું ફૂંકે તો તમારા સ્ટોકની કંઈ કિંમત ન રહે એવું પણ બની શકે. સ્ટોક માર્કેટમાં રોકાણ માટેનું સૂત્ર એ જ છે કે જેટલું વધુ જોખમ, રોકાણ પર એટલું વધુ વળતર, પરંતુ આ જોખમ એટલે વળતર જ એવું પાકકું કે નિશ્ચિત હોતું નથી.

### પાયાની જરૂરિયાત

કેપિટલ માર્કેટના રોકાણકાર બનવા માટે સૌપ્રથમ પેન કાર્ડ, બૅન્ક એકાઉન્ટ અને ડિમેટ એકાઉન્ટ આવશ્યક છે. ત્યાર બાદનું પગલું ‘સેબી’ રજિસ્ટર્ડ બ્રોકરને પસંદ કરવાનું અને કેવાયસી ફોર્મ ભરવાનું તેમ જ બ્રોકર-ક્લાયન્ટ એગ્રીમેન્ટ કરવાનું છે. એ પછી બ્રોકર યુનિક ક્લાયન્ટ આઈડી ફાળવે છે, જે રોકાણકારની આઈડી-ઓળખ તરીકે કામ કરે છે. ત્યાર બાદ સિક્યુરિટીઝના ખરીદ-વેચાણના સોદા કરી શકાય છે.

બ્રોકર ઈક્વિટી, ડેટ, ડેરિવેટિવ્સ પ્રોડક્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ, આઈપીઓ વગેરેના ખરીદી/વેચાણ જેવી વિવિધ સેવાઓ ઓફર કરે છે. ઘણી બૅન્ક પણ ઈક્વિટી, ડેટ, ડેરિવેટિવ્સ પ્રોડક્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ, આઈપીઓ વગેરેના ખરીદી/વેચાણ માટે ફિઝિકલી તેમ જ તેમની વેબસાઈટ મારફતે સુવિધાઓ ઓફર કરે છે. આ સરળ વ્યવસ્થા અને માર્ગને સમજયા બાદ અભ્યાસ અને ધીરજ રોકાણકારોને સંપત્તિસર્જનના માર્ગે લઈ જઈ શકે છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# કૈલાશ પર્વતની ભૌગોલિક રચના ને રહસ્યમયતા છે અદ્‌ભુત

**પવિત્ર,** અદ્‌ભુત અને આસ્થાના એવરેસ્ટ સમાન કૈલાશ પર્વતનાં વધુ રહસ્યો અચંબિત કરી નાખે એવા છે.

કૈલાશ પર્વતને ધરતીનું કેન્દ્ર કહેવાય છે. એની એક તરફ દક્ષિણ ધ્રુવ ને બીજી બાજુ ઉત્તર ધ્રુવ છે. આ બેઉંની વચ્ચે હિમાલય આવેલો છે. વિજ્ઞાનીઓના મતાનુસાર કૈલાશ પર્વત પૃથ્વીનું કેન્દ્ર છે. યોગાનુયોગ તો જુઓ કે ચાર મુખ્ય ધર્મ હિન્દુ, જૈન, બૌદ્ધ અને શીખ ધર્મમાં ય આનું અદેકરું મહત્ત્વ ગણાય છે. કૈલાશ પર્વત વિશેની અન્ય માન્યતા પણ રસપ્રદ છે. આને એવું અલૌકિક કેન્દ્ર ગણાવાય છે કે જ્યાં દશેય દિશા મળે છે. આને વિજ્ઞાનીઓ ‘એક્સિસ મુંડી’ (પૃથ્વીની નાભિ કે ધરી) કહે છે, તો અમુક એને ભૌગોલિક ધ્રુવ પણ ગણાવે છે. વળી રશિયન વિજ્ઞાનીઓના મત મુજબ તો જ્યાં સુપર નેચરલ કે અલૌકિક શક્તિનો પ્રવાહ હોય અને જ્યાં તમે એનો સંપર્ક કરી શકો એ સ્થળ એટલે ‘એક્સિસ મુંડી’.

કૈલાશ પર્વતનો આકાર એક અતિ વિશાળ પિરામિડ જેવો દેખાય છે, જે ૧૦૦ નાના-નાના પિરામિડ્ઝની વચ્ચે છે. કદાચ એટલે જ આજે ય, આટઆટલી સુવિધા છતાં, કૈલાશ પર્વત અજેય છે. અહીં આજ સુધી કોઈ પર્વતારોહક ચઢાણ કરી શક્યું નથી. જો કે આજકાલ તો અહીં પર્વતારોહણ પર પ્રતિબંધ છે.

ઈતિહાસમાં ખાંખાખોળા કરતાં ૧૧મી સદીમાં તિબેટના બૌદ્ધ સાધુ મિલારેપાએ કૈલાશ પર્વત સર કર્યાનો ઉલ્લેખ મળે છે. આ મિલારેપા અત્યંત સિદ્ધ યોગી, રહસ્યવાદી, કવિ અને સંત હતા. એકદમ સહજ રીતે આધ્યાત્મિક કવિતા અને ગીતો માટે તેઓ આજેય જાણીતા છે. એમનું આ સર્જન ‘ધ હન્ડ્રેડ થાઉઝંડ ઑફ મિલારેપા’માં ગ્રંથસ્થ છે. જો કે મિલારેપા જેવા આધ્યાત્મિક સંત કૈલાશ પર્વત સર કરવા વિશે નથી કાઈ બોલ્યા કે નથી કંઈ લખ્યું એ આશ્ચર્યજનક જ ગણાય ને?

કૈલાશની વિશિષ્ટતા ગણાવતા થાકી જવાય એમ છે. અહીં બે સરોવર છે. માનસરોવર અને રાક્ષસ તળાવ. માન સરોવર વિશ્વભરમાં શુદ્ધ પાણી આપતું શ્રેષ્ઠતમ તળાવ



છે, જેનો આકાર સૂર્ય જેવો છે. રાક્ષસ સરોવર ખારા પાણીનું શ્રેષ્ઠતમ સ્થળ ને આકાર ચંદ્ર જેવો! આ બંનેનો સંબંધ સકારાત્મક અને નકારાત્મક ઊર્જા સાથે જોડાયેલો છે. માનસરોવરની આસપાસ કાયમ ઓમ અને ડમરુંના અવાજ સંભળાય છે. આજ સુધી કોઈ જાણી શક્યું નથી કે આ બંને સરોવર કુદરતી રીતે બન્યા છે કે માનવસર્જિત છે? આટલું જ નહીં કૈલાશ પર્વત જ ચાર મહાન નદીઓનું ઉદ્‌ગમ સ્થાન છે. આ નદીઓ છે બ્રહ્મપુત્ર, સિંધુ, સતલજ અને કરનાલી. અને આ નદીઓમાંથી જ નીકળે છે ગંગા, સરસ્વતી સહિતની નદીઓ.

કૈલાશ પર્વતની ચારે દિશામાં જાનવર-પંખીના મુખ દેખાય છે. જે નદીઓના ઉદ્‌ગમ કેન્દ્ર છે. પૂર્વમાં અશ્વ, પશ્ચિમમાં હાથી, ઉત્તરમાં સિંહ અને દક્ષિણમાં મોર છે.

કૈલાશ પર્વતની આસપાસના વાતાવરણનો અભ્યાસ કરી ચુકેલા રશિયન વિજ્ઞાનીઓ તિબેટના મંદિરના ધર્મગુરુઓને મળ્યા હતા. આ ધર્મગુરુઓએ જણાવ્યું હતું કે કૈલાશ પર્વતની ચારેય તરફ અલૌકિક શક્તિનો પ્રવાહ હોય છે. એની અંદર આજે ય તપસ્વીઓ આધ્યાત્મિક ગુરુઓ સાથે ટેલિપથીથી સંપર્ક કરી શકે છે.

એક દાવો તો એવો ય છે કે કૈલાશ પર્વત ઉપરના આકાશમાં સાત જાતના પ્રકાશ દેખાય છે. નાસાના વિજ્ઞાનીઓના મતાનુસાર આ વિસ્તારની ચુંબકીય અસરને પ્રતાપે આ રંગબેરંગી લાઈટ દેખાય છે.

કૈલાશ પર્વતને સર કરવાનો ૨૦મી સદીના અંતનો એક અનુભવ જાણવા લાયક છે. બ્રિટિશ પર્વતારોહક હગ રુ રુટલેજ અને કર્નલ આર. સી. વિલ્સને આ પર્વત પર પહેલો પ્રવાસ હાથ ધર્યો હતો. બંનેએ અલગ રૂટ-માર્ગ પસંદ કર્યા હતા. બેઉં અઘરા રસ્તા અને આકરા હવામાન વચ્ચે આગળ વધતા હતા, ત્યાં અત્યંત-અસહ્ય ઠંડી અને અનહદ બરફ વર્ષાને લીધે પાછા ફર્યા હતા.

આ ઘટનાના થોડાં વર્ષો બાદ ઓસ્ટ્રેલિયન ભૂસ્તરશાસ્ત્રી અને જાણીતા પર્વતારોહક હર્બર્ટ ટિચીએ કૈલાશ સર કરવાની મંજૂરી માગી તો શું જવાબ મળ્યો? ‘માત્ર સંપૂર્ણપણે પાપ-મુક્ત માનવી જ કૈલાશ પર્વતને સર કરી શકે અને આવો કોઈ માનવી પૃથ્વી પર નથી.’

ભગવાન શંકર, માતા પાર્વતી, એમનાં સંતાનો અને નન્દીના ઘર ગણાતા કૈલાશ પર્વત ન જાણે કેટકેટલી શક્તિ અને ભેદ છુપાવીને બેઠો છે. આજની તારીખે કાળા માથાનો કોઈ માનવી કે તેણે વિકસાવેલી ટેક્‌નિક કંઈ જ કરી શકે એમ નથી.

(સંપૂર્ણ) ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત

feedback@bombaysamachar.com

# આગવી કેડી કંડારી રહેલા શાયર દિનેશ ડોંગરે

આપણે પરંપરાના શાયરોની વાત કરી, હજુ મોટા ગજાના પરંપરાના શાયરોની ચોખટ પર પહોંચવાનું બાકી છે. સ્વતંત્ર ભારતમાં જન્મેલા અનેક સક્ષમ શાયરોની વાત કરીએ ત્યારે જે થોડાંક અગ્રગણ્ય નામો છે તેમાં દિનેશ ડોંગરે ‘નાદાન’નું નામ બહુ મહત્ત્વનું છે. માતૃભાષા મરાઠી, રાજયની ભાષા ગુજરાતી અને રાષ્ટ્રભાષા હિન્દીમાં શ્વાસ ભરતા આ શાયરનું વ્યકિતત્વ બહુ આયામી છે. એ ગુજરાતીમાં વિચારે છે અને ગુજરાતી ગઝલ અવતારે છે. ઉર્દૂ-હિન્દીના અનેક મોટાગજાના શાયરોના કલામ તેઓ જીવી રહ્યા છે એટલે હિન્દીમાં પણ એક સંગ્રહ આપે છે.



આ શાયરનો જન્મ વડોદરામાં થયો હતો આખું નામ છે દિનેશ વાસુદેવ ડોંગરે ઉપનામ છે. ‘નાદાન’ એમની જન્મ તારીખ છે ૨૧ ઑગસ્ટ, ૧૯૫૯, વડોદરા જન્મભૂમિ અને કર્મભૂમિ. વ્યવસાયે તેઓ એડવોકેટ છે. ગઝલમાં એમણે તર્કના કોયડાઓ તોડી નાખ્યા છે અને સરળ, સુગમ અને ભાવવાહી ગઝલોનો એક આખો ફાલ આપ્યો છે. એમના ગઝલ સંગ્રહોમાં ‘પ્રતીક્ષા’, ‘તડપ’, ‘થીજી ગયેલી ક્ષણ’, ‘અર્થ’, ‘થોડીવાર તો લાગેને’, ‘હજી હું ત્યાં જ ઊભો છું’ અને હિન્દી ગઝલ સંગ્રહ ‘સાગર ભી હૈ તુફાન ભી’, પોતાના સંગ્રહો તો સૌ કરે પણ બીજાનાં કાવ્યોને જનતા સુધી પહોંચાડવાનું કાર્ય મુશ્કેલ છે. દિનેશ ડોંગરે આ કામ સુપેરે કરે છે. બીજા કવિમિત્રો સાથે મળીને પાંચેક સંપાદનો કર્યા છે. દિનેશભાઈના ત્રીજા સંગ્રહ ‘થીજી ગયેલી ક્ષણ’ની પ્રસ્તાવનામાં સુરતના કવિ રવીન્દ્ર પારેખ લખે છે કે ‘પરંપરા સાથેનું’ અનુસંધાન જાળવીને દિનેશ ડોંગરે ‘નાદાન’ આગવી કેડી કંડારવા મથે છે તે કેટલાક નોખા પડતા શે’રો પરથી જણાય છે.’ આજની ગઝલને એસેમ્બલ કરનારા શાયરાઓની ખબર લઈ નાંખતા પારેખ સાહેબ કહે છે કે ‘ગઝલ આર્ટ નથી, પ્રોડ્કટ છે અને એનું માર્કેટિંગ કરનારા શાયરો, બાયરો અને લાયરો, કાયરોની કમી નથી. એવામાં આવી પંક્તિઓ સંભળાય છે ત્યારે કાનના અને આંખના નંબરો ઘટવાની આશા બંધાય છે. ‘નાદાન’ના થોડા નોખા પડતા આ શે’ર જુઓ:’

**એની મેળે થૈ ગયું સાકાર એ**
**મારું સપનુંએ સ્વયં પગભર હતું**
**અજીબો ગરીબ એમ અફવાઓ ઊડતી**
**હથેળીથી જાણે ઊડે છે તમાકુ**

*** *** ***

**ખાઈને થાપ તોય રહેવું પડે છે ચૂપ,**
**માણસથી ઢોલ જેમ ક્યાં વાગી શકાય છે?**

*** *** ***

**લાગણી કંઈ એ રીતે ઊભરાય છે વરસાદમાં,**
***જેમ કોઈ નગ્ન બાળક નહાય છે વરસાદમાં***

‘હજી હું ત્યાં જ ઊભો છું’ ગઝલ સંગ્રહની પ્રસ્તાવનામાં આપણા બહુશ્રુત સાક્ષર પ્રવીણ દરજી કહે છે: ‘નાદાન’નો સ્થાયી ભાવ ‘ઉદાસી’નો રહ્યો છે.

‘નાદાન’ સમથળ ભૂમિ પર ડગ માંડનાર કવિ છે, તેઓ પ્રેમ, વિરહ સાથે સામાજિક નિસ્બત સાથે વ્યક્તિ અને વિશ્વને તાકે છે. એમની ભાષા વ્યવહારની છે.’

‘પ્રતીક્ષા’ ગઝલ સંગ્રહની પ્રસ્તાવનામાં સાહિત્યકાર હરીશ વટાવવાળા નોંધે છે: સાંપ્રત ગઝલોમાં માત્ર છંદ-પ્રયોગ, શબ્દ ચમત્કૃતિ કે વિષય નાવીન્યથી ભાવકને આંજી નાખવાની વૃત્તિ જોવા મળે છે. ‘નાદાન’ની ગઝલોમાં વિષય નાવીન્ય, કલ્પન-પ્રતીકનાવીન્ય સાથે સાથે સર્જનનાવીન્ય જરૂર છે, પણ પ્રયોગ નથી... આ કવિ પંરપરામાં રહીને પણ અનુભૂતિક્ષમ નવ્યસર્જન કરી શક્યો છે... કવિને તો ગઝલ અને તેના તગઝ્ઝુલમાં રસ છે અને એ જ તો સર્જકની સર્જન ચેતના છે.

સાકારોએ અને વિદ્વાન કવિમિત્રોએ આ કવિના વિવિધ લક્ષી સર્જનની સરાહના કરી છે. આપણા અગ્રગણ્ય શાયર રાજેશ વ્યાસ ‘મિસ્કીન’ કહે છે કે.

ગઝલકાર દિનેશ ડોંગરેના ‘અર્થ’ નામનો ચોથો ગઝલસંગ્રહ છે. અર્થ ઘણી દૃષ્ટિએ અર્થસૂચક છે ગઝલને પામવાની દિશામાં તેઓ નિષ્ઠાભર્યા પ્રવાસી છે.’

અગ્રગણ્ય શાયર એસ.એસ. રાહીએ કહ્યું છે કે ‘ગઝલના સ્વરૂપ સાથે નાદાનને કેવો અતૂટ નાતો બંધાઈ ગયો છે તેની રમ્ય પ્રતીતિ કરાવતા મતલાના શે’રનું આચમન કરીએ:’

***એક પંખી ડાળ છોડી જાય છે***
***ઝાડ આખું તે પછી સોરાય છે***

*** *** ***

***હો ખરાની શોધ ને ખોટો જડે***
***હું તને શોધું અને ફોટો જડે***

*** *** ***

ફૂલની સાથે બગાવત રાખે છે
ખુશ્બૂ પણ કેવી અદાવત રાખે છે

ગુજરાતી-ઉર્દૂના આગેવાન શાયર રશીદ મીર કહે છે કે ‘આપણી નવી પેઢીના ગઝલકારોમાં વડોદરાના દિનેશ ડોંગરે ‘નાદાન’ પોતાની આગવી સૂઝ સાથે ગઝલો લખે છે.’ કવિના થોડાક શેરનો મીરસાહેબે આસ્વાદ કરાવ્યો છે. એમને ગમેલા શે’ર આ પ્રમાણે છે:

***જિંદગીનો મર્મ બીજો હોય શું?***
***કોઈ માટે ટળવળે તો ધન્ય છે.***

*** *** ***

***બંધ પરબીડિયા સમું છે જીવતર,***
***ક્યાં ઉકેલી શકયા છીએ આપણે?***

*** *** ***

***આ અચાનક શ્વાસનું અટકી જવું***
***જિંદગીનું માત્ર ભાષાંતર હતું***

*** *** ***

***હા, ક્ષણેક્ષણ જીવન સટોસટની રમત,***
***શ્વાસ લેવાનું કંઈ સહેલું નથી***

*** *** ***

***લાંબી સફરનો થાક છે ઉતારવો ઘટે***
***જેને કહે છે મોત તું એ તો પડાવ છે.***

*** *** ***

***એ મૂડી છે આવનારા જન્મની***
***ખૂબ મોંઘેરું મરણ છે સાચવો***

*** *** ***

***જીવવાનો ધ્યેય છે આખર સુધી***
***હા, ઉછીના શ્વાસ ઉપર જીવશું***

*** *** ***

તમારી ગઝલસર્જનની ક્ષણો કેવી હોય છે તેવા પ્રશ્નના ઉત્તરમાં તેઓ લખે છે: ‘મારી ગઝલસર્જનની પ્રક્રિયા મારા જીવાતા જીવન સાથે સંકળાયેલી છે. ગઝલ લેખન માટે કોઈ વિશિષ્ટ સમય, સ્થળ કે વાતાવરણ મને જરૂરી નથી લાગતું. મને ગઝલ સ્ફૂરે ત્યારે લખું છું. મારી ગઝલ એજ મારું જીવન છે. હું કદાચ મારી ગઝલથી પૃથક નથી હોતો. મારા નિજી અનુભવો, આવેગો અને આજુબાજુ ઘટતી ઘટનાઓ મારા ગઝલસર્જનનું મૂળ સ્રોત છે તેમ જ પ્રેરકબળ છે. શાયરના કેટલાક અર્થસભર, રસસભર અને ભાવવાહી શે’રનું અવગાહન કરીએ:

***આયના તૂટી ગયા ને બિંબ તરડાઈ ગયાં***
***એકમાં છે કેટલા ચહેરાઓ, પરખાઈ ગયા***

*** *** ***

***હોઠ ના ખૂલે છતાંયે આંખ ને ચહેરા ઉપર,***
***વેદના વંચાય ને, ત્યારે ગઝલ સર્જાય છે***

*** *** ***

***આજ એનું આગમન નક્કી થવાનું,***
***જાણીતો સંભળાય પગરવ ઊંબરા પર***

*** *** ***

***બધી લાગણીઓ બજારે મૂકી પણ***
***થશે કોણ લેવાલ સમજી શકયા ના***

*** *** ***

***ડાળે ડાળે એક શિકારી બેઠો છે***
***ફૂલોને પણ ખરવા જેવું લાગે છે***

*** *** ***

***હું લખું છું રોજ મારા ભાગ્યને***
***રોજ આવી કોઈ ભૂંસી જાય છે***

*** *** ***

***એની પાસેથી વધુ શું માગવું ?***
***શ્વાસ પણ દે છે સજાના રૂપમાં.***

*** *** ***

***શકય છે કે એ જ એનો હો ઈલાજ***
***મેં વ્યથા તેથી વધારી જોઈ છે***

*** *** ***

***એકમાર્ગી થઈ ગયા મનના વિચારો***
***કોઈ બેઠું છે હૃદયને આંતરીને***

*** *** ***

***મોત પણ ‘નાદાન’ ઘૂંટણિયે પડે***
***જિંદગી માથા ફરેલી જોઈએ.***

*** *** ***

***એ ય સહભાગી હતા મારા પતનમાં***
***હાથ જેઓના ઊઠ્યા આજે દુવામાં***

*** *** ***

***રોશની બસ રોશની ચારે તરફ છે બહાર પણ***
***માહ્યલોએ ઝળહળે ત્યારે દિવાળી થાય છે***

■

મિજાજ મસ્તી

સંજય છેલ

feedback@bombaysamachar.com

# પૈણવું તો પડશે જ... લગ્ન-લહેરપાણી ને લોકશાહી

***ટાઇટલ્સ:***
***લગ્નનાં ચાંદલા પર જી.એસ.ટી. લાગે? (છેલવાણી)***

એક માએ ગામનાં વડીલને કહ્યું, ‘મારો દીકરો ૪૫ વરસે ય કુંવારો છે. ૪૦ની કોઇ કન્યા શોધી આપોને!’

‘૨૦-૨૦ ની ૨ ચાલશે?’, વડીલે પૂછ્યું.

‘મને ચાલશે!’, પરણવા માટે પાગલ દીકરાએ કહ્યું!

આ સાંભળતાં જ માએ લાકડી વડે બેઉને ઘરની બહાર કાઢી મૂક્યાં.

લગનમાં ભલભલાં લોજિક ગુમાવી દે છે. ભારતમાં ચૂંટણીની મોસમ ભલે દર ૫ વરસે આવે પણ શાદીની મોસમ દર વરસે આવે છે. અમુક વર્ષ પહેલા રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી થવાની હતી પણ એ જ દિવસે દેવઊઠી અગિયારસ હોવાથી રાજ્યમાં લાખો લગ્ન થવાના છે એવી ખબર પડી. લોકોનું ‘લગનમાં જવું કે વોટ આપવા જવું?’ એવી દુવિધાથી વોટિંગની વાટ લાગી જશે- એવું દરેક રાજકીય પાર્ટીને લાગ્યું અને તમામ પાર્ટીએ આમાં ગજબની એકતા દેખાડેલી અને મંડપવાળાં-કેટરિંગવાળાં સાથે જઇને ઈલેક્શન કમિશનને સમજાવ્યું અને પછી લગ્ન સામે લોકશાહી બચાવવા, ચૂંટણીની તારીખ બદલાવી નાખેલી! દેશમાં ફિલ્મ હોય, સાહિત્ય હોય, રાજકારણ હોય કે લોકશાહી હોય, લગ્નની બધા પર એકસરખી પકડ છે.


લગન-લીલાથી અબાલ-વૃદ્ધ. કોઇ બચ્યું નથી. દિલ્હી ની ‘નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા’નો સફળ અભિનેતા-નાટ્યકાર અને ‘બેંડિટ ક્વીન’ કે ’જાને ભી દો યારોં’ જેવી ફિલ્મના લેખક રણજીત કપૂર લગ્નની બાબતમાં હંમેશાં વધારે પડતા ઉત્સાહી. ૬૦ વરસે રણજિતજીએ, પોતાની દીકરીની જ ૨૨ વરસની જુવાન ફ્રેન્ડને પટાવી અને મંદિરમાં ગાંધર્વ-લગ્ન કરવા પહોંચી ગયા. એમની પત્નીને ખબર પડી તો એમણે મંદિરમાં હંગામો કરીને લગ્ન અટકાવ્યાં. ત્યારે દુ:ખી રણજીતજીએ મિત્રોને ફરિયાદ કરતાં કહ્યું, ‘વો ઔરત (પત્ની) મેરા સુખ કભી હી નહીં દેખ સકતી!’

કદાચ લગ્ન એ એકમાત્ર એવું સુખ છે, જે સૌને જોઇએ છે, જે કોઇને સમજાતું નથી ને એમાંથી કોઇ બાકાત નથી. ‘વિવાહ’ નામનાં વાઇરલથી લોકો સદા પીડિત છે. ‘જય જય ગરવી ગુજરાત’ ગીત લખનાર, કવિ નર્મદના સમકાલીન નવલરામ નામના ગુજરાતી લેખકે છેક ૧૮૭૯માં ‘લગન-ઘેલછા’ પર ‘નાતવરા ને વરઘોડો’ નામનો તેજાબી નિબંધ લખેલો જે ત્યારની ભાષામાં વાંચો:

***‘આપણે ત્યાં નાતવરા અને વરઘોડાના ખર્ચ કરવાને માટે પોતાની આખી જિંદગી દુ:ખમાં અને કંગાલીઅતમાં ગુજારે છે. આખી જિંદગી પેટ બાળે છે, ચીંથરેહાલ ફરે છે, ધિક્કારવા લાયક કરકસર કરે છે, સંસારમાં સુખ શું છે તે તરફ આડી નજરે પણ જોતો નથી અને એટલાથી પણ ન ધરાતાં અનેક કાળાંધોળાં કરે છે, ઇશ્વરનો ચોર થાય છે, લોકમાં બેઆબરૂ થાય છે. પણ નાત જમાડવામાં અને વરઘોડા કાઢવામાં પોતે લખલૂટ ખર્ચ કરી શકે ખરો!’***

***ઇન્ટરવલ:***
***‘પબ્લિક કી દુઆએં લેતી જા,***
***જા, તુઝ કો અચ્છી સરકાર મિલે.***
***(સાહિરની માફી સાથે)***

લેખક નવલરામનો ત્યારનો ગુસ્સો આજે પણ ભર બપોરે, રોડ પર ભારી કપડાંમાં ‘નાગીન ડાંસ ’ કરનારાં આપણાં સૌ પર ફિટ થતો લાગે છે:



‘જેમ ખેતી કરવા બળદને સરજ્યો છે તેમ જાણે માણસને નાત-વરાં કરવા અને ઢોલ વગડાવવા સારું જ પરમેશ્વરે સરજ્યો હોય એમ વર્તે છે!’

જાતે એક પાઇનું શાક ન ખાય, ભૂખે મરતાને મોઢે એક દાણો ન નાંખે ને પોતાનો એકનો એક છોકરો મરવા પડ્યો હોય તો પણ વૈદને એક રૂપિયો ન આપે, તે માણસ હજારોને (જમણવારની) ઉજાણી આપવામાં અને વરઘોડા કાઢવામાં જનમની કમાઇ ઉડાવી દે, તેને શું કહેવું સૂઝતું નથી!

જીંદગીમાં બેચાર ટાણે ફૂલણજી થઇ ફરવા આખી જિંદગી દુઃખ વેઠવું એના જેવી ગાંડાઇ કઇ?

વળી આ લેખ માટે ત્યારના સમાજમાં નવલરામનો બહુ જ વિરોધ થયેલો કે ‘લગ્ન જેવા પવિત્ર કર્મની ટીકા કઇ રીતે થઈ શકે?’ અને હા, છેક ૧૮૭૯માં દુકાળના સમયમાં પણ આપણાં લોકો મેરેજમાં મહાલવામાંથી ઊંચા નહોતા આવતા! વાંચો, દુકાળમાં પણ આપણી પ્રજાની લગન-લીલા:

***૧૮૭૬ના વરસથી આપણા ગુજરાત પ્રાંતમાં ભારે મોંઘવારી છે અને ગયા વરસથી તો દુકાળ છે. હજારો માણસનાં ટોળાં ભૂખનાં માર્યાં ગામે ગામ રખડે છે, દુર્બળ અને રોગિષ્ઠ શરીર જોઇને કંપારી છૂટે છે, ભૂખમરાથી લોકો છડેચોક લૂંટફાટ કરવા નીકળી પડ્યા છે. પણ બીજી તરફ સુરત, અમદાવાદ જેવાં શહેરોમાં કે નાનામાં નાના ગામડામાં પણ લગનગાળાનો ખર્ચો થતા જોઇએ છીએ, ત્યારે થાય કે દુકાળનો પોકાર બિલકુલ ખોટો છે? વરઘોડાનો શો ઠાઠ! રોશનીનો શો ભભકો! બગ્ગીઓ અને ઘોડાઓના સોનેરી રૂપેરી સાજનો શો અજબ ચળકાટ! લગનમાં જમણ પણ કેવાં! ઘેબર ને ખાજાં, જલેબી ને લાડવા, પાંચે પકવાન, સાતે પકવાન, બાસુંદી-પૂરી, શિખંડ-પૂરી, બરફી-પૂરી ને ઉપર બિરંજ ને દૂધ! શાક તરકારી અને ભજિયાની તો આટલી બધી જુક્તિ કે પત્રાળી પણ હાલ નાની ગણાય છે, અને આ પ્રમાણે જમાડનારાં ઉદાર પુરુષ શેરીએ શેરીએ અને ઘેરઘેર દેખાય છે. એક સૂકા રોટલાને માટે માણસો ટળવળી મરે છે તે વેળા તેની સામે નજર ન કરતાં જે આવા જમણવારોમાં પૈસા ખર્ચી નાખે છે તે કેવા નિર્દય અને દુષ્ટ જાણવા! આ તો મુડદાંનાં માથાં ઉપર બેસીને ઉજાણી કરવા જેવું રાક્ષસી કર્મ છે. જે પૈસા નોધારાંને જીવાડવા સારું વાપરવા જોઇએ તે પૈસાના નાતવરા જમવા એ તેમનાં લોહી તથા માંસ ખાવા બરોબર છે. જમનાર ને જમાડનાર બન્ને દુષ્ટ તથા પાપી ઠરે છે.***

લગન-ઝનૂન માટે વ્યંગકાર શરદ જોશી સાચું જ કહે છે:

લગ્ન કરવા નીકળેલો માણસ કોઈની યે સલાહ માનતો નથી. પોતાના સગા આત્માની પણ નહીં. લગ્નની ઘેલછામાં એ લગભગ હિપ્નોટાઈઝ જેવો જ થઈ ગયો હોય છે.

શું તમે પણ તમારા લગ્નનું આલ્બમ ચેક કરવા બેસી ગયા ?!

એંડ-ટાઇટલ્સ:
આદમ: પરણવું છે?
ઇવ: ના, જીવવું છે!


■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ

feedback@bombaysamachar.com

# ડિજિટલ લિટરસી: સમજ-સુરક્ષા ને સ્વીકૃતિ



દુનિયાના તમામ માણસ ઓછા વત્તા અંશે મોબાઈલ ફોન કે કોઈ સ્માર્ટ ડિવાઈસનો ઉપયોગ કરે છે. ગ્લોબલ પોપ્યુલેશન કરતાં ઉપયોગમાં લેવાતા એકથી વધારે ડિવાઈસની સંખ્યા અબજોમાં છે.

ઓસ્ટ્રેલિયાની એક યુનિવર્સિટીએ જુદા-જુદા સ્માર્ટ ડિવાઈસ પર કરેલા સર્વેનું આ તારણ છે કે દુનિયાના દેશની કુલ વસતિના જ્યાં ૭૦ ટકા લોકો સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે એવામાં ભારતમાં સ્માર્ટફોન યુઝર્સ ૧૪૦ ટકા છે. ઈન્ટરનેટ કનેક્ટિવિટીવાળા ફોનની ટકાવારી ૮૫ છે, જે નિયમિતપણે જે તે ટેલિકોમ કંપની પાસેથી રીચાર્જ કરાવીને દેશ-દુનિયા સાથે કનેક્ટેડ રહે છે.

આ તમામ ટકાવારી કરતાં ઓસ્ટ્રેલિયા થોડું અલગ દિશામાં ચાલે છે. અહીં ૧૮ વર્ષ સુધીના કોઈ પણ ટીનએજને મોબાઈલનો કે બીજા કોઈ ઈન્ટરનેટ કનેક્ટેડ સ્માર્ટફોનનો ઉપયોગ કરવો હોય તો વાલીઓ અને સરકાર બન્ને પાસેથી લેખિત મંજૂરી લેવી પડે છે. બંન્નેમાંથી કોઈ એક પક્ષ પણ નકાર કરે તો એ ડિવાઈસનો ઉપયોગ એ નથી કરી શકતા . આમ છતાં કોઈ પોતાની સ્માર્ટનેસથી ડિવાઈસ વાપરે છે તો વાલીઓ તો ઠીક ડિવાઈસ વિક્રેતાને પણ કાયદા ભંગ બદ્લ સજા ભોગવવી પડે.

સ્માર્ટફોન અને ડિવાઈસના ઉપયોગથી લાઈફસ્ટાઈલ તો સરળ થઈ ગઈ, પણ વ્યક્તિ-વ્યક્તિ પ્રત્યેની વર્તણૂંક બદલી ગઈ છે. ડિવાઈસ હાથમાં આવતા કેમ વર્તવું એ પણ હવે શીખવા- નહીં શીખવાડવા જેવું છે. સુવિધાઓનો ઢગલો છે, પણ શું સ્વીકારવું એ નક્કી કરવું પડે એમ છે.

સતત બદલાતા ડિજિટલ વર્લ્ડ સાથે વધ્યા છે સાયબર ક્રાઈમના કેસ. હેકિંગથી લઈને ક્રેકિંગ સુધી, ડિજિટલ અરેસ્ટથી લઈને ડેટા ચોરી સુધી, ઓટીપી સ્કેમથી લઈને સ્ક્રિન રેકોર્ડ સુધી. એ જ રીતે નકલી અવાજથી લઈને ફ્રોડ કોલ સુધીની માયાજાળ એવી પ્રસરી ગઈ છે કે કોઈ ત્રીજો વ્યક્તિ ઑપરેટ કરીને સામેવાળાના ખિસ્સા ખંખેરે છે. છેતરામણી લિંક મોકલીને ખાતું ખાલી કરે છે. આ બધુ એકસાથે રોકવું શક્ય નથી પણ એનાથી બચવું તો શક્ય છે અને સરળ પણ છે.

આવી સુરક્ષતાનું પહેલું પગથિયું છે ડિજિટલ લિટરસી. માત્ર ડિવાઈસના તમામ ફીચર્સને વાપરતા આવડે એ ડિજિટલ લિટરસી નથી. આઈફોન જેવો સુરક્ષિત સ્માર્ટફોન હોય એમાંથી પણ ફ્રોડ કોલનો ભોગ બનેલા લોકો છે.

માહિતી સર્ચ કરીને, એને વ્યવસ્થિત સાચવીને અને તેનો યોગ્ય ઉપયોગ કરીને જે આપે એને ડિજિટલી સાક્ષર કહેવાતા,પણ હવે યુગ એવો છે કે, ખોટા AIના પ્રોમ્ટથી બચીને માહિતીની ખરાઈ ચકાસીને જે રજૂ કરે એ ડિજિટલી સાક્ષર છે.

ઓનલાઈન શોપિંગ કરવામાં કંઈ ખોટું નથી, કોમ્યુનિકેટ કરવામાં પણ કંઈ વાંધો નથી, પરંતુ ખોટી લિંકને ઓળખીને એના પર ક્લિક ન કરીને-એને ઈગ્નોર કરવામાં જ સમજદારી છે. આ બધું હવે ડિજિટલ સાક્ષરની નવી વ્યાખ્યામાં આવે છે. શોપિંગ સાઈટ કે એપ્સનો ઉપયોગ કરતી વખતે એની કોઈ લિંક આવે તો પહેલા એના સ્પેલિંગ ચેક કરવા કારણ કે, નજીવા સ્પેલિંગના ફેરફારથી કે એક અક્ષરના મિસિંગથી તમારી આકરી મહેનતની કમાણી પર પાણી ફરી શકે છે. દરવર્ષે સાક્ષરતાના રિપોર્ટ જાહેર થાય છે. એની ટકાવારી જાહેર કરવામાં આવે છે, પરંતુ એનાથી ડિજિટલી સાક્ષરતા મામલે હજુ ચિત્ર સ્પષ્ટ નથી થતું.

ડિવાઈસનો ઉપયોગ કરવો અને ડિજિટલી સાક્ષર રહેવું એ બન્નેમાં પાતળી ભેદરેખા છે. અજાણી લિંક પર ક્લિક ન કરવી, આકર્ષક ફોટો જોઈને ભરમાવું નહીં, AIના પ્રોમ્ટથી ગભરાવું નહીં, પ્રોમ્ટથી તૈયાર થયેલી ઈમેજને પારખવી, એપ્સમાં વારંવાર એકાઉન્ટ લોગઆઉટ થતું હોય તો એલર્ટ થવું, ફ્રોડ કોલને ઓળખીને તરત કાપી નાખવો, ઓટોપીની માગ કોઈ કરતું નથી એ સારી રીતે સ્વીકારવું...આ આજની ડિજિટલ લિટરસી છે.

ટ્રેન્ડ સાથે થ્રીલ ફીલ કરવામાં ખોટું કંઈ નથી. એ થ્રીલ વ્યક્તિગત ડેટાને માઠી અસર કરે તો એ ખોટું છે. વ્યક્તિના એક ફોટોથી એના લોકેશનથી લઈ છેલ્લે કોનો વીડિયો કોલ હતો ત્યાં સુધીનું તમામ ટ્રેક થતું હોય તો એનાથી બચવા જેવું છે. AI ફ્રોડથી બચવા માટેની આંતરરાષ્ટ્રીય ગાઈડલાઈન્સનો પહેલો મુદ્દો જ એ છે કે, આપના ફોટો પર વધારે પડતા પ્રોમ્ટ વાપરીને કે AIના જુદા જુદા પ્લેટફોર્મ પર અપલોડ કરીને ડિવાઈસ ટ્રેકિંગને સામેથી આમંત્રણ આપવા જેવું છે.

કોઈ એક પ્લેટફોર્મ પર એનો ઉપયોગ કરી થોડી મજા-આનંદ માણીને અટકવું જોઈએ. AIના જુદા-જુદા અનેક પ્લેટફોર્મ ફોટો પરથી ફોનમાં અને ફોનથી લોકેશન ટ્રેક કરવામાં પાવરધા હોય છે. આ પણ હકીકત છે.

જ્યારે કોમ્યુકેટ કરવા મેસેજિંગ એપ્સ આવી ત્યારે ડિજિટલ લિટરસીનો દાયરો મર્યાદિત હતો. લખવામાં અને ટાઈપ કરવામાં પર્ફેક્શન આવ્યું પછી જ એક પેઢીને એમાં એડિટનો ઓપ્શન મળતા રાહત મળી. જેણે વોટ્સએપના જૂના વર્ઝન વાપર્યા હશે એમને આ વાતનો અંદાજો હશે. રિએક્શનનો વિકલ્પ ન હતો ત્યારે ઓકે અથવા યસ કહીને વાતનો પ્રતિસાદ આપવામાં આવતો. અત્યારે અંગૂઠો રિએક્શનમાં મૂકીને ટૂંકાવી દેવાય છે અથવા ટૂંકાક્ષરી પ્રતિસાદ અપાય છે. આ ડિજિટલ લિટરસીમાં આવેલો બદલાવ છે. પણ કોઈને પણ મંજૂરી વગર ગ્રૂપમાં એડ કરી દેવા એ ખોટું છે. અયોગ્ય છે. જે તે વ્યક્તિની મંજૂરી વગર કોલને લાઉડસ્પીકરમાં મૂકીને સામેથી વાત કરનારાની નિખાલસતા સાથે રમવું ખોટું છે. જ્યારે પણ ફોન લાઉડસ્પીકર પર હોય ત્યારે સામેથી વાત કરનારને જણાવો કે, ફોન સ્પીકર પર છે. ફોનને કટ કરતી વખતે કેટલાક મેસેજ રેડી જ હોય છે એને સેન્ડ કરવા કરતા વોટ્સએપ પર કહો કે, ફોન ઊપડે એમ નથી. પછી વાત કરીએ, કારણ કે બેંક, જરૂરી દસ્તાવેજ કે ઓટીપી સિવાય કોઈ SMS વાંચતું નથી. સતત કોઈના રીપ્લાય પર મેસેજ કરવાના બદલે એ ઓનલાઈન હોય ત્યારે જ મેસેજ કરો અથવા એમને કહો કે, આ સમય પર ઓનલાઈન રહેવું ફાવશે. આવી નાની નાની પણ ચિબાવલી વાત વ્યક્તિની ડિજિટલ લિટરસી જણાવે છે.

**આઉટ ઑફ ધ બોક્સ**

*હરિયાણા એજ્યુકેશન બોર્ડે ધોરણ ૧૧ અને ૧૨ના કોમ્પ્યુટર વિષયમાં ડિજિટલ લિટરસીનો વિષય ઉમેર્યો છે. એમાં ડિવાઈસ હાથમાં આવ્યા બાદ અને કોમ્યુનિકેટ કરતી વખતે શું ન કરવું એની સ્પષ્ટતા છે.*

■






વાર્ષિક 'ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન ઍન્ડ સ્ટેજ એવૉર્ડ્સ-૨૦૨૪' ('મુંબઇ સમાચાર' પ્રસ્તુત)નું બાવીસમું વર્ષ

# મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસજીની ઉપસ્થિતિ સાથે દબદબાભેર ભવ્યતાથી સંપન્ન

## 'ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન ઍન્ડ સ્ટેજ એવૉર્ડ્સ-૨૦૨૪'ના વિજેતાઓ



શ્રેષ્ઠ લેખક - ગુજરાત નાટક,
રિષિત ઝવેરી
નાઇસ મીટિંગ યુ.



શ્રેષ્ઠ સહઅભિનેત્રી - ગુજરાત નાટક
હિરવા કારીયા
નાઇસ મીટિંગ યુ.



શ્રેષ્ઠ સહઅભિનેતા - ગુજરાત નાટક
શ્યામ કોટક
વિલનાઇઝેશન.



શ્રેષ્ઠ અભિનેત્રી - ગુજરાત નાટક
દીપા ત્રિવેદી
સાસુ મારાં સુપરસ્ટાર.



શ્રેષ્ઠ અભિનેતા- ગુજરાત નાટક
ચેતન દૈયા
જય શ્રીકૃષ્ણ ડાર્લિંગ.



શ્રેષ્ઠ દિગ્દર્શક- ગુજરાત નાટક
ડીંકેશ કનાધીયા.
નાઇસ મીટિંગ યુ.



શ્રેષ્ઠ નાટક - ગુજરાત
પાવરફૂલ પાટીદાર
વિપુલ શાહ-ફ્રેન્ડ્સ થિયેટર ગ્રૂપ. અમદાવાદ.



શ્રેષ્ઠ લેખક - ટીવી સિરિયલ
અર્ચના ચૌહાણ
મોટીબાની નાની વહુ.



શ્રેષ્ઠ સહઅભિનેત્રી -ટીવી સિરિયલ
કલ્યાણી ઠાકર
રાશિ રિક્ષાવાળી



શ્રેષ્ઠ સહઅભિનેતા-ટીવી સિરિયલ
લિનેશ ફણસે
શ્યામ ધૂન લાગી રે



શ્રેષ્ઠ અભિનેત્રી -ટીવી સિરિયલ
દેવાંશી વ્યાસ
મોટીબાની નાની વહુ



શ્રેષ્ઠ અભિનેતા - ટીવી સિરિયલ
પરેશ ભટ્ટ
શ્યામ ધૂન લાગી રે



શ્રેષ્ઠ દિગ્દર્શક - ટીવી સિરિયલ
નરેશ બીડકર
મોટીબાની નાની વહુ



શ્રેષ્ઠ લેખક-મુંબઇ નાટક
દીપ પટેલ
ધ દુર્ગા મહેતા કેસ

ગુજરાતી ફિલ્મ ટીવી અને તખ્તાના કલાકારોને એક જ મંચ પરથી દર વર્ષે સન્માનવાની મનોરંજન જગતની વિશ્વની સૌથી મોટી અને જૂની એકમાત્ર પરંપરા સાથે આ વર્ષે એશિયાનું સૌથી જૂનું અને પ્રતિષ્ઠિત અખબાર 'મુંબઈ સમાચાર' પ્રસ્તુતકર્તા તરીકે જોડાયું હતું.

૧૯ નવેમ્બર, ૨૦૨૫-બુધવારની સાંજે, મુંબઇની 'સહારા સ્ટાર' હોટેલના 'રૂબી' હોલમાં પંચાવન જેટલા ગુજરાતી કલાકાર કસબીઓનું ભારે ઉત્સાહ અને ભવ્યતાથી સન્માન થયું.

આ અવસરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૧ વિશેષ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું. ગોવિંદભાઇ પટેલ મહારથી એવૉર્ડ સ્નેહા દેસાઇ, મહેશ-નરેશ એવૉર્ડ ગાયક અને સંગીતકાર સંજય ઓઝા-પાર્થ ઓઝા, હેમુ ગઢવી એવૉર્ડ ભૂમિ ત્રિવેદી તેમ જ ઉત્તર ગુજરાતનાં લોક ગાયક રાકેશ બારોટ, ગીતકાર મનુ રબારી અને ગુજરાતી ફિલ્મી સ્ટાર વિક્રમ ઠાકોરને ટ્રાન્સમીડિયા વિશેષ એવૉર્ડ એનાયત થયા. લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવૉર્ડનું સન્માન અપરા મહેતા અને ઉત્કર્ષ મજૂમદારને મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે એનાયત થયા. . આ ઉપરાંત સમાજસેવક રત્ન એવૉર્ડ શ્રી સી. વી. શાહ, જૈન રત્ન એવૉર્ડ શ્રી રમેશભાઇ વોરા, ધીરુભાઇ મેમોરિયલ એવૉર્ડ શ્રી સંજય ઠક્કરને પણ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે એનાયત થયા.

મુંબઇ શ્રેષ્ઠ નાટક વિજેતા રૂબરૂ પ્રોડક્શન - ક્રિષ્ના શાહ 'સંબંધો સ્પર્શ વિનાના'ને શ્રીમતી રૂપા આનંદ પંડિત તરફથી ૫૧,૦૦૦/-નું રોકડ પુરસ્કાર જાહેર થયું છે. આ રોકડ પુરસ્કાર છેલ્લાં ઘણાં વર્ષોથી અપાય છે. એ જ રીતે , ફ્રેન્ડ થિયેટર ગ્રૂપ-વિપુલ શાહનું 'પાવરફૂલ પાટીદાર' શ્રેષ્ઠ ગુજરાત નાટક જાહેર થયું હતું.

આ વર્ષે 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેના ખાસ આગ્રહને માન આપી, માનનીય મુખ્યમંત્રી-મહારાષ્ટ્ર દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. એમણે આ એવૉર્ડ પરંપરાને તથા ગુજરાતી સંસ્કૃતિને બિરદાવીને સર્વેને શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત લોટ્સ ગ્રૂપના આનંદ પંડિત, પેન વીડિયોના જયંતી ગડા, પાટીદાર સમાજના ભાર્ગવ પટેલ, ઇસ્કોન ગ્રૂપના પ્રવીણ કોટક, યુનિકોર્ન ગ્લોબલના ધર્મેશ શાહ. વગેરે અનેક મહાનુભાવો આ એવૉર્ડ અવસરે વિશેષ હાજરી આપી હતી. તો કલાકારોમાં મેહુલકુમાર, અર્જન બાજવા, આયેશા ઝુલકા, સુનિલ પાલ, માનસી પારેખ ગોહિલ વગેરે સહિત મનોરંજન જગતના અનેક જાણીતા કલાકારોએ એમની હાજરીથી આ સમારંભને સ્ટારસ્ટડેટ બનાવ્યો હતો. ભાગ્યે જ કોઇ આવા સમારોહમાં હાજર રહેનારા સુપરસ્ટાર વિક્રમ ઠાકોર સૌ પ્રથમવાર અહીં હાજર રહ્યા અને પરફોર્મ પણ કર્યું.

આ વર્ષે આ એવૉર્ડ સમારોહનું જીવંત પ્રસારણ 'મુંબઈ સમાચાર'ની યુટયૂબ ચેનલ પરથી થયું, જેને લાખો લોકોએ નિહાળવાનો લહાવો લીધો. આ હવે 'સોહમ'ચેનલ પરથી પણ પ્રસારિત થશે.

'ટ્રાન્સમીડિયા'ના એમ. ડી. જસ્મીન શાહે જણાવ્યું કે, આ ભવ્ય પરંપરામાં માનનીય નરેન્દ્ર મોદી સહિત ગુજરાતના અગ્રણી નેતાઓએ તો મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી સાથ-સહકાર આપ્યો જ છે. હવે આ વર્ષે પ્રથમવાર મહારાષ્ટ્રના નેતા પધાર્યા એ હર્ષની વાત છે.


ફિલ્મ 'કસુંબો' - 'મહિયરમાં મનડું નથી લાગતું' 'લાલો' ના ગીત સહિત-વિક્રમ ઠાકોર, હિતુ કનોડિયા, મોના કનોડિયા, ફિલ્મ 'લાલો'ની અભિનેત્રી રીવા રાચ્છ, અરવિંદ વેગડા, ભૂમિ ત્રિવેદી, જીતુ પંડ્યા, ગ્રીવા કંસારા, મૌલિક ત્રિવેદી, કશીષ રાઠોડ, દીપિકા પાટીલ, યશ ગજ્જર, કૃપા ચંદેશના ધમાકેદાર પર્ફોર્મન્સીસ ઉપરાંત અર્ચના હારિયા ટીમ દ્વારા ફેશન-શોને દર્શકોએ ઉત્સાહભેર માણ્યો.

સમગ્ર પર્ફોર્મન્સીસ રાજકુમાર જાણીતા-મહાદેવ એન્ટરટેઇન્મેન્ટની ટીમમાં કોરિયાગ્રાફી પ્રવીણ નાગર-મેગી અને તન્વી નાગર તેમ જ દીપક તૂટી, ક્રિએટીવ ડિરેક્ટર રફીક પઠાણ સ્ટાઇલીંગ અને કોશ્ચ્યુમ કલ્યાણી ઠાકરે સંભાળ્યા હતા.

મનોરંજનથી ભરપૂર એવા ભવ્ય મેઘા ઇવેન્ટનું એન્કરીંગ ઓજસ રાવલ-દીપિલ રાવલ, રીવા રાચ્છ-નિખિલ પરમાર, લીનેસ ફણસે, રિદ્ધિ ત્રિવેદી, સમર્થ શર્મા-ફિઝા વારિયા સરસ રીતે સંભાળ્યું હતું.

આ સમારોહમાં જિગ્નેશ ભૂતાની હાઇ ટેક ઇવેન્ટસ ટીમ તેમ જ મુંજાલ થીમ્સ એન્ડ એકેશન્સ પ્રા. લિ.ના રાજુ સાવલાનું માર્ગદર્શન હતું. તેમ જ દીપક અંતાણીએ સમગ્ર આયોજન સંભાળ્યું હતું.

ફિલ્મ 'કસુંબો' સૌથી વધુ ૯ એવૉર્ડ સાથે શ્રેષ્ઠ ફિલ્મ જાહેર થઇ. 'નાસૂર' માટે હિતુ કનોડિયા શ્રેષ્ઠ અભિનેતા અને 'નાસૂર' માટે જ નીલમ પંચાલ શ્રેષ્ઠ અભિનેત્રી જાહેર થયાં.



ફિઝા વારિયા - સમર્થ શર્મા



ઓજસ રાવલ - દિલીપ રાવલ



રિવા રાચ્છ - બિખિલ પરમાર



રિદ્ધિ શુક્લા - લિનેશ ફણસે



સુનિલ પાલ



અરવિંદ વેગડા-ઉર્વશી સોલંકી



માનસી પારેખ-કશીશ રાઠોડ-ભૂમી ત્રિવેદી



કશીશ રાઠોડ-રાકેશ બારોટ-દીપિકા પાટીલ



વિક્રમ રાઠોડ - પીનલ ઓબેરોય



ભાગ્યેશ વારા



જિતુ પંડયા - ગ્રીવા કંસારા



મૌલિક ચવ્હાણ-રીવા રાચ્છ



યશ ગજ્જર - કૃપા ચંદેરા



હિતુ કનોડિયા - મોના કનોડિયા



ફેશન શો - ટીમ અર્ચના હરિયા

છેલ્લા બે દાયકાથી એકધાર સુનિયોજિત યોજાતા આ એવૉર્ડ સમારંભમાં એશિયાના સૌથી જૂનાં અને પ્રતિષ્ઠિત દૈનિક 'મુંબઈ સમાચાર' પ્રસ્તુતકર્તા તરીકે સંકળાયું અને એક જ તખ્તા પરથી સાગમટા ૫૫ જેટલાં ગુજરાતી કલાકારો - કસબીઓનું જે રીતે બહુમાન સાથે વધાવવામાં આવ્યા એ અવસર દર્શકો માટે પણ ખરેખર યાદગાર બની રહ્યો...





# વાર્ષિક ‘ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન ઍન્ડ સ્ટેજ એવૉર્ડ્સ-૨૦૨૪’ના વિજેતાઓ



શ્રેષ્ઠ સહઅભિનેત્રી-મુંબઇ નાટક
અંકિતા રાવલ
દિવ્યા દોષી છે?



શ્રેષ્ઠ સહ અભિનેતા-મુંબઇ નાટક
પરાગ શાહ
એક રમત સમય સાથે



શ્રેષ્ઠ અભિનેત્રી - મુંબઇ નાટક
કેતકી દવે
પત્ની નચાવે એને કોણ બચાવે



શ્રેષ્ઠ અભિનેતા- મુંબઇ નાટક
સનત વ્યાસ
દશેરા



શ્રેષ્ઠ નાટક-મુંબઇ
સંબંધો સ્પર્શ વિનાના
કૃષ્ણા શાહ-રૂબરૂ પ્રોડકશન



પોપ્યુલર ફલોક સિંગર ટ્રાન્સમીડિયા સ્પેશિયલ એવૉર્ડ
શ્રી રાકેશ બારોટ



ગૌરવવંતા ગીતકાર ટ્રાન્સમીડિયા સ્પેશિયલ એવૉર્ડ
શ્રી મનુ રબારી



દશાબ્દી સ્ટાર ટ્રાન્સમીડિયા સ્પેશિયલ એવૉર્ડ
શ્રી વિક્રમ ઠાકોર



હેમુ ગઢવી ટ્રાન્સમીડિયા સ્પેશિયલ એવૉર્ડ
ભૂમિ ત્રિવેદી
(ગાયિકા)



સમાજ સેવક રત્ન ટ્રાન્સમીડિયા સ્પેશિયલ એવૉર્ડ
શ્રી ચંદ્રકાન્તભાઇ વી. શાહ



ધીરૂભાઇ અંબાણી મેમોરીયલ એવૉર્ડ
શ્રી સંજયભાઇ ઠક્કર
(દેવ ગ્રૂપ)



જૈન રત્ન એવૉર્ડ
શ્રી રમેશભાઇ વોરા
(દુબઇ)



શ્રી મહેશ-નરેશ વિશેષ એવૉર્ડ
સંજય ઓઝા અને પાર્થ ઓઝા



ગોવિંદભાઇ પટેલ મહારથી એવૉર્ડ
શ્રીમતી સ્નેહા દેસાઇ



લાઇફ ટાઇમ એચીવમેન્ટ-ફિમેલ
સુ.શ્રી. અપરા મહેતા



લાઇફ ટાઇમ એચીવમેન્ટ-મેલ
શ્રી ઉત્કર્ષ મઝુમદાર



શ્રેષ્ઠ પટકથા ગુજરાતી ફિલ્મ
વિજયગીરી બાવા- રામ મોરી
કસુંબો-શેત્રુંજય તીર્થ રક્ષક ૫૧ અમર બલિદાનની ગાથા



શ્રેષ્ઠ સંવાદ - ગુજરાતી ફિલ્મ
અંક્તિ ગોર- અભિનવ વૈદ્ય
ઉડન છૂ



શ્રેષ્ઠ ગીતકાર-ગુજરાતી ફિલ્મ
ભાર્ગવ પુરોહિત
ઉડન છૂ



શ્રેષ્ઠ ગાયિકા - ગુજરાતી ફિલ્મ
નિશા કાપડિયા
કસુંબો-શેત્રુંજય તીર્થ રક્ષક ૫૧ અમર બલિદાનની ગાથા



શ્રેષ્ઠ ગાયક - ગુજરાતી ફિલ્મ
કીર્તિ સાગઠિયા
કસુંબો-શેત્રુંજય તીર્થ રક્ષક ૫૧ અમર બલિદાનની ગાથા



શ્રેષ્ઠ નૃત્ય નિર્દેશક-ગુજરાતી ફિલ્મ
પ્રિન્સ ગુપ્તા
કસુંબો-શેત્રુંજય તીર્થ રક્ષક ૫૧ અમર બલિદાનની ગાથા



શ્રેષ્ઠ કલા નિર્દેશક - ગુજરાતી ફિલ્મ
વિનાયક હોજાગે
ધ ગ્રેટ ગુજરાતી મેટ્રીમોનિ



શ્રેષ્ઠ છબીકલા - ગુજરાતી ફિલ્મ
સુમન સાહુ
નાસૂર



શ્રેષ્ઠ સંકલન - ગુજરાતી ફિલ્મ
પાર્થ ભટ્ટ
નાસૂર



શ્રેષ્ઠ બાળ કલાકાર - ગુજરાતી ફિલ્મ
સ્વસ્તિક જોષી
ઇશ્વર કયાં છે?



શ્રેષ્ઠ હાસ્ય કલાકાર- ગુજરાતી ફિલ્મ
મુકેશ રાવ
મારું મન તારું થયું



શ્રેષ્ઠ ખલનાયક - ગુજરાતી ફિલ્મ
મૌલિક ચૌહાણ
મૌનમ



શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી - ગુજરાતી ફિલ્મ
મોનલ ગજ્જર
કસુંબો-શેત્રુંજય તીર્થ રક્ષક ૫૧ અમર બલિદાનની ગાથા



શ્રેષ્ઠ સહાયક અભિનેતા-ગુજરાતી ફિલ્મ
ઓજસ રાવલ
ઝમકુડી



શ્રેષ્ઠ નવોદિત અભિનેતા -ગુજરાતી ફિલ્મ
વિરાજ ઘેલાણી
ઝમકુડી



શ્રેષ્ઠ અભિનેત્રી-ગુજરાતી ફિલ્મ
નીલમ પંચાલ
નાસૂર



શ્રેષ્ઠ અભિનેતા - ગુજરાતી ફિલ્મ
હિતુ કનોડિયા
નાસૂર



શ્રેષ્ઠ દિગ્દર્શક-ગુજરાતી ફિલ્મ
વિજયગીરી બાવા
કસુંબો-શેત્રુંજય તીર્થ રક્ષક ૫૧ અમર બલિદાનની ગાથા



શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ
કસુંબો-શેત્રુંજય તીર્થ રક્ષક ૫૧ અમર બલિદાનની ગાથા
વિજયગીરી બાવા અને ટ્વિંકલ બાવા-વિજયગીરી ફિલ્મોસ.

## ૯. લગ્ન સંબંધી

■ MBA 1979 5'1" એક્ટિવ જૈનને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ અંધેરીમાં સુખી 1991 BCOM સ્માર્ટને સંસ્કારી જૈન કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ બિઝનેસ ધરાવતા વેલસેટ 1977 BCOM સ્માર્ટ જૈનને સંસ્કારી કન્યા. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ ડાયટિશન 1990 5'6" ડાયવોર્સી બ્યુટીફુલને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ LLB 1980 બ્યુટીફુલ એક્ટિવ જૈનને ક્વોલિફાઈડ વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ પાર્લામાં 1984 MBA બ્યુટીફુલને વેલસેટ હેન્ડસમ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

**GUJRATI VAISHNAV GIRL**

**1981 Born Girl Issueless Divorcee, Bank Job, 5.1" Height, Looking for Well Educated & Settle Boy. Please Contact with Full Biodata on 9321576810 / ckshah09@gmail.com (No Dowry) (319)**

## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર બંગલો**

ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વિમિંગ પૂલ. Cham House: 9820065681. (૫૦૧-સી)

## ૧૪. નોકરી ખાલી છે

**''તક''**

''નિવૃત્ત ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ / ફુલટાઈમ કામ''. ''તાલીમ ઉપલબ્ધ''. ''ઓફિસ સપોર્ટ મળશે.'' ''કોઈ રોકાણ નહીં.'' સંપર્ક:- 9930796685. (૪૫૨-સી)

**ઓપોરચ્યુનિટી**

**સરકારમાન્ય કંપનીમાં નિવૃત્તો/ અધિકારીઓ/શિક્ષકો/ગૃહિણીઓ તાત્કાલિક જોઈએ. 75068 01607. (એસડીબી-૨૯૩૮)**

**REAL ESTATE**

Sales Wanted 10 Male Candidates to Work at a reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs annually, on Commission basis. Field job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (407-G)

WANTED: EDUCATED BABY CAREtaker (24x7) Ghatkopar, Rs 22K, + Bonus, 7738994855. (B-16765)

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૪. નોકરી ખાલી છે

REQUIRE OPP. CST - 1) Accountant, 2) Assistant Accounts - knowledge of Tally Prime / ERP 9, GST, TDS, TCS, No Age Bar. Dhansukh - 9653332155, Email: oml@orbitgroup.in (B-16751)

CORPORATE REQUIRES Retired, Housewives, Bankers, Seniors. Good Incentive + Benefits.: 9867621481. (B-16756)

## ૧૭. જગ્યા આપવી છે

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 720 sq. ft. 3 BHK, 891 Sq. ft. ડો. આમ્બેડકર રોડ, પાર્કીંગ સાથે, ટૂંક સમયમાં કબજો. સંપર્ક: 9930333456. (૪૧૩-એ)

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૭૧૦)

**પાર્લા વેસ્ટ**

અર્જન્ટ 1150 કાર્પેટ 3 બેડ વેચાણથી ગાર્ડન ફેસિંગ સ્ટેશન નજીક દેરાસર નવી બિલ્ડિંગ 2 બેડ ભાડેથી અમિત - 7045622403. (બી-૧૬૭૫૮)

**ઘાટકોપરમાં ગેરેંટી**

**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેચ બજાર ભાવે 30 દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૪૪૩-એફ)**

**DEOLALI**

નાકા-૬, ૧ બેડરૂમ, હોલ, કિચન, ૨ બાલ્કની, ૨ ટોયલેટ, ૧લે માળે, ફુલ હવા ઉજાસ, ૨૪ કલાક પાણી, જૈન દેરાસર નજીક, વેચાણથી. 9820254900. (૪૭૨-એ)

**ચેંબુર તિલકનગર**

**3 બેડરૂમ હોલ કિચન, ભાડેથી / વેચાણથી, આપવું છે, ઓનરઃ- 9821045046. (૪૪૮-એ)**

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૩૬૨-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી-ભાડેથી. 2, 3, 4 બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો, રેડી પઝેશન. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૪૮૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**4 બેડરૂમ, હોલ, કિચન - 1250' કારપેટ, સ્પેશ્યસ રૂમ સાઈઝ, સુંદર વ્યું, એમેનીટીઝ સાથે, 3.65 CR, ૧ કાર પાર્કિંગ. HOMEALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૪૮૭-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હમણા નહીં તો ક્યારે નહીં 3 બેડરૂમ, હોલ, કિચન-1010' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન, 1050' યુઝેબલ- 3.15 CR, 3 બેડરૂમ, હોલ, કિચન-860' કારપેટ, 2.50 CR, 3 બેડરૂમ, હોલ, કિચન- 930' કારપેટ- 2.99 CR, 2.5 બેડરૂમ, હોલ, કિચન- 810' કારપેટ - 2.45 CR, 2 બેડરૂમ, હોલ, કિચન-900' યુઝેબલ- 1.70 CR, 1 બેડરૂમ, હોલ, કિચન-470' કારપેટ- 1.40 CR, જુગ્નું શાહ- HOMEALONE PROPERTY. - 9833352224. (૪૮૭-ઈ)**

**વિલેપાર્લા (ઈસ્ટ / વેસ્ટ)**

3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પુલ સાથે, જીમ, બેન્ક્વેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૪૦૭-એ)

**જુહુ સર્કલ**

ડી એન નગર @ પ્રોજેક્ટસ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્ક્વેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૪૦૭-બી)

**સાન્તાક્રુઝ/ ખાર**

લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્ક્વેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૪૦૭-સી)

**લાલુભાઈ પાર્ક**

રેડી ફ્લેટ્સ 4 બેડરૂમ 1500' - 2000' 7-8 કરોડ ફર્નિશ 3 બેડરૂમ 1100' - 1400' @ 42000 psf, 6 મહિનામાં કબજો જીમ + ટેરેસ ગાર્ડન સાથે "MIHIR" 7021919015. (૪૦૭-ડી)

**સી ટચ ફ્લેટો**

એક્સક્લુઝીવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ : જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ : બેન્ક્વેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો સંપર્ક 7021919015. (૪૦૭-એફ)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ ગુલમહોર**

3/ 4/ 5/ 6 બેડરૂમ, 1200- 5000' ફૂટ ઊંચા ટાવર, સુવિધાઓ સાથે પૂલ, જીમ, બેન્ક્વેટ કાર્પેટ, હાયર ફ્લોર, સી વ્યુ, દર 55000 થી 65000 psf. "MIHIR" 7021919015. (૪૦૭-ઈ)

■ (ગુજરાત) સાસણગીરમાં ફાર્મહાઉસ રિસોર્ટ બને તેવી જગ્યા વેચવાની છે. રાજકોટમાં સારી રેન્ટલ ઈન્કમ આપતી પ્રોપર્ટી વેચવાની છે. રાજકોટમાં પ્રોપર્ટી લેવા વેચવા મળો. 9664633574. (બી-૧૬૭૩૬)

**કાંદિવલી-બોરીવલી પ્રતિષ્ઠિત વિસ્તારમાં**

**ફર્નીશ્ડ 2/ 3/ 4 BHK ટાવરમાં (2 કરોડ- 6 કરોડ). વિશ્વસનીય ખરીદી/ભાડેથી ડીલ માટેઃ સંપર્ક - સોઢાઃ 9820333451. (૪૪૨-એ)**

**વિલેપાર્લા ઈસ્ટ**

**3 બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની ૨ પાર્કિંગ સાથે આકર્ષક ફ્લેટ હવા ઉજાસવાળો - બધી જ સગવડતા દેરાસરની સામે તુરંતમાં આપવાનો છે. ફોન - 9619018233. (૪૪૭-એ)**

**નાનાચોક**

2 બેડરૂમ - 1100' જુનુંભાડુ 2,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-બી)

**તારદેવ**

3 બેડરૂમ - 1600' કાર્પેટ - પાર્કિંગ - 7,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-સી)

**તારદેવ**

2 બેડરૂમ - 800' કાર્પેટ - પાર્કિંગ - 3,60,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-ડી)

**ગામદેવી**

2 બેડરૂમ - 660' કાર્પેટ 2,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-એ)

**અંધેરી ઈસ્ટ**

**સ્ટેશન નજીક New Posh Societyમાં 2 BHK Himalaya 2.75 CR/ VEDA 1.85 CR માં લેવા સારી તક 9820601794 Bharat Mayani (એસડીબી-૨૯૬૦)**

**BUNGLOW**

Available on Rent, GOREGAON West Furnished, MULUND semi Furnished, JUHU semi furnished, JUHU 3 bed furnished. 08879561055. (B-16766)

AHMEDABAD BUNGALOW for sale, Maninagar, Bhairavnath Road 4000 ft 7 Bedrooms Hall, 3 kitchens, Parking, Main Road, 3 crores. Ashok : 9426330098. (B-16753)

**DADAR - MATUNGA WEST**

**Mega Launches Luxury High Rises 2 Bed 2.9 to 3.9 Cr. 3 Bed 4.9 to 5.9 Cr. Pool, Gym, Play Area Get Lowest Group Booking Price - 9819016316. (B-16732)**

**PAREL SEWRI BIGGEST**

**New Launches Builder from Bangalore and Dubai now in Mumbai 2, 3 Bed 3.75 and 5.75 cr++ Atal Setu views Plethora of Amenities Pre Register for Group Bookings and Bulk Discount + 91 9819082468. (B-16742)**

**GHATKOPAR (EAST)**

**Neelkanth Valley - 2 BHK, 866 Sq. Ft. Open Parking, Higher Floor Facing Swimming Pool and Jogging Track. (Vastu Compliant). 9820501290. (SDB-2952)**

**GHATKOPAR (EAST)**

Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (489/A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી/ ભાડેથી. કોમર્શીયલ ઓફિસો 202', 225', OC સાથે, રેડી પઝેશન. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૪૭૨-સી)

# ડ્રોન-હથિયાર ચેઈનનો દિલ્હીમાં પર્દાફાશ, આઈએસઆઈ સાથે સંબંધઃ ચારની ધરપકડ

નવી દિલ્હીઃ ઉત્તર ભારતમાં સંગઠિત ગુનાખોરી જૂથોને ઉચ્ચ કક્ષાના વિદેશી બનાવટના શસ્ત્રો સપ્લાય કરવામાં સંડોવાયેલા ચાર મુખ્ય સાગરીતની ધરપકડ સાથે પાકિસ્તાનના આઈએસઆઈ સમર્થિત સપ્લાયર્સ સાથે કથિત રીતે જોડાયેલા આંતરરાષ્ટ્રીય શસ્ત્રોની હેરાફેરી નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આ નેટવર્ક ડ્રોનનો ઉપયોગ કરીને પાકિસ્તાનથી દાણચોરી કરીને લાવેલા વિદેશી બનાવટના શસ્ત્રો મેળવતું હતું અને દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને પંજાબના ગૅંગસ્ટરોને સપ્લાય કરતું હતું. તપાસમાં જાણવા મળ્યું છે કે રડારથી બચવા માટે ઓછી ઊંચાઈએ ઉડાન ભરી શકે તેવા કસ્ટમાઇઝ્ડ ડ્રોનનો ઉપયોગ કરીને પાકિસ્તાનથી હથિયારોની દાણચોરી કરવામાં આવતી હતી.

સરહદ પાર સ્થિત તસ્કરોએ મોડી રાત્રે પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદના સંવેદનશીલ વિસ્તારોમાં ચોક્કસ સ્થાનો પર કન્સાઇનમેન્ટ ફેંક્યા હોવાનો આરોપ છે.

સ્થાનિક રીસીવરોએ પેકેજો મેળવ્યા, તેમને સલામત ઘરોમાં પરિવહન કર્યા અને તેમને સમગ્ર ભારતમાં ગુના નેટવર્કને સપ્લાય કર્યા. મોડ્યુલે એન્ક્રિપ્ટેડ કોમ્યુનિકેશનનો ઉપયોગ કર્યો અને દેખરેખ ટાળવા માટે વારંવાર ડ્રોપ સ્થાનો બદલ્યા, એમ પોલીસે જણાવ્યું હતું. સ્કેનિંગથી બચવા માટે તસ્કરો કાર્બન-કોટેડ મટિરિયલમાં હથિયારો લપેટતા હતા અને હવાલા અને પ્રોક્સી એકાઉન્ટ્સ દ્વારા ચુકવણી કરવામાં આવતી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, ઓપરેશનમાં તુર્કી-નિર્મિત રાઇફલો સહિત દસ અત્યાધુનિક પિસ્તોલ, જેમાં ફક્ત ખાસ દળો દ્વારા ઉપયોગમાં લેવાતા ૯૨ જીવંત કારતૂસનો સમાવેશ થાય છે, જપ્ત કરવામાં આવ્યા હતા.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ મનદીપ સિંહ (૩૮) અને દલવિંદર કુમાર (૩૪), બંને પંજાબના રહેવાસી અને રોહન તોમર (૩૦) અને અજય ઉર્ફે મોનુ (૩૭), ઉત્તર પ્રદેશના બાગપતના રહેવાસી તરીકે થઈ છે.■

# કેનેડા-દિલ્હી ફ્લાઈટનું ઈમર્જન્સીને લીધે કોલકતામાં લૅન્ડિંગ

નવી દિલ્હીઃ કેનેડાના વૅનકુવરથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઇટનું કોલકતા ખાતે લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. વૅનકુવરથી દિલ્હી આવતી ફ્લાઈટ કોલકતા થઈને આવતી હોય છે. આ દરમિયાન દિલ્હીના એક ૭૦ વર્ષીય મુસાફર દલબીર સિંહની હાલત અચાનક બગડી ગઈ હતી. છાતીમાં દુખાવો શરૂ થયો હોવાના કારણે કોલાકતા એરપોર્ટ પર રાત્રે ૦૯:૧૫ વાગ્યે મેડિકલ ઇમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. મુસાફરને ઉતારીને બાકીના ૧૭૬ મુસાફરો સાથે વિમાન ફરી ૧૦:૧૦ વાગ્યે દિલ્હી જવા માટે રવાના થઈ ગયું હતું. મળતી વિગતે પ્રમાણે, દલબીર સિંહને વિમાનમાંથી ઉતાર્યા બાદ સત્વરે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતાં. પરંતુ અહીં હાલત વધારે ગંભીર થતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં. આ સમગ્ર મામલે પોલીસે મૃતકના પરિવારને જાણ કરી દીધી છે. આ સાથે સાથે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે આરજી કર મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યો હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પરિવાર દિલ્હીથી કોલકાતા આવવા માટે રવાના થયો હોવાનું પણ જાણવા મળ્યું છે. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**JUHU/ VILEPARLE/ ANDHERI**

Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 7021919015. (407-H)

## ૨૩. મનોરંજન

**બજેટ મુજબ**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી, પ્રાર્થના. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૪૭૪-એ)

**પ્રાર્થનાસભા 3500/-માં**

પ્રીરેકોર્ડેડ સ્પીચ સાથે, લાઈવ 7000/-માં કાંદિવલીમાં, બીજે ટ્રાન્સપોર્ટેશનના અલગ, લગ્નગીત, ભજન- સંગીત સંધ્યા, ANNIVERSARY બજેટથી. મનસુખભાઈઃ 9326801860. (૪૫૪-સી)

## ૩૧. નાણાંકીય

**■ ''(બેંકની-નોટીસનાં)'' રીપ્લાય સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૭૬૪)**

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

■ સોનેરી તક, અલ્ટ્રામોર્ડન બ્યુટીશીયન, મોડલીંગ, ક્લાસીસનું સ્વતંત્ર સંચાલન કરી શકે તેવા, વડીલો/ પેન્શનરને આવકની તક TCA - 9377992110, 9867510027. (બી-૧૬૭૫૫)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**

**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રીઝલ્ટ 7219004517. (૪૮૮-એ)**

## ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA (Only Male) Speak perfect English have USA visa be able to drive Car. Must be connected with the Diamond Market. Position is to work 6-8 months per year in USA selling Diamond Jewellery. (2-3 trips of 2-3 months each). Contact Premal: +91 79774 27785. Reg No. 0642/ MUM/COM/1000+/5/5966/ 2015. (B-16763)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપોર. - 9769691025 / 26822572. (બી-૧૬૭૦૭)

# સીએમની ખુરશી પર નીતીશ થોડા દિવસના જ મહેમાન છેઃ એસપી

બલિયાઃ ભાજપ જનતા પાર્ટી(ભાજપ) ટૂંક સમયમાં બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારને સત્તા પરથી દૂર કરી શકે છે. આ દાવો ઉત્તર પ્રદેશ વિધાનસભામાં વિપક્ષના નેતા માતા પ્રસાદ પાંડેએ કર્યો હતો.

સમાજવાદી પાર્ટી(એસપી)ના વરિષ્ઠ નેતાએ એવો પણ આરોપ લગાવ્યો કે હિન્દુત્વના એજન્ડા પર પોતાનું બધું ધ્યાન કેન્દ્રીત કરીને ભાજપ ભારતને એવા દેશમાં પરિવર્તિત કરવા માગે છે જ્યાં કોઇ સમાનતા ન હોય. એસપીના વડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મુલાયમ સિંહ યાદવની જન્મજયંતિ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં પત્રકારો સાથે વાત કરતાં પાંડેએ ઉત્તર પ્રદેશમાં ભાજપ સરકાર પર નિશાન સાધ્યું હતું.

તેમણે જણાવ્યું કે સરકારની નીતિનો ઉદ્દેશ્ય બેરોજગારી દૂર કરવાનો નથી. તેમનું એકમાત્ર સૂત્ર હિન્દુત્વ છે. તેઓ હિન્દુત્વના નામે સરકાર ચલાવવા માગે છે અને ધાર્મિક વિધિઓ કરીને લોકોને ગેરમાર્ગે દોરવા માગે છે. બિહારમાં ભાજપના સમ્રાટ ચૌધરી(નાયબ મુખ્ય પ્રધાન)ને ગૃહ મંત્રાલય મળવા અંગેના પ્રશ્નના જવાબમાં પાંડેએ દાવો કર્યો કે ભાજપ ટૂંક સમયમાં તેના સાથી અને જેડી(યુ) વડા નીતીશ કુમારને સત્તા પરથી હટાવી દેશે.

તાજેતરની બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએએ ૨૪૩ સભ્યોની વિધાનસભામાં ૨૦૨ બેઠકો હાંસલ કરીને ભવ્ય વિજય મેળવ્યો હતો. રાજ્યના સૌથી લાંબા સમય સુધી મુખ્ય પ્રધાન રહેલા નીતીશ કુમારે ગત ગુરુવારે રેકોર્ડ દસમી વખત શપથ ગ્રહણ કર્યા હતા. જો કે સાથી પક્ષ ભાજપ સૌથી મોટો પક્ષ હતો.

પાંડેએ જણાવ્યું કે સમ્રાટ ચૌધરીને ગૃહ પ્રધાન બનાવવાનો નિર્ણય તેમનો આંતરિક છે અને તે કોઇ સમાધાનના ભાગ રૂપે લેવામાં આવ્યો હોઇ શકે છે. અમારું માનવું છે કે તેમને(નીતીશ કુમાર) થોડા દિવસોમાં હટાવવામાં આવી શકે છે. ઉત્તર પ્રદેશ વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર રહેલા એસપીના નેતાએ કહ્યું કે ભાજપ સરકારનું ધ્યાન બેરોજગારી, શિક્ષણ અને આરોગ્ય સંબંધિત આપણી સમસ્યાઓ પર નથી. તેમનું એકમાત્ર ધ્યાન હિન્દુત્વના એજન્ડાને પ્રોત્સાહન આપીને આપણા દેશને સમાનતા વિનાનો દેશ બનાવવા પર કેન્દ્રિત છે.■

# નાઈજીરિયામાં શાળા પર થયેલા હુમલામાં 300થી વધુ બાળકોનું અપહરણ

અબુજાઃ ઉત્તર-મધ્ય નાઇજીરિયાના નાઇજર રાજ્યમાં આવેલી કેથોલિક શાળા સેન્ટ મેરી સ્કૂલ પર થયેલા હુમલા વખતે બંદૂકધારીઓએ કુલ ૩૦૩ શાળાના બાળકો અને ૧૨ શિક્ષકોનું અપહરણ કર્યું હોવાનું સામે આવ્યું છે. અગાઉ આ સંખ્યા ૨૧૫ હોવાનો અંદાજ હતો. આ જાણકારી નાઇજીરિયાના ખ્રિસ્તી સંગઠને શનિવારે આપી હતી.

કેનના નાઇજર સ્ટેટ ચેપ્ટરના ચેરમેન મોસ્ટ રેવ બુલુસ દૌવા યોહાનના નિવેદન અનુસાર એક ચકાસણી કવાયત અને અંતિમ ગણતરી બાદ આંકડામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે હુમલા દરમિયાન ભાગવાનો પ્રયાસ કરનારા ૮૮ અન્ય વિદ્યાર્થીઓને પણ પકડી લેવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ બંનેનો સમાવેશ થાય છે. તેમની ઉંમર ૧૦ થી ૧૮ વર્ષની વચ્ચે છે. જો કે હજુ સુધી કોઇ જૂથે અપહરણની જવાબદારી સ્વીકારી નથી. અધિકારીઓએ જણાવ્યું કે બાળકોને બચાવવા માટે સ્થાનિક શિકારીઓ સાથે વ્યૂહાત્મક ટુકડીઓ તહેનાત કરવામાં આવી છે. યોહાનાએ રાજ્ય સરકારના એ દાવાને ખોટો ગણાવ્યો હતો કે શાળા અભ્યાસ માટે ફરી ખુલી ગઇ છે. જ્યારે અગાઉ નાઇજર રાજ્યના તે ભાગમાં સુરક્ષા જોખમોને કારણે શાળાઓને થોડા સમય માટે બંધ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ■

# એસઆઈઆરના કામનું દબાણઃ મહિલા બીએલઓની આત્મહત્યા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં બૂથ લેવલ ઑફિસર (બીએલઓ) તરીકે કામ કરતી મહિલાનો મૃતદેહ શનિવારે સવારે તેનાં નિવાસસ્થાનેથી ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હોવાનું પોલીસે કહ્યું હતું. મતદારયાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સંબંધિત કામને કારણે ઊભા થયેલા ભારે તણાવને કારણે તેણે આત્મહત્યા કરી લીધી હોવાનો મહિલાના પરિવારજનોએ દાવો કર્યો હોવાનું પોલીસે કહ્યું હતું. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન અને ટીએમસીનાં સુપ્રીમો મમતા બેનરજીએ બીએલઓનાં મૃત્યુ અંગે આઘાત વ્યક્ત કર્યો હતો અને આ ઘટના ચેતવણી સમાન હોવાનું કહ્યું હતું. સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં બેનરજીએ લખ્યું હતું કે શનિવારે કૃષ્ણનગર ખાતે બીએલઓ અને અર્ધશિક્ષિકા મહિલાનાં મૃત્યુને કારણે હું ઘેરા આઘાત અને શોકની લાગણી અનુભવી રહી છું. રિન્કુ તરફદારે આત્મહત્યા કરતાં પહેલાં લખેલી સૂસાઈડ નૉટમાં ઈલેક્શન કમિશનને જવાબદાર ઠેરવ્યું હતું. (એજન્સી) ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# સોનાના ભાવમાં ચંચળતા વચ્ચે ભારત સહિત એશિયન બજારમાં માગ નિરસ

## વધુ ભાવઘટાડાના આશાવાદે સ્થાનિકમાં લગ્નસરાની માગ અપેક્ષા કરતાં ઓછી

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જેરૉમ પૉવૅલે છેલ્લી નીતિવિષયક બેઠકનાં અંતે આગામી ૯-૧૦ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાતની શક્યતા ઓછી હોવાનું જણાવ્યું હતું. વધુમાં છેલ્લી બેઠકની જાહેર થયેલી મિનિટ્સમાં પણ ફેડરલનાં બહુધા સભ્યો વ્યાજદરમાં કપાતની વિરુદ્ધમાં હોવાનું ફલિત થયું હતું. તેમ જ ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના સપ્ટેમ્બર મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટામાં પણ બજારની અપેક્ષા કરતાં રોજગારીમાં વધુ ઉમેરો થયો હોવાનું જણાતાં વ્યાજદર યથાવત્ રાખવામાં આવે એવી શક્યતા વધુ પ્રબળ બનતાં સોનાના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી.

જોકે, સપ્તાહ દરમિયાન વૈશ્વિક બજારમાં ખાસ કરીને એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં તેજીનો પરપોટો ફૂટવાની ભીતિ સેવાઈ રહી હોવાથી વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં કડાકા બોલાવાની સાથે સાથે ક્રિપ્ટો કરન્સી સહિતની તમામ જોખમી અસ્ક્યામતોમાં ઑલ ફૉલ ડાઉનનું વલણ જોવા મળ્યું હતું તેમાં સોનું પણ બાકાત નહોતું રહ્યું. જોકે, સપ્તાહના અંતે ન્યૂયોર્ક ફેડના પ્રમુખ જ્હોન વિલિયમે આગામી ટૂંકા સમયગાળામાં ફેડરલ રિઝર્વ વધતા ફુગાવાની અવગણના કરીને પણ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરતાં સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં ઘટાડો અટકીને ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, તાજેતરમાં સોનાના ભાવમાં જોવા મળેલો ઘટાડો કામચલાઉ ધોરણનો હોવાનું એએનઝેડે એક નોટ્સમાં જણાવતા ઉમેર્યું હતું કે આર્થિક વૃદ્ધિદરની ચિંતા, ઈક્વિટી માર્કેટના ઊંચા વૅલ્યૂએશન્સ, રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાઓ, જોખમી અસ્ક્યામતોથી દૂર થવાનું રોકાણકારોનું માનસ અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં જળવાઈ રહેલી લેવાલી જેવાં મૂળભૂત પરિબળોને ધ્યાનમાં લેતા એકંદરે સોનામાં અન્ડરટોન મજબૂત રહે તેવી શક્યતા પ્રબળ છે.

દરમિયાન સ્થાનિક બજારમાં પણ ગત સપ્તાહે વૈશ્વિક બજાર પાછળ સોનાના ભાવમાં ભારે ચંચળતા જોવા મળી હતી અને નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભમાં સ્થાનિકમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૧,૨૪,૭૯૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૧,૨૨,૭૧૪ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૧,૨૧,૩૬૬ અને ઉપરમાં ૧,૨૩,૮૮૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૧.૩૨ ટકા અથવા તો રૂ. ૧૬૪૮ ઘટીને રૂ. ૧,૨૩,૧૪૬ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, ગત સપ્તાહમાં ગુરુવાર સુધી ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાયા બાદ શુક્રવારે ૯૮ પૈસા ગબડી ગયો હતો અને સાપ્તાહિક ધોરણે રૂપિયામાં ૧૦૨ પૈસાનો કડાકો નોંધાયો હતો. આમ રૂપિયો નબળો પડવાને કારણે આયાત પડતરો વધી આવતા વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો.

એકંદરે ગત સપ્તાહે સોનાના ભાવમાં ભારે ચંચળતા હોવાથી ભારત સહિત એશિયન બજારોમાં ખરીદી અટકી હતી. આગલા સપ્તાહે સોનાના ભાવમાં ધીમો સુધારો જોવા મળ્યા બાદ ગત સપ્તાહ ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું અને વધુ ભાવઘટાડા અથવા તો ભાવ સ્થિર થવાના આશાવાદને કારણે જ્વેલરી ઉત્પાદકોની ખરીદી નિરસ રહી હતી. તેમ જ રિટેલ ખરીદદારો પણ વધુ ભાવઘટાડાની રાહ જોઈ રહ્યા હોવાનું કોલકાતા સ્થિત એક જ્વેલરે જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં લગ્નસરાની મોસમ શરૂ થઈ છે, પરંતુ જ્વેલરીની દુકાનોમાં માગ પ્રમાણમાં ઓછી જોવા મળે છે. આથી જ્વેલરો પણ ઓછો સ્ટોક કરવાનું મુનાસિબ સમજી રહ્યા છે. જોકે, ભાવમાં ઘટાડો થતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૧ ડૉલરના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ વધીને પાંચ મહિનાની ઊંચી ૪૩ ટકાની સપાટીએ પહોંચ્યું હતું. વધુમાં અન્ય એક જ્વેલરે પણ જણાવ્યું હતું કે સોનાની કુલ માગ પૈકી લગ્નસરાની માગ મુખ્ય પરિબળ હોય છે, પરંતુ વર્તમાન ઊંચી ભાવસપાટીને ધ્યાનમાં લેતા સામાન્યપણે જોવા મળતી માગની સરખામણીમાં ઓછી જોવા મળી રહી છે.

વધુમાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ માગ મર્યાદિત રહેતાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સમકક્ષથી લઈને પાંચ ટકા સુધીના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા. ચીન સ્થિતિ વિન્ગ ફંગ પ્રીસિયસ મેટલ્સનાં ડીલિંગ હેડ પીટર ફંગે જણાવ્યું હતું કે લોકો હજુ પણ લાંબા સમયગાળાના રોકાણ માટે સોનાની પસંદગી કરી રહ્યા છે, પરંતુ હાલની ભાવસપાટીથી ખરીદવા માટે અચકાઈ રહ્યા છે અને વધુ મોટા કરેક્શન અથવા તો ભાવઘટાડાનો આશાવાદ રાખી રહ્યા છે.

ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં તમામ એસેટ્ ક્લાસમાં ભાવઘટાડો જોવા મળ્યો હતો, જેમાં ક્રિપ્ટોકરન્સીમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો હતો અને બિટકોઈન ૮૭૦૦૦ ડૉલરની અંદર ઉતરી ગયો હતો. આ ઉપરાંત ઈક્વિટી અને કૉમૉડિટી માર્કેટમાં પણ નરમાઈનું જ વલણ રહ્યું હતું જોકે, સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં અમુક અંશે સલામતી માટેની માગનો ટેકો મળ્યો હોવાથી પ્રમાણમાં ઓછો ભાવઘટાડો જોવા મળ્યો હતો.

વાસ્તવમાં અમેરિકી ગવર્નમેન્ટ શટડાઉનને કારણે અમેરિકાના આર્થિક ડેટાની જાહેરાતો વિલંબિત થઈ છે. ગત સપ્તાહે અમેરિકાના સપ્ટેમ્બર મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટાની જાહેરાત થઈ હતી, જેમાં આગલા ઑગસ્ટ મહિના સુધારીત આંકડા મુજબ ૪૦૦૦ રોજગાર છૂટા કરવામાં આવ્યા હતા તેની સામે સપ્ટેમ્બરમાં રોજગારોની સંખ્યામાં ૧.૧૯ લાખનો ઉમેરો થયો હતો, પરંતુ બેરોજગારીનો દર વધીને ૪.૪ ટકાની સપાટીએ રહ્યો હોવાનું અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું. જોકે, શટડાઉનને કારણે ઑક્ટોબરના ડેટાની જાહેરાત નહોતી કરવામાં આવી. આમ આ ડેટાની જાહેરાત સાથે જ બજારમાં રેટકટ અંગેની અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો હતો અને તમામ એસેટ્ ક્લાસમાં ઘટાડો જોવા મળ્યો હતો. તેમ છતાં સલામતી માટેની માગને ટેકે સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી જાળવી રાખવામાં સફળ રહ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૯૦૦થી ૪૧૫૦ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧.૧૬ લાખથી ૧.૨૫ લાખની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક ફેડના પ્રમુખ જ્હોન વિલિયમે આગામી ટૂંકા સમયગાળામાં ફેડરલ રિઝર્વ વધતા ફુગાવાની અવગણના કરીને પણ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરતાં સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૮૬.૫૭ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ આગલા બંધથી ૦.૫ ટકા વધીને ૪૦૭૯.૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૫૦.૩૯ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે જ્હોન વિલિયમની આ ટિપ્પણી પશ્ચાત્ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર હવે ટ્રેડરો આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૭૪ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે, જ્યારે એક દિવસ પૂર્વે ૪૦ ટકા શક્યતા મુકાઈ રહી હતી.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૫.૫૪ અબજનો ઉછાળો

મુંબઈ: ગત ૧૪મી નવેમ્બરનાં રોજ પૂરા થયેલા સપ્તાહે ખાસ કરીને સોનાની અનામતમાં વધારો થવાથી કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૫.૫૪૩ અબજ ડૉલર વધીને ૬૯૨.૫૭૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૬૯૯ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૭.૦૩૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧૫.૨ કરોડ ડૉલર વધીને ૫૬૨.૨૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૫.૩૨૭ અબજ ડૉલર વધીને ૧૦૬.૮૫૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. આ સિવાય ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૫.૬ કરોડ ડૉલર વધીને ૧૮.૬૫ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૮૦ લાખ ડૉલર વધીને ૪.૭૭૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં ટેન્ડરોના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો અને વેપાર રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં થયા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની એકંદર માગ જળવાઈ રહેતાં હાજરમાં ટકેલું વલણ હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા અને મિડિયમ ગ્રેડમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે હાજરમાં એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૬થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હતી. તેમ છતાં મથકો પરનાં નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ઑક્ટોબર મહિનામાં દેશની મર્કન્ડાઈઝ નિકાસમાં ઘટાડો: ક્રિસિલ

કોલકાતા: ગત ઑગસ્ટ, ૨૦૨૪ પછી ગત ઑક્ટોબર મહિનામાં ભારતની મર્કન્ડાઈઝ નિકાસ વાર્ષિક સરેરાશ ૧૧.૮ ટકાના દરે ઘટીને ૩૪.૩૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું ક્રિસિલે તાજેતરના એક અહેવાલમાં જણાવ્યું છે.

આ વર્ષે ગત ૨૭મી ઑગસ્ટથી અમેરિકાએ ભારતથી આયાત થતાં માલ સામેની ટૅરિફ વધારીને ૫૦ ટકા કરી હોવાથી નિકાસ દબાણ હેઠળ આવતા સતત બીજા મહિનામાં નિકાસમાં ઘટાડો થયો છે. પેટ્રો પેદાશ, જેમ્સ અને જ્વેલરી સહિતનાં તમામ મુખ્ય ક્ષેત્રોની નિકાસ ઘટી હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું. અહેવાલમાં જણાવ્યાનુસાર ગત ઑક્ટોબરમાં વર્ષાનુવર્ષ ધોરણે પેટ્રો પેદાશની નિકાસ જે આગલા સપ્ટેમ્બરમાં ૧૫.૧ ટકા વધી હતી તેની સામે ૧૦.૪ ટકા ઘટી હતી. તે જ પ્રમાણે મુખ્ય નિકાસ જે આગલા સપ્ટેમ્બરમાં ૬.૧ ટકા વધી હતી તેની સામે ૧૦.૨ ટકાનો ઘટાડો થયો હતો. જોકે, અમેરિકા ખાતે ગત ઑક્ટોબર મહિનામાં મર્કન્ડાઈઝ નિકાસ ૮.૬ ટકા ઘટીને ૬.૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, આગલા સપ્ટેમ્બર મહિનામાં નિકાસમાં જોવા મળેલા ૧૧.૯ ટકાના ઘટાડાની સરખામણીમાં ઓછો ઘટાડો જોવા મળ્યો હતો.

ગત ૧૬મી નવેમ્બરે અમેરિકાએ ૨૫૪ ખાદ્યચીજો પરનાં ટૅરિફનાં દરમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હોવાથી ચા અને મસાલા જેવી નિકાસનો વધારો થવાની શક્યતા અહેવાલમાં વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે અમેરિકા સિવાયની બજારો ખાતેની નિકાસ પણ આગલા સપ્ટેમ્બર મહિનાના ૧૦.૯ ટકાના ઘટાડા સામે વધીને ૧૨.૯ ટકાના દરે ઘટી હતી. વધુમાં અહેવાલમાં જણાવ્યું હતું કે સર્વિસીસ ક્ષેત્રે મજબૂત વેપાર, રેમિટન્સ અને ક્રૂડતેલના ભાવ નીચી સપાટીએ પ્રવર્તી રહ્યા હોવાથી ચાલુ ખાતાની ખાધ મેનેજ થઈ શકે તેમ છે. જોકે, દેશમાં ગત ઑક્ટોબર મહિનામાં મર્કન્ડાઈઝ આયાત ૭૬.૦૬ અબજ ડૉલરની સપાટીએ સ્થિર રહી હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે–રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

DRM (S&T) વર્કસ રતલામ, એક્ટિંગ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે. ટેન્ડર નં. SnT_RTM_૨૫_૨૩_સિગ્નલ, તારીખ: ૨૦.૧૧.૨૦૨૫. કામનું નામ: ચાંદેરિયા- રતલામ સેકશન- ડિફેક્ટિવ/ ઓવરએજેડ મિડલાઈફ સિગ્નલિંગ ગિયર્સ અને સાધનોની સલામતી અને વિશ્વસનીયતામાં સુધારો અને ફેરબદલ. ટેન્ડર જાહેરાત મૂલ્ય: રૂ. ૪,૬૯,૪૬,૩૮૭.૧૦. બીડ સુરક્ષા/બાના રકમ: રૂ. ૩,૮૪,૭૦૦/- બીડની બંધ થવાની તારીખ & સમય: ૧૫.૧૨.૨૦૨૫ના ૧૫.૦૦ ક. ટેક્નિકલ બીડની ખોલવાની તારીખ & સમય: ૧૫.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. પછી. પૂર્ણતાનો સમયગાળો: ૧૨ મહિના. ટેન્ડરીંગ સેકશન ઓફિસ ઈન્ચાર્જ & બીડ ખોલવા માટેનું સ્થળ: Sr. DSTE રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર તેજ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરી શકાય છે.

DRM (S&T)

DE/6/1/338 પશ્ચિમ રેલવે, રતલામ

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની તમામ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ગઈકાલે ન્યૂયોર્ક ફેડના પ્રમુખે વ્યક્ત કરતાં વૈશ્વિક બજારમાં કોપર સહિતની ધાતુઓનાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના ઓવરનાઈટ અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડાને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૯નો સુધારો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ, કોપર વાયરબાર અને બ્રાસ શીટ કટિંગ્સમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નીકળેલી આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૯ વધીને રૂ. ૩૩૬૭, રૂ. ૧૨ વધીને રૂ. ૧૨૯૫, રૂ. ૧૫ વધીને રૂ. ૧૦૨૯ અને રૂ. પાંચ વધીને રૂ. ૬૫૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૯૪૪, કોપર આર્મિચર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૯૦૮, રૂ. ૫૮૮ અને રૂ. ૨૭૧, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૧૪ અને કોપર ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૯૩૦, રૂ. ૨૧૬ અને રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૮૫૫ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નિરસ વેપારે અથડાયેલા દેશી-આયાતી ખાદ્યતેલ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૪૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા. જોકે, આજે માત્ર છૂટાછવાયા રવાનગીનાં જ કામકાજ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૧, પતંજલિ ફૂડ્સના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦થી ૧૨૫૩ અને એવીઆઈ તથા ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૪૫ અને રૂ. ૧૨૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો સદંતર અભાવ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની નવી કોઈ આવકો નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૨૭,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૭૫માં થયા હતા. તે જ પ્રમાણે રાજકોટ મથકે પણ મગફળીની કોઈ નવી આવક નહોતી અને ગઈકાલની શેષ ૯૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૪૦૦માં થયાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૨૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૪૫ના મથાળે ટકેલા રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# બાવીસમી ડિસેમ્બરથી ઈન્ડિગોનો સેન્સેક્સમાં સમાવેશ

નવી દિલ્હી: આગામી બાવીસમી ડિસેમ્બરથી દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની ઓપરેટર કંપની ઈન્ટરગ્લોબ એવિયેશનના શૅરનો બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સમાવેશ કરવામાં આવશે, જ્યારે તેની સામે ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સને સેન્સેક હેઠળના શૅરોની યાદીમાંથી દૂર કરવામાં આવશે. એમ બીએસઈ ઈન્ડેક્સ સર્વિસીસે આજે એક યાદીમાં જણાવ્યું હતું. બીએસઈ ઈન્ડેક્સ સર્વિસીસ પ્રાઈવેટ લિ. (અગાઉ એશિયા ઈન્ડેક્સ પ્રા.લિ.) દ્વારા તેનાં શૅર આંક અથવા તો સૂચકાંકનાં પુનર્ગઠનના ભાગરૂપે આ ફેરફાર કરવામાં આવ્યા છે, જે આગામી ૨૨મી ડિસેમ્બરનાં રોજ બજાર ખૂલતાના સમયથી અમલી બનશે. વધુમાં યાદીમાં જણાવ્યાનુસાર બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ અંતર્ગતનાં શૅરો પૈકી અદાણી ગ્રીન એનર્જીને દૂર કરીને આઈડીએફસી ફર્સ્ટ બૅન્ક લિ.નો સમાવેશ કરવામાં આવશે અને બીએસઈ ૫૦ ઈન્ડેક્સ હેઠળના શૅરો પૈકી ઈન્ડ્સઈન્ડ બૅન્ક લિ.ને દૂર કરીને મેક્સ હેલ્થકૅર ઈન્સ્ટિટ્યૂટ લિ.નો સમાવેશ કરવામાં આવ્યો છે. દરમિયાન બીએસઈ સેન્સેક્સ નેક્સટ ૫૦ ઈન્ડેક્સમાં ઈન્ડ્સઈન્ડ બૅન્ક લિ.અને આઈડીએફસી ફર્સ્ટ બૅન્ક મેક્સ હેલ્થકૅર ઈન્સ્ટિટ્યૂટ લિ. અને અદાણી ગ્રીન એનર્જીનું સ્થાન લેશે, એમ યાદીમાં ઉમેર્યું હતું.

# કૃષિ ક્ષેત્ર ૧૦ વર્ષ સુધી ચાર ટકાનો વૃદ્ધિદર જાળવી રાખશે: નીતિ આયોગ

નવી દિલ્હી: દેશનું કૃષિ ક્ષેત્ર આગામી ૧૦ વર્ષ સુધી સરળતાપૂર્વક ચાર ટકાનો વૃદ્ધિદર જાળવી રાખશે, પરંતુ સાથે સાથે વેરહાઉસની માળખાકીય સુવિધા વિસ્તારવાની પણ જરૂર હોવાનું નિતિ આયોગના સભ્ય રમેશ ચાંદે જણાવ્યું હતું. અત્રે ઔદ્યોગિક સંગઠન પીએચડીસીસીઆઈ દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે કૃષિ ઉત્પાદનોની માગ વર્ષે ૨.૫૦ ટકાના દરે વૃદ્ધિ પામે તેમ હોવાથી મારા મતે આપણે સરળતાપૂર્વક આગામી એક દાયકા સુધી ચાર ટકાનો વૃદ્ધિદર જાળવી રાખશું. નોંધનીય બાબત એ છે કે વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં દેશનો કૃષિ ક્ષેત્રનો વૃદ્ધિદર ૩.૭ ટકાના સ્તરે રહ્યો હતો, પરંતુ આપણાં કૃષિ ઉત્પાદનોની માગ આ દરથી નથી વધી રહી આથી આ ઉત્પાદનો માટે ઔદ્યોગિક વપરાશ માટે અથવા તો નિકાસ બજાર ખોળવી પડશે. મારા મતે નિકાસ બજાર ખોળવાનો વિકલ્પ વધુ સારો રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઘઉં અને ચોખા માટે વેરહાઉસની જરૂરિયાત અલગ નથી, પરંતુ મકાઈ માટેની જરૂરિયાત જુદી છે. જોકે, કાયદાનુસાર તમે ચોક્કસ માત્રા કરતાં વધુ સંગ્રહ નથી કરી શકતા તો પછી વેરહાઉસિંગમાં રોકાણનાં નિર્ણયોને પ્રભાવિત કરવા માટે નિયમનો મહત્ત્વપૂર્ણ છે. આપણે ત્રણ કૃષિ કાયદાઓ લાગુ કરવામાં સફળ ન થયા પછી આવશ્યક ચીજવસ્તુ ધારો લાગુ કરવાની આવશ્યકતાઓ ઓછી થઈ રહી હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે જાહેર ધારણાથી વિપરીત ભારતમાં ખાદ્ય ચીજોનું નુકસાન પણ વધુ નથી.

નુકસાન સંદર્ભે મેં યુએનના પરિસંવાદમાં જણાવ્યું હતું કે દૂધ જલદીથી બગડી જતું હોવા છતાં તેમાં પણ આપણી નુકસાનની ટકાવારી માત્ર ૦.૫ ટકા જેટલી નજીવી છે. હાલમાં મોટી માત્રામાં થઈ રહેલા અનાજનું નુકસાનને વૅરહાઉસમાં રોકાણ માટે પ્રોત્સાહનો આપીને અટકાવી શકાય તેમ છે.


**નર્મદા જીલ્લાના ગરૂડેશ્વર તાલુકાના ગામ ગોરાના જુના રે. સરવે નં. ૮૩ નવા રે. સરવે નં. ૧૯૪ ની બિનખેડવાણ જમીન ચો.મી. ૨૧૭૫૨.૦૦ અંગે**

**પબ્લીક નોટીસ**

આથી જાહેર જનતા તથા તમામ લાગતા વળગતાઓને આ પબ્લીક નોટીસથી જાણ કરવામાં આવે છે કે ભરૂચ જીલ્લાના નાંદોદ તાલુકાના ગામ ગોરાના રે.સ.નં. ૮૩ ની બીનખેડવાણ જમીન ચો.મી. ૨૧૭૫૨.૦૦ (૧) હસમુખભાઈ હીરાલાલ પારેખ, (૨) શ્રી દીપચંદ શાંતિલાલ શાહ, (૩) શારદાબેન જયસુખલાલ શામાલજી કામદાર, (૪) મહેન્દ્ર હરકીશનદાસ શાહ, (૫) મહેન્દ્ર જી. પારેખ (૬) હરવદન ગજેન્દ્ર પારેખ (૭) નવીન મથુરદાસ સંઘવી (૮) ચંપકલાલ કે. શાહ (૯) યશવંત ભોગીલાલ શાહ (૧૦) ધીરજલાલ પ્રાણલાલ શાહ (૧૧) કિશોર શ્રીલાલ ભટ્ટ (૧૨) પ્રભાકર ચૌબલ (૧૩) કિશોર છોટુલાલ પારેખ (૧૪) શ્રીમતી ભાનુમતી નરોતમ શાહએ અનુક્રમ નંબર ૪૨૩,તા.૩૦/૧૨/૧૯૯૪ના રોજના રજી. વેચાણ દસ્તાવેજથી મંહમદહુશેન અબ્દુલભાઈ, એહમંદહુશેન અબ્દુલભાઈ, શબ્બીરહુશેન અબ્દુલભાઈના કુલ મુખત્યાર જયસુખલાલ શામળજી કામદાર પાસેથી ખરીદ કરેલ. સદરહુ જમીન માંહેના સહ હીસ્સેદાર મહેન્દ્રભાઈ જી. પારેખનુ અવસાન થતા સદરહુ જમીનમાંથી તેમનો હકક કમી કરવા તેમના પત્નિ પ્રવિણાબેન મહેન્દ્રભાઈ પારેખની લેખિત કબુલાત મુજબ મહેન્દ્રભાઈ જી. પારેખનુ નામ કમી કરવામાં આવેલ જે અંગે ગોરા ગામના ગામ નમુના ન. ૬ (હકકપત્રકે) નોંધ નંબર ૮૧૬ થી તા. ૨૪/૦૬/૨૦૦૦ નારોજ નોંધ થયેલ છે તે પ્રમાણીત થયેલ છે. સદરહુ જમીન માંહેના હિસ્સેદારોની કમીટીએ તા. ૮/૦૫/૨૦૦૦ ના રોજ કરેલ ઠરાવ મુજબ ઉપરોકત જમીનમાં સહ હિસ્સેદાર તરીકે કિશોર આર. વેદ, કુમુદબેન ડી. ગાંધી તથા જયોત્સનાબેન એ. પટેલના નામ સહ હીસ્સેદાર તરીકે દાખલ કરવામાં આવેલ જે અંગે ગોરા ગામના ગામ નમુના ૬ (હકકપત્રક)એ નોંધ નંબર ૮૧૭, તા. ૨૪/૦૯/૨૦૦૦ના રોજ થયેલ અને તે પ્રમાણીત થયેલ છે. ત્યારબાદ ગુજરાત સરકાર દ્વારા નવા જીલ્લાનુ સિમાંકન થતા ઉપરોકત મિલ્કતનો ભરૂચ જીલ્લાના તાલુકા નાંદોદમાંથી નવા બનેલા નર્મદા જીલ્લાના ગરુડેશ્વર તાલુકાના ગામ ગોરામાં સમાવેશ કરવામાં આવેલ છે. સદરહુ જમીનના સહ હિસ્સેદારો (૧) ભાનુમતિ નરોતમભાઈ શાહનુ અવસાન થતા તેમના વારસદારો શિલ્પા નરોતમ શાહ વા.ઓ, નરેશ ભાટીયા તથા ભાવેશ નરોતમ શાહ (૨) મહેન્દ્ર હરકિશન શાહનુ અવસાન થતા તેમના વારસદારો સુધા મહેન્દ્રભાઈ શાહ, વિપુલ મહેન્દ્ર શાહ તથા ચિરાગ મહેન્દ્ર શાહ (૩) કિશોર છોટાલાલ પારેખનુ અવસાન થતા તેમના વારસદાર કોકીલાબેન કિશોર પારેખ (૪) પ્રભાકર ચૌબલનુ અવસાન થતા તેમના વારસદારો અજીત પ્રભાકર ચૌબલ તથા વિજય પ્રભાકર ચૌબલ (૫) નવીન મથુરદાસ સંઘવીનુ અવસાન થતા તેમના વારસદારો પારુલ નવીન સંઘવી વા.ઓ.રાજેન્દ્રકુમાર પંચાલ, પિન્કી નવીન સંઘવી, સ્વેતલ નવીન સંઘવી વા.ઓ. પરીમલ વોરા (૬) કિશોર આર. વેદનુ અવસાન થતા તેમના વારસદારો કુસુમ કિશોર વેદ, પલ્લવ કિશોર વેદ, વેદ રાજશ્રી લીલાણી ઉર્ફે રાજશ્રી કિશોર વા.ઓ. સંદીપ લીલાણી વેદ હિના કજરીયા ઉર્ફે શ્યામા કિશોર (૭) કિશોર શ્રીલાલ ભટ્ટનુ અવસાન થતા તેમના વારસદારો કુસુમ કિશોર ભટ્ટ, દેવાંગ કિશોર ભટ્ટએ મુજબ નંબર ૧ થી ૭ ના ગુજરનારાઓ વારસદારોના નામ વારસાઈ રૂએ પ્રોપર્ટી કાર્ડમાં દાખલ કરવામાં આવેલ છે. ઉપરોકત હકિકતે નર્મદા જીલ્લાના ગરુડેશ્વર તાલુકાના ગામ ગોરાના જુના રે. સરવે નં. ૮૩ ના રે. સરવે નં. ૧૯૪, સીટી સરવે વૉર્ડ નં, ગોરા (બીનખેતી)ના સી.સ.નં. NA/૮૩/૧ થી NA/૮૩/૨૭ મુજબ તથા બીનખેતી હુકમ મુજબની કુલ જમીન ચો.મી. ૨૧૭૫૨.૦૦ હાલના સયુંકત માલીકો (૧) હસમુખભાઈ હીરાલાલ પારેખ (૨) શ્રી દીપચંદ શાંતિલાલ શાહ.(૩) શારદાબેન જયસુખલાલ શામાલજી કામદાર, (૪) ગુજ, મહેન્દ્ર હરકીશન શાહના વારસદારો સુધા મહેન્દ્રભાઈ શાહ, વિપુલ મહેન્દ્ર શાહ તથા ચિરાગ મહેન્દ્ર શાહ (૫) હરવદન ગજેન્દ્ર પારેખ (૬) ગુજ. નવીન મથુરદાસ સંઘવીના વારસદારો પારુલ નવીન સંઘવી વા.ઓ. રાજેન્દ્રકુમાર પંચાલ,પિન્કી નવીન સંઘવી, સ્વેતલ નવીન સંઘવી વા.ઓ.પ્રેમલ વોરા (૭) ચંપકલાલ કે. શાહ ઉર્ફે ચંપકલાલ પ્રેમજી શાહ, (૮) યશવંત ભોગીલાલ શાહ (૯) ધીરજલાલ પ્રાણલાલ શાહ (૧૦) ગુજ.કિશોર શ્રીલાલ ભટ્ટના વારસદારો કુસુમ કિશોર ભટ્ટ, દેવાંગ કિશોર ભટ્ટ (૧૧) ગુજ. પ્રભાકર ચૌબલના વારસદારો અજીત પ્રભાકર ચૌબલ, વિજય પ્રભાકર ચૌબલ (૧૨) ગુજ.કિશોર છોટાલાલ પારેખના વારસદાર કોકીલાબેન કિશોર પારેખ (૧૩) ગુજ. ભાનુમતિ નરોતમભાઈ શાહના વારસદારો શિલ્પા નરોતમ શાહ,ભાવેશ નરોતમ શાહ, (૧૪) ગુજ, કિશોર આર. વેદના વારસદારો કુસુમબેન કિશોર વેદ, પલ્લવ કિશોર વેદ, વેદ રાજશ્રી લીલાણી ઉર્ફે રાજશ્રી કિશોર વા.ઓ.સંદીપ લીલાણી, વેદ હિના કજરીયા ઉર્ફે શ્યામા કિશોર (૧૫) કુમુદબેન ડી. ગાંધી, (૧૬) જયોત્સનાબેન એ. પટેલની સયુંકત માલીકી, કબજા ભોગવટાની આવેલ છે. સદરહુ જમીન તથા તે માંહેના બાંધકામ સહીત તેઓની પાસેથી અમારા અસીલોએ ખરીદ કરવાનુ નકકી કરેલ છે. સદરહુ જમીનના ઉતરોતર ટાઈટલ ડીડઝમાં ૧ નંબરની બુકના નં. ૧૬૬, વો. ૨૯૯ થી ૩૦૩, પૃષ્ટે ૬૦૮ , તા. ૨૭/૦૮/૧૯૭૦ થી નોંધાયેલ અબ્દુલ નુરમામદ જોગ ભગવાનસિંહ હિંમતસિંહએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ અમારાથી ક્યાંક ખોવાઈ થયેલ છે અને ઘણુ શોધવા છતા મળી આવતો નથી.

સદરહુ મિલ્કતના ટાઈટલ, માલીકી, કબજા, ભોગવટા અંગે તથા ૧ નંબરની બુકના નં. ૧૬૬, વો. ૨૯૯ થી ૩૦૩ પૃષ્ટે ૬૦૮ , તા. ૨૭/૦૮/૧૯૭૦થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, ગીરો, કબજા હકક, ચાર્જ, લીયન, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, ટ્રસ્ટ, લોન્સ , અદલાબદલી, ભેટ, લીઝ, પેટા લીઝ, લાયસન્સ , વિકાસ,કબજા હકક, પ્રિ-એમ્પશનના હકક, સ્ટેમ્યુટરી જપ્તી કે અન્ય કોઈપણ વ્યવસ્થા કે કોઈપણ પ્રકારના એગ્રીમેન્ટ કે અન્ય ડિસ્પોઝિશન કે પસાર કરાયેલ કોઈપણ ડીક્રી , ઓર્ડર કે એવોર્ડ હેઠળ અથવા કોઈ બીજી રીતે કોઈપણ દાવા કે હકક ધરાવતા હોય તથા અન્ય કોઈપણ પ્રકારના વાંધો તકરાર હોય તો નીચેના સરનામે અથવા મારા ઈમેલ આઈડી argajjar57@gmail.com ઉપર આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ મા લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો મુદત દરમ્યાન કોઈનો વાંધો તકરાર નહી આવે તો અને હોય તો જતો (WAIVE ) કરેલ છે. તેમ માની અમારા અસીલો સદરહુ વ્યવહાર પૂર્ણ કરી મિલ્કતનો કબજો સંભાળી લઈ નિયત સમયમર્યાદામાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે અને ત્યારબાદ આવેલ કોઈપણ વાંધા તકરાર અમારા અસીલોને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી તેની આથી સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મુંબઈ / તારીખ : ૨૩/૧૧/૨૦૨૫

સરનામુ : ઓફીસ નં ૫૦૨, પાંચમો માળ, અનંત ધ વર્ક સ્પેસ , કાલાવડ મેઈન રોડ, રાજકોટ. મો. ૯૪૨૭૨૦૭૧૨૧, મો. ૯૫૮૬૪૦૦૦૦૮

**અરવિંદ આર. ગજ્જર** (એડવોકેટ)

**હિરેન એ. ગજ્જર** (એડવોકેટ એન્ડ નોટરી)

તે ખરીદનારાઓની સુચના અનુસાર

# શાહ-શિંદેની મુલાકાત પાછળ મિશન ઠાકરેની નિષ્ફળતા?

**મુંબઈમાં ગયા અઠવાડિયામાં શિંદે સેનાના હાઈ ડ્રામાની પાછળ કલ્યાણ-ડોંબિવલીના કાર્યકર્તાઓના પક્ષપ્રવેશનું કારણ હોવાનું માનવામાં આવી રહ્યું હતું, પરંતુ હવે એવી માહિતી મળી છે કે આ મુલાકાત પાછળ શાહ-શિંદેની સિક્રેટ 'ઠાકરે ગેમ' નિષ્ફળ થઈ હોવાનું કારણ જવાબદાર હતું**

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દિલ્હી ગયા અને કેન્દ્રીય પ્રધાન અમિત શાહને મળ્યા અને તેમની સાથે ચર્ચા કરી. દેખિતી રીતે એવું જણાતું હતું કે કલ્યાણ-ડોંબિવલીના કાર્યકર્તાઓને પક્ષમાં પ્રવેશ આપવામાં આવ્યો તેનાથી નારાજ થઈને શિંદે દિલ્હી ગયા હતા, પરંતુ કેટલાક અંતરંગ વર્તુળો પાસેથી એવી માહિતી મળી છે કે વાસ્તવમાં આ મુલાકાત શાહ-શિંદેની રાજ ઠાકરે સંબંધી એક ગુપ્ત યોજના નિષ્ફળ જવા બદલ અને તેને માટે જવાબદાર ભાજપના નેતાની ફરિયાદ કરવા માટે હતી.

## દિલ્હીમાં શાહ-શિંદેની મુલાકાત

મહાયુતિમાં વધતા તણાવ વચ્ચે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દિલ્હી ગયા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા. બંને નેતાઓએ પચાસ મિનિટ સુધી એકબીજા સાથે ચર્ચા કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે એનડીએમાં ઘટકપક્ષોની ભરમાર હોવા છતાં અમિત શાહ હંમેશા ફક્ત નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળવા માટે તરત સમય આપે છે. એનડીએમાં રહેલા અન્ય રાજ્યોના નેતાઓને ઘણીવાર શાહને મળવા માટે આટલો સમય મળતો નથી. એટલું જ નહીં, ઘણી વખત તો રાજ્ય ભાજપના નેતાઓને પણ અમિત શાહ આટલી તત્પરતાથી મળવાનો સમય આપતા નથી. તેથી જ, શાહ-શિંદેની મુલાકાતમાં ખરેખર શું થયું તે અંગે ભારે ઉત્સુકતા છે.

## શિંદે-શાહની યોજના કોના માટે જોખમી?

આધારભૂત સાધનો પાસેથી મળતી માહિતી મુજબ એકનાથ શિંદે અને અમિત શાહ વચ્ચે એવી યોજના ઘડવામાં આવી હતી કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ચૂંટણી વ્યવસ્થાપન સંભાળશે અને રાજ ઠાકરે પ્રચાર સંભાળશે. આ રણનીતિ પર બંને છેલ્લા ચાર મહિનાથી કામ કરી રહ્યા હતા અને આ રણનીતિનો એક ભાગ રાજ્યના 'તે' નેતાને સાથે લીધા વગર ઘડવામાં આવ્યો હતો. શિંદે અને રાજ ઠાકરે વચ્ચેનું ગઠબંધન આ નેતા માટે ખતરો બની શકે છે એવો અંદાજ આવતાં જ ચાલાક નેતાએ તરત જ આખી યોજનાને નિષ્ફળ બનાવવા કારસો ઘડી કાઢ્યો હતો. આ બાબતનો ઘટનાક્રમ જોવામાં આવે તો શિંદે એપ્રિલ-૨૦૨૫માં રાજ ઠાકરેને મળ્યા હતા અને ત્યારથી જ આ યોજના નક્કી કરી નાખવામાં આવી હતી અને તે મુજબ રાજ ઠાકરે આગળ પણ વધી રહ્યા હતા, પરંતુ આ બધી ગુપ્ત યોજનાનો અંદાજ શિંદે સાથે શીત યુદ્ધમાં રહેલા નેતાને આવી ગયો હતો અને આ ચાલાક નેતાએ પોતાની સોગઠીઓ મેદાનમાં ઉતારી હતી.

## ઝડપી પગલાં અને સમીકરણો બદલાયા

રાજ્યમાં ભાજપ પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવતા આ નેતાએ મનસેના વડા રાજ ઠાકરેની મુલાકાત લીધી હતી અને તેમને ઉદ્ધવ ઠાકરેની નજીક પહોંચાડવા માટે અલગ કારસો ઘડી કાઢ્યો. આમ રાજ ઠાકરેને શિંદેથી દૂર રાખવાની કાળજી લીધી હતી. અહીં ઉલ્લેખનીય છે કે, આ પછી જ, શાળામાં હિન્દી ફરજિયાત બનાવવાનો જીઆર સામે આવ્યો અને શિંદેના પોતાના જ પ્રધાન દ્વારા આ અંગેનો જીઆર જારી કરવામાં આવ્યો હોવાથી રાજ ઠાકરેને એક દુર્લભ તક મળી. તેમણે શિંદે અને મહાયુતિને રડાર પર લીધા અને આ જ મુદ્દે, રાજ ઠાકરે તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવની નજીક ગયા અને શિંદેથી દૂર થઈ ગયા.

## દિલ્હીમાં બેઠક પાછળની નિષ્ફળ યોજના

ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે એકનાથ શિંદેના ગઢમાં શિંદે સેનાના ભૂતપૂર્વ કોર્પોરેટરને પક્ષપલટો કરાવ્યો તેથી શિંદે શાહને મળ્યા હતા એવું કહેવાઈ રહ્યું હતું, પરંતુ વાસ્તવમાં શાહ-શિંદે મુલાકાત પાછળ આ નિષ્ફળ યોજના કારણભૂત હતી અને મુંબઈમાં 'ઠાકરે યોજના' નિષ્ફળ ગઈ હોવાનો હવે પૂરો અંદાજ આવી ગયો હોવાથી શિંદે તે ચાલાક નેતાની રમત અંગેની માહિતી આપવા માટે દિલ્હી ગયા હતા અને 'મારું બધું ધ્યાન છે' શબ્દો અમિત શાહ દ્વારા આ સંદર્ભમાં જ કહેવામાં આવ્યા હતા એવું રાજકીય નિષ્ણાતો માની રહ્યા છે.

## ઠાકરે ભાઈઓ નજીક આવ્યા અને યોજના નિષ્ફળ થઈ

ઠાકરે ભાઈઓનું ગઠબંધન લગભગ નક્કી થઈ ગયું હોવાથી, તેમની વચ્ચેની ચર્ચા સીધી સીટ વહેંચણી સુધી પહોંચી ગઈ છે, જેનાથી શિંદે સેનાને આંચકો લાગ્યો છે. દિલ્હીમાં પણ આ આંચકો લાગ્યો હતો.

અહીં ઉલ્લેખનીય છે કે જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અનુગામી કોણ બનશે તેની ચર્ચા થઈ રહી હતી, ત્યારે અમિત શાહ સહિત કેટલાક નેતાઓના નામ સામે આવ્યા હતા. આ બધાની વચ્ચે સંઘના આશીર્વાદ ધરાવતો મહારાષ્ટ્રનો એક નેતા આમાં સૌથી આગળ છે. દિલ્હીમાં એવી ચર્ચા છે કે હાલમાં આ નેતાને મુશ્કેલીમાં મૂકવાના પ્રયાસોના ભાગરૂપે આ આખું ઓપરેશન તૈયાર કરવામાં આવ્યું હતું, પરંતુ દિલ્હીમાં આ નેતાના કેટલાક જાણભેદુઓએ આખી યોજનાની જાણકારી આપી દીધી હોવાથી મહારાષ્ટ્રના નેતાએ ન ફક્ત પોતાનો બચાવ કર્યો, પરંતુ શિંદે-શાહની યોજના જ ઉંધી વાળી દીધી હતી.

વાસ્તવમાં આ આખી યોજના એટલી ગુપ્ત હતી કે તેની ક્યાંય ચર્ચા થવાની શક્યતા નથી. ■

# ધારાવી આગઃ હાર્બર લાઈનની ટ્રેન સેવા ૩ કલાકથી વધુ સમય માટે ખોરવાઈ

## બોરીવલી ગણપતનગરની આગમાં ઝૂંપડા ખાખ



માહિમમાં રેલવે ટ્રેક નજીક ઝૂંપડપટ્ટીમાં આગ લાગતા હાર્બર રેલવે બંધ કરવી પડી હતી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં શનિવારે બે જુદા જુદા વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ લાગી હોવાનો બનાવ બન્યો હતો, જેમાં બોરીવલી પશ્ચિમના ગણપત પાટીલ નગરની ઝૂંપડપટ્ટીમાં આવેલા ભંગારના ગોડાઉનમાં આગ ફાટી નીકળી હતી. તો બીજો આગનો બનાવ ધારાવીમાં બન્યો હતો, જેમાં ઝૂંપડાઓ બળીને ખાખ થવાની સાથે જ હાર્બર લાઈનમાં બાન્દ્રા અને માહિમ વચ્ચે ટ્રેન સેવા ત્રણ કલાકથી પણ વધુ સમય માટે ખોરવાઈ ગઈ હતી. સદ્નસીબે આગની બંને દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

શનિવારે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ ધારાવીમાં સીક્સ્ટી ફૂટ રોડ પર રેલવે ફાટકને અડીને આવેલા નવરંગ કમ્પાઉન્ડમાં ગ્રાઉન્ડ પ્લસ એક માળના ઝૂંપડામાં બપોરના ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. મુંબઈ ફાયરબ્રિગેડના છ ફાયર એન્જિન, બે ફાયર ટેન્કર, ૧૦ જમ્બો ટેન્કર, બે ક્વિક રિસ્પોન્સ વ્હિકલ, આર્ટિક્યુલેટિંગ વોટર ટાવર સહિત ફાયરબ્રિગેડના અનેક ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યા બાદ અહીં મોટા પ્રમાણમાં ઝૂંપડા હોવાની સાથે જ બાજુમાંથી રેલવે પાટા જતા હોવાને કારણે આગને બે નંબર (મોટી આગ) જાહેર કરવામાં આવી હતી.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આગમાં પ્લાસ્ટિકના ભંગારનો સંગ્રહ કરી રાખેલા ૧૦થી ૧૫ ગોદામને નુકસાન થયું હતું. ત્રણ કમર્શિયલ સિલિન્ડર પણ ફાટ્યા હતા.

(જુઓ પાનું ૪) ▶▶

# અજિત પવારના કાફલાના વાહને મોટરસાઇકલને ટક્કર મારતાં દંપતી, તેમની બે પુત્રી ઘાયલ

બીડઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના કાફલાનો ભાગ રહેલા ફાયરબ્રિગેડના વાહને બીડ જિલ્લામાં મોટરસાઇકલને ટક્કર મારતાં દંપતી અને તેમની બે પુત્રી ઘાયલ થયાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું.

બીડ જિલ્લાના ધરુર તહેસીલમાં તળેગાંવ-ધરુર માર્ગ પર શનિવારે સવારના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પરભણીથી ધરુર તરફ જઇ રહ્યા હતા ત્યારે તેમના કાફલામાં રહેલા ફાયરબ્રિગેડના વાહને મોટરસાઇકલને ટક્કર મારી હતી, જેના પર દંપતી અને તેમની બે પુત્રી જઇ રહ્યાં હતાં.

આ અકસ્માતમાં વિષ્ણુ સુદે, તેની પત્ની કુસુમ અને ત્રણ તથા સાત વર્ષની વયની બંને પુત્રીને ઇજા થઇ હતી, એમ ધરુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

ઘાયલોને તાત્કાલિક સારવાર માટે ધરુર ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને ત્યાર બાદ તેમને વધુ સારવાર માટે અંબેજોગાઇ ખાતેની સ્વામિ રામાનંદ તીર્થ ગ્રામીણ ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

આ અકસ્માતને કારણે તળેગાંવ-ધરુર માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જૅમ સર્જાયો હતો. પોલીસે અકસ્માતમાં સામેલ વાહનને જપ્ત કર્યું હતું. જોકે આ પ્રકરણે કોઇ કેસ નોંધવામાં આવ્યો નહોતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ઘટક પક્ષો વિરુદ્ધ હોય તો પણ તેઓ દુશ્મન નથી, ફડણવીસની કાર્યકરોને સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ 'સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં શક્ય હોય ત્યાં મહાયુતિ તરીકે લડીશું, પરંતુ જો કોઈ જગ્યાએ મહાયુતિ ન બને, તો ધ્યાનમાં રાખીને ચૂંટણી લડો કે સામે લડી રહેલા મહાયુતિના ઘટક પક્ષો આપણા મિત્રો છે, દુશ્મન નહીં,' એવા શબ્દોમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે છત્રપતિ સંભાજીનગરમાં કાર્યકરોને આ સલાહ આપી હતી. ફડણવીસે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે તેઓ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે કે મહાયુતિ પોતાના દમ પર ચૂંટણી લડનારી સંસ્થાઓમાં પણ સત્તામાં રહે.

સંભાજીનગરમાં ચીખલથાણા એરપોર્ટની સામે નવા ભાજપ કાર્યાલયનું મુખ્ય પ્રધાન ફડણવીસે ઉદ્‌ઘાટન કર્યું. તે સમયે તેઓ બોલી રહ્યા હતા. 'ભાજપ અને તેના સાથી પક્ષોએ બિહાર વિધાનસભા ચૂંટણીમાં મોટી સફળતા મેળવી છે. ભાજપનો વિજય રથ સતત આગળ વધી રહ્યો છે. કોંગ્રેસ અને વિપક્ષે મતદાનમાં ગોટાળા અને ઈવીએમ અંગે આક્ષેપો કર્યા છે. પરંતુ, તેઓ કોર્ટમાં કે ચૂંટણી પંચ સમક્ષ આ સંદર્ભમાં કોઈ પુરાવા આપી શક્યા નથી. એવું લાગે છે કે વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવી રહેલી 'ફેક નેરેટિવ'નો જવાબ જનતા જ આપી રહી છે. જ્યાં સુધી વિપક્ષ જમીન પરના તથ્યો અને લોકોની

(જુઓ પાનું ૪) ▶▶

# મધ્ય રેલવેમાં ૧૨ દિવસનો બ્લોક

## લોકલ અને એક્સપ્રેસ ટ્રેનોને અસર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય રેલવેના બદલાપુર સ્ટેશન પરિસરમાં ફૂટઓવર બ્રિજ માટે ગર્ડર ઊભા કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે, તે માટે ૧૨ દિવસનો સ્પેશિયલ ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવ્યો છે. બ્લોક દરરોજ મધરાતના દોઢ કલાકનો રહેશે. બ્લોક દરમ્યાન મધરાત બાદ ૧૨.૧૨ની છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી કર્જત જનારી લોકલ ટ્રેન અંબરનાથ સુધી જ દોડાવવામાં આવશે. આ બ્લોકને કારણે કર્જત, ભિવપુરી, નેરળ, શેલુ, વાંગણી, બદલાપુરના પ્રવાસીઓને હાલાકી થશે.

બ્લોક દરમ્યાન અપ અને ડાઉન રૂટ

(જુઓ પાનું ૪) ▶▶

### આજે થાણે-કલ્યાણ વચ્ચે બ્લોક

મધ્ય રેલવેના થાણે અને કલ્યાણ દરમ્યાન અપ અને ડાઉન ફાસ્ટ લાઈનમાં રવિવારે સવારના ૧૦.૪૦ વાગ્યાથી ૩.૪૦ વાગ્યા સુધી મેગાબ્લોક રહેશે. આ સમય દરમ્યાન સિગ્નલની દેખરેખ, સમારકામ વગેરે કરવામાં આવશે. બ્લોક દરમ્યાન થાણેથી કલ્યાણ વચ્ચે દોડતી અપ અને ડાઉન ફાસ્ટ લોકલ સ્લો લાઈન પર દોડશે. બ્લોક દરમ્યાન અમુક લોકલ ટ્રેન રદ કરવામાં આવશે. મેલ/એક્સપ્રેસ ટ્રેનો પાંચમી અને છઠ્ઠી લાઈન પર ડાઈવર્ટ કરવામાં આવશે. હાર્બર લાઈનમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી પનવેલ દરમ્યાન બ્લોક રદ કરવામાં આવ્યો છે, પણ અને ટ્રાન્સહાર્બર લાઈનના બેલાપૂરથી પનવેલ દરમ્યાન સ્પેશિયલ ટ્રાફિક બ્લોક રહેશે.

### પનવેલ-કળંબોલીમાં બ્લોક

હાર્બર લાઈનમાં પનવેલ-કળંબોલીમાં કોચિંગ કૉમ્પ્લેક્સના બાંધકામ માટે આવતી ટેક્નિકલ અડચણ દૂર કરવા માટે ૨૧ નવેમ્બર, ૨૦૨૫થી બે ડિસેમ્બર સુધી રાતનો સ્પેશિયલ બ્લોક લેવામાં આવ્યો છે. બ્લોક દરમ્યાન ૨૦ મેલ-એક્સપ્રેસ મોડી દોડશે. ■

# નાયલોન માંજાનું વેચાણ રોકવા માટે કડક પગલાં લેવાની માગણી

મુંબઈ : મહારાષ્ટ્ર વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હેએ નાયલોન માંજાના વેચાણને રોકવા માટે કડક પગલાં લેવાની માગણી કરી છે. આ પ્રકારના માંજાને કારણે ઈજા થાય છે અને અમુક વખતે મૃત્યુ થવાના કેસ પણ નોંધાયા છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ કરેલી રજૂઆતમાં તેમણે સાફ સાફ જણાવ્યું હતું કે 'નાયલોન માંજા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જોઈએ અને તેનું ઓનલાઇન વેચાણ બંધ કરી કડક કાર્યવાહી કરવી જોઈએ.

ગોર્હેએ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ અને રાજ્યના પર્યાવરણ અને ગૃહ વિભાગને પત્ર લખીને નાયલોન માંજાના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ, પરિવહન અને ખાસ કરીને ઓનલાઇન વેચાણ પર કડક પ્રતિબંધ મુકવાની માગ કરી છે.

ઉપાધ્યક્ષે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે તો નાયલોન માંજા પર પ્રતિબંધ મૂકી દીધો છે, પરંતુ એના અમલમાં સખ્તાઈ ન હોવાથી સમસ્યા ગંભીર બની છે. નાયલોન માંજાથી થયેલી ઇજાને કારણે મહારાષ્ટ્રના વર્ધા, નાશિક, ભિવંડી અને અન્ય વિસ્તારમાં થયેલા મૃત્યુની ઘટનાઓ પર પ્રકાશ પાડી ગોરેએ જણાવ્યું હતું કે તીક્ષ્ણ અને બાયોડિગ્રેડેબલ નહીં કરી શકાતા દોરાને લીધે ટૂ-વ્હિલર ચલાવનારા,

(જુઓ પાનું ૪) ▶▶

# ચૂંટણી પહેલા જ ૧૦૦ નગરસેવક બિનહરીફ ચૂંટાયા હોવાનો ભાજપનો દાવો

મુંબઈઃ રાજ્યભરની મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોમાં શાસક પાર્ટીના ૧૦૦ કાઉન્સિલર બિનહરીફ ચૂંટાયા હોવાનો દાવો મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણે કર્યો છે.

મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ તરીકે ત્રણ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ઉમેદવારી પાછી ખેંચવાના અંતિમ દિવસ શુક્રવારે ચવ્હાણે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વને કારણે મતદાન થવા પહેલા જ ભાજપના ૧૦૦ કાઉન્સિલર બિનહરીફ ચૂંટાયા છે. એમાંથી ચાર દરિયાકાંઠાના કોંકણ ક્ષેત્રના, ૪૯ ઉત્તર મહારાષ્ટ્રના, ૪૧ પશ્ચિમ મહારાષ્ટ્રના અને મરાઠાવાડા તેમજ વિદર્ભ ક્ષેત્રના ત્રણ ત્રણ છે.

૨૪૬ નગર પરિષદ અને ૪૨ નગર પંચાયતની ચૂંટણી બીજી ડિસેમ્બરે યોજાશે અને ત્રીજી ડિસેમ્બરે મતગણતરી થશે. જોકે, ચૂંટણીમાં ભાજપના કેટલાક નેતાઓના સંબંધીઓને આસાનીથી વિજય મળી જશે કારણ કે કેટલાક પ્રતિસ્પર્ધીઓએ ચૂંટણી નહીં લડવાનું નક્કી કર્યું હોવાથી ખસી ગયા છે. પ્રધાન ગિરીશ મહાજન અને જયકુમાર રાવલ સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓના સંબંધીઓ સ્થાનિક સંસ્થાઓમાં બિનહરીફ ચૂંટાયા છે.

વિપક્ષી દળોએ આક્ષેપ કર્યો છે કે ભાજપની વંશવાદી રાજનીતિની પરંપરા હવે પાયાના સ્તરની ચૂંટણી સુધી પહોંચી ગઈ છે અને નેતાઓના સંબંધીઓને બિનહરીફ વિજય મળે એ માટે પોલીસ તંત્ર પર દબાણ લાવવામાં આવ્યું હતું.

જામનેરમાં કૉંગ્રેસના ઉમેદવાર રૂપાલી લાલવાની અને એનસીપીના બે ઉમેદવારો મેદાનમાંથી ખસી ગયા બાદ જળ સંસાધન પ્રધાન ગિરીશ મહાજનનાં પત્ની સાધના મહાજન મ્યુનિસિપલ કાઉન્સિલ અધ્યક્ષ પદ માટે બિનહરીફ ચૂંટાઈ આવ્યાં હતાં.

વિપક્ષ ઉમેદવાર સરયૂ ભાવસારનું નામાંકન ફગાવી દીધા પછી માર્કેટિંગ પ્રધાન જય કુમાર રાવલનાં માતા નયન કુંવર રાવલ બિન હરીફ ધુળે જિલ્લાની મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ તરીકે ચૂંટાયાં હતાં. પ્રધાનના દબાણ હેઠળ નામાંકન રદ કરવામાં આવ્યું હોવાનો આરોપ ભાવસારે કર્યો હતો. (પીટીઆઈ)■

# તાપમાનમાં ફરી વધારોઃ હળવા વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાએ ગયા અઠવાડિયે મસ્ત મજાની ઠંડીની મજા માણ્યા બાદ હવે ફરી ગરમી અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. મુંબઈમાં લઘુતમ તાપમાન ૧૬.૨ ડિગ્રી સુધી નીચું ગયા બાદ તાપમાનમાં ફરી વધારો થઈને ૧૯.૬ ડિગ્રી સુધી પહોંચી ગયું છે ત્યારે આ અઠવાડિયામાં મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ફરી એક વખત હળવા છૂટાછવાયા વરસાદના ઝાપટાં પડવાની શક્યતા હવામાનના નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. ગયા અઠવાડિયાની શરૂઆતમાં ૧૯ નવેમ્બરે ૧૬.૨ ડિગ્રી સુધી નીચું ગયા પછી શનિવારે (જુઓ પાનું ૪) ▶▶

# અંધેરીમાં કેમિકલ લીકેજ થવાથી એકનું મોત, બે હૉસ્પિટલમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી (પૂર્વ)માં ઈન્ડ્રસ્ટ્રિયલ એસ્ટેટમાં કેમિકલ લીકેજ થવાથી ૨૦ વર્ષના યુવકનું મૃત્યુ થયું હતું તો બે યુવકોને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. કેમિકલ લીજેકને પગલે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ (એનડીઆરએફ)ને અલર્ટ રાખવામાં આવ્યું હતું. પોલીસે એક્સિડેન્ટલ ડેથનો કેસ નોંધી તપાસ હાથ ધરી હતી.

અંધેરી પૂર્વમાં મહારાષ્ટ્ર ઈન્ડ્રસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમઆઈડીસી)માં ઘણા ભંગારના ગોડાઉન આવેલા છે. એમઆઈડીસીમાં આવેલા ભંગારવાડીમાં ગ્રાઉન્ડ પ્લસ એક માળનું ગોડાઉન આવેલું છે, તેમાં સાંજના ૫.૨૨ વાગે અચાનક કેમિકલ (જુઓ પાનું ૪) ▶▶

# ભાજપ ભાષાના આધારે લોકોને વિભાજિત કરી રહ્યો છેઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ ભારતીય જનતા પક્ષ ભાષાના આધારે લોકોને વિભાજિત કરવાનો પ્રયાસ કરી રહ્યો હોવાનો આરોપ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કર્યો હતો. મુંબઈમાં પક્ષના કાર્યકરોને સંબોધિત કરતા તેમણે ભાજપને ષડયંત્ર રચતો પક્ષ ગણાવી તેનો હિન્દુત્વનો ફુગ્ગો ફૂટી ગયો હોવાનો દાવો કર્યો હતો.

ભાજપ ભાષાકીય વિભાજનનો આશરો લઈ રહી હોવાનું જણાવી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે ભાષાના આધારે લોકોને મારી નાખવામાં આવે એવી અમારી માગણી નથી.

મરાઠીમાં ન બોલવા અંગે થયેલી દલીલ બાદ લોકલ ટ્રેનમાં કથિત રીતે લોકોએ હુમલો કર્યા બાદ થાણા જિલ્લામાં ૧૯ વર્ષના વિદ્યાર્થી અર્નવ ખૈરેએ આત્મહત્યા કરી હતી એ સંદર્ભમાં ઉદ્ધવે આ રજૂઆત કરી હતી. વિજ્ઞાનના પ્રથમ વર્ષના વિદ્યાર્થીએ

(જુઓ પાનું ૪) ▶▶

# શરદ પવાર 'ગેમ' પલટાવી નાખશે? ભાજપ ચિંતામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીઓ ખૂબ જ પ્રતિષ્ઠાની બની રહેવાની છે. આ ચૂંટણીમાં બંને ઠાકરે ભાઈઓ ભેગા મળીને લડશે તેવી શક્યતા જોવાઈ છે. બીજી તરફ કોંગ્રેસે સ્વતંત્ર રીતે લડવાનો નિર્ણય લીધો છે. જોકે, એવું કહેવામાં આવી રહ્યું છે કે શરદ પવાર ઠાકરે ભાઈઓના ભેગા લાવવા અંગે સકારાત્મક છે. તેથી, આ ભાજપ માટે મોટી ચિંતાની વાત બની રહી છે. કારણ કે જો વિપક્ષ એક થાય છે, તો મુંબઈમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિને મોટા પડકારનો સામનો કરવો પડશે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં રાજકીય ઘટનાક્રમે વેગ પકડ્યો છે. કોંગ્રેસે સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ, શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે એક સાથે આવતા જોવા મળી રહ્યા છે. આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ઠાકરે બંધુઓ ભેગા આવે તેવી શક્યતા છે. પરંતુ રાજ ઠાકરેને સાથે લેવાનું મુંબઈમાં કોંગ્રેસના કેટલાક નેતાઓને સ્વીકાર્ય નથી. તેથી, કોંગ્રેસે પહેલાથી જ એકલેપંડે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી, પરંતુ બે દિવસ પહેલાં અલગ ઘટનાક્રમ ઘટ્યો. તેથી, આગામી દિવસોમાં મહાવિકાસ આઘાડીમાં ડેમેજ કંટ્રોલની ચર્ચા થઈ રહી છે.

મુંબઈના કોંગ્રેસના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ બે દિવસ પહેલા મુંબઈ સ્થિત સિલ્વર ઓક નિવાસસ્થાને મરાઠા સ્ટ્રોન્ગમેન શરદ પવારને મળ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના નેતાઓએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે શરદ પવારને ગઠબંધનનો પ્રસ્તાવ મૂક્યો હતો. એનસીપી-એસપી અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે ઘણા વર્ષોથી કુદરતી જોડાણ રહ્યું છે. તેથી, કોંગ્રેસના સાંસદ વર્ષા ગાયકવાડે કહ્યું હતું કે તેમણે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.